સન્માર્ગદર્શક

શ્રી ઈશ્વર વિહારી વિલાસ

(ભાગ - ૧ તથા ૨)



-: લેખક :-

શ્રી ચંદુભા રતનસિંહ જાડેજા

મેરાઉ - કચ્છ

-: પ્રકાશક :-

મહંત શ્રી દયાળદાસજી ગુરૂશ્રી ઉદ્ધવરામજી

(ઈશ્વર આશ્રમ) વાંઢાય (કચ્છ)

સન્માર્ગદર્શક

શ્રી ઈશ્વર વિહારી વિલાસ

(ભાગ - ૧ તથા ૨)



-: લેખક :-

શ્રી ચંદુભા રતનસિંહ જાડેજા

મેરાઉ - કચ્છ

-: પ્રકાશક :-

મહંત શ્રી દયાળદાસજી ગુરૂશ્રી ઉદ્ધવરામજી

(ઈશ્વર આશ્રમ) વાંઢાય (કચ્છ)

શ્રી ગુરૂ ઈશ્વરરામાય નમઃ

સન્માર્ગ દર્શક

શ્રી ઈશ્વર વિહારી વિલાસ

(ભાગ – ૧ તથા ૨)

–: લેખક :–
શ્રી ચંદુભા રતનસિંહ જાડેજા
મેરાઉ – કચ્છ

–: પ્રકાશક :–
મહંત શ્રી દયાળદાસજી ગુરૂ શ્રી ઉદ્ધવરામજી:
(ઈશ્વર આશ્રમ) વાંઢાય (કચ્છ)

(તૃતિય આવૃતિ) (પ્રત ૧૦૦૦)
રામનવમી
(સંવત ૨૦૧૫) (સને ૧૯૫૯)

卐

કિંમત
અમુલ્ય

પ્રાપ્તી સ્થાનઃ—

મહારાજ શ્રી દયાળદાસજી ગુરૂશ્રી ઉદ્ધવરામજી

મુઃ વાંઢાય (ઈશ્વર આશ્રમ)

પોષ્ટ. દેશલપુર – કચ્છ

તાલુકો ભુજ – કચ્છ



મહંત શ્રી ૧૦૮ શ્રી દયાલદાસજી ગુરૂશ્રી ઉદ્ધવરામજી મહારાજ.

॥ ૐ ॥

卐 શ્રી ઉદ્ધવરામ નિર્વાંણાષ્ઠક 卐

જય વંન્ધ ભૂમિ વસુધાની મહીં,
　　　　વાંઢાય વિહારીનું ક્ષેત્ર દીશે
તાહી શિષ્ય ક્ષમા નિધી ક્ષેમ મહા,
　　　　નિત્ય તૃપ્ત રહે નિજ રૂપ વિષે
ગુરૂ ઈશ્વિર ઈશ્વર રૂપ હતા,
　　　　મુખાકૃતિ જોતાં જે મંદ હશે
લાલના ભાલે તો ભકિત ભરી,
　　　　બહુ કષ્ટ શહિ નિજ કાય કશે ૧
કચ્છ દેશ કુમારીકા ક્ષેત્ર વિષે,
　　　　એતો સંત મહા મહા મતિવંત હતા
યોગી હતા અવધૂત હતા,
　　　　માથે સિધ્ધની છાપ ન્હતી તે છતાં
સમ ભાવિએ સંતનો સુરજ થઈ
　　　　અવનિ તલ માંહી સદા તપતા
આજે અસ્ત થયો જાણે રાત પડી
　　　　ઉધ્વસમ ઓધવરામ જતા ૨
કાષાય ન રક્ત ન પિત્ત કદિ,
　　　　સુધ્ધ સત્વ ગુણે પટશ્વેત ધર્યા
વિહાં અગ્નિમાં જીવ જે ઝુરી મરે,
　　　　એને ઉધવસમ ઉપદેશ કર્યા
મહા મોહ નિશાવસ માનવના,
　　　　ભાનુંકુલ ભાણે તિમીર હર્યા

realpatidar.com

ત્રિગુણાતિત મોહનો નાશ કરી,
અવિનાસીના ઉત્તમ ઠામે ઠર્યા ૩
નિજ પ્રાણથી પ્યારા ગુરૂકુલમાં,
ગુરૂ ઈશ્વર રામની યાદી ભરી
સદ્ વિદ્યા તણાં જેણે દાન દીધાં,
જગ વંન્ધ યતિવર જોગ ધરી
વળી અંધ અપંગ અનાથ તણો,
ઉધાર કર્યા ની તો ખંત ખરી
અહા; આજે એ ઓધવરામ નથી,
કુર કાળે કશોટી આ કેવી કરી ૪
ઘણા માર્ગ ભુલ્યા એવા માનવીઓ,
કુપંથને રાહે ગયા તા ચડી
વિવેકથી વાળીને વશ કર્યા,
શુદ્ધ સત્ય સનાતન ધર્મ ભણી
જન સેવાની મેખ એ મહંત તણાં,
જાણે જીવન સાથે હતેલ જડી
ઉપદેશક ઓધવરામ જતાં,
એની આજ ખરેખર ખોટ પડી ૫
ઉતરા પંથમાં હરીદ્વાર વિશે,
ઉપરામ વૃતિ સ્થિત પ્રજ્ઞ સ્થિતી
નિજ રૂપમાં પુર્ણ મસ્ત બની,
કરી ગંગ કિનારે પેં પર્ણ કુટી
શુભ કર્મ કુઠારની ધારે કરી,
દુષ્ટ કર્મ રૂપી ગયું કાષ્ટ કુટી
જ્યારે જીવને શિવ બે ઐકય થયા,
જગ જંજીર પ્રાયે ગઈ છે છુટી ૬
નિજ આશ્રમ આવીને અંત સમે,

અમને પણ આપે કૃતાર્થ કિધા
વદે દાશ દયાળ દયા નિધીના,
અમે અંકમાં શિષ સમર્પી દીધા
અમરાપુર ઓધવરામ વર્યા,
એતો શંત બનીને સવ્યં સીદ્ધા
ચરણોદક ધોઈને 'ચંદુ' કહે,
ચરણામૃત મેં તો એ પ્રેમે પીધાં ૭
ધન્ય ધામ ધરા પુનિમાતપિતા,
ધન્ય ગામ જેમાં તમેં જન્મ ધર્યો
કચ્છ દેશ તણી ધરણી ધન્ય હો,
કૃપા નિધી તણાં કુળને ધન્ય હો
ધન્ય શંત સમાગમ જેણે કર્યો,
ધન્ય શંતનો જે કોઇ શીષ્ય થયો
ધન્ય ઓધવરામ તણો જય હો,
જય હો જય હો જય હો જય હો ૮

કર્તા
ચંદુભા રતનસિંહજી જાડેજા
મેરાઉ – કચ્છ

અર્પણ

જેમની અનુભવ સિદ્ધ વાણી દ્વારા જન સમાજનાં અનેક ભાવિકોએ ઉપદેશામૃત પાન કર્યું—

એવા પ્રાતઃ સ્મરણીય બ્રહ્મનિષ્ઠ પૂજ્યપાદ મહારાજ શ્રી ઉદ્ધવરામજીનાં પવિત્ર પાદ પંકજમાં—

સાદર સમર્પણ

સેવક,
ચંદુભા જાડેજા

પ્રકાશકના બે બોલ

'શ્રી ઇશ્વિર વિહારી વિલાસ' ની પ્રથમાવૃત્તિ હિન્દી ભાષામાં સવંત ૧૯૯૩માં પ્રત ૫૦૦J મિસ્ત્રી શ્રી જીવરામ પુંજાભાઇ સુત ત્રિ. જીવરામ તરફથી પ્રગટ થએલ. ત્યાર બાદ દ્વિતિય આવૃતિ પ્રત ૫૧૦, મિસ્ત્રી મનજીભાઈ જેરામ આધાપુર તથા મિસ્ત્રી હીરજીભાઈ વિશ્રામ હાજાપુર વાળા તરફથી ગુજરાતી ભાષામાં છપાવવામાં આવી.

સદરહુ પ્રતો ખલાસ થઈ ગઇ. પરંતુ જનતા તરફથી એની માગણી ચાલુજ રહી. ગુરૂદેવ શ્રી ઉદ્ધવરામજી પરમ્ પદ પામ્યા એનો શોક તો ચાલ્યાજ કરે છે બીજી બાજુ મારી વૃદ્ધાવસ્થા. નજર નહિ, એટલે આ પુસ્તક લખવાનું કામ મારે કોને સોંપવું ? અને જનતાની માંગણી ને કઈ રીતે સંતોષવી ? ત્યાંતો એકાએક મારી નજર મેરાવના ભકત કવિ શ્રી ચંદુભા રત્નસિંહજી જાડેજા ઉપર પડી અથવાતો કૃપાળુ ગુરૂદેવે પ્રેરણા કરી માનો. તુરત મારા શિષ્ય શાંતિદાસને કહી તેઓશ્રીને પત્ર લખાવ્યો ભકત શ્રી ચંદુભા બાવાને અમારા મહંત બાવા શ્રી મંગળરામજી મહારાજની મંત્ર દિક્ષા એટલે જેમ હમણા ગુરૂ દરબાર ગણાય તેમ વાંઢાય પણ ગુરૂ દરબારજ ગણાય. પત્ર મળ્યો કે તુરત વાંઢાય આવી, મને રૂબરૂ મળ્યા. "ઇશ્વિર વિહારી વીલાસ" લખવા વિષેની વાતચિત કરી તેમણે કહ્યું કે એ પુસ્તકની તો ગુજરાતી કોપી તૈયાર છે. એ પ્રમાણે કોપી રાઈટ છપાઈ લઈએ તો શું વાંધો છે ? એટલે મારા વિચારોથી જણાયું કે, પૂજય મહારાજશ્રી ઉદ્ધવરામજીનું શેષ ચારિત્ર ઉમેરવાની જરૂર છે. સિવાયના જે ચારિત્રો છે એને પણ અત્યારના જમાના પ્રમાણે લખવાથી નવી જાગૃતિ આવે. માટે

એ પણ ફરી લખવાની જરૂર છે. બાકી જુની આવૃતિમાં કડવા પાટીદાર ભાઈઓ માટેજ કેટલુંક લખાણ છે તે પણ હવે રાખવાની ખાસ જરૂર જણાતી નથી કારણ કે વ્યવહાર સિધ્ધ થયા બાદ સાધનની ખાસ આવશ્યકતા ન ગણાય તેમ એ લખાણ અન્ય વર્ગના માટે બીલકુલ નકામું છે માટે તેને લેવાની જરૂર નથી બાકી પદ્ય વિભાગમાં ખાસ કાંઈ ફેરફાર કરવાનો નથી કેટલાંક પ્રાપ્ય પદો ભજનો વગેરે પુસ્તકમાં અન્ય મહાત્માઓના લીધેલ છે તેની પણ જરૂર નથી કારણ એ ભજનો મળી શકે તેવા છે. પરંતુ એની જગ્યાએ આપનાજ બનાવેલા ચાર પાંચ પદો મૂકી દેવા એમ હું ઈચ્છું છું.

સંધ્યા ગાયત્રીની વીધીના પુસ્તકો આજકાલ ઘણા વિદ્વાનો તરફથી છપાયાં છે. એટલે એ પણ લેવાની જરૂર નથી. ઉપદેશ સાર સંગ્રના પાના પણ વધારાના છે.

આવી રીતે અમુક લખાણ રદ કરવાથી પુસ્તકનું કદ પણ પ્રમાણસર થઇ જશે માટે એ કાર્ય કરવાની આપના પર ફરજ પાડીસું તેમ મારો આપના પર હકક ગણાય– હકીકતથી વાકેફ બની તેમણે કહ્યું કે હું કોઈ લેખક, વિદ્વાન જ્ઞાતા નથી છતા પણ આપ ફરજ પાડો છો. :એટલે ગુરૂ મહારાજ જેવી પ્રેરણા કરશે. તે પ્રમાણે લખી આપીશ.

જોઇતું સાહિત્ય પુરૂં કરી આપ્યા બાદ લખવાનું કાય શરૂ કર્યું, લખાણ પુરૂ કરી વાંહાય આવી મારી સમક્ષ વાંચી સભળાવી દરેક બાબતનો મને ખ્યાલ આપ્યો; સાંભળી મને પરંમ સંતોષ થયો. લખાણ શૈલી પણ જોઇએ તેવી સરળ અને સાદી ભાષામાં છે. જેથી એ પુસ્તક દરેકને ઉપયોગી થશે એમ હું માનું છું.

જે યદુવંશી શાખાના ક્ષત્રેપોમાં અમારા પૂજ્ય ગુરૂદેવ બાવાશ્રી દેવા સાહેબ. બાવા સાહેબ શ્રી રામસિંહજી, બાવા શ્રી વિહારી સાહેબ, બાવાશ્રી પરણરામજી. અને બાવા સાહેબ શ્રી જેઠી રામજી, કે જે બાવા શ્રી ચંદુભાનાજ કુટુંબમાં તેમના પ્રપિતામહ થાય, એ અમારા ગૌરવનો વિષય છે એ જાડેજા રાજપુતોમાં ભકતરાજ ચંદુભા જેવા યુવાને ભકિત માર્ગ સ્વીકારી વિરકત રહી, પ્રભુનું ભજન કરે છે. માટે જાડેજા રાજપુતોએ ગૌરવ લેવા જેવી વાત છે અંતમાં તેઓશ્રીએ શ્રી ઈશ્વર વિહારી વિલાસનું પુસ્તક લખી ગુરૂ દરબારની જે સેવા કરી છે તે માટે હું તેમને મારા અંતઃકરણથી આશીર્વાદ આપું છું કેઃ—

भक्ति परस्मिन् परिवर्धता वो ।
बुद्धिः सदाचार विभूषिता स्यात् ॥
सुस्थियतां स्यान्त मथो स्वधर्मो ।
श्री चांद्रसिंहस्य सुखीनो भवन्तू ॥

લી.

મહંત દયાળદાસ ગુરૂ શ્રી ઉદ્ધવરામજી
દઃ સાધુ શાંતિદાસ ગુરૂ શ્રી દયાળદાસજી

(ચૈત્ર સુકલ બીજ
સાં. ૨૦૧૫)

ઈશ્વર આશ્રમ
વાંઢાય (કચ્છ)

-: લેખકનું નિવેદન :-

શ્રી ઇશ્વિર વિહારી વિલાસની તૃત્તિય આવૃતિ લખવા બારામાં પુજ્યપાદ મહારાજશ્રી દયાળદાસજીનો પત્ર મારા ઉપર આવ્યો. એટલે તેઓશ્રીને મળી હકીકત જણાવી વિનંતી કરી કે પુસ્તક લખવું એ મારી શકિત બહારની વાત છે પરંતુ મહારાજશ્રીએ કહ્યું કે આપની વ્યાખ્યાન શૈલી મેં સાંભળી છે. જેમાં મને બહુજ આનંદ આવ્યો હતો તેમ. "આદમી કા તોલ એક બોલમે પીછાનીએ" મને ખાત્રી છે કે આપના ઉપર મા શારદાની કૃપા છે. તેમ ગુરૂદેવની દયાથી તમને માર્ગદર્શન મળતું જશે.

છેવટે ફરજની દ્રષ્ટિએ પુસ્તક લખવાનું કામ શરૂ કર્યું અને લક્ષ એવું રાખ્યું કે એ નિમિત્તે શ્રી ગુરૂ મહારાજના ગુણાનુવાદ તો ગવાશે, મહા પુરૂષોનું ચારિત્ર એતો ગુણનો સમુદ્ર ગણાય પરંતુ સમુદ્રને પ્રાપ્ત કરીને પણ ઘડો પોતાના જેટલુંજ પાણી લે છે. તેમ જે કામ બુદ્ધિથી સિધ્ધ થવાનું હોય તેમાં બળ કે પરાક્રમ શું કામ કરી શકે ? માટે મારી બુધ્ધિ અનુસાર મને જેવી પ્રેરણા મળી તે આ પુસ્તકમાં લખવામાં આવી છે. છતાં એમાં દોષદર્શન થાય તો સજ્જનો મને ક્ષમા આપે. એથી વિશેષ બીજી શબ્દથી શું સરળતા દાખવું ?

આ પુસ્તક લખવાનો મુળ હેતુ તો ગુરૂ ભકિત અને ધર્મભાવના જળવાઇ રહે એવો છે. ગુરુ મહિમા તો દરેક

ધર્મમા પ્રાધાન્ય પદે છે. મહાત્મા સુંદરદાસજીએ કહ્યું છે કે:—

સવૈયો

યોગી કહૈં ગુરૂ જૈન કહૈં ગુરૂ બૌધ કહૈં ગુરૂ જંગમ માને
ભકત કહૈં ગુરૂ ન્યાસી કહૈં વનવાસી કહૈં ગુરૂ ઔર બખાને
શેખ કહૈં ગુરૂ સુફી કહૈં ગુરૂ યાહિત સુંદર હૌત હીરાને
બાહુ કહૈં ગુરૂ બાહુ કહૈં હૈં ગુરુ સોઈ સબૈ ભ્રમભાનૈ

સુંદરદાસે કહ્યું કે ગુરૂ તેજ કે જે દરેક બ્રહ્મણાથી મુકત કરાવી સત્ય સુખની પ્રાપ્તિ કરાવે. આજકાલ મહાપુરૂષોની ખોટ આવતી જાય છે. ખરી ખુબી તો એ છે કે જ્યારે ખાસ મહાત્માઓની જરૂર છે. ત્યારેજ ખામી આવી ગઈ છે. એટલે આવા પુસ્તકો જનતાને આ કાળમાં ઉપયોગી ગણાય, પરંતુ જગતતો સમષ્ટિ છે સુધરે કે ન પણ સુધરે. જયારે સમષ્ટિને સત્ય સમજાશે. અને સત્યના રાહે વળશે ત્યારે ત્રિલોકપતિને પણ તાણ પડશે. એટલે કે સ્વર્ગો બનાવવાનો ઓર્ડર આપવો પડશે. આપણે જોઈએ છીએ કે મૃત્યુ લોક અત્યારે પણ માનવ સમાજને સાંકડો પડે છે. એટલે ચંદ્રલોક. મંગળલોક, ઇત્યાદીની શોધખોળ થઈ રહી છે, ત્યાં એક સ્વર્ગ પુરૂં ન પડે એ દેખીતી વાત છે.

જન સમાજ અલગ રાખીને અત્યારના અમારા ધર્માંચાર્યો અને સંત મહાત્માઓ પોતાના પુર્વાંચાર્યોના ચારિત્ર વાંચી વિચારી. મનન કરી જીવનમાં ઉતારી જનતાને પ્રતિબોધશે તો પણ મારા શ્રમમાં હું સફળ થયો માનીશ જગતને અત્યારે સાચા ઉપદેશકોની જરૂર છે અને એવા ઉપદેશ દાતા નહિં મળે ત્યાં સુધી કહેવત છે કે "જેનો આગેવાન અંધ તેનું કટક કુવામાં" આજકાલ સમાજના ચારિત્રમાં જે કાંઇ શીથિલતા જોવામાં આવે છે તે સત્યતા વાળા ઉપદેશકોની ખામીને લઈનેજ. દરેક સંપ્રદાયમાં થઇ ગએલ મહાત્માઓનાં ચારિત્રો, પદો. ભજનો, વિગેરે મળી શકે તેમ છે પણ એની

આજકાલ તેમની પાછળના વારસદારોને પડી હોય એવું જણાતું નથી જેથી એ સાહિત્ય અમુક કાળે નષ્ટ થઈ જવાનું છે ત્યારે મહારાજ શ્રી દયાળદાસજીએ આ પુસ્તક છપાવી સંતો અને સમાજની મહા મુલી સેવા કરી છે. સાથોસાથ આ પુસ્તક લખવાનો મને સદ્‌ભાગી બનાવ્યો તે માટે હું તેઓશ્રીનો સદાને માટે ઋણિ છું.

છેવટે સૌરાષ્ટ્રમાં જસદણ તાબે કમળાપુરના રહેવાશી બારોટશ્રી હનુજી ખીમજીએ પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી આ પુસ્તકની પ્રેસ કોપી બનાવી આપી તે બદલ આભાર માનું છું. ઈતિ ૐ

VSAK: 27-

લી. ચંદુભા રતનસિંહજી જાડેજા

(મહા શિવરાત્રી ૨૦૧૫) મેરાઉ – કચ્છ

श्लोक

बिंदु सल्लिपि विसर्ग विचिका पंक्ति भेद पथ भेद दूषणम् ।
हस्त दोषजम बुद्धि पूर्वकं क्षन्तु महर्षि समीक्ष्य सज्जनम् ॥

: અનુક્રમણિકા :

વિષય	પ્રષ્ટાંક
૧ બ્રહ્મનિષ્ઠ બાવાશ્રી વિહારી સાહેબનું જીવન ચરિત્ર... ...	૨
૨ બ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી ક્ષેમદાસજીનું જીવન ચરિત્ર... ...	૧૭
૩ બ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી ઇશ્વિરરામજીનું જીવન ચરિત્ર... ...	૨૦
૪ બ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી લાલરામજીનું જીવન ચરિત્ર... ...	૩૬
૫ બ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી ઉદ્ધવરામજીનું જીવન ચરિત્ર... ...	૩૯
૬ બ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી દયાળદાસજીનું જીવન ચરિત્ર... ...	૮૬

દ્વિતિયભાગ પદ નિરૂપણ

૭ શ્રી સદ્ગુરૂ સ્તવન માળા (સંધ્યાપાઠ)	૯૭
૮ શ્રી દેવાસાહેબની સ્તુતિ	૯૮
૯ મહારાજશ્રી ઇશ્વરરામજીની સ્તુતિ	૯૯
૧૦ બાવા સાહેબ શ્રી રામસિંહજી વિષે	૧૦૧
૧૧ મહારાજશ્રી ઉદ્ધવરામજીના શુભ ગુણોનું પદ્યાત્મક વર્ણન.	૧૦૧
૧૨ મહારાજશ્રી દયાળદાસજી વિરચિત ભજનો	૧૦૪
૧૩ બ્રહ્મનિષ્ઠ બાશ્રી જેઠીબા વિરચિત ભજનો	૧૧૧
૧૪ ભક્ત કવિશ્રી ચંદુભા બાવા વિરચિત ભજનો	૧૧૪
૧૫ બ્રહ્મનિષ્ઠ બાવાશ્રી હરિસાહેબ વિરચિત રાસો	૧૧૮
૧૬ બાવાશ્રી દેવાસાહેબનો કાવ્યમાં પરિચય	૧૨૩
૧૭ શ્રી સુબોધ સાર કુંડલીઆ	૧૨૬
૧૮ બાવાશ્રી વિહારી સાહેબ વિરચિત ભજનો	૧૩૩
૧૯ મહારાજશ્રી ક્ષેમદાસજી વિરચિત ભજનો	૧૬૪
૨૦ મહારાજશ્રી ઇશ્વિરરામજી વિરચિત ભજનો	૧૬૭
૨૧ મહારાજશ્રી ઉદ્ધવરામજી વિરચિત ભજનો	૧૯૫
૨૨ બાવાશ્રી દેવાસાહેબ વિરચિત ભજનો	૨૧૦
૨૩ બાવાશ્રી રામસંગજી વિરચિત ભજનો	૨૧૮
૨૪ બાવાશ્રી સેવારામજી વિરચિત ભજનો	૨૨૬

વાંચકોને વિનંતી

"સદ્‌ગુરૂ સ્તવનમાળા" એ મથાળાં નીચે લખેલ શ્લોકો ઇ. વિ. વિ. પ્રસ્ટ ૨૩૮ થી સંધ્યાપાઠ શરૂ થાય છે ત્યાં મંગળાચરણમાં એનો ઉપયોગ કરવા વાંચકને વિનંતી છે સરત ચૂકથી ઘર વિભાગમાં પહેલા લખાઇ ગયા છે.

મહારાજશ્રી દયાળદાસજી તેમજ ભક્ત કવિશ્રી ચંદુભા બાવાનાં પદો પુસ્તકના અંતે લેવાનાં હતાં પરંતુ ભૂલથી પહેલાંજ લેવાઇ ગયાં છે. તેની અત્રે નોંધ લઇએ છીએ.

(વ્ય. મહેશ્વર પ્રેસ)

શુદ્ધિ પત્રક

અશુદ્ધિ	શુદ્ધિ	પૃષ્ઠ
બાહુ	વાહુ	૧૧
पथ	पद	१२
હાલ	ધલ	૧
यक्ष	दक्ष	४
તે	તો	૬
(હતીતડ	રતીતડ	૧૦
તાર્ક્ષ્ય	તાદ્રક્ષ્ય	૧૧
વિદ્વાન	त्रिद्वान	૧૨
ઉક્તિ	યુક્તિ	૧૩
વાંઢાય	વાંઢ	૧૬
લેકેચ્છા	લોકેચ્છા	૧૮
હેમલમા	હેમાયલા	૧૯
આવેદ	આવેલ	૨૨
લંગણો	લંગડો	૨૩
શાતી	શાંતિ	૨૩
ટઇમ	ટાઈમ	૨૬
થથો	થયો	૨૬
ઈશ્વરરામજી	ઈસરદાસજી	૨૬
પધરી	પધારી	૨૭
ચલાવવા	ચલાવ્યો	૨૭
કરી	કહી	૨૮
ત્યાગી	ત્યાંથી	૨૯
મોડી	મોળી	૩૦
અટલે	એટલે	૩૭

અશુદ્ધિ	શુદ્ધિ	પૃષ્ઠ
નેમના	તેમના	૪૧
સાતએલા	સાધએલા	૪૧
મહારાજશ્રીની	મહારાજશ્રીથા	૪૨
મયા	થયા	૪૨
યોગીરાજન	યોગીરાજનાં	૪૬
ગાદીએ	ગોદીએ	૪૮
નાપાટી	નાપાડી	૫૦
ચાવેશ	આવેશ	૫૦
ત્રિચાર	વિચાર	૫૧
દયાગમજીને।	દયારામજીને	૫૨
શીવદાસજી	કેશવદાસજી	૫૩
જો	જોઈ	૫૪
ગણો	ઘણો	૫૮
અતર્ભુજ	ચતુર્ભૂજ	૬૨
લીલી	લીધી	૬૩
મહારાવશ્રી	મહારાજશ્રી	૭૦
કઆક	કલાક	૭૧
ડોક્કડર	ડોક્ટર	૭૨
ઓપ	આપ	૭૨
આગાત	આઘાત	૮૨
कल्पांसु	कल्पांवु	૮૨
क्षत्रिय	क्षोत्रिय	૮૯
श ध्याच	शयाच	૮૭
मन्नायः	मन्नाथः	૯૩
દદબાજ	દરબાર	૭

॥ श्री गणेशाय नमः ॥

॥ श्री गुरु देवाय नमः ॥

श्री मंगळा चरण

लक्ष्मी कान्ते कृतकृतितयान्त हिते द्यापरान्ते ।
द्वारावत्यामपि पुरि शिला मूर्ति रूपावशेषे ॥
पूर्णधाम प्रथयितुमिह क्ष्मातल संचरन्ती ।
कापि द्विष्णोजयति सुषुमा भारती कृष्णरूपा ॥

कामादिसर्प व्रज गारुडा भ्याम्
विवेक वैराग्य निधि प्रद्रा भ्याम् ॥
बोध प्रदाभ्यां द्रुत मोक्षदा भ्याम् ।
नमोनमः श्री गुरु पादुका भ्याम् ॥

कच्छा ह्य देशे ह्मलाभि धाने ।
देवाभि धेइयं विहीताव तारम् ॥
मुक्तिः प्रदानाय भवा तुराणां ।
श्रीमद् गुरुतं शरणे प्रपद्ये ॥

દોહરા

વિઘ્ન વિનાશક વિશ્વના, ગણપતિ ગુણ ભંડાર
વારવાર વંદન કરૂં, કરો વિઘ્ન પરિહાર ૧
શુભ ગુણ–સંયુક્ત શારદા, પ્રેમે કરૂં પ્રણામ
અભયદાન આપો મને, જડતા હરો તમામ ૨
ભુક્તિ મુક્તિ નિજ ભક્તને, આપે સદા ઉદાર
વંદુ સિતા રામ ને, વિઘ્ન– વિનાશન–હાર
ઈશ્વર પોતે અવતર્યા, કરવા જન – કલ્યાણ
જેનાં પુનિત પ્રભાવથી, કર્યા છે કચ્છ સુજાણ ૪
એ 'ઈશ્વર' ગુરૂને નમુ, શ્રી ગુરૂ કરો સહાય
કરૂં ગ્રંથની યોજના, આપ વિના શું થાય ૫

બ્રહ્મનિષ્ટ બાવાશ્રી વિહારી સાહેબ

વાંઢાય દ્વારાના પૃષ્ઠભાતિપતિ

ધ્યાતાને ધ્યેયની પ્રાપ્તિ માટે કાંઈ પણ અવલંબન લેવું પડે છે. અને તે દ્વારા લક્ષની પરાકાષ્ટા સિધ્ધ કરવી સરળ પડે. એ સિધ્ધાંત અનુસાર વાંઢાય દ્વારાના આદિ પુરૂષ અધ્યક્ષ બાવાશ્રી. વિહારી સાહેબ, સામત્રાના શ્રી હોથીજી, જેઓ બાવાશ્રીના મિત્ર હતા તેમની સાથે જ્યોત, પાટ, પૂજન આદિમાં ભાગ લેવા જાતા મૂળ તો તેઓશ્રી કચ્છ માંડવી તાબે ભાડીયાનાં હાલ શાખાના રાજપૂત. તેમના પિતાશ્રી મેઘરાજજી વાંઢાયના સિંધલોમાંથી પરણ્યા બાદ તેઓશ્રીનું રહેવાનું પણ ત્યાંજ થયું. અને વિક્રમ સંવત ૧૮૦૪ની સાલમાં ધર્માત્મા મેઘરાજજીને ત્યાં કુંવર વેરાજીનો પ્રાદુર્ભાવ થયો.

દુઃષ્પ્રાપ્ય મનુષ્ય જન્મને પૂર્વના ઉચ્ચ સંસ્કારના યોગથી પામ્યા છતાં પણ જે મનુષ્યો ધર્મ શું છે ? તે જાણતા નથી. તેમજ તેને જાણવા ઈચ્છતા નથી. તેમને આ લોકમાં શાંતિ ને પર લોકમાં ઉત્તમ ગતી નથી.

પૂર્વોકત સંસ્કારી વેરાજીને દશ વર્ષની કુમળી વયેજ ધર્મ વૃત્તિ સતેજ બની અને ઉપર કહયા મુજબ જ્યોત પાટમાં આત્માની શાંતિ માટે જાતા.

જે પંથમાં કચ્છનો મહા ભયંકર બહારવટીઓ જેસળ જાડેજો સતી તોરલના સહવાસે સિદ્ધ બન્યો જે પંથમાં રાવળ માલાને રૂપાંદે, અંતરની જ્યોતો જેગવી બતાવી. જે પંથમાં કચ્છના કબીર મેકાજી ડાડાએ અલખને ઓળખ્યા. એક પ્રાચિન ભજનમાં કહેલ છે કે " પાટની પૂજા જોગી નાથની કાંઈ કાંઇ ઋષિમુનિએ

જાણી " એવા મહા ધર્મમાં સમજ્યા વિચાર્યા વગર સંસારીઓ કુદી પડ્યા પરિણામે સિથિલતા આવી. આજના સિષ્ટ ગણાતા સમાજમાં આ ધર્મ અળખામણો બન્યો.

આત્મ અનુસંધાનનો મૂળ હેતુ મૂકી શેર લોટના ભૂખ્યા સંસારીઓનું એમાં કામ નથી. એતો યોગનો માર્ગ, દિલમાં દીદાર દેખાડનાર દીવો ગણાય. પરંતુ કાજે કરી અપવાદ બાદ કરતાં આજ એને સમજનાર પુરૂષો નથી. એવું કુંવર વેરાજીને જણાયું. રાહ બદલ્યા સિવાય રસ્તો ન હતો એટલે એક વખત કોઈ એક સંત આગળ પોતાની વ્યથા જણાવી.

એમના શ્રેયનું સ્વરૂપ કેમ જાણે મૂર્તિમાન બનીને રાહ બતાવવા આવ્યું હોય, તેમ તેણે કહ્યું બાવા, આપ જો આપના આત્માની સંપૂર્ણ શાંતિનેજ ઇચ્છતા હોતો અત્યારે કચ્છ હાલાપુરીમાં સનાતન બ્રહ્મ જાણે સાકાર રૂપે પૃથ્વી પર જન કલ્યાણ માટે પધાર્યાં હોય, તેવા યદુવંશ શિરોમણી ચંદ્રવંશ શાખાના જાડેજા રાજપૂતોમાં બ્રહ્મ વિદ્દરિષ્ટ બાવાશ્રી દેવા સાહેબ મૂર્તિમાન બ્રહ્મ છે. તેમની પાસે જાવ.

" પ્રિય વાંચક વર્ગને આ સ્થાને આચાર્ય દેવા સાહેબ અને હમલાપુરીમાં ગુરૂ પરંપરાએ થએલ મહંતોનો બહુજ સંક્ષિપ્ત ટુંક અહેવાલ, રજુ કરવો અયોગ્ય નહિ ગણાય એમ સમજી પ્રથમ બાવાશ્રી દેવા સાહેબ વિષે થોડાક પરિચય આપું છું.

★ દોહરા ★

(૧) જાડેજા કુલ મુગટ મણીઃ અનાથના આધાર
કચ્છ ભૂજ ભુપાળશ્રીઃ ખૂદાવિંદ ખેંગાર
(૨) લઘુ બાંધવશ્રી રાવનાઃ સાહેબજી સરદાર
શુરવીર પુનિ ધીરતેઃ દિન બંધુ દાતાર

(૩) સાહેબ કુલ પાવન અતિઃ ભલપણનો ભંડાર
સાહેબ દેવા સદગુરૂઃ લીધો ત્યાં અવતાર
(દેવાનુભવ દિવાકર)

શ્રી દેવા સાહેબ,

માંડવી તાબે કચ્છ હમલા તે ત્યાંના જાડેજા રાજપુતોનું મૂળ ગરાસનું ગામ તેમના વડિલો, કચ્છના સુમરીશાહાથી ઉતર્યા બાદ કર્મભાગે તેમને આ ગામ ગરાસમાં મળ્યું. અને શ્રી દેવાજીના પિતા આ ગામના ટીલાયત હતા. શ્રી દેવાજી તેમના પિતાશ્રીને પ્રાણથી પણ અધીક પ્રિય હતા. તેમનામાં શુક્રનિતિના કથન અનુસાર ક્ષાત્ર ગુણો સ્વાભાવિકજ હતા.

श्लोक
लोक संरक्षणे यक्षः शुरोदात्तः पराक्रमी ।
दुष्ट निग्रह शिलोथः सर्वै क्षत्रिय उच्चयते ॥

સ્વભાવ જન્ય આવા ગુણો મહાત્મા દેવાજીમાં જન્મથી સાથેજ હતા. અને આતો વળી જન્મને જોગી જાડેજો, પછી પુછવુંજ શું હોય ?

એક વખતે ખળાંની મોસમમાં ચારિત્રનાયક દેવાજી ખળાંમાં હાલરું ફેરવતા હતા. ત્યાં રસ્તા ઉપરથી પસાર થતા એક મહાત્માની નજર દેવાજીના લલાટ ઉપર પડી. તુરતજ મહાત્માં ત્યા થંભી ગયા. એટલે કામમાં એકચિત્ત બનેલ દેવાજીની દ્રષ્ટી પણ મહાત્માજીની સામે પડી.

હાલરથી નીચા ઉતરી વિનય પૂર્વક યોગી રાજને નમસ્કાર કર્યાં, અને વિવેકથી કહ્યું કેઃ— પ્રભુ આ અન્ન આપનુંજ છે. એમાંથી થોડુંક આપ ગ્રહણ કરો તો બાકીનું વધેલું આ સેવક

પ્રસાદી માની, આખું વર્ષ વાપરશે. અને આવતા જતાં પ્રભુ પ્રેમના પથિકોને એમાંથી ટુકડો મળશે.

દેવાજીનાં મૃદુ વચને મહાત્મા મંદ હસ્યા. અને કહ્યું તારા ભાગ્યની રેખા વાંચતાં મને તો જણાય છે કે તું કેવળ અન્નદાતા નહિં પરંતુ જ્ઞાનદાતા કચ્છનો એક ધુરંધર સંત બનશે. અને કચ્છની ધરતી પર તારા ભજનના પ્રભાવથી તારા અનેક અનુયાયી બનશે,

મહાત્માના મુખે આ વચન સાંભળી, દેવાજી તેમના ચરણમાં પડીને બોલ્યા કે કૃપાળુ ઈષ્ટ. અને ગુરૂ કૃપાથી દરેક વસ્તુ સુલભ થાય છે. મારા ઉપર કૃપા કરી, આજની રાત અહિંજ રોકાવ તો મારા પર અનુગ્રહ કર્યો ગણાશે.

બેટા, તારૂં કહેવું યોગ્ય છે. પરંતુ હાલ તો અમારી જમાત મારાથી આગળ નીકળી ગઈ છે. મારે હજી માંડવી પહોંચવું છે. કારણ કે ત્યાંથી અમે સર્વબેટ અને દ્વારિકામાં ધામધણી દ્વારિકાધિશના દર્શન કરી. આગળ યાત્રાએ જશું. તારે આવવું હોય તો ચાલ મારી સાથે.

તારે આવવું હોય તો ચાલ મારી સાથે.........આવો મોકો, આવા મહાત્મા, અને આ વખત ફરી હાથ નહિં આવે એમ વિચારી દેવાજીએ કહ્યું. બાપુ, આપ આસ્તે આસ્તે ચાલવા માંડો હું પણ હમણાં પિતાશ્રીની સંમત્તિ મેળવી આપને ભેટી લઉં છું અસ્તુ...........કહી મહાત્મા તો પંથે પડયા.

દેવાજી ઘેર આવી બનેલ બીનાથી પિતાજીને વાકેફ કર્યાં અને દ્વારીકાની યાત્રાની રજા માંગી પરંતુ જેના ઉપર સંપૂર્ણ મમત્વ છે એવા દેવાજીને એમના પિતા એમ રજા આપેજ શાની ? પણ ઉલ્ટાનું છોકરૂં છે અને છોકરમતમાં જો કહયા વિના ચાલ્યો જાય તો શોધવા કયાં જાવું ? એમ સમજી સાધારણ ધાકધમકી

આપી દરબારગઢની ઓરડીમાં તેમને કેદ કર્યા.

નિયમ એવો હતો કે સાંજે વાળુ પાણી કર્યા બાદ બાપુ ડેલીએ પધારે એટલે દેવાજી તેમને હોકો ભરી આપે આવતી કાલે શું કામ કરવું ? તેની જે જે સૂચના વૃધ્ધ પિતા આપે તે દેવાજી સાંભળે અને વળતા દિવસે વર્તનમાં મુકે.

પણ આજ દેવોજી કેદ કર્યા છે છોડી મુકવાથી ભાગી જવાની સંપૂર્ણ ભિતિ છે. એ વિમાસણમાં ડેલીએ ઢોલીઆ ઉપર સુતા સુતા વયોવૃધ્ધ જાડેજાએ ઉદ્ગાર કાઢયા.

" અજ ડેવો નાંય હુકો કેર ભરી ડીંધો "

(આજ દેવોજી નથી હોકો કોણ ભરી દેશે ?) ત્યાં બાજુનાજ રૂમમાં પુરાયેલા દેવાજીએ હાથ લંબાવી બારીએથી હોકો આપતા કહ્યું.

" બાવા ગીનજા હી આંજો હુકો "

(બાપુ લ્યો આ આપનો હોકો) અનુભવી જાડેજો સમજી ગયો કે " પૂતર નાંય પણ હી પીર આય " (દીકરો તો હું માનું છુ પણ મારી એકોતેર પેઢીનો તારણહાર કોઈક દેવાંશી આત્માએ જન્મ ધારણ કર્યો છે.)

જે ઓરડામાં દેવાજી પુરવામાં આવ્યા હતા તે ઓરડામાં કેવળ દેવાજી સિવાય અન્ય કોઇ વસ્તુજ ન હતી. તે હોકો ગડાકુબજર, ચલમ ઉપર ચડાવવાનો અગ્ની આવ્યો કયાંથી ? આટલું ઉદાહરણ દેવાજીના પિતા માટે બસ હતું.

તરતજ દેવાજીને મુકત કરીને યાત્રાએ જવાની સંમત્તિ આપી. દેવાજીના હર્ષનો પાર ન રહયો. અને પિતા પ્રત્યે બોલ્યા કે બપુ, દિલગીર થશો નહિ કારણ કે જીવોને જન્મ જન્માંતરના સંસ્કારોથી વિષયોમાં તથા શરીરનાં સંબંધી પ્રાણી પદાર્થોમાં, પ્રાયશ, સ્વાભાવિક પ્રિતિ થાય છે માટે વિવેકી મનુષ્યે સદ્વિચાર તથા સાવધાનતા

રાખી, પોતાની વૃતિને તેની પ્રિતિ માંથી ક્રમાંત ઉપરામ પમાડી, તેને પરમતત્વ ભણી લઇ જવા યત્ન સેવવો જોઇએ.

આપ આ શરીરના પિતા હોવાના કારણથી આપને ઉપદેશ આપવા રૂપી થએલ અવિવેકની હું ક્ષમા યાચું છું અને જદુપતિના દર્શન કરી આપની સેવામાં સુખશાંતીથી પહોંચી આવું એવી આશિષની આપના પાસે નમ્ર ભાવે યાચના કરૂં છું.

આવા નમ્ર, વિનયયુકત, અને શાંત વચન, પાષાણ હૃદયના મનુષ્યને પણ પીગળાવી નાખે ત્યાં દેવાજીનાં પિતાનું શું ગજું? માત્ર આશિષમાં વૃદ્ધ જાડેજાની આખમાં પાણી ત્રબકયાં પણ તે હર્ષના હતાં દુ:ખનાં નહિં.

પ્રણામ કરી દેવાજી (કચ્છ) માંડવીના રસ્તે ચાલવા માંડયા પરતુ મહાત્મા રસ્તામાં ન મળ્યા તે નજ મળ્યા છેવટે માંડવી આવી બંદર ઉપર તપાસ કરતાં માલુમ થયું કે જમાત બેટના મચ્છવામાં રવાના થઈ ગઈ.

દેવાજીના મનને બહુ દુ:ખ થયું પણ તુરત આત્મબળ સ્ફુર્યું ભવસાગરથી પાર કરાવનાર કૃપાળુ ઇશ્વરને મારા જેવા પાંચ દશ શેરના માંસના લોચાને ભૌતિક સાગરથી સામે પાર કરવામાં શું શ્રી કૃષ્ણ કૃપણના દાખવશે ? વળી વિચાર આવ્યો ના. ના. એટલો નિષ્ઠુર નંદનો લાલ નથી. જરૂર સામે પાર કરી દેશે. બીકતો કેવળ બોથડ મનનેજ લાગે છે.

એમ પરસ્પર મન ને જીવનો કજીઓ આત્માની કોર્ટે ચડયો છેવટે સમાધાનમાં ધાબળી પાથરી સમુદ્રપાર થવું એ નિશ્ચય થયો. પોતાના કાંધેથી ધાબળી ઉતારી અને દરિયામાં પાથરી તે ઉપર એક મરજીવો મોજું માણવા અલખના આધારે બેસી ગયો પવન વેગે ધાબળી દરિયાના હીલોળે ઉપડી અને દેવાજીની વૈખરી પણ ત્યાંજ

ઉચ્રડી તરતજ એક પદ એમણે ગાવા માંડયું.

" આજ લેર લાગીરે બેડી જાય આઘી.
મહાસાગર દરિયામાં આખર લેર લાગીરે........"

આ પદના અંતે સમુદ્રના પાણી સમથળ બન્યા. અને અર્જુનના ગાંડીવની ગતિએ ધાબળી સડેડાટ કરતી મહાત્માઓના મચ્છવાઓથી પણ આગળ નીકળી. પણ તુરત દેવાજીના વિવેકે દેવાજીને આગળ જતા અટકાવ્યા. શ્રી સદગુરૂની સતશાસ્ત્રની હીતકારી આજ્ઞાનું ઉલંઘન કરી જે સાધક મોહથી અન્ય પ્રકારે વર્તે છે તેને તેવા વર્તનથી પરિણામે કલેશાનુંભવ વિના અન્ય ફળ મળતું નથી.

જે દયાળું પુરૂષે મને સ્વ સ્વરૂપની ખરી ઓળખાણ આપી એનાથી એક ડગલું પણ આગળ કેમ જવાય ?

ત્યાં તો સાધુઓની હોડી દેવાજી નજદીક આવી અને થોભી તે તુરતજ મહાત્માજીએ દેવાજીને કહ્યું ''કયું ભગતજી પહોંચ આયે ? અચ્છા આં જાત હોડી પે " દરિયામાં ધાબળી પાથરી સમુંદર પાર થવાની સિધ્ધિ મહાત્માએ નજરે જોઈ છતાં તેમને આશ્ચર્ય જેવું ન જણાયું કારણ એજ હતું કે મહાત્મા એક આરૂઢ યોગી હતા જ્યારે દેવાજી હજી સાધક હતા મહાત્મા એવી સિધ્ધિઓને ઓગાળીને પી ગયા હતા જ્યારે દેવાજીને ઓછે વત્તે અંશે એમાં મોહ પણ હોય એટલે મહાત્મા માટે આવી હકીકત મોહ ઉપજાવે તેવું હતુંજ નહિં ઠંડે કલેજે મહાત્માએ કહ્યું ભગતજી એક ભજન ઔર સુનાવ, 'એક ભજન ઔર સુનાવ' આ શબ્દો દેવાજીના હૃદય પટ ચીરીને સોંસરવા નીકળી ગયા સાથોસાથ સિધ્ધિ ચમત્કારના મોહ દેવાજીને ન જાગે ઓ

આંશિષ પણ મહા પુરૂષે આપી. માંડવીથી ઉપડતાંજ પ્રથમજ અરે જીંદગીમાં સહુથી પ્રથમ ગાયેલ પદ ગુરૂમહારાજે અહીં સાંભળ્યું હશે ? મારેજ મને કહ્યું કે એક ભજન ઔર સુનાવ મહાત્માઓની સામાન્ય દ્રષ્ટિ નહિ. પરંતુ સંજય દ્રષ્ટિ એવો દ્રઢ વિશ્વાસ દેવાજીને થયો. ગુરૂ ચરણમાં પ્રણામ કરી તુરત પદ ઉપાડયું.

" બેટ જાવું રે મારે ગોમતી નાવું છે
એલા વહાણવટી હોડી હંકાર મારે બેટ જાવું છે "

આ પદ પુરૂં કર્યું ત્યાં બેટનો કિનારો દેખાયો. સર્વ યાત્રિકોની સાથે દેવાજીએ દર્શન કર્યાં અને ત્યાંથી દ્વારિકા ગયા.

ભગવાન દ્વારિકેશનાં દર્શન દેવાજીને વિચાર આવ્યો કે પૂર્વના કોઈ મહાન પૂણ્ય બળને લીધે જુઓ તો ખરા મારો જન્મ.

'દુહો'

જીન ઘર કૃષ્ણ જનમીયાઃ કાટણ પૃથ્વી કલંક
બંશ છત્તીશા ઉપરેઃ યાદવ કુલ નીકલંક

એવા યદુ કુળમાં થયો અને હવે જો હું મારૂં પિતૃઋણુન ઉતારૂં તો આ મારો અવતાર નિર્થક જાય. પ્રભુ પ્રેરણા આપ તારી સ્તુતિ કઈ રીતે કરૂં ? એજ વખતે દેવાજીને પ્રેરણા મળી અને દ્વારિકાલીલા વર્ણન આખું કાવ્ય ભાવ સમાધિમાં મહાત્માશ્રી દેવાજીએ પૂર્ણ કર્યું. શ્રીપતીના દર્શનની ઝાંખી થઈ અને આદેશ આપ્યો કે વત્સ હવે તું તારા સંસારના માતા પિતાની સેવા કરી એમના ઋણમાંથી મુકત થઇ, છેવટે અસાર સંસારથી ઉપરામ બની મારૂં ભજન કરજે. મહાત્મા યોગીઓને દુર્લભ મહાપદ ભગવંત દ્વારિકાધિસની કૃપાથી મેળવી દેવાજી પુનઃ હમલા આવી માતા પિતાની

સેવામાં પ્રવૃત થયા.

મા બાપના અતિશય મોહના કારણે દેવાજીને લગ્ન સંસાર માંડવા ફરજ પડી. એક પુત્રના પિતા બની વીશ વર્ષની વયે જુવાન જોધ જાડેજે સંસારને ઠોકરે માર્યો. એટલે કે વિરકત બન્યા.

(કચ્છ) હમલા ગામની પશ્ચિમ દિશાએ આવેલ ચીનકીગંગા નામે નદીની પાળ પર (હતીતડ) નામે ટેકરી ઉપર પર્ણકુટી બાંધી ત્યાં પ્રભુ ભજનમાં પોતાનો સમય વ્યતિત કરવા લાગ્યા.

મહાત્મા દેવા સાહેબનો ત્યાગ અને આત્મબળની પ્રસંશા કચ્છ દેશમાં સ્વલ્પકાળમાં પૂર્ણપણે પ્રસિદ્ધ થઈ ગયાં. સંતની પર્ણકૂટી માનવી માટે યાત્રાધામ બની. સંત વચન જનતા માટે વેદ વચન બન્યાં. એટલે ભાવિકોના ટોળેટોળાં દર્શનનો લાભ લેવા આવવા માંડયા અને ખ્યાતિ બહુજ ફેલાઈ ગઈ કહેવત છે કે

" સૂરતિસે કિર્તિ ભલીઃ જો બીના પંખ ઉડજાય "

દેવાજીનું દિલ અતિશય. સરળ અને સેવાભાવી તેમ નિર્મળ હતું એટલે સેવકો અને શિષ્યોની ભરતી સારા પ્રમાણમાં થઈ ગઇ દેવા સાહેબ, જેવા મહાન સંત હતા તેવાજ કવિ હતા અને તે વિદ્યા એ એમના ગુરૂદેવની પરમ કૃપા હતી.

અખા ભગતે કહ્યું છે કે:-

'દુહો'

શ્વાન શુકર અને બિલાડ ખરઃ એના ટોળાનો નહિં તંત
પણ અને મેલે હરિ કરીઃ મળે કોઈ સતગુરૂ સંત

ગુરૂ કૃપા શું ન કરે ? મહાત્મા દેવાજી ગુરૂ વચન

અનુસાર કચ્છ ધરાના ધુરંધર એક મહાત્મા બન્યા. તેમની કાવ્ય શકિત અજબ હતી. એનો તાકૃષ્ય પૂરાવો એમના રચેલ ગ્રંથો પૈકીના હરિસાગર, રામસાગર, કૃષ્ણુસાગર ઉપરથી જણાય છે, કે જે પુસ્તકોમાં તેઓશ્રીએ કર્મકાંડ, ઉપાસનાકાંડ, અને જ્ઞાનકાંડની સંપૂર્ણ પણે છણાવટ કરેલ છે. દેવાજીના શિષ્ય સમુદાયમાં મુખ્ય ચાર શિષ્યો તેમના દિક્ષિત શિષ્યો હતા.

દુહો.

જયષ્ઠસુ જેઠી રામઃ વિહારી સાહેબજાન
સુખપ્રદ સેવા રામજીઃ કૃષ્ણુદાસ અનુમાન

બાબા શ્રી દેવા સાહેબના પટ્ટ શિષ્ય બાવાશ્રી જેઠીરામજી મેરાઉ જાગીરના ટીલાયત હતા, અને આ લેખકના પ્રપિતામહ થાય. બાવા બિહારી સાહેબ વાંઢાય દ્વારાના અધ્યક્ષ થયા તે શ્રી સેવારામજી કે જેઓનું શરીર સિંધ તરફનું હતું. દિક્ષા લઈ જગ્યા પણ તેમણે સિંધમાંજ બાંધી. અને કૃષ્ણુદાસજીએ કચ્છ કોટડી મહાદેવપુરીમાં દ્વારો બાંધ્યો .

બાવા શ્રી દેવા સાહેબ પંચતત્ત્વ પામ્યા બાદ પટ્ટ :શિષ્ય જેઠીરામજીને ગાદીએ બેસાડવાનો વખત આવ્યો. ત્યારે તેઓશ્રીએ પોતે સદંતર વિરકત હોવાના કારણથી ચોખ્ખી ના પાડી, જ્યારે સંત સમાજનો અતિ આગ્રહ થયો ત્યારે બાવા સાહેબ શ્રી દેવાજીના પૌત્ર રામસિંહજીને અંકમાં લઇ વિધિ પુરતા ગાદીએ બેઠા. પરંતુ વિહારી સાહેબ આવતાં એ કારભાર વિહારી સાહેબને સોંપી પોતે ભજનાનંદમાં મસ્ત રહેતા, બાવા વિહારી સાહેબે વાંઢાયમા આશ્રમ બાંધ્યો ત્યારબાદ રાજર્ષિ બાવા શ્રી રામસિંહજી હમલાપુરીની ગાદીએ બિરાજમાન થયા. તેઓશ્રીનો દેહ વિલય (કચ્છ) બિદડામાં થયો. ત્યારબાદ તેમનાજ પટ શિષ્ય બાવા શ્રી મોહનરામજી (કચ્છ)

બાયડના ભાનુશાલી કુટુંબમાં તેમનો જન્મ થએલ હતો. તેઓશ્રી શાંત અને સમદર્શિ મહાત્મા હતા. તેમને હમલાપુરીની ગાદી સોંપવામાં આવી. અને એમના સમયમાં હમલાપુરીના આશ્રમમાં શ્રી નારાયણ ભગવાનનું ભવ્ય અને શિખર બંધ મંદિર બંધાયું મહારાજ શ્રી મોહનરામજી પછી તેમના શિષ્ય પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ બાવાશ્રી પૂરણરામજી ગુરૂ ગાદીએ બિરાજ્યા, તેઓશ્રી (કચ્છ) કોકલીઆના જાડેજા રાજપૂત હતા. તેમના વખતમાં આશ્રમની સમૃધ્ધિ બહુજ વધી બાવા શ્રી પુરણરામજી મહાન કાવ્યકાર કિર્તનકાર અને પ્રખર વિદ્વાન હતા, એટલે તેમની એ સકિત દ્વારા તેમણે આશ્રમની ખુબ પ્રગતિ કરી એમ કહેવાય. મહારાજ શ્રી પુરણરામજી કૈવલ્ય પામ્યા બાદ બાવાશ્રી મંગળરામજી ગાદીએ આવ્યા. તેઓશ્રી પણ બહુજ સારા વિદ્વાન અને વ્યાકરણ વેદાંતના જ્ઞાતા પુરૂષ હતા. બાવાશ્રી મંગળરામજી દેવલોક પામ્યા બાદ તેમના શિષ્ય અને બાવાશ્રી પુરણરામજી સંસાર પક્ષે ભત્રિજા થાય તેઓશ્રી પણ (કચ્છ) કોકલીઆના જાડેજા રાજપુત છે. સાધુ દાવે શ્રી ગંગાપ્રસાદજી નામાભિધાને બાવા સાહેબશ્રી દેવાજીની ગાદીએ વિદ્યમાન મહંત પદે બિરાજે છે અસ્તુ.........

વિસ્તાર ભયના કારણે બહુજ સંક્ષિપ્ત બ્યાન અત્રે રજુ કર્યું છે. જે વાંચક વર્ગને ઉપયોગી જાણી લખાણું છે.

આપણે આગળ કહી ગયા છીએ કે બાવાશ્રી દેવા સાહેબની કાર્યશકિત અજબ હતી અને હોયજ કારણ કે અનુંભવના ઉદ્દગાર એવાજ હોય. બાવા દેવા સાહેબે એક ભજનમાં કહ્યું છે કે;–

રામશ્રી

ભેદુરે મળે તો વાતુ કીજીએ, ભેદુ મરમને જાણે.
અણ સમજુને શું કહીએ, પક્ષ પોતાતો તાણે.

ઉપરોક્ત ભજન કેમ જાણે વિહારી સાહેબને આરેજ ન બનાવ્યું હોય ? તેમ આ બાજુ વેરાજીએ મંડળીના સંતના મુખે બાવા સાહેબના વખાણ સાંભળી તેમને મળવાની તાલવેલી જાગી અને એક દિવસે દેવધામ હમલાપુરીની મુલાકાત લીધી. મહાત્મા દેવા સાહેબના દર્શન કરી તેમનું દિલ ઠર્યું "શાંતિ પમાડે તેને સંત કહીએ" એ ઉક્તિ અનુસાર શ્રી વેરાજીને પરમ સંતોષ થયો અને એમણે એમજ કહ્યું કે–

દુહો.

હમલા ગંગ ગોદાવરીઃ હમલા હય હરદ્વાર
અડસઠ તિરથ નિત વસેઃ ગુરૂ દેવા કે દરબાર

બાવા દેવા સાહેબ પ્રત્યે આકર્ષાઇ શ્રી વિહારી સાહેબે તેમની પાસેથી મંત્ર દિક્ષા પ્રાપ્ત કરી બંધાવી શિષ્ય બની પુનઃ વાંઢાય પધાર્યા.

પરંતુ શ્રી વેરાજીનું મન હવે કોઇ રીતે સંસારના વિષયો તરફ ભાવ ધરાવનુંજ ન હતું. એમની દ્રષ્ટિમાં કેવળ એક ગુરૂ દેવાના જ દિદાર રમ્યા કરે. દિવસનાં ઉંધું સમું સાંતીડું ખેડી સાંજે હમલા પહોંચે. અને બાવાજીના અમૃત ભર્યાં વેદાંત શાસ્ત્રના પાન કરી તૃપ્ત થતા. આમ હર વખત બનતાં એક દિવસે તેમના પિતાશ્રીને કોઇકે કહ્યું કે તમારો દિકરો વાંઢાયથી સાત ગાઉ દુર હમલાપુરીમાં દરરોજ રાત્રે સાધુઓ પાસે જાય છે માટે ચેતતા રહેજો.

આવું વાતાવરણ સાંભળી તેમના પિતાશ્રીએ તુરતજ તેમનો સંબંધ કરી દીધો. આ વાતની જાણ વેરાજીને થતાં બહુજ દુઃખ થયું. પણ થાય શું ? એક બાજુ સંસારનું બંધન હતું બીજી બાજુ પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન હતું. છેવટે પોતાની વ્યથા એક

દિવસે બાવાશ્રી દેવા સાહેબને કહી સંભળાવી ગુરૂના ચરણમાં પડી કાંઈપણ રસ્તો બતાવો એવી નમ્ર અરજ કરી. આંખમાં અશ્રુ આવી ગયાં જોઇ બાવાજીએ કહ્યું. હે પુત્ર જા પિતાની વૃત્તિને સંતોષી ગૃહસ્થાશ્રમ સ્વીકાર અને જ્યારે તને એક પુત્ર થાય ત્યારે સંસાર છોડી મારી પાસે આવજે તને દિક્ષા આપીશ.

ગુરૂ વચન શિરોમાન્ય કરી વાંઢાય પધાર્યાં-અને તુરતમાંજ તેમના પિતાએ લગ્ન કરી દીધું. કેટલાક સમય બાદ તેમને જેઠુજી નામે એક પુત્ર તથા હરિબા નામે એક પુત્રી એમ બે સંતાનો થયાં. પુત્ર વ્યવહાર ચલાવવા યોગ્ય થએલ જાણી તેમને વ્યવહારના યોગ્ય શિખામણ આપી અને કહ્યું. જો બેટા જેઠુજી આપણે ક્ષત્રિઓ કરમે શૂરા કહેવાઇએ પરંતુ કર્મે શૂરા હોય તે ધર્મે પણ શૂરા હોય માટે તારો પ્રથમ પુત્ર જે થાય તે ગુરૂ સેવામાં અર્પણ કરજે એમ કહી પોતે હમલાપુરી પધાર્યાં પૂજ્યપાદ બાવાશ્રી દેવા સાહેબ પાસેથી દિક્ષા ગ્રહણ કરી તત્વમસી મહા વાકયોનો ઉપદેશ સાંભળી કૃતાર્થ થયા.

પૂજ્ય ગુરૂ દેવ અને સંતોની તનમનથી સેવા કરી ગુરૂદેવની આજ્ઞા લઇ તિર્થાટન કરવા નીકળી પડયા. ચાર ધામની મુખ્ય યાત્રાઓ કરી ગંગોત્રી જન્મોત્રીં ઈત્યાદિક તિર્થોદકથી હમલાપુરી આવી પૂજ્ય બાવાજીએ અભિષેક કર્યો. અને ત્યારબાદ વાંઢાય કુટુંબ યાત્રા માટે પધાર્યા એટલે ત્યાનાં ગરાસદારો બાપુજી માનસંગજી તથા મેઘજી વગેરે મળી બાવાશ્રી વિહારી સાહેબને અહીંજ આશ્રમ બાંધવા વિનંતી કરી. અને ખેતર અર્પણ કર્યાં નિવૃતિ પરાયણ સ્થાન જોઈ ત્યાંજ પર્ણકુટી બાંધી ભજનનો આનંદ લેવા માંડયા જીવન બહુજ સાદુ ખાનપાન પણ સાત્વિક અને ઈષ્ટ સ્મરણ ધ્યેય રાખ્યું. વેદાંત શાસ્ત્રના પૂર્ણવેત્તા હોવા છતાં કાવ્યકળા શકિતનું તેઓશ્રી અસાધારણ જ્ઞાન ધરાવતા હતા. તેઓશ્રીને પિંગળનું

અતિશય સારામાં સારૂં જ્ઞાન હોય તેમ તેના કાવ્યો ઉપરથી સ્પષ્ટ જણાય છે.

બાવાશ્રી વિહારી સાહેબના શ્રી હરિદાસજી શ્રી ક્ષેમ દાસજી શ્રી નારાયણદાસજી અને રાઘવદાસજી એમ ચાર શિષ્યો હતા. તેમાં હરિદાસજી સસાર પક્ષે તેમના ભાઈ થતા હતા.

સતી સેવકોના અતિશય આગ્રહથી બાવાશ્રી વિહારી સાહેબને મુંબઈ પધારવાનું થયું. ત્યાં અમુક સમય રોકાયા તે દરમ્યાન મહાત્મા શ્રી દેવાજીનું શરીર હમલાપુરીમાં નિવૃત્ત થઇ ગયું. આ સમાચાર તેઓશ્રીએ મુંબઈ સાંભળ્યા અને તેમને ઘણુંજ દુઃખ થયુ. અંત સમયે ગુરૂદેવના દર્શન ન થયા હરિ ઇચ્છા બલીયશી એમ જાણી હમલાપુરી ધૂપ લેવા પોતે મુંબઈથી પધાર્યા. વાંઢાય આવી ત્યારબાદ ત્યાથી હમલા જવા રવાના થયા. રસ્તામાં વિરહ વ્યથામાં અને દર્શનની અભિલાષા અપૂર્ણ રહેલ હોવાથી એક કાવ્ય બનાવ્યું.

લાવણી.

સ્વામી આયે તુમ શરણું ગુરૂ તુમહો જગ તારણ તરણું
કૃપા કરો ગુરૂ સાહેબ દેવા. સ્વામી આયે તુમ શરણું

આ પદ પૂર્ણ થતાંજ રસ્તામાં તેમને બાવાશ્રી દેવા સાહેબના દર્શન થયા અંતરનો આર્તનાદ શું ન કરી શકે? ગુરૂ દર્શનથી પોતાને બહુજ સંતોષ થયો. અને તે સમયે તુરતજ ત્યાં બીજી એક લાવણી બનાવી.

લાવણી

હમકો નીજ દર્શન દિના, ગુરૂ અબતો અપના કર લીના
કરી કૃપા ગુરૂ દેવ દયાનિધિ. હમકો નીજ દર્શન દિના.

અને એજ લાગણીમાં તેઓશ્રીએ બીજી પણ બે લાવણીઓ બનાવી તે આ પુસ્તકમાં અન્ય સ્થળે આપવામાં આવી છે.

હમલાપુરી આવી ધૂપ લઈ, પોતાના ગુરૂ ભાઈઓ સાથે મળી બાવાશ્રી દેવા સાહેબનો એક મહોત્સવ કર્યો.

બાવા દેવા સાહેબના શિષ્ય શ્રી જેઠી રામજી પટ્ટ શિષ્ય હોવા છતાં આગળ કહ્યું તેમ પોતે એ ઉપાધીને ન સ્વીકારી અને શ્રી વિહારી સાહેબને ગાદીએ બેસાડયા. બાવાશ્રી દેવા સાહેબના પૌત્ર શ્રી રામસિંહજી બાવાને પોતે અભ્યાસ કરાવતા. પરંતુ પોતાનું શરીર હવે ફકત બાર મહિનાનું પ્રારબ્ધ ભોગવી મુકત થવાનું છે એમ જાણી બાવાશ્રી રામસિંહજીને વિદ્યા અભ્યાસ કરાવવાનું કામ પોતાના શિષ્ય ક્ષેમદાસજીને સોંપી નિવૃત્તિમાં રહી જે કાંઈ ભજન પદ વિગેરે રચ્યું તે આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે.

એક વખત તેઓ વાંઢાયથી હમલા પધારતા હતા. અને તેમની સાથે કચ્છ વાંઢાયના કામલશા પીર હતા. રસ્તે ચાલતાં જંગલમાં અનેક લીલા ઝાડની સાથે એક સૂકું ઠુંઠું જોઈ કામલશાહે વિહારી સાહેબને કહ્યું કે "બાવાજી નીસે વચ સુકો જરાય ખાસો નતો લગે'. પીરનું વચન સાંભળી શ્રી વિહારી સાહેબે તેમને કહ્યું આપને પીર પદવી છે. તો આપ એ વૃક્ષને લીલું કરી નાખો બાવાજીનું આ કથન સાંભળી કામલશા બોલ્યા.—

દુહો.

કીત નીલા કીત સૂકા કીત મરે કીત જીએ.
ઈ કરામત કુધરતજી તેમે કામલનું કીં ન થીએ

કાંઈ હરકત નહિં પીર બાવા આપ જેવા ગુરૂ અને પીરોના દુવાથી ઝાડ જરૂર લીલું થશે. એમ મારૂં ચોકકસ માનવું છે. તરતજ

પોતા પાસેના જળપાત્રમાંથી એક અંજળી વૃક્ષ પર છાંટવાથી નવપલ્લવ ઝાડ શ્રી વિહારી સાહેબે બનાવ્યું સંતોમાં કેટલી વિશાળ શકિત હોય છે. એનું આ એક ઉદાહરણજ બસ છે.

બાવાશ્રી વિહારી સાહેબનો શરીર છુટવાનો ટાઈમ બીલકુલ નજદીક આવ્યો એટલે તેઓશ્રી હમલા છોડી વાંઢાય પધાર્યા. કારણ એજ કે તેમને પોતાનો દેહ છોડવાની તીવ્ર ઇચ્છા વાંઢાયમાંજ હતી. એટલે બે દિવસ અગાઉ આવી, સર્વ સંતો ભકતોને મળી, ભજન આનંદ કરી, અને બ્રહ્મનિષ્ઠ બાવાશ્રી વિહારી સાહેબે પોતાનું પંચભૌતિક શરીર શાંત કર્યું. એટલે કે કૈવલ્ય પામ્યા.

卐 વાંઢાય દ્વારાના દ્વિતિય અધિપતિ બ્રહ્મનિષ્ટ 卐

મહારાજશ્રી ક્ષેમદાસજી

બાવાશ્રી વિહારી સાહેબના શિષ્ય શ્રી ક્ષેમદાસજી નખત્રાણા તાલુકાના મંજલ ગામમાં દેવજાતિ ચારણ કુળમાં જનમ્યા હતા. તેઓશ્રી પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં અનન્યોઅન્ય ગુરૂ ભકત અને વિદ્વાન સંત હતા. એટલેજ બાવા રામસિંહજીને અભ્યાસ કરાવવા શ્રી વિહારી સાહેબે તેમને હમલે રોકયા હતા. શ્રી રામસિંહજી બાવાનો અભ્યાસ પરિપૂર્ણ થયે તેમને જગ્યાનો વહીવટ સોંપી પોતે પોતાના શિષ્ય શ્રી ઇશ્વરદાસજીને સાથે લઇ નાગ્રેચે પધાર્યા. ત્યાંના જાગીરદાર પરમ વૈષ્ણવ શ્રી ચાંદાજી બાવાએ મહારાજશ્રી ક્ષેમદાસજીને રોકવા તથા ત્યાંજ જગ્યા બાંધવા માટે જમીન અને ગરાસ આપવા ઇચ્છા બતાવી પરંતુ મહારાજશ્રીએ એ વાતની ચોખ્ખી ના પાડી. કારણુ કે મારા ગુરૂ દરબારના સામે મારાથી જગ્યા બંધાયજ નહીં.

થોડો ટાઇમ રોકાઈ ત્યાંથી અબડાસા તરફ વિચરવા લાગ્યા. ત્યાં મોથાળાના ભીમપર ગામે ત્યાંના ગરાશિયાના અતિ આગ્રહથી પધારવું થયું. અને ગરાશિયાઓએ કહ્યું કે પ્રભુ; અમારા નાનકડા ગામમાં રામમંદિર નથી. તો આપ જેવા સંત પુરૂષના વરદ્ હસ્તે મંદિર બંધાય એવી અમારી ઈચ્છા છે, લોકેચ્છાને માન આપી મહારાજશ્રી ક્ષેમદાસજીએ મંદિર બાંધ્યું એટલે ત્યાંના ગરાસદારોએ પાંચ પરાજા જમીન મંદિર નીચે અર્પણ કરી અને એક સાંતીડે પાંચ પાટીનું ડિલેલ બાંધી આપ્યું. આ પ્રમાણે ભીમપરમાં જગ્યા બાંધી શિષ્યોને સોંપી તેઓશ્રી આસંબિઆ જવા ઉપડયા વાંઢાય આવી થોડોક ટાઇમ રહી ત્યાંથી આસંબિઆ જતાં રસ્તામાં વેકરાના ભીમાણી ગજણજીના આગ્રહથી રોકાયા. અને ગજણજીએ પોતાનું દુઃખ સંત આગળ રજુ કર્યું. કે મહારાજ અમારે સંસારીને શેર માટીની ખોટ એટલે એ ખોટથી અમારો સંસાર સુનો છે. અમારી સમૃદ્ધિ પણ પુત્ર વિના નકામી છે આમ કહેતા દુઃખના લીધે ગજણજીની આંખમાં આંસુ આવી ગયા. મહારાજ ક્ષેમરાજજીના કોમળ હૃદયથી દુઃખ સહન ન થયું એટલે કહ્યું. બાપલા રડો માં ઠાકર સારા વાના કરશે. પરંતુ પુત્ર જન્મે એનું નામ સંતદાસ પાડજો એમ કહી. આસંબિઆ બાશ્રી ગંગાબા પાસે મહારાજશ્રી પધાર્યાં સતસંગનો લાભ આપી વળતા કાનપુર આવ્યા.

મહારાજશ્રીની કૃપાથી ગજણજીને ત્યાં પુત્રનો જન્મ થયો. સમય પર આવી ક્ષેમદાસજીના ચરણમાં નમાવ્યો. અને કોરી એક હજાર રોકડી કાનપુર આવી ગજણજીએ મહારાજશ્રીના પગે ધરી અને એ કોરીઓનો ઉપયોગ હાલમાં જ્યાં ઇશ્વર સાગર છે. તેમાં મહારાજશ્રીએ કર્યો.

એક વખતે મહારાજ ક્ષેમદાસજીને પોતાના મૃત માબાપની શું ગતિ થઈ હશે ? તે જાણવાની ઈચ્છા ઉદ્દભવી. રામનામના અખંડ

જાપમાં એક ઓરડો બંધ કરીને બેસી ગયા. ત્રણ માસને અંતે તેમને તેમના મા બાપના પ્રત્યક્ષ દર્શન થયા અને મા બાપે નિશાની આપી કે અમે તમારા ખરેખર મા બાપ છીએ. એમ ખાત્રી કરાવી આપી. આપ જેવા પુત્રથી અમારા જીવનની સાફલ્યતા થઈ છે. તેમ અંતે પણ અમને દુઃખ નથી એટલું કહી અદ્રશ્ય થઈ ગયાં.

કાનપુરમાં દેવલબાઈ મા દેવીનો અવતાર સમાં હતા. મહારાજશ્રી ક્ષેમદાસજી હમેશા તેમને કથા સંભળાવતા પરંતુ શરીરનું પ્રારબ્ધ પૂર્ણ થવા આવ્યું ત્યારે દેવલ માએ કહ્યું કે—

દુહો.

હે માયલા આધારઃ કથા કવણ સંભળાવશે
સદ્ગુરૂ વિણ સંસારઃ દિવસ જાશે દોહ્યલા

દેવલમાના દુઃખને જાણી શ્રી ક્ષેમદાસજીએ પોતાના શિષ્ય ઈશ્વરરામજીને બોલાવી આજ્ઞા આપી કે દેવલમાનું શરીર હોય ત્યાં સુધી કાનપુરમાં રહી તેમને હમેશા શ્રવણનો લાભ આપવો. એમ કહી પંચભૌતિક શરીર શ્રી ક્ષેમદાસજી મહારાજે છોડી દીધું.



卐 વાંઢાય દ્વારના તૃતિય અધિપતિ બ્રહ્મીભૂત 卐

મહારાજશ્રી ઈશ્વરરામજી

-: श्लोक :-

ईश्वर ईति यन्नाम भवाब्धौ परमायनम्
तमहं श्री गुरु वंदे विश्व मांगल्य विग्रहम्

આચાર્ય શ્રી શંકરભગવાને બનાવેલ સદાચાર સસ્તોત્રના નવમાં શ્લોકમાં કહ્યું છે કેઃ–

:- श्लोक :-

लय विक्षे पयोः संधौः मनस्तत्र निरामिषम्
स संधिः साधितो येनस मुक्तो नात्र शंसय

લય તથા વિક્ષેપનો જે સંધી છે તે સંધીમાં મન નિર્વિષય છે તે સંધી જેણે સંપાદન કરેલો છે તે મુકત છે એમાં શંશય નથી.

હે જિજ્ઞાસુ જીવાત્મા કોઇ પણ પ્રકારનો બાહ્ય વિષય સત્ય સુખરૂપ નથી પણ પરમાનંદ રૂપ બ્રહ્મ સત્ય સુખરૂપ છે માટે બાહ્ય વિષયના સંબંધી વૃત્તિ સત્ય સુખનો અનુભવ કરી શકિત નથી પણ આવરણ ભંગ દ્વારા પરમાનંદ રૂપ બ્રહ્મનો અનુભવ કરવાથીજ વૃત્તિસત્ય સુખનો અનુભવ કરી શકે છે એ સત્ય સુખના આધ્યાત્મિક અધિભોતિક ને અધિદૈવિક એ ત્રણ તાપનો અત્યંત નાશ થાય છે. પણ અંતઃકરણ જ્યાં સુધી સ્ત્રી પુત્રાદિક બાહ્ય વિષયોની તૃષ્ણા વડે વારંવાર આકર્ષાયા કરે ત્યાં સુધી અંતરાત્માસામાં રહેલા તે સત્ય સુખનો લાભ અંતઃકરણને થઇ શકતો નથી.



પુજ્ય મહારાજ શ્રીજી ઇશ્વરરામજી

realpatidar.com

સિંધ દેશના જુરડા ગામની વાડીએ રેંટ ફેરવતાં ફેરવતાં એક ખેડુતના નાની વયના છોકરાને આ આધ્યાત્મિક વિચાર આવ્યો.

એક તો ખેડુત, બીજું નાની વય અને કાચી બુદ્ધિ, તેમાં પણ જો આવો પરિપક્વ વિચાર અને તે પણ પરમાર્થ માર્ગનો તો પછી માન્યા વગર છુટકોજ નથી કે, **योग भ्रष्टो पीजायते.**

એના મનની વ્યથા કેમ જાણે એજ વખતે ઈશના દરબારમાં પહોંચી હોય તેમ ફરતા રેંટના ચક્રમાં પગ આવી જવાથી તુરતજ ત્યાં ભાંગી ગયો.

પ્રસંગ તો દુ:ખનો હતો પરંતુ સુખ અને દુ:ખ મનના ધર્મ છે તદનુસાર તેણે તેમા સુખ માન્યું. ઉપાધી ઓછી. હરી હામ બેસશું અને આત્માની ઓળખનો અવસર પ્રાપ્ત થયો 'વાહ પ્રભુ વાહ' ભારે દયા કરી. દુ:ખમાં સુખ મહાત્માઓજ માની શકે. તેમ આ ચારિત્ર નાયકનુ તો નામ પણ ઇશ્વર હતું એટલે ઈશ્વરી ગુણો એમના એ નામ માટે અલંકૃત હતા.

મુળ તો તેઓશ્રી (કચ્છ) અબડાસાના નાંદરા ગામના કટારમલ શાખાના ભાનુશાલી હતા, પરંતુ કચ્છમાં એ વખતે દુષ્કાળ પડવાથી તેઓશ્રીના માતપિતા તેમને લઈ સિંધમાં ગયા હતા. ત્યાં તેમની ચાર પાંચ વર્ષની વયમાં માબાપ તેમને મૂકી ગુજરી ગયાં એટલે તેમના ફુઈની ઓથે ઉછરવા માંડયા.

જુરડામાં તે વખતે શ્રી સેવારામજી મહારાજના શિષ્ય અરજણદાસજી રહેતા તેમના પાસે નિવૃત્તિના ટાઇમે પોતાની ફુઇની સાથે સતસંગમાં જતા. અરજણદાસજી તેમની આકૃતિ જોઈ **'आकृत्ति गुणानु कथ्यते'** એ સૂત્ર અનુસાર શબ્દ શાખીશીખવતા. ભવિષ્યે એક મહાન સંત થશે એવી ખાત્રી અરજણદાસને હતીજ. એથી સંસારમાં ન પડવા હરવખત અરજણદાસજી તેમને સમજાવતા. ત્યાંતો અરજણદાસજીએ સાંભળ્યું કે ઇશ્વરના સંબંધીઓ

એનું સમર્પણ કરવા ઇચ્છે છે. તુરતજ તેમણે કહ્યું કે તમારા શરીરના સંબંધી તમને સંસાર જાળમાં ફસાવે તે પહેલાં આપ દેશમાં પહોંચી જાવ અને ત્યાં હમલાપુરીમાં બાવાશ્રી દેવા સાહેબના આશ્રમમાં રહી સતસંગ કરો. આપનું ભાવિ બહુજ ઉજ્જવળ જણાય છે. આ વાત ઇશ્વરરામજીને પણ ગમી પરંતુ કચ્છમાં પહોંચવું એમના માટે એ વખતે જરા વિકટ હતું.

અભ્યુદય થનાર આત્માને એની મેળે રસ્તો મળે છે. એવી રીતે ફરતાં ફરતાં એ ત્રણ કચ્છી સંતો અરજણદાસજી પાસે આવ્યા. અને તેમને તુરતજ કચ્છમાં જવાનુ હોતાં શ્રી અરજણદાસજીએ કચ્છમાં જવા માટે ઇશ્વરરામજીને પ્રબંધ કરી દીધો.

આવેલ મહાત્માઓની સાથે ઇશ્વિરરામજી કચ્છમાં હમલાપુરીએ સુખ શાંતિથી પહોંચી આવ્યા. અને વિષેશ શાંતિ ત્યાંનુ દૈવ્ય વાતાવરણ જોઈ તેમને થયું આ બાજુ શ્રી ક્ષેમદાસજી મહારાજ બાવાશ્રી રામસિંહજીને એ વખતે વેદાંત શાસ્ત્ર શિખવતા હતા. મહારાજ ક્ષેમદાસજી પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં, વેદાંતનાં પંચીકરણ, પંચદશી, વિચાર સાગર, યોગવાશિષ્ઠ જેવા ગ્રંથો જીહ્વાગૃહે હોવાનું જ્ઞાન ધરાવતા હતા, આવા પરમ કૃપાળુ ક્ષેમદાસજીએ ઇશ્વિરામજીનાં અંતઃકરણમાં તુરતજ ગુરૂભાવે બિરાજ્યા એટલે એમના શિષ્ય બનવાની તીવ્ર ઇચ્છા ઇશ્વિરરામજીને ઉપજી.

મહારાજ ક્ષેમદાસજીએ પણ અધિકારી જાણી તેમને ઉપદેશ આપી શીષ્ય બનાવ્યા. અને ઇશ્વિરદાસ નામ આપ્યું દિક્ષા લીધા બાદ આશ્રમના મહાત્માઓની સેવામાં તેઓશ્રી જોડાઇ ગયા. તેમના ફુઇ જે સિંધમાં હતા તેના વિષે પણ તેમને વિચાર આવ્યો કે તેમને અહિં બોલાવી ફુઇને પણ સંત સેવાનો લાભ અપાવું એટલે તેમને પણ બોલાવી લીધા. સંત સેવા અને સતસંગ નો બેવડો લાભ મળતો જોઈ ઉભયને બહુજ આનંદ આવતો.

કામની કાળજી અને યાદ શકિત પણ ઇશ્વિરરામજીમાં અજબ હતી. આશ્રમના ભંડારમાં બબ્બે ચુલે બબ્બે તાવડીઓ પર રોટલા ઉતારતા જાય અને સામે રાખેલ પુસ્તકમાથી સાંજ પડયે સાઠ સાઠ શ્લોક જીવાગ્રહે કરી લેતા, રસોઇ તૈયાર કરી હરિહરનો સાદ પાડી સંત ભકતોને જમાડી વાસણ ઈત્યાદી સાફ કરી અને ગુરુ દેવ ઉઠે તે પહેલાં અભ્યાસ માટે ઇશ્વિરરામજી તૈયારજ હોય.

સુખ અને દુઃખ એ મનના ધર્મ છે. એમ આપણે આગળ કહી ગયા છીએ. પગ ભાંગતી વખતે ઇશ્વરામજીએ સુખ માન્યું હતું. પરંતુ એ સુખ આજ ઇશ્વરરામજીને દુઃખ રૂપે પ્રતિત થયુ.. કારણ કે સંતો માટે પાણી ભરવા પગ લંગડો હોવાથી હું જઈ શકતો નથી. માટે અને એ દુઃખે એમના મન ઉપર બહુ અસર કરી એટલે એક દિવસે બાવાશ્રી દેવા સાહેબના ચરણમાં પાદુકા પાસે જઈ અતિ આક્રંદ કરવા લાગ્યા. આ વાતની જાણ મહાજશ્રી ક્ષેમદાસજી ને થતાં તરત ત્યાં આવી યુકિતથી સમજાવી સેવાના કાર્યમાં લગાડી દીધાં. અને કહ્યું તમારી આ સેવા કાંઇ ઓછી નથી. અહીં તે દરમ્યાન ઇશ્વરરામજીના ફુઈ દેવલોક પામ્યાં તેમની પાછળ સંત સમાજને ભોજન ઈત્યાદિક ભેટ સેવા કરી ગુરૂ ક્ષેમદાસજી સાથુ કાનપુર દેવલમાના આગ્રહથી પધાર્યા, આ હકિકત આપણે શ્રી ક્ષેમદાસજીનાં ચારિત્રમાં જણાવી ગયા છીએ.

કાનપુરમાં મહારાજશ્રી ઈશ્વિરરામજી પોતાની એકાંત ઓરડીમાં પ્રણવજાપ કરતા. કારણ એજ કે તેઓશ્રીને શાંતિ બહુજ પ્રિય હતી. સામાન્ય પશુ પક્ષીનો અવાજ થાય તો પણ એમને ગમતું નહીં એટલે દેવલમાએ પોતાના પુત્ર દેવકરણ માનસુરને મહારાજશ્રીની ઓરડીએ કોલાહલ ન થાય તે માટે શાંતિ જાળવવા રાખ્યા હતા.

કા ન પુ ર નિવાસ દરમ્યાન મ હા રા જ શ્રી ના શ્રી ના રા ય ણ દા સ જી ના મે એ ક પ્ર થ મ શિ ષ્ય બન્યા. ત્યારબાદ બાવાશ્રી વિહારી સાહેબના પૌત્ર મહા–

રાજશ્રી ઇશ્વરરામજીના બીજા શિષ્ય થયા તેમને મહારાજશ્રીએ કાકા ગુરૂ હરીદાસજીની સેવામાં વાંઢાય રાખ્યો. એ વખતે મુંદ્રાના તેજબાઇ પણ વાંઢાયની જગ્યામાં રહી સંત સેવા કરતા હતા આશ્રમવાસીઓ એમને ફઇબાના નામે સંબોધતા મહારાજશ્રી કાનપુર બીરાજતાં હોઇ ત્યાં અનેક સંત સાધુઓ આવતા આવનાર મહાત્માઓની ચરણરજથી એ ભુમિ પાવન થતી. શ્રી ઇશ્વિરરામજી મહારાજશ્રી હરીદાસજીના દર્શનાર્થે જ્યારે વાંઢાય પધારે ત્યારે ચરણમાં પડી ગદ્દગદ્દિત થઇ જતા એવો પરસ્પર મહાત્માઓનો વિશુદ્ધ પ્રેમ હતો.

જે શામદાસજી મહારાજ શામ ભગવાનના નામે ઓળખાતા તેઓ પણ મહારાજશ્રી પાસે રહી વેદાંત શાસ્ત્રોનો અભ્યાસ કરતા પરંતુ મંદ બુદ્ધિ હોવાથી આપેલ પાઠ તુરત ભૂલી જતા અને ભીંતોમાં માથા પછાડે કે મને યાદ શકિત હે પ્રભુ કયારે આપીશ.

આ બાબતની જાણ શ્રી ઇશ્વરરામજીને થતાં તેમને બોલાવી અને કહ્યું કે હે મહાપુરૂષ આમ કરવાથી તમારા શરીરનો કોઇક ભાગ વિપરીત થઇ જશે માટે એવું શા માટે કરો છો બાપલા? એમ કહી પોતાનો વરદ હસ્ત માથે મુકયો. તુરતજ શામદાસજીનું હૃદય પટ ખુલ્યું કે એજ વખતે તેર દુહા બનાવી મહારાજશ્રીની સ્તુતિ કરી. આ દુહા ઇશ્વિર આશ્રમમાં અદ્યાપિ સંધ્યા વખતે બોલવાની પ્રાણાલિકા છે.

કાનપુરમાં દેવલમાના વૈકુંઠવાસ પછી મહારાજશ્રી ઇશ્વિર-રામજીએ કચ્છની ધરતી પર અનુગ્રહ કરી ગામડે ગામડે પ્રભુ ભજનની સરિતા રેલાવી. પ્રવાસમાં એમના પણ બીજા ચાર શિષ્યો બન્યા. શ્રી લાલરામજી, શ્રી બાપુરામજી, શ્રી લીલારામજી અને પ્રેમદાસજી.

હમલા દ્વારાના અધ્યક્ષ મહંત મહાત્મા બાવા સાહેબ શ્રી રામસિંહજીનો શ્રી ઇશ્વર રામજી ઉપર ઘણોજ પ્રેમ હતો. એટલે બાર મહિના ગમે ત્યાં વિચરતા હોય છતાં પણ જન્માષ્ટમી પ્રસંગે

આઠ દિવસ અગાઊ હમલા પહોંચી જતા

એક વખતે ફરતાં ફરતાં માંડવી તાલુકે આવેલ ગુંદિયાળી ગામે મહારાજશ્રી પધાર્યાં એવુ. સાંભળી ત્યાંના ભાટિયા ઠક્કર હરિદાસે મહારાજશ્રીનો ઉતારો પોતાને ત્યાં રાખ્યો. હરિદાસનાં પત્ની બહુજ હોશિયાર હતાં. નિઃસંતાન હોવાનાં કારણ થી એક યુકિત શોધી કાઢી. મહારાજશ્રી જ્યારે તેમનાં ઘેર પધાર્યાં ત્યારે હરિદાસનાં પત્ની સુંદરબાઇ પારણામાં માટીનું પુતળું સુવાડી તેને ઝુલાવતાં આંખમાંથી આંસુ સારતાં. મહારજશ્રીએ આ નજરે જોયું એટલે પુછવાથી પોતે નિઃસંતાન છે. તેમ જાણ થઈ. હસી કરી દયાળુ સંતે આશિષ આપી, જાવ માતાજી આપને બે પુત્ર થશે. આવી રીતે અનેક અર્થિઓના અર્થ દયાળુ ઇશ્વિરરામજી સારતા.

સુથરીના રાજ્યગોર પરશોતમને ઘેર આજે કચ્છના તમામ સંતો. મહન્તો પધાર્યાં છે. શ્રીમદ્ ભાગવતની પૂર્ણાંહુતિ છે. ઉત્સવને છેલ્લે દિવસે ભક્ત પુરશોતમનો એકનોએક દિકરો ઘોડાને પાણી પાવા ગયેલ. ત્યાં ઘોડા ઉપરથી પડી જવાનાં કારણથી ત્યાંને ત્યાંજ મરણ શરણ થયો. પરંતુ ભકત પુરશોતમ એ વખતે સગાળશા બન્યો હકીકતની જાણ ન દીધી.

જમવા વખતે પંગત બેઠી એટલે મહારાજશ્રી ઇશ્વર રામજીએ કહ્યું: આજ :તમારો પુત્ર પીરસે. અને આંગણે આવેલ સંતો જમસે તો મને બહુજ આનંદ આવશે.

“તમારો પુત્ર પીરસે” આ શબ્દે દરેકનાં મોઢાં કાળાં મેશ થઇ ગયાં. પુરશોતમે મહારાજશ્રીને યુકિત પ્રયુક્તિથી ખુબ સમજાવ્યા છતાં ઇશ્વર રામજીનો આત્મા હા પાડતો નથી. પરિણામે સત્ય હકીકત જાણ કરવા સિવાય રસતો જ ન હતો. છોકરો તો મરણ શરણ થઈ ગયો છે મહારાજ આતો આંગણે આવેલ મહાત્માઓ ભોજન લીધ

વગર ચાલ્યા નજાય માટે જાણ કરી તથીપુરશોતમ બોલ્યો.

આ સાંભળી મહારાજશ્રીએ કહ્યું. પુરશોતમ તમારી સેવા ભક્તિની અવધિ ગણાય. તમારી સેવા ભક્તિ પાસે અમારે સાધુને પણ સરમાવું જોઈએ. પરંતુ પુરશોતમ, સંત વસ્તા હોય ત્યાં સંકટ કેવું? ભેખની ટેક ભગવાન જરૂર રાખશે. એમ કહી છોકરાના શબ પાસે સર્વ સંત સમાજ સહિત મહારાજશ્રી ઇશ્વર રામજી પધાર્યા. અને હાજર રહેલ દરેક મહાત્માઓના ચરણો ધોઈ ચરણામૃત બનાવી છોકરાના કલેવર ઉપર છાંટી નરેડાના કલ્યાણ-બાઇ માને કહ્યું. માતાજી છોકરાને જરાક હાથ દેજો એટલે અળસ મરડી ઉભો થઈ જાય.

કલ્યાણબાઈ મા એ મહારાજશ્રીની અજ્ઞાથી કહ્યું– બેટા ઉઠ ઉભોથા. આંગણે આવેલ સંતોને જમાડ. કારણ કે ભોજનનો ટાઇમ થઈ ગયો છે. ત્યાંતો નિદ્રમાંથી આળસ મરડી ઊભો થયો અને મહારાજશ્રી સહિત દરેક મહાત્માઓના પગે પડયો;

મહાત્મા ઇશ્વરરામજી વિશે ઇશરા પરમેશ્વરા એ કહેવત સૌરાષ્ટ્રમાં પ્રચલિત હતી. પરંતુ આ બનાવ પછી ઈશરાપરમેશ્વરા કાં દેશળા પરમેશ્વરા એ કહેવત કચ્છમાં કહેવાણી. રાજયગોર પુરશોતમે દરેક સંતોને ખુબ સંતોષી વિદાય કર્યા. ત્યાર બાદ મહારાજશ્રી કચ્છ કાંઠી પ્રદેશના બિદડા ગામે પધાર્યા. આવખતે બાવા સાહેબ શ્રી રામસિંહજી બિદડામાં બિરાજતા હતા. અને તેઓશ્રી ની તબિયત બહુજ ખરાબ હતી એટલે શરીર છુટવાનો લગભગ સમય થઇ ગયો હતો. આ અવસરે ઇશ્વરરામજી પધાર્યા છે એમ સાંભળી બાવા શ્રીરામસિંહજીને બહુજ આનંદ થયો. પોતા પાસે બોલાવીને કહ્યુ. આ છેલ્લી અવસ્થાએ મને આપના દર્શનનો લાભ મળ્યો. જેથી હું બહુજ ખુશી થયોછું ત્યારબાદ અરસપરસ

અંતે મહાપુરૂષોએ પોતાના અનુભવની વાતો કરી ખુબ આનંદ લીધો છેવટે મહારાજશ્રીનો વરદ હાથ પોતાનાં મસ્તક પર મુકાવી બાવાશ્રીં રામસિહજી વિદેહ કૈવલ્ય બિદડામાં જ પામ્યા બાવાશ્રી રામસિહજી જેવા મહાપુરૂષની ખોટ ઇશ્વરરામજીને બહુજ જણાઇ. એમની આંખમાં આંસુ આવી ગયાં. અંતે વિવેકવૃત્તિ રાખીં હમલાપુરી પધરી બાવાસાહેબનો મોટો ઉત્સવ પોતાના હાથે કર્યો બાવાશ્રી રામંસિહજીના શિષ્યોમાં સંતદાસજી, રૂપદાસજી, રામદાસજી, હરિદાસજી, અને મોહનદાસજી, વિગેરે શિષ્યો હતા. તો પણ મહારાજશ્રી ઇશ્વરરામજી ગાદીએ બેસે એવો દરેકનો મતજોઈ પોતે બોલ્યા કે આ લંગડી ગાયને ઊપાધીમાં નાખો માં છતા આગ્રહને વશ બની ગાદીએ હાથ રાખી પોતે આશ્રમનો વહીવટ ચલાવયા. બાર મહીના બાદ બાવા રામસિહજીના શિષ્ય મોહનદાસજી રાજકોટ કબીર મંદીરના કોઠારી તરીકે કામ કરતા હતા તેમને પત્ર લખી બોલાવી યોગ્યતા જોઇ શ્રી દેવા સાહેબની ગાદીના ચોથા મહંત પદે સર્વસતી સેવકોની સંમતી થી સ્થાપ્યા. અને આશ્રમનો કારભાર સોંપી પોતે પહેરેલ વસ્ત્રે શિષ્યો સહિત અંજાર જવા વીચાર કર્યો. આ બાબત ની જાંણુ વાંઢાય માં શ્રી પ્રિયાદાસજી મુંદ્રા વાળા ફઈબા તથા વાઢાયના ગરાશીયા કેશરજી સાંમતજી અને જીયાજી વગેરેને થતાં તેમની વેલ આડા ફરી ઘણી કરી વાંઢાય રોકયા. છેવટે મહરાજશ્રીએ પણ શાંતિથાં ભજન કરવાનુ પ્રારબ્ધ વાંઢાયસાંજ છે તેમ જાણી વાંઢાય પધાર્યા.

વાંઢાય આશ્રમમાં એ વખતે બંગલા નહતા. બગીચા નહતા ખેતીવાડી ઘોડી અથવાતો કાઇ પણ જાતનો પરિગ્રહ ન હતો. કેવલ એક શાંતિ. ચારેકોર ડુંગરોની હારમાળા. નાનુ એવું ગામડું સંતે એને સ્વગથી પણ અધિક માન્યુ. એક ઓરડી તેમાં એક ઢોલિયો, જળપાત્ર, બેસવા એક ગાદી. જરૂર પુરતાં બે ચાર પુસ્તકો

સિવાય જાગીરમાં જગદીશના નામ સિવાય નુ નાણું પણ નહતું અચાનક કોઈ દર્શને આવે અને આવનાર વ્યક્તિ કાંઇક વિવેક કરે તેનાથી પોતે તો અગાઉ કરી દેતા. ભલેપધાર્યાં બાપલા. "નરનારાયણજી ડઈ આયા આઉં તો આજી લ'ગડી ગો' અયાં તે કે દર્શન ડિના"

(ભલે આવ્યા બાપલા તમારા દર્શનથી મને આનંદ થયો,) કહેવત છે "વશીકરણ યહ મંત્ર હૈ. સબસે મીઠા બોલ" ક્રુરમાં ક્રૂર માનવીનું હૃદય હલબલી ઉઠે એવાં મૃદુવચનો ઈશ્વરરામજી આવનાર વ્યક્તિ ને કહેતા. પહેરવેશ પણ તદન સાદો. પાસા બંધી કેડિયું એક ધોતી, માથે વૃજવાસી બાવાટોપી. ખભા ઉપર એક ઉપ વસ્ત્ર સિવાય બીજો ખોટો આડંબર બીલકુલ રાખતાજ નહિ, વાંઢાય પધાર્યાં બાદ મૂલદાસજી. પ્રેમદાસજી, દયારામજી, નારાણદાસજી વગેરે મહારાજશ્રીના બીજા પણ શિષ્યો થયા. સર્વે ગુરૂ બાંધવો સાવધાનતાથી ગુરૂ સેવા કરતા. અને મહારાજશ્રીનો નિયમ હતો કે મન છે તે મરકટ છે. માટે નવરૂં થવાજ ન દેવું એને કાંઈકને કાંઈક કામ આપવું એટલે પ્રવૃતિમાં પડયું રહે. માટે આશ્રમવાસી દરેક સંતો નવરાશના ટાઇમે પુસ્તક વાંચન જપ અથવા ઈશ્વિરનામ વિના નવરો બેઠો હોય તો મહારાજશ્રી ફકત એટલુંજ કહેતા કે કાં મહ પુરૂષો શેનો વકરો ચાલે છે. ?

આટલા શબ્દોતો બસ થઇ જાતા. સર્વ કોઈ શાંત બની પ્રભુ ભજનમાં લાગી જાતા કોઈ કોઇ વખત લાલરામજી મંડળી સહિત સેવકોમાં જાતા પરંતુ જતે દાડે મહારાજશ્રીએ એ પણ બંધ કર્યું અને ઘણી વખત સંતોને કહેતા કે જપ, તપ, શિલ સંતોષ ચાર ખેતર ખેડે તો રિધ્ધિ સિધ્ધી, સંપદા ચાલી આવે છે કે મારા બાપલા અહીં બેસીનેજ ભજન કરો જે જોશે તે ઈશ્વર

તમને અહીંજ પૂરશે. પોતાના શિષ્યોને પણ તમે અથવા આપ એવા બહુવચનથી મહારાજશ્રી બોલાવતા. હું ગુરૂ છું, આ મારા શિષ્યોછે એવો ભાવ કોઈ દિવસ પોતે હૃદયમાં આણતાજ નહિં, લગભગતો ભજનમાંજ રહેતા. સાંજના ચાર વાગે ઓરડાનું દ્વાર ઉઘાડી એક કલાક કથા વાંચતાં દર્શને આવનારને દર્શનનો લાભ આપતાને કાંઈપણ વાતચિત કરવી હોય તો તે પણ એ સમયે થતી તેઓશ્રીના ભજનના પ્રભાવથી અષ્ટ સિધ્ધિ અને નવનિધિનો વાસ ત્યાં જોવામાં આવતો. મા અન્નપુર્ણા તો ભંડારમાં અખૂટ ભકતો તરફથી એટલા ભોજન અપાતાં કે સાધુઓ ખાઈ ખાઈ કંટાળી જતા

અતિશય પ્રસંશાથી દેશ વિદેશના ઘણા મહાત્માઓ દર્શને આવતા. બાલાનંદ નામના એક બ્રહ્મચારી પ્રસંશા સાંભળી પરીક્ષા કરવા વાંઢાય આવ્યા. મહારાજશ્રીને ખબર પડતાં પોતે પાસે બોલાવી વંદન કરી પોતાની ગાદીએ બેસાડયા પ્રસન મુખમુદ્રાથી આપની શું સેવા કરૂં એમ કહ્યું બ્રહ્મચારી બાલાનંદ ઠંડાગાર બની ગયા પ્રસંગોપા તચર્ચા થતાં વેદાંતના પ્રશ્નોના ખુલાસા પણ મહારાજ શ્રીએ બહુજ સરસ કરી બતાવ્યા. અને છેવટે આપનુ સનમાન શું. કરૂં એમ પૂછતાં બ્રહ્મચારીએ કહ્યું હું તો દુધ સિવાયનો આહાર કરતો નથી સંતો સામે જોતા જવાબ મળ્યો દૂધ તો દોવાઈ ગયું છે કાંઇ વાંધો નહિં એમ કહી મહારાજશ્રી પોતે ગાય પાસે જઈ અને કહ્યું માતાજી એક અતિથી પુરતું દૂધ આપવું પડશે તરતજ ગાયનાં આંચળમાંથી દૂધની ધારા થવા માંડી આ દ્રશ્ય બાલાનંદે નજરે જોયું

રાત્રે બાલાનંદ પોતાના આસને સુતાછે. ત્યાં મહારાજશ્રી ગયા અને તેમની ચરણ સેવા કરી. આ જોઈ બ્રહ્મચારી શરમીંદા બની. રાત્રે બાર વાગ્યે ત્યાંથી કોઈ જાણે નહી તેમ પધારી ગયા

મહારાજશ્રીને મનપર્યંવ જ્ઞાન પણ બહુજ સારૂં હતું. મંજલના ભાટીઆ વાલજીભાઈ સાથે એમના મામાના દિકરા લક્ષ્મીદાસ મહારાજશ્રી મનની વાતો ઘણી વખત કહી દે છે એવું સાંભળી પેંડાના પડીકા બંધાવી દર્શને આવ્યા રસ્તામાં બે પેંડા મહારાજશ્રીને ખબર પડે છે કે કેમ તેની ખાત્રી કરવા સંતાડી રાખ્યા.

આશ્રમમાં આવી પેંડા મહારાજશ્રીના ચરણે ધરવામાં આવ્યા એટલે મહારાજશ્રીએ તુરતજ આજ્ઞા આપી કે આ પેંડાનો પ્રસાદ તુરતજ વ્હેંચી દયો શિષ્યો માંહેના એક સાધુ પેંડા વ્હેંચવા ઉઠયા દરેકને એક એક પેંડો આપ્યો જ્યારે લક્ષ્મીદાસભાઈનેએક પેંડો આપ્યો ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે એમને બે આપો લક્ષ્મીદાસભાઈ હવે તો પુરા થશે ને? ત્યાં તરતજ મહારાજશ્રી નાચરણમાં પડી ગુરૂ બનાવવાની પોતાની ઇચ્છા લક્ષ્મીદાસભાઈએ વ્યકત કરી.

મહારાજશ્રીની નિર્માનતાનો એક દાખલો છે કે કાદીઆબાડ સ્વામી દ્વારકાનંદજીનો કચ્છનો એક ગુર્જર ક્ષત્રિય શિષ્ય બન્યો હતો. પરંતુ કાર્ય કારણ વસાત સ્વામીજી પ્રત્યે તેની ભાવના મોળી પડી ગઈ હતી. એક વખતે વાંઢાય આશ્રમે સ્વામીજીનું આવવું થયુ અને પેલા ગુર્જર ગૃહસ્થ પણ તેમની સાથે હતા. પ્રસંગોપાત વાત નીકળી એટલે સ્વામીજીએ મહારાજશ્રીને કહ્યું કે ગુરૂ બનાવી અને શિષ્ય જો ગુરૂમાં શ્રધ્ધા ન રાખે તો તેને કેટલું પાપ પડે.

આ સાંભળી મહારાજશ્રીએ કહ્યું કે એતો ગુરૂપણાની ઉપાધીએ આપને વિક્ષેપ કર્યો છે પરંતુ હું ગુરૂ છું એવો ભાર પણ શા માટે રાખવો ? ટુંકી વાતમાં સ્વામીજીનાં મનનું સમાધાન થઈ ગયું.

મહારાજશ્રીની નિસ્પૃહતાનુ પૂછવુંજ શું હોય ! સો રૂપિઆ

જો કોઈ રાખે તો કહેતા કે ભાઈ તમારા સો રૂપિઆ અમને સવાશેર ફેફ ચડાવશે માટે એ અમારા કામના નથી.

સાધુ ભૂખે ભાવકે. ધનકે ભૂખે નાય
જો સાધુ ધનકે ભૂખે. વો સાધુ : નાય

જ્યારે પોતે વિચરતા ત્યારે કોઈ અજાણી વ્યકિત એમને પુછે કે મહાત્મન આપ કયાં રહો છો ? તો જવાબમાં વિનોદ કરી અને કહેતા કે બાપલા હું ભાવનગર રહું છું મતલબ કે જ્યાં ભાવ અને પવિત્ર પ્રેમ જોઉં ત્યાં રહું છું એવા અલિપ્ત મહાત્મા ધનને શું કરે ? ધનને તેઓ પોતાની ભાષામાં ઠીકરા કહેતા હતા જો દયાળુ પરમાત્મા સમયસર શેર લોટ અને શરીર ઢાકવા પુરતાં વસ્ત્ર આપે તો સાધુના માટે બસ છે અને તે ભજનના પ્રતાપથી મળી રહે છે માટે ખોટી તકલીફમાં ન પડવું એમ પઈસા આપનારને કહી દેતા.

શ્રી વાલજીભાઈ મંજલવાળા પરદેશ જવાના હોતાં તેમના દર્શને ગયા. અને વિનંતી કરી. મારા લાયક કામ સેવા ફરમાવો

સેવામાં તો બાપલા ગુરૂ મહારાજે જે તલાવડી બનાવી છે તેમાં ગારો ભરાઈ જવાથી ગૌ માતાઓ પાણી વિના બહુ દુ:ખી થાય છે એનો બંદોબસ્ત કરો તો ઠીક.

વાલજીભાઈ મુંબઈ ગયા અને ત્યાં પોતાના રૂપિઆ પાંચસો ભરી ખરડો શરૂ કર્યો તો રૂપિઆ પંદર હજાર થયા કચ્છ આવી વટાવવાથી કોરી પોણો લાખ થઈ આ રકમ લઈ મહારાજશ્રી આગળ ધરી આવી મોટી રકમનો ઢગ જોઈ મહા-રાજશ્રીને ટાઢિયો તાવ આવ્યો હોય તેમ ધ્રુજવા માંડયા અને

કહ્યું આપણા આ દીકરાને મારે શું કરવા છે એતો મે કહેલ સ્થાને આપ આપના હાથેજ વાપરી નાખો અમારો કોઇ સાધુ જોશે તો એને એનો નિશો ચડી જાય તે પહેલાં ઉપાડી લ્યો. એટલે વાલજીભાઇએ એ રકમ ઠક્કર વીસનજી કેશવજીને સોંપી અને તેમના હસ્તક એ કામ કરાવ્યું પરિણામે ઓગણીસસો અડતાલીશમાં એક સુંદર તળાવ ત્યાં બન્યું જેનું નામ ઇશ્વરસાગર આપવામાં આવ્યું.

નિર્મોહ વૃતિ એટલે આખું કામ તૈયાર થયું સુંદર બગીચો બન્યો પણ પોતે હજી સુધી જોવા પધાર્યા ન હતા. એક દિવસે વાલજીભાઇ અને અન્ય સેવકોએ પરાણે ગાડામાં બેસાડી એ ગાડું વાલજીભાઇ તથા અન્ય ભાવિકો જાતે ખેંચી ઈશ્વરસાગર ઉપર લઇ આવ્યા. સુંદરતા જોઇ પોતે બહુ ખુશી થયા. વાલજીભાઇને આશિષ આપી અને લાલરામજી ઈત્યાદિ સંતોને કહ્યું આ શરીરથી જાણે અહિંજ બેસી ભજન કરૂં એવું રળિયામણું સ્થાન બનાવ્યું છે. વળતા સહુ આશ્રમે આવ્યા.

શ્રી વાલજીભાઇના પુત્રી રૂકમણી સૌથી નાના તેમનું લગ્ન મંજલ પાસે તરા ગામે થયેલું પરંતુ ભાગ્ય વસાત છ મહિનામાં તેમના પતિ સ્વર્ગવાસી બન્યા. વાલજીભાઇને આથી દુઃખ થાય એમાં નવાઇ નહિં પણ એ દુઃખ મટાડવાનું સાધન સમર્થ ઇશ્વરરામજી એમની નજરમાં હતા. તરતજ પોતની પુત્રીને સાથે લઈ વાંઢાય આશ્રમે આવી હકીકતથી સંતને વાકેફ કર્યા.

વાલજીભાઇ સમગ્ર સંસાર દુઃખ રૂપે છે પરંતુ નજરે જોવે એટલુંજ મનુષ્ય સુખ સમજે છે અને નજરે જોવે એટલુંજ મનુષ્ય દુઃખ સમજે છે ખરી રીતે તો એનો કોઈ અંત નથી

માટેજ એને જ્ઞાતા પુરુષોએ છે છતાં અસાર એટલે સંસાર એવું નામ આપ્યું છે.

બાલજીભાઈના કહેવાથી રૂકમણી બાઈને કંઠી બાંધી પોતાના શિષ્યા બનાવ્યા સંત સેવા અને ઈશ્વર ભજનનો મહારાજશ્રીએ ઉપદેશ આપ્યો.

મંજલ આવી ગુરૂ વચન અનુસાર એક વિધવા આશ્રમ અને કન્યા કેળવણી માટે એક કન્યાશાળા બાંધી પોતે ત્યાંજ ઇષ્ટ ભજન કરવા લાગ્યા પાછળથી તેઓ સાધ્વી મૈયાજીના નામે ખ્યાતિ પામ્યા.

મહારાજશ્રી ઇશ્વરરામજીના શ્રી શિષ્યાઓમાંથી (કચ્છ) ભોજાયના બાઈશ્રી જેઠીબા, જેમનું સ્થાન અલૌકિક છે આ જન્મ બાળ બ્રહ્મચારિણી રહી પ્રભુ ભજન કરી આત્મ સાક્ષાત્કાર કર્યો હોય તો બાઈશ્રી જેઠીબા સાહેબજ હતા. સંવત ૨૦૦૨માં તેમનો દેહ નિર્વાણ પામી ગયો.

પરંતુ એમના કિર્તન ભજનની સોરમ કચ્છમાં ગામડે ગામડે હજી ગુંજે છે. ભોજાયમાં શ્રી સત્યનારાયણનું શિખર બંધ મંદિર અને બાઈશ્રી જેઠીબાનો આશ્રમ યદપિ જોવા મળે છે. ગામની ઉગમણી બાજુ તળાવ કાંઠે તેમનું સમાધિ સ્થાન આજ પણ એમની કિર્તિની યાદી આપતું ઉભું છે બ્રહ્મનિષ્ઠ બાઈશ્રી જેઠીબાના બનાવેલ ભજનો આ પુસ્તકમાં અન્ય સ્થળે નમુના દાખલ બે ચાર આપ્યા છે બાકી તો શ્રી પ્રતાપસિંહજી જીણાજી જાડેજાએ રામ રત્નમાળા પુસ્તકમાં એમના પદોનો ઠીક એવો સંગ્રહ કર્યો છે.

અજાત શત્રુ ઇશ્વરરામજી એક વખતે વાંઢાય આશ્રમમાં યજ્ઞ કાર્ય થતું હોય યજમાન તરીકે પોતે બિરાજ્યા હતા. કાર્મ-કાંડની રીતે બ્રાહ્મણોએ મહારાજશ્રીને કહ્યું કે આપનો ડાબો

પગ પૃથ્વી ઉપર ત્રણ વખત પછાડો અને એવી ભાવના કરો કે મારા સર્વ શત્રુ વિનાશ પામો. આ વચન સાંભળી મહારાજશ્રીએ કહ્યું કે હરિહર કરો બાપલા મારો શત્રુ ત્રણ લોકમાં મેં કોઇધારીજ નથી તો મારે એવી નિર્થક ભાવના શા માટે કરવી? કારણ કે

श्लोक

संपूर्ण जगदेव नंदनवनः सर्वोपि कल्पाद्रुमा
गंगाबारि समस्त वारि निवाहाः पुण्या समस्त क्रिया
वाचः प्राक्रत संस्कृतः श्रुति शिरो वारळसी मेदनी
सर्वा वस्थि रस्य वस्तु विषया दृष्टे पर ब्रह्मणी

જે મહા પુરૂષની આવી વિશાળ ભાવના હોય તેમને સમસ્ત પ્રાણી પદાર્થ કુટુંબ સમાનજ હોય (કચ્છ) હીંગરીયા વાળા શ્રી હરિદાસજી એક મહાન બ્રહ્મનિષ્ટ અને અનુભવ સિધ્ધ મહાત્મા હતા. તેઓશ્રી પણ મહારાજશ્રી તરફ બહુજ પુજ્યભાવ રાખતા મહારાજશ્રીના પ્રેમને વશ થઇ વાંઢાય પધારતા અને બંને મહાત્માઓ સાથે મળી બ્રહ્માનંદનો લાભ લેતા.

ઉત્તરોતર સ્થિતિ ચઢતી ગઇ તેમ તેમ મહારાજશ્રીને દેહા દયાસ છુટતો ગયો પ્રારબ્ધ પ્રતિક સમું સરીર પણ હવે વૃધ્ધ અવસ્થાના કારણે સાજુ માદું થવા લાગ્યું શેષ પ્રારબ્ધ ભોગવી શરીર હવે શાંત થવાનું છે એમ જાણી ચોકકસ સમય અને તિથિ પણ મહારાજશ્રીએ શિષ્ય વર્ગને અગાઉથી જણાવી દીધી હતી.

અને લાલરામ અને લીલારામ. બાપુરામને પોતા પાસે બોલાવીને કહ્યું કે જુઓ સંતો આ શરીર સાધન છે. સાધનને

ફળ ન માની શકાય પરંતુ તે દ્વારા ધ્યેયની સિદ્ધિ પ્રાપ્ત કરવાનો હેતુ પરિપૂર્ણ થઇ જાય તો પછી આ શરીર નુ શું કામ છે? માટે શરીરના નાશ થી તમારે જરાય દુઃખ ન લાગાડવું. હું અને તમે આ બે શબ્દો જગતમાં પેદા નથયા હોતતો સમસ્ત જગત બ્રહ્મમય ભાસત. પરંતું સ્થુળભેદ અનેઃવ્યવહારભેદ હું તમારાથી જાુદો જણાઉંછું. પરંતુ એવું કાંઇ નથી. એકજ તત્ત્વ કામ કરી રહ્યું છે. અને આપણા માટે તો વેદાંત જેવા ગહન વિષયને આપણા મેંકણ ડાડાએ સાવ સાદી ભાષામાં મુઢપણ સમજે તેમ સાબિત કરી બતાવ્યુંછે. કહ્યુંછે કે

દુહો.

ગે કો ચે મુન્યારો શાસ્ત્ર પ્રમાણે સીજ
ત ભ્યો કરી જેં ભાયો સે હુંધો એંજો બીજ

આવી ચોખ્ખી વાતુ' છે. માટે અંતે એક એક ને એક એટલું કહી સંવત ૧૯૫૩માં અષાઢ વદી ૨ ને દિવસે મહા નિર્વાણ પામ્યા. રમણિય સ્થાન ઇશ્વર સાગરની પાળે શ્રી ફળ અગર ચંદન ધ્રતની ચિત્તામાં તેઓશ્રીના ભૌતિક શરીરને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. ત્યાર બાદ શ્રી લાલરામજી ઇત્યાદિ શિષ્યોએ તે સ્થાન પર એક સુંદર આશ્રમ બાંધી મહારાજશ્રીની પુલ સમાધી તથા એક શિવાલય એમ ભવ્ય શિખર બંધ બે મંદિરો બનાવ્યા.

મહારાજશ્રીની સમાધિ મંદિરમાં ચરણ પાદુકા અને પાનમુર્તિ પધરાવવામાં આવી છે. સવાર સાંજ ધૂપ દીપ વગેરેથી આજ પણ પૂજન અર્ચન થયા કરે છે.

મહારાજશ્રી ઇશ્વરરામજી કૈવલ્ય પામ્યા બાદ શ્રી ઇશ્વર-

રામજીના સમાધિના શિષ્ય મહારાજશ્રી ગરીબદાસજી થયા. તેમનો જન્મ સંવત ૧૯૩૨ શ્રાવણ સુકલ પક્ષમાં થયો હતો. જ્ઞાતે મીસ્ત્રી અને (કચ્છ) કુકમાના રહીશ હતા. તેઓશ્રીએ ૧૯૫૫નાં અષાઢ સુદ ૧૫ ના સવારે ૧૦ વાગ્યે મહારાજશ્રી ઈશ્વરરામજીની સમાધિએ દિક્ષા ગ્રહણ કરી ગરીબદાસ એવું નામ ધારણ કર્યું. અને કુકમાં પધારી ત્યાં આશ્રમ બાંધી ભજન કરવા લાગ્યા. મહારાજશ્રી ગરીબદાસજીનું જીવન નિવૃતિ પરાયણ અને ભજનાનંદિ હતું. તેમના બનાવેલા ભજનોના ભાગ ૧૮ કુકમાં આશ્રમ ! મળે છે જે વાંચવાથી તેઓશ્રીના આત્મ અનુભવની પ્રતિતિ થાય છે. મહારાજશ્રી ગરીબદાસજી તા. ૨૩-૬-૫૬ના રોજે કોઈમ્તુર ખાતે કૈવલ્ય પદને પામ્યા જેથી મહારાજશ્રી ગરીબદાસજી જેવા અનુભવી મહાત્માની ખોટ કચ્છની જનતાને આવી. હાલ આશ્રમનો વહિવટ તેમના શિષ્ય શ્રી ભાણદાસજી મહારાજ સંભાળી રહ્યા છે.

શ્રી વાંઢાંય દ્વારાના ચતુર્થ અધિપતિ બ્રહ્મનિષ્ઠ

મહારાજશ્રી લાલરામજી

મહારાજશ્રી ઈશ્વરરામજી એક વખત દેશળપર કડવા પાટીદાર ગોપાળજી ભગતને ઘેર પધાર્યા ગોપાલજી ભગતના પત્ની માનબાઈ ના ઉદરથી ૧૯૧૩ ના વૈસાખ સુદ ૨ ના દિવસે પુત્ર પ્રસવ થયેલ. તેનું નામ લાલજી રાખવામાં આવ્યું મહારાજશ્રી દેશળપુર પધાર્યા ત્યારે લાલજી ઉપર લાયક ખરા. મહારાજશ્રીએ

VSAK: 26-

ચહેરા સામુ જોઈ લાલજીનો વિધિ લેખ વાંચી જોયો. અને ત્યારબાદ પૂછ્યું. નારાયણ આપનુ નામ શું? પ્રત્યુતરમાં જણાવ્યું લાલજી. લાલજી વાહ! વાહ! લાલજી ભગતતો સાચલામાં મહાન મરજીવો ભગત બન્યો છે. તમારામાં એ નામ સાર્થકતા કરવાંની સને શકિત જોવામાં આવેછે, મહારાજશ્રી રાત્રે પ્રવચન કરતા ત્યારે લાલજી પાસેથી શાસ્ત્ર વાંચન કરાવતા. વાંચનની શુદ્ધિ અને છટાથી મહારાજશ્રીને બહુજ સંતોષ થતો. અટલે દરરોજ લાલજી વાંચન કરે અને શ્રી ઇશ્વરરામજી એનો અર્થ સમજાવે આમ બહુજ લાંબા સહવાસથી લાલજીને મહારાજશ્રીના શિષ્ય બનવાની ઇચ્છા ઉદ્ભવી. કુટુંબીઓની સંમત્તિ મેળવી. વિદાય વેળાએ મહારાજશ્રી સાથે વાંદાય આવ્યા અને પોતાને દિક્ષિત થવું છે. એવી ઇચ્છા શ્રી ઇશ્વરરામજી આગળ નિવેદનમાં મુકી. મહારાજશ્રીએ પણ કૃપા કરી તુરત પોતાના શિષ્ય બનાવ્યા. શ્રી લાલરામજી ની ધારણા શકિત વેદાંતનું જ્ઞાન વ્યવહાર કુશળતા ગંભીરતા અને શાંતિ જેવા ગુણો સ્વાભાવીકજ હતા. ગુરૂ ઇશ્વર રામજી વિદેહ કૈવલ્ય પામ્યા બાદ ગુરૂ ભાઈઓ સાથે મળી મહારાજશ્રીનો મહાન ઉત્સવ કર્યો. ગુણની સર્વત્ર પુજા હોય શરીર કે વય જોવાનુ કારણ હોયજ નહીં એ કથન અનુસાર ગાદીને માટે શ્રી લાલરામજી યોગ્ય હતા છતાં એવખતે શિષ્ય સમુદાય બહોળો હોવાથી મતમતાંતર થવા સંભવ હોયજ એટલે મહારાજશ્રી ઈશ્વરરામજીની ઇચ્છાનેજ પછેડી ઓઢાડવામાં આવી અને આશ્રમનું સંચાલન શ્રી લાલરામજી કરવા માંડયા.

ત્યાર પછી પ્રિયાદાસજી તથા મુળદાસજીની ઇચ્છા થતાં ગામનો આશ્રમ તેમને સોપી પોતે એટલે લાલરામજી, બાપુરામજી, દયારામજી, રામદાસજી, નારાણદાસજી, પ્રેમદાસજી, પૂરણદાસજી, વગેરે ગુરૂભાઇઓ સહિત ઈશ્વર સાગરની પાળે બાંધેલ નુતન આશ્રમ-

માં શ્રી લાલરામજી ભજન કરવા માંડયા.

સંવત ૧૯૭૧માં સાધુ લીલારામજી તથા બાપુરામજીનો શ્રી લાલરામજીએ મોટો ઉત્સવ કર્યો. જેમાં દેવા સંપ્રદાયના અધિપતિ હમલાપુરીના મહંત બાવાશ્રી પૂરણરામજીએ સર્વ સંતો અને સેવકોની સંમતિથી શ્રી લાલરામજી મહારાજને વાંઢાયની ગાદીએ બેસાડયા.

મહારાજ શ્રી ઈશ્વરરામજીનાં વચન હતાં કે તમારે આશ્રમનાં ખર્ચ માટે કયાંય રખડવું નહિં. એની મેળે મળી રહેશે. આ વચનને માન્ય કરી શ્રી લાલરામજી કયાંય જતા આવતા નહિં. છતાં પણ વ્યવહાર ખૂબ આસાનીથી ચલાવતા. “ ગુરૂ: કૃપાહિ કેવલમ ” ગુરૂ કૃપા શું ન કરી શકે ? મહારાજ શ્રી લાલરામજી ૧૯૭૧ કે જે સાલમાં તેમને ચદર પછેડી મળી તેજ સાલમાં મહા વદ ૨ ના દિવસે વાંઢાય દ્વારાના મહંત તરીકેનું બહુજટુંકું પ્રારબ્ધ ભોગવી અક્ષયધામ પામ્યા.

यत्कृपातो मनो मग्नं मे ब्रह्मानंद सागरे ।
तमहं श्रीगुरुं वंदे लालराम मुहुर्मुहुः ॥

realpatidar.com



પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રી ૧૦૮ ઉદ્ધવરામજી મહારાજ.

વાંઢાય દ્વારાના પંચમાધિપતિ બ્રહ્મનિષ્ઠ

મહારાજશ્રી ઉદ્ધવરામજી

श्लोक

येन वै स्थापिता संस्था जनकल्याण काम्यया ।
नमः उद्धवरामाय तस्मै श्री गुरु वै सदा ॥

મહારાજશ્રી ઉધ્ધવરામજી વિષે કાંઈ પણ લખવું એ કાંઇ નાની સુની વાત નથી પૂજ્ય મહારાજશ્રીનો સઘળો જીવનવ્યવહાર કોઇ અજબ રીતનો હતો એમાં મારા જેવો લઘુબુદ્ધિ ડુબકી મારી કેટલાંક મોતી મેળવી શકે ? પરંતુ કહેવત છે કે—

महात्मनां कीर्तनं हि श्रेयो निःश्रेय सा स्पदम ।

મહાત્માઓનું કિર્તન કરવું તેજ કલ્યાણકારી અને મોક્ષનું કારણછે

ઉપરોકત સુત્ર અનુસાર આ પુસ્તકમાં પૂજ્ય મહારાજ શ્રી ઉધ્ધવરામજી વિષે કાંઈ પણ લખાણું છે તે કેવળ એ મહાપુરૂષ નાં કિર્તન કર્યાનોજ આ લેખકે આનંદ માણ્યો છે. બાકી તો મહારાજ શ્રી નો બાલ્ય કાળ, ત્યારબાદ કિશોર અને વિદ્યાભ્યાસ યુવાવસ્થાએ વ્યવહારની પ્રવૃત્તિ, એમાંથી ઉપરામવૃત્તિ, આજીવન બ્રહ્મચર્ય રહી શ્રી ગુરૂ મહારાજ પાસેથી મંત્રદિક્ષા લઇ, મુંબઇના ધમાલિયા જીવન ઉપર અણગમો, વાંઢાય આવી શ્રી લાલરામજી પાસેથી વિધિસરની સાધુ પદની દિક્ષા લેવી, ઈશ્વર આશ્રમમાં સંતસેવા, ગુરૂ સેવા, અને સમાજ સેવા. " શ્રી ઇશ્વરરામજી ગુરૂકુળ " સ્થાપી આર્યસંસ્કૃતિનો ઝંડો ચડાવવો, અંધ અપંગ માટે અંધશાળા બનાવવી, આશ્રમનો વહિવટ અન્ય સંતોને સોંપી સેવાનો ખલકો પહેરી રાત-દિવસ ટાઢ તડકો સુખ દુઃખની પરવા

કર્યા વગર એકધારી સેવા કરવી, અને તે કેવી કે કચ્છ વાંઢાયમાં બેઠા બેઠા ઉત્તરાપંથમાં બદ્રિનાથના રસ્તે હરિદ્વારમાં કચ્છી યાત્રિકો માટે રહેવા ઉતરવાનું સાધન નથી માટે એક આશ્રમ ત્યાં બનાવવુ. આવી દીર્ઘ દ્રષ્ટિ દોડાવવી, સિવાય કચ્છના કડવા પાટીદાર માં શંકાઓ પહેલાં કોઈએ એમની સરળતા અને ભોળપણનો લાભ લઇ પીરાણા સતપંથના અનુયાયી બનાવી દીધા હતા તેમને અસલ સનાતન ધર્મ સમજાવવાની ધગશ જેને રૂંવાડે રૂંવાડે જાગી. અને તે ફરજ જેણે ભજવી બતાવી.

પરિગ્રહના પથ્થરા નીચે જે પુરૂષ આવી જાય એને બહાર નીકળવું બહુજ કઠીન થઇ પડે. એમ સમજી છેવટે પ્રવૃત્તિ માર્ગ માથી નિવૃત્તિ માર્ગ ગ્રહી હરિદ્વારમાં હરિભજન કર્યું. છેવટે– "જ્યાંહી ઉપના વાંહી ખપના" એટલે કે ગુરૂમહારાજના ચરણ માં વાંઢાય આવી શરીરનું અલ્પ પ્રારબ્ધ ભોગવી મહારાજશ્રી ઇશ્વરરામજીની સાનિધ્યમાં સમાધિ લીધી.

એ મહાપુરૂષને સમાજ સેવક ગણો. સમાજ સુધારક ગણો, અથવા તો સંત ગણો. કે રાહ ભૂલ્યા માનવીને સત્યના માર્ગે ચડાવનાર કોઈ દેવદૂત ગણો. જેને જેમ ઠીક લાગે તેમ માનવા ની છુટ છે, પરંતુ એક હકિકત છે કે—

श्लोक

द्रश्यंते भुवि भुहि निंबतरुवः कुप्रापिते चांदनाः
पाषाणैः परिपूरिता वसुमती वज्रोमणि दुर्लभः
श्रुयंते करटा ऽऽरवाः प्रतिदिनं चैत्रे कुहु कुंजित
तन्मध्ये खल संकुल जग दिदं द्वित्राः क्षितो सज्जना

ભાવાર્થ કે : પૃથ્વી પર લીમડાનાં વૃક્ષો ઘણાં જોવામાં આવેછે પણ ચંદનનાં વૃક્ષો ક્યાંકજ જોવા મળે. પાષાણો વડે પૃથ્વી પરિ-

પુરિત છે, પણ હીરા મણી દુર્લભ છે. કાગડાના શબ્દો પ્રતિદિવસ સાંભળવામાં આવે છે, પરંતુ કોકિલાનો મધુર શબ્દ ચૈત્રમાસમાં સાંભળવામાં આવે છે. તેમ આ જગત દુર્જનોથી ભરેલું છે. આ પૃથ્વીમાં સજ્જનો બહુજ થોડા છે.

આપણે આપણા સદ્‌ભાગ્ય માનવા જોઈએ કે કચ્છ દેશમાં મહારાજ શ્રી ઉધ્ધવરામજી જેવા સંત પુરૂષ આપણા અભ્યુદય માટે પ્રગટયા હતા. એમના જીવનકાળ દરમ્યાન જેને જેને તેઓ શ્રીનો સમાગમ થયો હતો તેણે જરૂર એ મહાપુરૂષ દ્વારા પ્રેરણા મેળવી જીવન સાફલ્ય બનાવ્યું હશે. છતાં પણ એ મહાત્માના જીવન બાગમાંથી જુદા જુદા પુષ્પોની સૌરભ તો આમણા વારસા ને આપણે જરુર આપશું. પ્રથમ તો આપણે મહાજશ્રીના માતા પિતા વિષે થોડુંક જાણવું રહ્યું.

મહારાજશ્રીના પિતાશ્રી કચ્છ પ્રાંતના જખૌ બંદરના રહે-વાસી. જ્ઞાતે ભાનુશાળી. હેમરાજ ભક્ત એવું નામ હતું અને તેમનાં ધર્મપત્નિ ચાગબાઇ એક પતિપરાયણ આર્ય સ્ત્રી હતાં. ભક્ત હેમરાજ કેવળ વ્યવહાર સિવાય પરમાર્થમાં બિલ્કુલ સમ-જતાજ નહિં. આવું એકલતરફી જીવન તેમનાં પત્નિ ચાગબાઈ ને ન ગમ્યું એટલે એમને સમજાવી સિંધમાં સાતબેલાની જગ્યા માં સંતસેવા માટે મોકલ્યા. ત્યાં ભક્ત હેમરાજે બે વર્ષ લગી સતત સેવા સ્મરણ કર્યું. સંતોનો સહવાસ અને સેવાથી હેમરાજ ભક્તને સમજાયું કે સંસારમાં જોઇએ તેવું સુખ નથી તો એકાંતે પ્રભુ ભજન શા માટે ન કરવું ? એક દિવસે એક બ્રહ્મવેતા પુરૂષ આગળ તેમણે પોતાનો વિચાર જણાવ્યો. મહાત્મા પુરૂષે પણ હેમરાજની કસોટી કરવા પોતાની સાથે એક ગુફામાં લઇ ગયા. ત્યાં ભક્ત હેમરાજને સાધન ભજન કરવા મહાપુરૂષે આદેશ આપ્યો. અને પોતે અદ્દશ્ય થઇ ગયા. તુરતજ એની જગ્યાએ

સિંહો, અગ્નિ, અજગર વગેરેના ઉપદ્રવો ભકતને જોવામાં આવ્યા આથી જેનો વૈરાગ્ય દ્રઢ ન હોય એવો સાધક શી રીતે ટકી શકે? તુરતજ હેમરાજ ભકતે બુમો પાડી. ત્યાંતો મહાત્માએ દર્શન દીધાં અને કહ્યું કે ભકત તમને યોગ અનુકુળ નહિં પડે માટે સંસારમાં રહી પ્રભુ ભજન અને સંત સેવા કરો સાથો સાથ આપે જે સંત સેવા કરી છે. તેનાં ફળ રૂપે તમારે ત્યાં એક મહાત્માનો જન્મ થશે માટે તેના પર પુત્ર પ્રેમ રાખશો નહિં તેમ સંસાર વ્યવહારમાં ફસાવવાની કોશિષ કરશો નહિં કારણ કે એના હાથે જનકલ્યાણના અનેક કાર્યો થશે અને ભવિષ્યે એક મહાન જ્ઞાન યોગી થઈ જગતને સત્યનો રાહ બતાવશે.

ઉપર મુજબનું મહાત્માનું કથન સાંભળી તેમના ચરણમાં વંદન કરી ભકત હેમરાજ જખૌ બંદરે આવ્યા. પોતાને થયેલ અનુભવ ચાગબાઈને કહી સંભળાવ્યો આ સાભળી સતી ચાગબાઈ પણ બહુ ખુશી થયા ત્યારબાદ પોતાની ખેતીના કાર્યમાં ભગત હેમરાજ પ્રવૃત થયા. સાથો સાથ સંત સેવા કથા વાર્તામાં પણ લક્ષ બરાબર રાખતા.

Correct Date is VS 1945 Chaitra **Sud** 9

સવંત ૧૯૪૫માં ચૈત્ર શુકલ નવમી એટલે કે "રામનવમી" ના દિવસે તેમને ત્યાં પુત્ર પ્રસવ થયો એજ આપણા ચારિત્રનાયક મહારાજશ્રી ઉદ્ધવરામજી. આનાથી અગાઉ ભકત હેમરાજને એક પુત્ર ભાણજી નામે હતા. અને બે પુત્રીઓ. મહારાજશ્રીની નાની જેમનું નામ ભાગબાઇ અને વીરબાઇ રાખવામાં આવ્યું મહારાજશ્રીના જન્મની સાથે પ્રસન્ન મુખાકૃતિ અને શાંતિ એમના સંતપણાના લાક્ષણિક ચિન્હ જણતા હતાં બ્રાહ્મણો દ્વારા તેમનું ઓધવ એવું નામ આપવામાં આવ્યું.

<u>બાળક ઉદ્ધવરામજી</u>

પૂજ્ય મહારાજશ્રી કાંઈક સમજણા થયા ત્યાથીજ એમની

રીતભાત રમત ગમત પણ જુદા પ્રકારની હતી. મંદિરોમા દેવ દર્શને જવું કથા વાર્તા થતી હોય તો શાંત ચિતે શ્રવણ કરવું અને તેમાંથી યાદ રહ્યું હોય તેની પુનરાવર્તી કરી, ફરી ફરી બોલ્યા કરવું અન્યને સંભળાવવું બાળકો એકત્ર કરી, પોતે કથાકાર બને અને અન્યને શ્રોતા બનાવી ઉપદેશો આપવા રૂપી બાળ ચેષ્ટા એમના ભવિષ્ય માટે શું સૂચવી જાય છે. એ આપણે જાણવું રહ્યુ તોફાન કજીયા ગાળાગાળી નાના બાળકોમા ચપળતાના કારણે સ્વાભાવિક હોય પરંતુ મહારાજશ્રીમાં એ માહેનું કાંઇપણ નહિં. કેવળ શાંતિ અને ગંભિરતાજ એમના ચહેરા ઉપર જ્યારે જુઓ ત્યારે દેખાય.

ખીરસરાના સ્વામી શ્રી શંકરાનંદજી મહારાજ કથા પ્રવચન માટે જખૌ પધારેલ ત્યારે માતુશ્રી ચાગબાઈ તથા હેગરાજ ભકત સાથે પોતે પણ હમેશાં પ્રવચન સાંભળવા જતા. સ્વામી શંકરાનંદજીની નજર આ દૈવ વિભૂતિ ઉપર પડી ભવિષ્યે મહાન મહાત્મા બનશે એમ ધારી જો એના :મા બાપ રજા આપે તો આ બાળકને વિદ્યા અભ્યાસ કરાવું પોતાની આ મનોવૃતિ સ્વામીજી પાછા ખીરસરા પધારતા હતા ત્યારે મહારાજ-શ્રીના મા બાપને જણાવી. મા બાપ ને પણ ગુફા વાસી મહાપુરૂષના શબ્દ યાદ આવ્યા. કે તુરતજ ખુશીથી રજા આપી અને કહ્યું કે સ્વામીજી આ બાળક આપનોજ છે અમે તો નિમિત્ત માત્ર છીએ. ખુશીથી વિદ્યા અભ્યાસ કરાવો.

સ્વામીજી જ્યારે ખીરસરા પોતાના આશ્રમે મહારાજશ્રીને લઈ આવ્યા ત્યારે એમની ઉંમર કેવળ સાડા નવ વર્ષનીજ હતી. ગુજરાતી ત્રણ ચોપડી સુધીનો અભ્યાસ હતો. પારિવાજક શંકરાનંદજી સાથે રહેવાનો મહારાજશ્રીને ખુબજ આનંદ આવતો ત્યાં સ્વામીશ્રી પાસે ગીતાજીનો પાઠ શરૂ કર્યો અને

આશ્રમમાં આવતાં જતા લોકોની સેવા પણ ખંતથી કરતા. એક વખત શ્રાવણ માસમા શ્રીમદ્ ભાગવતની પારાયણ ચાલતી હતી. ૧૯૫૬ની સાલનો ભયંકર દુષ્કાળ એ વખતે ચાલતો હતો આશ્રમની ગાયો માટે ચુલા ઉપર ખાણ રંધાતુ' હતું. મહારાજશ્રી રંધાતા ખાણને સંભાળવા ગયા ત્યાં શરત ચુકથી તેમના કપડાં સળગવાથીં ગભરાઇને બુમો પાડી આ બુમો આશ્રમમાં રહેતા અમરબાઇ માએ સાંભળી લીધી :તરતજ દોડીને તેમના સળગતા કપડાં હોલવી નાખ્યાં અને દયાળુ પરમાત્માની મહાન કૃપા માનવા લાગ્યા.

એવોજ એક બીજો પ્રસંગ :મહારાજશ્રીના અભ્યાસ કાળ દરમ્યાન બની ગયો હતો ફરી પણ એજ શ્રાવણ માસ અને એજ ભાગવત કથા ચાલુ હતી. આશ્રમ માટે પાણી ભરવા બાલદી અને સિંચણિયું લઇ મહારાજશ્રી કુવા ઉપર પાણી ભરવા ગયા. સિંચતા સિંચતા અચાનક સિંચણિયું હાથમાંથી છટકી જવાથી પગમાં વિંટાઇ ગયું અને પોતે કુવામાં પડી ગયા.

કુવામા પડતાજ એક ધાર વાળો પત્થર મસ્તકમાં લાગવાથી તેમનું મસ્તક ચીરાઇ ગયું શ્વાસ દશમે દ્વાર ચડી ગયો કુવામાં પાણી દશ-પંદર ફુટ ખરૂં એમ ન બની મહારાજશ્રી કુવાને તળિયે બેસી ગયા આ બધા બનાવને બે કલાક આશરે વ્યતિત થવા બાદ સ્વામીજી નિવૃત થયા ત્યારે તપાસ કરતાં ઉદ્ધવરામજી આશ્રમમાં ન હતા એટલે શોધખોળ શરૂ કરી તપાસ કરતાં કુવામાં મહારાજશ્રીની ટોપી પાણી ઉપર તરતી દેખાઇ એટલે તેમને કુવામાંથી બહાર કાઢવામા આવ્યા અને ભરાયેલ પાણી નાસિકા અને મુખ વાટે બહાર કાઢયું શરીર જોતાં અંદર કાંઇ જણાયું નહિં દરેકને બહુજ દુઃખ થયું સ્વામીજીને તો અત્યંત આઘાત થયો **"कस्य दुःखा करोन स्याद् महता आपदागम"**

મોટા પુરૂષો પર આવેલી આપદા કોને દુ:ખકર ન થાય ? સ્વામીજીને અતિશય દુઃખ થયું અને વધારામાં ગામ લોકો ગમે તેમ બોલવા માંડયા. સિદ્ધિનો ડોળ ઘાલી બેઠા છે તો હવે ખબર પડશે. કરે જોઈએ આ છોકરાને જીવતો ! આવી લોક વાયકા સાંભળી, સ્વામીજીએ તુરતજ મહારાજશ્રીના શરીરને ખાટલા પર સુવાડી વિભુતિ છાંટી શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પુસ્તક છાતી પર રાખી સ્વામીજી પોતાની સાધનાની ગુફામાં ગયા. ત્યા સમાધિ દ્વારા એક દૈવ જ્યોતિ પ્રગટાવી મહારાજશ્રીના શરીરમાં પ્રવેશ કરાવી કે તુરતજ મહારાજશ્રી જાગૃત થયા. અને પૂકાર કરી. તે પૂકાર સાંભળી સ્વામીજી બારણે આવી જુએ તો ઉદ્ધવરામજી હતા પૂજ્ય સ્વામીજીને બહુ આનંદ થયો. ભખતી ટેક ભગવાને રાખી. અને આ બાળકને નવજીવન પ્રાપ્ત થયું એ ઈશ્વરનો એક મહાન ઉપકાર છે. એમ સ્વામીજીએ અને હાજર રહેલ સેવકોએ માન્યું માથામાં લાગ્યું હતું તેના ઉપર પાટો બાંધી ઘૃત સિંચન કર્યું એટલે એમાં પણ આરામ થઈ ગયો.

ત્યાર બાદ મહારાજશ્રીનાં માતુશ્રી અને કાકાને બોલાવી સ્વામીજીએ કહ્યું, હજી આ છોકરૂં કહેવાય કાચા બુદ્ધિ અને નાની વય છે. માટે આપ આપની સાથે લઈ જાવ આતો સાધુ સંત ઉપર એક મોટી વાત આવી જાય તેમ હતું પણ શ્રી હરિની દયા ગણો કે મને યશ મળ્યો. અને આપનો બાળક જીવતો રહયો ઉમર લાયક થાય ત્યારે વાત. ત્યારબાદ મહારાજશ્રી પોતાના માતુશ્રી સાથે જખૌ પાછા આવ્યા.

આ વખતે મહારાજશ્રીના પિતા હેમરાજ ભકત કે જેઓ મુંબઇ હતાં તેમનો માંદગીનો પત્ર આવ્યો. એટલે મહારાશ્રી અને તેમના માતુશ્રી મુંબઈ ગયાં અંત સમયની માંદગી વખતે મહારાજશ્રીનો હાથ પકડી હેમરાજ ભકતે ચાગબાઈને કહ્યું કે

યોગીરાજના વચનાં અનુસાર આ બાળકને સંત થવા દેજો પરંતુ. પુત્ર ભાવ રાખી એને પરણાવશો નહિં એમ કહી ભકત હેમરાજે પોતાના પ્રાણ છોડયા. ત્યારબાદ મહારાજશ્રી અને તેમનાં માતુશ્રી જમૌ આવી પોતાના ભાઇ ભાણુજી સાથે રહેવા લાગ્યાં. ચારેક વર્ષ બાદ તેમના કાકાનો પત્ર આવ્યો એટલે સંવત ૧૯૫૯માં મહારાજશ્રી મુંબઇ ગયા.

યુવાન ઉદ્ધવરામજી

મુંબઇમાં તેમના કાકાની સાથે રહી બારદાનનો ધંધો કરતા. પણ ત્યારબાદ મુકાદમની નોકરી કરવા લાગ્યા. એમ કેટલાએક વખત પછી શેઠ તુલસીદાસ લધાને ત્યાં તેઓશ્રીને ઉચ્ચ જગ્યાએ સારી નોકરી મળી. શેઠને મહારાજશ્રીના કામકાજ થી ઘણોજ સંતોષ હતો. એક તો મોહમયી મુંબઇ નગરી, બીજી બાજુ મહારાજશ્રીની યુવાન અવસ્થા, આજુ બાજુના આવા વાતાવરણના પરમાણુ મહારાજશ્રીને પણ લાગુ પડયા તેમણે પોતાના માતુશ્રીને એક વખતે પત્ર લખી પુછાવ્યું કે મારૂં સગપણ ક્યારે કરવાના છો ? એવું તુરતજ જણાવો આ પ્રમાણેનો પત્ર સાંભળી તેમના માતુશ્રીને બહુજ દુઃખ થયું અને કહેવા લાગ્યાં કે હે પરમ કૃપાળુ પરમાત્મા આ મારા બાળકને સદ્ બુધ્ધિ આપ કે જેનાથી એ સંસાર રૂપી ઉંડા કૂવામાં ન ઉતરે ગોપીચંદને રાજમાતા મેનાવતીએ સંપૂર્ણ રાજ્ય વૈભવથી મુકત કરાવી એક રાજયોગી બનાવ્યો હતો. તેમ મારે પણ મારા બાળકને સંસારથી વિરકત એક શ્રેષ્ઠ સાધુ બનાવી આદર્શ માતા તરીકે જીવવું છે આંખમાં જળજળિયાં આવી ગયાં માતુશ્રી ચાગબાઇની આ અરજી કોઇ કુટુંબી આગળ ન હતી જન-સમાજના કોઈ અન્ય મનુષ્ય આગળ ન હતી. પરંતુ પરમાત્મા

પાસે હતી. માટે પ્રભુને દાદ દીધા વિના છુટકોજ ન હતો.

એક દિવસના યોગે મહારાજશ્રી મિત્રો સાથે રાત્રે ફરવા નીકળ્યા. તો મુંબઇ જેવા શહેરમાં અનેક જોવાનું મળે એમાં જેનો જે વિષય પ્રિય હોય તેમાં ભાગ લે તે દેખીતુ' છે એક જગ્યાએ એક હરિકિર્તનકાર કથા કરતો હતો. આખ્યાન સત્યવાદી હરિશ્ચંદ્રનું હતું. ત્યા મહારાજશ્રી સાંભળવા રોકાયા. એટલે પુર્વોકત સંસ્કાર જાગૃત થયા અને વિચાર આવ્યો કે કયાં સત્યને માટે સર્વસ્વનો ત્યાગ કરનાર રાજા હરિશ્ચંદ્ર! અને કયાં મુકત છું છતાં બંધનમાં પડવા વાળો હું. જે માણસ ઉત્તમ મનુષ્યજન્મ પામી અને સાથે ઇન્દ્રીઓના ઉત્તમ સામર્થ્યને પામીને પોતાનું હિત શામાં છે, તે ન જાણે અને પોતાનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન ન કરે તે માણસ પોતાના આત્માનો વધ કરનાર થાય છે. માટેજ કહ્યું છે કે—

શ્લોક

लोले न्द्रिये यौवनेही य त्तपस्त तपो ननु
दारुणास्त्रे रणे योही शूरः शूरः स उच्यते

"ચપળ ઇન્દ્રીઓવાળા યોવનમાં જે તપ કરાય :તેજ ખરૂં તપ છે અને ભયંકર શસ્ત્રાસ્ત્રોના યુધ્ધમાં જે શૂર હોય તેજ ખરો શૂરવીર છે.

પ્યારા વાંચકો, શુધ્ધ હૃદયની પ્રાર્થનામાં કેટલું પ્રાબલ્ય છે? તે જુઓ એમના માતુશ્રીની અંતરની વ્યથા ઇશ્વરે સાંભળીને મહારાજશ્રીના વિચારોનું પરિવર્તન કરાવ્યું તેમ મહારાજશ્રીના સુસુપ્ત સંસ્કાર પુનઃ જાગૃત થયા "**स्नेहोऽयं पूर्व संस्कारो याति जन्म शतान्यपि**" પુર્વ ભવના સંસ્કાર વાળો સ્નેહ સેંકડો ભવ સુધી સાથે રહે છે કુસ્વભાવ ન પડવા દેવો એ

રહેલું છે પણ પડેલો કુસ્વભાવ ત્યાગવો બહુ કઠીન છે માટે મેં આ મુંબઈ નગરીમાં પગ મૂકયો ત્યારથી એટલે કે મુંબઈના આઠ વર્ષ મારા માટે બીલકુલ નકામાં ગયાં. એમ ધારી કોઈ મહાપુરૂષને શરણે જવાનો એમણે પાકો વિચાર કર્યો.

ત્યાગી ઉદ્ધવરામજી

તે દિવસથી મહારાજશ્રીની ઉપરામ વૃતિ થઈ. વ્યવહારમાં મન બીલકુલ ચોટતું નહિં એનો એક દાખલો છે કે—

એક વખત મહારાજશ્રી ગાદીએ સ્ટીમર પર રાત પાળી હતા. સવારે વાઉચર લઈ ઘોડાગાડીથી પેઢીએ આવતા હતા પરંતુ મન ઉપરામ હોવાથી જુદા પ્રદેશમાં હોવાના કારણે વાઉચર ગાડીમાંજ ભૂલાઈ ગયાં. ને ગાડી ચાલી ગઈ. પરંતુ હવે થાય શું ? લાખોનો માલ બંદર ઉપર પડ્યો છે તપાસ કરી તો શેઠ તુલસીદાસ લધા પણ હાજર ન હતા. અને રવિવાર હોવાથી તે દિવસે ગોદીનું કામકાજ બંધ હતું. જો વાઉચર ન મળે તો સોમવારનો માલ કોઈ પણ રીતે ન ચડે ગાડીનો નંબર પણ યાદ ન હતો. હવે શું કરવું ? કોને પુછવું ? તરતજ પ્રાર્થના કરી કે હે પ્રભુ મને આ બોજામાંથી આજેજ મુકત કરો તો આ મોહમયી નગરીને છોડી આપના ભજન માટે ચાલ્યો જાઉં મોટા પુરૂષોની પ્રતિજ્ઞા પર્વત ના મુલની જેમ ચલાયમાન થતી નથી અને આ દૃઢ પ્રતિજ્ઞા પ્રભુએ સાંભળી હોય તેમ તુરતજ ગાડીવાળો વાઉચર લઈને આવ્યો અને મહારાજશ્રીને આપ્યા. કે એજ વખતે મહારાજશ્રીએ એક પત્ર ગોદીનો બધોજ હિસાબ સંભાળવા શેઠને અને બીજો પોતાના ભાઈ ભાણુજીને એમ બે પત્રો લખ્યા, ત્યાંથી સ્ટીમર રસ્તે કચ્છ આવવા રવાના થયા સંવત ૧૯૬૭ના શ્રાવણ માસમાં દેવધામ હમલાપુરીમાં બાવાશ્રી

દેવા સાહેબની ગાદી ઉપર વેદવેદાંત પારંગત પૂર્ણપ્રતાપી મહંત બાવાશ્રી પૂરણગામજી બિરાજતા હતા. તેમના ચરણમાં મસ્તક નમાવી. કંઠી બંધાવી અને આશ્રમમાં રહી, સંત સેવા અને બાવા જે બતાવે તે કામ કરતા. બાવાજી પોઢી જાય ત્યારે ચરણ સેવા કરતા. ઘણા સેવકો પૂજ્ય બાવાજીમાં ઈશ્વર તુલ્ય શ્રદ્ધા રાખતા. તેવીજ રીતે મહારાજશ્રી પણ બાવાજી ઉપર ઘણોજ પ્રેમ રાખતા.

બાવાજીનું પાંડીત્ય એટલે અગાધ હતું. અટલે તેઓશ્રીએ મહારાજશ્રીને શબ્દ રૂપાવલિ, ધાતુરૂપાવલિ, સમાસચક્ર અને પંચસંધી સુધીનો અભ્યાસ કરાવ્યો. બાવાજી જયાં જયાં પધારે ત્યાં મહારાજશ્રી પણ સાથે જતા. મુંબઈ પણ સિંધપણ તેઓશ્રીની સાથે ગયા હતા.

એક વખત બાવાજી મુંબઈ બિરાજતા હોઇ. ત્યાં ભાવીકોની ભીડ બહુ જામતી. જેમાં રાત દિવસ નિવૃત ; જેવું જણાતુંજ નહીં મહારાજશ્રીની મનોવૃત્તિ વૈરાગ્ય વાળી હોવાના કારણે એમને આ પરિસ્થિતિ એક જાતનો ઉપદ્રવ જણાયો. પરંતુ થાય શું? બાવાજી એમને કોઇપણ રીતે છુટા કરે તેમ નહતું. એટલે ભાનુશાલી જાદવજી રતનશી પાસેથી રૂપીયા દશ લઈ શાં. ૧૯૭૦માં શ્રી ઇશ્વર આશ્રમ વાંઢાય આવ્યા. તે વેળા પુજ્ય બાવા વિહારી સાહેબની ગાદીએ મહંત તરીકે શ્રી લાલરામજી મહારાજ હતા. અને તેમના પટ્ટ શિષ્ય તરીકે શ્રી કેશવદાસજી હતા જેઓશ્રીનું શરીર ઝાલા રાજપુતનુ હતું મૂળ વતન તાવીના ગરાશીયા હતા, શિવાય અન્ય સાધુઓમાં કેશવરામજી યુગલદાસજી, તેમજ બાપુ શ્રી રામદાસજી, દયારામજી અને તેમના શિષ્ય વિઠલદાસજી વગેરે સંત મંડળ ઇશ્વર આશ્રમમાં રહેતું. અને પોતપોતાને સોંપાયેલી સેવા કરતા હતા, ઇશ્વરસાગર તળાવ કાંઠે સુંદર આશ્રમ અને પર્વત ની હારમાળા. ભજન માટે એકાંત સ્થાન જોઈ મહારાજશ્રી

ની વૃતિ સંતોષ પામી. અને શ્રી લાલરામજીના ચરણુમાં રહેવાની પોતાની ઈચ્છા દર્શાવી. પરંતુ અમારી ગુરૂગાદીના મહંત બાવાશ્રી પૂરણરામજીના આપ શિષ્ય છો. માટે અમારાથી તેમની પરવાનગી વગર આપને રાખી શકાય નહીં. એમ કહી લાલરામજી એના પાટી શ્રી લાલરામજીના આ વચન સાંભળી સાધુસંતોએ તેમને કહ્યું કે એમાં કાંઈ હરકત જેવું નથી. આવા જિજ્ઞાસુ સરળ સેવાભાવી સંત હૃદયનો માણસ શરણે આવ્યોછે તો ના શા માટે પાડોછો? સાધુ સંતના વચન સાંભળી શ્રી લાલરામજીએ રહેવા માટે હા પાડી. આથી મહારાજશ્રીને પરમ સંતોષ થયો.

આ તરફ બાવાજીએ મુંબઈમાં ખુબ તપાસ કરાવી છેવટે ખબર મળ્યા કે ઓધવરામજી વાંઢાય છે. મહારાજશ્રી ઉપર બાવાજીને ઘણોજ પ્રેમ હતો એટલે એમને બહુ આઘાત લાગ્યો તુરતજ મુંબઈ થી પોતે ઇશ્વર આશ્રમ વાંઢાય પધાર્યા. બાવાજીનું હૃદય બહુજ પ્રેમાળ હોવાના કારણે થયેલ વાત ભૂલે તેમ ન હતા. બાવોજી નાહી રહ્યા બાદ તેમના વસ્ત્ર ધોવા માટે ઉદ્ધવરામજી તેમની પાસે ગયા એટલે ચાવેશમા આવી, બાબાજી એ પાદપ્રહાર મહારાજશ્રી ઉપર કર્યો. અને કહ્યું કે હે જડ તે મને બહુ હેરાન કર્યો. મારી આજ્ઞા વિના અહીં સુધી આવ્યો. મહારાજશ્રીએ તો કેવળ શાંતિથી ચરણમાં પડી એટલુજ કહ્યું કે હું આપનોજ છું અને આ આશ્રમ પણ કૃપાળુ ગુરૂદેવ આપનોજ છે. આવા કોમળ વચને બાવાજીની આખમાં પાણી ભરાઇ આવ્યાં મસ્તક ઉપર હાથ મૂકી અને કહ્યું કે હે પુત્ર તારૂં કલ્યાણ થાવ. મારી સેવા તને અવશ્ય ફળશે. તેમ વાંઢાય અને હમલા કાંય જુદા નથી એકજ છે. એમ કહી બાવોજી હમલા પધાર્યા. **'नहि स्थान मह दिश्य प्रवृत्ति श्चेतना सताम् ॥**

"સ્થાન અથવા કાર્યનું લક્ષબિંદુ સાધ્યા વિના બુદ્ધિમાન

પુરૂષો કોઈ કાર્યમાં પ્રવૃતિ કરતા નથી" એ કથન અનુસાર મહારાજશ્રીનું લક્ષબિંદુ હવે પરિપૂર્ણ થયું. જાણી તેઓશ્રીએ મહારાજશ્રી લાલરામજી પાસેથી સાધુપદની દિક્ષા લેવા વિચાર જણાવ્યો. સંતમંડળની સંમતિથી શ્રી લાલરામજીએ પોતાના શિષ્ય બનાવ્યા. અને "ઇશ્વરરામ" એવું નામાભિધાન આપ્યું. તેમના તિવ્ર વૈરાગ્યના કારણે મહારાજશ્રી લાલરામજીએ તેમને પ્રથમ વૈરાગ્ય સતકનુ જ્ઞાન આપ્યું. પરંતુ કહેવત છે કે:- પૂણ્યશાળી જીવોને પૂર્વભવની ભણેલી વિદ્યાઓ પોતાની મેળે આવડી જાય છે. તેવીરીતે ટુંક સમયમાં અભ્યાસ પરિપૂર્ણ કરી લીધો. અને આ બાજુ મહારાજશ્રી લાલરામજીનો શરિર છુટવાનો સમય પણ નજીક આવતો જણાયો. એટલે તેમની શીતળ છાયામાં મહારાજશ્રી આનંદ કરતા હતા. તે ગુરૂદેવ શેષ પ્રારબ્ધ ભોગવી શાંત શય્યામાં પોઢવાના છે. એવું જાણી મહારાજશ્રી બહુ દિલગિર થવા લાગ્યા. એટલે શ્રી લાલરામજીએ પોતાની પાસે બોલાવી શાંતવચનો કહયાં. કે હે વત્સ! એ રસ્તો તો દરેક દેહધારી માટે વિધિએ નિર્માણ કરી મુકયો છે. પરંતુ સતગુરૂ બ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી ઇશ્વરરામજીએ મને આપેલ રહસ્ય આજ દિવસ સુધી કોઇ અધિકારી ન જણાંતાં મેં મારી પાસે રાખેલ છે. તે તને યોગ્ય જાણી સમજાવું છું.. માટે અવકાશ મળ્યે સિદ્ધ કરી લેજે. અને વૃદ્ધ રામદાસજી તને સોંપું છું, તેની ગુરૂ જાણી તનમનથી ખુબ સેવા કરજે. સિવાય જો બની શકે તો જે જ્ઞાતિમા આ શરિરનો જન્મ થયો છે. એ કડવા પાટીદાર સમાજ ને સત્ય સનાતન ધર્મ ના માર્ગે વાળજે. એમ કહી પોતાનો પંચભૌતિક દેહ સવંત ૧૯૭૧ ના મહા વદ રના દિવસે મહારાજશ્રી લાલરામજીએ મુકયો એટલેકે કૈવલ્ય પામ્યા

ઉપદેશક ઉદ્ધવરામજી

મહારાજશ્રી લાલરામજીનું શરીર નિવૃત્ત થયા બાદ આશ્રમને વ્યવહાર સાધુ દયારામજીને સોંપી મહારાજશ્રી બાપુ રામદાસજી તથા શ્રી કેશવદાસજીને સાથે લઈ ભાવિકોને સત સંગનો લાભ આપવા પ્રથમ રેહા પધાર્યાં. ત્યાં ઘણો વખત ગોકાઇ ભાવિકોને ખુબ સતસંગનો લાભ આપ્યો. મહારાજશ્રી ભજન કિર્તન વગેરે ગાતા તે કેવળ કંઠથી નહિં પરંતુ હૃદયથી ગાતા હતા. એટલે દરેકના હૃદય ઉપર તુરત અસર થતી. આ અસરના કારણે રેહામાં એક ભાવિક ભકત એમના શિષ્ય બનવા તૈયાર થયા. તેમના કુટુંબીઓની સંમતિથી તેમને સાથે લઇ ત્યાંથી કુકમા પધાર્યાં. અને કુકમાના નિવાસકાળ દરમ્યાન કોટડી મહાદેવ પુરીના ભકતોની ઇચ્છાથી ત્યાં જવાનું થયું કોટડી મહાદેવપુરીમાં રેહાના ભાવિક ભકતને મહારાજશ્રીએ વિધિ સરની દિક્ષા આપી. "અચલદાસજી" એવું નામ આપ્યું.

કોટડી અમુક સમય રોકાઈ, ત્યાંથી સેવકોના ગામોમાં ફરતાં ફરતાં મહારાજશ્રી જખૌ પધાર્યાં. અને ત્યાંના શાસ્ત્રી શ્રી રઘુનાથ મુલજી શર્માની પાસે મહારાજશ્રીએ "પાણિની વ્યાકરણ" "કાવ્ય કોશ" આદિનો અભ્યાસ કર્યો સંસારમાં શબ્દરૂપ શાસ્ત્રો અનંત છે અને મનુષ્ય આયુષ્ય બહુજ ટુકું છે વળી તેમાં વિઘ્નો ઘણાં છે માટે હંસ જેમ એકઠાં કરેલાં દુધપાણીમાથી કેવળ દુધનેજ ગૃહણ કરે છે. તેમ મહારાજશ્રીએ તેમાંથી સાર ગૃહણ કરી લીધો. એમની ધારણા શકિત અજબ હતી. અને એવા મહા પુરૂષો માટે અન્ય સાધનોતો નિમિત્ત માત્રજ ગણાય મહારાજશ્રી જખૌ અભ્યાસ કરતા. તે વખતે શ્રી કેશવદાશજી સતસંગનો લાભ આપવા વિચરતા હતા. એક વખતે તેઓશ્રીનું (કચ્છ) કેરા

પ્રચારવું થયું. અને ત્યાંના સતસંગીઓને સારો એવો ભજનનો લાભ આપ્યો. એટલે ત્યાંના સતસંગીઓએ શ્રી શિવદાસજીને ત્યાં જે ખોજા ઇસ્માઈલ ભકત થઈ ગયા તેમની જે જગ્યા છે, તે સોંપી અને એક શિવાલય પણ શ્રી કેસવદાસજી એ ત્યાં બાંધ્યુ શ્રી ઈસ્માઇલ ભકત હિંદુ મુસ્લીમના ભેદથી ન્યારા ભકતરાજ હતા. એમની સંતસેવા અજોડ હતી. આજે પણ કેરાના દ્વારામા એમના ચરણ–પગલાં અને પાન મુર્તિ જોવામાં આવેછે.

આ બાજુ મહારાજશ્રી શાસ્ત્રીજી પાસેથી અભ્યાસ પૂર્ણ કરી મુંબઇ પધાર્યા. પણ તાવના અતિશય ઉપદ્રવના કારણે ત્યાં-થી નાશીક ગયા. અને ત્યાં શ્રી જ્ઞાનાનંદજી ના મઠમાં રહેવાનું રાખ્યું. પરંતુ ત્યાં પણ ખરાબ હવામાન ના કારણે કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યા. મહારાજશ્રીની તબિયત પણ કાંઇક બગડી, એટલે તુરતજ કચ્છ રોહા પધાર્યા. અને ઠક્કર ખીમજી કાનજી ને ત્યાં ઉતર્યાં. આ વખતે આખા દેશમાં સર્વ સ્થળે રોગ ચાળો હતો. ઘણાં માણસોના મરણ થતાં હતાં, ત્યાં તો વળતા દિવસે મહારાજશ્રી ઉપર એક પત્ર આવ્યો અને તે પત્ર માતુશ્રી ચાગબાઇનો હતો. જેમાં મહારાજશ્રીના મોટાભાઈ ભાણજીના સ્વર્ગ–વાસના સમાચાર હતા. પોતાના આધારભૂત માનેલા પુત્રનુ મરણ એથી માતુશ્રી ચાગબાઈને દુઃખ થતું હશે. માટે મારે આશ્વાસન આપવા જવું જોઇએ. એમ ધારી ત્યાંથી જખૌ પધાર્યાં. માતુશ્રી ને જ્ઞાનામૃત નું પાન કરાવી શોકનિવૃત કરી પાછા વળતાં રસ્તા માં ભામપુર ગામમાં સાધુ વિઠ્ઠલદાસજી ને દર્શનનો લાભ આપી પોતાની સાથે લઈ પુનઃ ફરી રોહા પધાર્યાં.

મહારાજશ્રી કથાપ્રવચન કરતા અને શ્રી વિઠ્ઠલદાસજી રસોઇ બનાવતા, બાપુ રામદાસજી પ્રભુ ભજનમાં રહેતા. રોહાના નિવાસ કાળ દરમ્યાન મહારાજશ્રીને આંખોનો બહુજ દુખાવો થયો

એટલે તેમણે પરમગુરુ ઇશ્વરરામજીની માનતા લીધી કે, "હે ગુરુદેવ મારી આંખોના દુઃખાવો જો મટી જાય તો હું સાધુ વિઠ્ઠલદાસજી ને ગુરુદ્વારે પંગત આપવા માટે મોકલું" ખરેખર આ માનતા બાદ મહારાજશ્રીની આંખની પીડા ઓછી થઇ ગઇ એટલે સાધુ શ્રી વિઠ્ઠલદાસજી ને મહારાજશ્રીએ ઇશ્વર આશ્રમે મોકલ્યા જયારે વિઠ્ઠલદાસજી પંગત આપવા વાંઠાય આવ્યા. ત્યારે મંજલ વાળા શ્રી સાધ્વીમૈયાજી ઇશ્વરસાગરના તળાવનું ખાણેત્રાનું કામ કરાવતાં હતાં. એ દયાની દેવી અન્ય કોઇનું દુઃખ જો પોતે તેમાં ભાગ લેવા તત્પર થતાં. સંત સેવા એમનું ખાસ લક્ષ હતું એવાં સાધ્વી મૈયાજી ને વિઠ્ઠલદાસજી આવ્યા છે એમ સાંભળી આનંદ થયો, શ્રી વિઠ્ઠલદાસજીને મહારાજશ્રી અને સંત મંડળના દરેક સમાચાર મૈયાજીએ પૂછ્યા. હાલ શું પ્રવૃત્તિ ચાલે છે? વગેરે વગેરે પુછી છેવટે શ્રી વિઠ્ઠલદાસજી ને કહ્યું કે મહારાજ શ્રી ને મારાવતી આટલો સંદેસો અવશ્ય આપજો કે જેની મહદ કૃપાથી આપને ધારણા પ્રમાણે વિદ્યાની પ્રાપ્તિ થઈ છે. એ વિદ્યાનું ફળ શું છે? એનો અવશ્ય આપ જેવા જ્ઞાતા પુરૂષે વિચાર કરવો ઘટે છે. હું તો બહુ ભણી નથી. પણ એટલું તો ચોકકસ માનું છું. આપનો ગુરૂ દરબાર છે તે છતાં આપ જયાં ત્યાં રહો એ મને જરાય ઉચિત લાગતું નથી. પછી તો આપની ઇચ્છા, એક તો મૈયાજી નો આ કડક સંદેસો સાથો સાથ શ્રી દયાળદાસજી એ પણ એક પત્ર અતિશય આગ્રહ પૂર્વક નો લખ્યો હતો. શ્રી વિઠ્ઠલદાસજી એ રેહા આવી શ્રી મૈયાજી નો સંદેસો અને શ્રી દયાળદાસજી નો પત્ર મહારાજશ્રી ના કર કમળ માં અર્પણ કર્યો આ સઘળી વાતથી વાકેફ થઇ મહારાજશ્રી ને જણાયું કે, શ્રી ગુરુદેવ ની સેવા એજ વિદ્યાનું ખરૂં ફળ છે. અને ગુરૂદ્વારની ઉન્નતિ માંજ અમારૂં શ્રેય છે.

એટલે બાપુશ્રી રામદાસજીની ઇશ્વર આશ્રમમાં આવવાની

ઇચ્છા ન હતી. છતાં મહારાજશ્રીએ સમજાવી ને તેમને તૈયાર કર્યાં. સવંત ૧૯૭૫ ના વૈશાખ માસમાં બાવાશ્રી વિહારીદાસજી ના દેવ ધામમાં પાછા પધાર્યાં. મહારાજશ્રી જેટલો કાળ આશ્રમ મુકી વિચર્યાં, તે કાળ દરમ્યાન કચ્છમાં ગામડે ગામડે પ્રચાર કાર્ય બહુજ સરસ રીતે કર્યું.

સાધુવર્ય ઉદ્ધવરામજી

પૂજ્યપાદ મહારાજ શ્રી પરીભ્રમણ કરી આશ્રમમાં પધાર્યાં એ વખતે આશ્રમની પ્રાંતમાં ફક્ત કોરી ૨૮ (અઠયાવીશ) રોકડી સિવાય કાઇ પણ ન હતું. પરંતુ પૂજ્ય મહારાજશ્રીને દેવળ વાળા ઉપર સંપુર્ણ શ્રદ્ધા હતી. પોતાપાસે ૨૦૦ કોરી રોકડી હતી તેમાંથી જગ્યામાં દુરસ્ત કામ કરાવ્યું. પરંતુ વહીવટ ચલાવવા માટે શું કરવું? એવો વિચાર આવતાં તરતજ સદગુરૂ ઇશ્વરરામજી ની સમાધીએ ગયા એને ગદ્દ ગદ્દ કંઠે ગુરૂદેવની સ્તુતિ કરી:–

श्लोक

नमामि सद्‌गुरु शांत प्रत्यक्ष शिव रुपिणम् ।
शिरसा योग पीठस्थ मुक्तिका मार्थ सिद्धिदम् ॥

ગુરૂ મૂર્તિની સાંનિધ્યમાં મહારાજશ્રી ને ભાવસમાધિ લાગી ગઈ. અને તેજ દિવસે સાયંકાળે કહાથી કોરી ૨૬૦ મહારાજશ્રીને ભેટ આવી. આ પ્રસંગ ૧૯૭૬ ના અષાઢી બીજ નો હતો. આ પ્રસંગ બાદ મહારાજશ્રીને જણાયું કે આશ્રમનો સઘળો વ્યવહાર ચલાવનાર ગુરૂદેવ પોતેજ છે. આપણેતો કેવળ નિમિત્ત માત્રજ છીએ મહારાજશ્રી લાલરામજીનુ શુરીર શાંત થયા બાદ એમનો ભંડારો ઉત્સવ વિગેરે આજ દિવસ સુધિ કાંઇ

VSK: 18-Jun-1920

પણ બન્યુ નથી માટે એ ઋણ ઉતરવાની ફરજ સમજી સેવકોને ઉપદેસ આપી રૂપિયા નવસો એકત્ર કરી. શ્રીમદ્ ભાગવતની એ સપ્તાહ સાથે શ્રી લાલરામજી નો ઉત્સવ કર્યો,

મહંતશ્રી ઉદ્ધવરામજી

પોતાના ગુરૂદેવના ઉત્સવ નિમિતે સંત સમાજ અને ભાવિક ભકતો તેમજ સેવકોની હાજરી માં (કચ્છ) હમલાપુરીના મહંતશ્રીના હાથે તેમનો ચદર પછેડી ઓઢાડવામાં આવી અને બાંઢાય દારાના પાંચમા મહંત તરીકે મહારાજશ્રીનો અભિષેક કરવા માં આવ્યો, પોતાની ઈચ્છા ગાદીએ બેસવા બીલકુલ ન હોવા છતાં પણ સમાજના અતિ આગ્રહને વશ બની મહંત પદ સ્વીકારવું પડયું.

બાવા શ્રી વિહારી સાહેબની ગાદીએ બિરાજયા. બાદ શ્રી ગુરૂદેવની સેવા તેમજ આશ્રમ ચલાવવાનો સંપુર્ણ અધિકાર પોતાને પ્રાપ્ત થયો છે એમ સમજી બહુજ કાળજી પૂર્વક સુક્ષ્મ દ્રષ્ટિથી આશ્રમની સેવા કરી. તેમ મહારાજશ્રી ઈશ્વરરામજીના વચનો યાદ કરી વિચરવાનું બંધ કર્યું અને બહુજ અલ્પ સમયમાં ગુરૂ દરબારની પ્રતિષ્ઠા આખા કચ્છ પ્રાંતમાં મહારાજશ્રી એ ખુબ ફેલાવી.

મહારાજશ્રીની દિનચર્યા.

સવારના બ્રાહ્મ્ય મુહુર્તમાં સ્નાન સંધ્યા પૂજન ઈત્યાદિથી નિવૃત્ત થઈ આઠથી દસ સુધી આશ્રમના સંતોને શાસ્ત્રાભ્યાસ કરાવ્યા બાદ આશ્રમમાં ફરી ફરી જે કાંઈ ખામી જણાય તેની કાર્યકર્તાઓને યોગ્ય સૂચના આપતા. બપોરે ભોજન કાર્યથી

પરવારી એક કલાક આરામ અને ત્યારબાદ ત્રણ વાગ્યે કથા શ્રવણનો ઘંટ વાગે એટલે બહારથી આવેલ સેવકો સાથે આશ્રમ-વાસી મહાત્માઓ મહારાજશ્રીના મુખે કથાશ્રવણનો લાભ લેતા. શ્રીમદ્ ભાગવદ્ ગીતા. યોગવાશિષ્ઠ, પંચદશિ, વગેરે ગ્રંથોનું વિવરણ પોતાની મૃદુ ભાષામાં મહારાજશ્રી એવું કરતા કે એક જડમાં જડ જીવાત્મા સરળતાથી સમજી શકે. કથાપૂર્ણ થયા બાદ સર્વ સંતો બે ચાર ભજનો ગાઇ. પોતાને સોંપાયેલી સેવામાં લાગી જતા.

મહારાજશ્રીને વૈરાગ્ય વૃત્તિ હોવાના કારણે સાયંકાળના સમયે જંગલમાં ફરવા જવાનું એમને બહુ પ્રિય હતું. સંધ્યા સમય આશ્રમમાં પધારી, સર્વ સંતોની સાથે સંધ્યા આરતિ બાદ શ્રી ગુરૂદેવની પ્રાર્થના કરતા. એ પ્રાર્થના આ પુસ્તકની શરૂઆતમાંજ આપી છે. અને દેવા સંપ્રાદાયની દરેક જગ્યાઓમાં સાયંકાળે આ સંધ્યાપાઠ બોલવાનો રિવાજ છે.

યોગી ઉદ્ધવરામજી

દેહમાં રહેલી સર્વ ઈન્દ્રીઓના વિષે જ્યારે પ્રકાશ એટલે કે ઇન્દ્રીઓ પોત પોતાના વિષયોને યથાર્થ ગ્રહણ કરે એવી સ્થિતિ જણાય ત્યારે પોતાના શરીરમાં સત્વ ગુણની વૃદ્ધિ થયેલી જાણવી યોગ શાસ્ત્રના નિયમ પ્રમાણે જ્યારે મહારાજશ્રીને એવી સ્થિતિનું ભાન થતું ત્યારે પોતે એકાંતમાં સમાધિ સાધતા. અને બ્રહ્માનંદ નો આનંદ અનુભવતા. એક વખતે સાયંકાળે ફરીને આશ્રમમાં પધાર્યાં કે તુરત પોતાની બેઠકના રૂમમાં જઇ ભાવ સમાધિમાં બેસી ગયા. ઓરડાનું દ્વાર બંધ કરેલ હતું. આશ્રમવાસીઓ સંધ્યાપાઠ ઇત્યાદિમાંથી નિવૃત થયા પરંતુ મહારાજશ્રી ફરવા ગયા છે તે હજી આશ્રમમાં આવ્યા નથી એમજ દરેકને ખ્યાલ હતો.

સમય થયે હરિહરનો સાદ પડયો મહારાજશ્રીની વૃત્તિ વ્યુત્થાન ન પામી. કારણ કે તેઓ નિર્વિકલ્પ સમાધિમાં હતા. પરંતુ ગણો સમય વ્યતિત થયો એટલે સંતોએ તપાસ કરવા માંડી. તો જણાયું કે મહારાજશ્રી પોતાના રૂમમાં છે આશ્રમ વાસીઓએ વિચાર્યું કે આરામ કરતા હશે, કદાચ શરીર પ્રકૃતિ સારી નહિ હોય. માટે આરામ કરવા દો. ત્યાં તો બરાબર દશના ટકોરે વૃતિઓ ઉપરામ પામીને પોતે અંદરથી બોલ્યા. કેમ સંતો હરિહરનો સાદ પાડો કોની રાહ જુઓ છો ? ત્યાં તેઓશ્રીની નજર ઘડીયાળ ઉપર પડી: અરે આજતો બહુ સમય લાગી ગયો ઠીક આપ સર્વેએ પ્રસાદ લીધો કે કેમ ? જવાબમા સાધુઓ બોલ્યા કે આપની ખુબ રાહ જોઈ છેવટે અમોએ પ્રસાદ લઈ લીધો છે. થયેલ અવિવેકની ક્ષમા.

આવા યોગી પુરૂષ કદાચ પ્રવૃતિ માર્ગના જણાય તો પણ જળકમળવત્ ન્યાયે એમને એ પ્રવૃતિ બંધન કર્તા ન હોય અને છેવટે જ્યારે ધારે ત્યારે નિવૃત્તિ લઈ શકે છે એ વાત નિઃશંશય છે પ્રવૃતિનું પ્રારબ્ધ ઉદય પામે તો યોગીઓ એ પ્રારબ્ધ સાવધાનતા પૂર્વક ભોગવી અને આસાનીથી મુક્ત બની શકે છે.

ઉદાર ઉદ્ધવરામજી

શ્લોક

धर्मे तत्परता मुखे मधुरता दाने समु त्साहिता ।
मित्रे ऽवंचकता गुरौ विनयता चितेच्ति गंभिरता
आचारे सूचिता, गुणे रसिकता शास्त्रोति विज्ञानिता
रुपे सुंदरता हरौ भजनिता संतस्त्रेव सदस्यति ॥

પૂજ્ય મહારાજશ્રીમાં ઉપરોક્ત ગુણો સ્વાભાવિક હતા. જેથી તેઓશ્રીની ખ્યાતિ એટલી બધી વધી પડી કે ન પુછો વાત

" **सर्व जनः प्रियत्वं** " દરેકને પ્રિય લાગે એવું સાદુ જીવન ઉદારતા તો જેના દિલમાં ઠાંસી ઠાંસીને ભરેલી, જે કાંઇ આવે તે યોગ્ય માર્ગે વાપરી નાખવુ સાધુ સંતો ઉપર અનહદ લાગણી, અન્ન વસ્ત્રને જરૂર પડયે ધનની સહાયતા કરવામાં પાછું વાળીને ન જોવું એવો સ્વભાવ: આશ્રમમાં આવેલ આનંદ પામીને જાય એમાં પોતાનો પરમ આનંદ માનતા.

ઉપરોકત ગુણોને લઇ એમની પાસે સેવકો તરફથી પૈસો પણ સારો આવતો પરંતુ એ ઉદાર આત્મા પાસે ધનનો સંગ્રહ ક્યાંથી થાય ! જે કાંઇ આવે તે સાધુ સંતની પંગત પાછળ આશ્રમના મકાનો પાછળ. સાધુ ઉપર અતિશય પ્રેમના કારણે ચાહી ચાહીને નાના મોટા ઉત્સવો ઉભા કરી એ બહાને સંતોને બોલાવી ભેટપૂજા, પંગત ઇત્યાદીથી સેવા કરતા. ગરીબોને ગુપ્ત રીતે છાની સેવા કરવામાં પણ ચૂકતા નહિ. આશ્રમનો વ્યવહાર ચલાવતાં અને ઉપર મુજબ ગણત્રી બહારનો ખર્ચ કરતાં પણ જો પૈસો વધી પડે તો યજ્ઞ યજ્ઞાદિ કરી નાંખતા. એ બાબતમાં કચ્છના દરેક સેવકો જાણીતા છે. માટે વધારે શું લખવાનું હોય?

બ્રહ્મનિષ્ઠ પુરૂષો પોતાના સ્વરૂપના અનુસંધાનમાં જેમ જેમ આગળ વધતા જાય તેમ તેમ એમનામાં સિધ્ધિઓ સ્વયં આવતી જાય એવી રીતે મહારાજશ્રીમાં સંકલ્પ સિદ્ધિ બહુજ સારી હતી જે સર્વ કોઇને વિદિત છે. એક વખતે કોઇના મુખે એવું સાંભળેલ કે સાધુને પૈસા આપી નકામાં બગાડે છે પરંતુ સમાજ સેવા, લોક હિતાર્થે આપવા પડે તો કોઇ એક પાઇ પણ આપતું નથી, જ્યારે સાધુઓ સમાજના એ પૈસાથી માલ મલીદા ઉડાવે, યજ્ઞ ઇત્યાદિ કરી મણોના મોઢે ઘી અગ્નીમાં નાખી દયે છે એમાં સમાજનું શું ભલું થવાનું છે?

આ શબ્દો પૂજ્ય મહારાજશ્રીના સાંભળવામાં આવ્યાં કે

તુરત સંકલ્પ કર્યો અને તે એવો કે આપણે કોઈને કહેવું નથી પરંતુ કરી બતાવવું છે કે સાધુઓ સમાજની જે સેવા કરશે તે સેવા સંસારીઓથી કોઈ કાળે બનવાની નથી. કારણ કે સાધુઓની પાછળ પરમાત્મા છે જ્યારે સંસારીની પાછળ છોકરાં છૈયાં છે એના ભરણ પોષણનું રાખી ત્યારબાદ પરમાર્થમાં પગ મુકી શકે ત્યારે સાધુઓને એવી કોઈ ઉપાધી ન હોય. છેવટે ભીડ પડયે વસ્તી ચેતાવીને શેર લોટથી પેટ ભરી લેશે સાચી સેવા સાધુ સિવાય કોઈ પણ નહિ કરી શકે. ભારત વર્ષનું સુકાન સાચા સાધુઓના હાથમાં આવશે ત્યારેજ સાચી સેવા અને શાંતિનો અનુભવ થશે. સેવા ધર્મના માટે અમરયોગીન્દ્ર મહારાજ ભર્તુહરિએ કહેલ છે કે:–

શ્લોક

मौनान्मूक प्रवचन पटुर्वातुलो जल्पकोवा ।
धृष्ट: पार्श्वे वसतिच्च सदा दुरतस्य प्रगल्भः ॥
क्षान्त्या भीरुर्या दिनं सहते प्रावसो नाभी जात ।
सेवा धर्मः परमगहनो योगीना मप्य गम्यः ॥

આપણી વાતતો મહારાજશ્રીની સંકલ્પ સિદ્ધિની ચાલે છે. એ સંકલ્પના બળે પરિણામે શ્રી ઈશ્વરરામજી ગુરૂકુળ, ઈશ્વરરામજી અંધશાળા અને કચ્છી લાલ રામેશ્વરાશ્રમ ઉદ્ભવ્યા એ વાત આપણે આગળ ઉપર જાણશું. યોગી પુરૂષો આગળ સર્વ સિધ્ધિઓ હાથ જોડીને ખડી રહે છે. પરંતુ એમાં એવા પુરૂષોને મોહ થતો નથી.

આપણા ચારિત્ર નાયક મહારાજશ્રી ઉદ્ધવરામજીને એક વખત એવો વિચાર આવ્યો કે "**यज्ञौ वै विष्णु**" માટે આપણે એક યજ્ઞ અવશ્ય કરવો છે. યજ્ઞ એ વેદ ધર્મનું મુખ્ય અંગ છે

VSAK: Between 16 to 30-Mar-1934

માટે આપણે લોક કલ્યાણના માટે કામના રહિત થઈ યજ્ઞ કાર્ય કરી આશ્રમની પ્રવૃત્તિથી મુક્ત થવું છે. નિવૃત્ત સિવાય ખરી શાંતિ નહિ મળે. એટલે સંવત ૧૯૯૦ના ચૈત્ર માસના શુક્લ પક્ષમાં જ્ઞાતા વિદ્વાનોને બોલાવી આચાર્ય પદે (કચ્છ) નાના-આસંબિયાના પંડિત શ્રી પ્રેમજી દામજીને નિયુક્ત કર્યા અને યજ્ઞનું કાર્ય શરૂ કર્યું જેમાં દેશ પરદેશના સાધુ સંતો, ભાવિક ભક્તો, સેવકો વગેરેની મોટી સંખ્યામાં હાજરી હતી. આવો મોટો માનવ મેરામણ નિહાળી મહારાજશ્રીના હૃદયમાં આનંદ સમાતો ન હતો. તેમ આવનાર વ્યક્તિઓને પણ ત્યાંની વ્યવસ્થા જોઈ તેમ સંત મહાત્માઓના દર્શનથી આનંદ થતો હતો.

આ સમારંભમાં (કચ્છ) હમલાપુરીના મહંત બાવાશ્રી મંગલરામજી પધાર્યા હતા. તેમની આગળ મહારાજશ્રીએ પોતાને આશ્રમના બોજામાંથી નિવૃત થવું છે એમ ઈચ્છા દર્શાવી એટલે બાવાશ્રી મંગલરામજીએ કહ્યું કે આપને નિવૃત થવું હોય તો આપ કહો તેને ઉત્તરાધિકારી તરીકેની ચદર પહેડી આપી દઈએ એટલે સાધુ જાનકીદાસને ઉપ મહંત પદની ચદર ઓઢાડવામાં આવી. ત્યાર બાદ યજ્ઞ કાર્યમાં આવેલ બ્રાહ્મણો, સાધુ સંતોને યથાયોગ ભેટ સેવા કરી. અન્ન વસ્ત્રાદિક આપી યજ્ઞની સમાપ્તિ કરી. શ્રી વિષ્ણુ યજ્ઞનો કુલ ખર્ચ એ વખતે મહારાજશ્રીને કોરી નેવું હજારનો થયેલ હતો. પૂજ્ય મહારાજશ્રીને વ્યસનમાં કેવળ "**विद्या व्यस्नम**" વિદ્યા સિવાય વ્યસન નહિ. જ્યારે જાનકીદાસને ચા બીડી ઈત્યાદિના વ્યસનો હતાં અને તે મુકાવવા મહારાજશ્રીએ પોતાથી બનતી સઘળી કોશિષ કરી પરંતુ પરિણામે શૂન્ય આવ્યું. એથી મહારાજશ્રીએ જાનકીદાસને સાધુ પદ અથવા આશ્રમના વહીવટ કર્તા તરીકે અમાન્ય કરી રજા આપી. અને વહીવટ સાધુશ્રી વિઠ્ઠલદાસજીને સોંપી પોતે ચાલીશ દિવસ સુધી અંશપ્રજ્ઞાત

સમાધિમાં બેઠા. તેઓશ્રીની સેવા સાધુ રતનદાસજી કરતા. આ બાબતની જાણ મંજલવાળા શ્રી સાધ્વી મૈયાજીને થતાં તેમણે પણ પોતાના આશ્રમનો સઘળો વ્યવહાર શ્રી સેજબાઇબેનને સોંપી એ આનંદ સેવા વાંઢાય પધાર્યા. પૂજ્ય મહારાજશ્રીનો ચાલિશ દિવસનો પ્રયોગ પૂર્ણ થતાં તેજ દિવસે (કચ્છ) માધાપર ના પરોપકારી દાનવીર શ્રી મનજીભાઇ જેરામ નારાયણ સગેવરના યાત્રાળી સંઘ સહિત શ્રી ઈશ્વરરામજી મહારાજ તેમજ મહારાજશ્રી ના દર્શનાર્થે વાંઢાય આવ્યા.

લોક. સેવક ઉદ્ધવરામજી

ત્યાર બાદ સમયનું પરિવર્તન થએલ જાણી કેટલાક આધુનિક સુધારકો મહારાજશ્રીને કહેવા લાગ્યા કે આપ જેવા મહા પુરૂષે જનકલ્યાણ માટે આધુનિક ઢબથી કાંઈક પ્રવૃતિ કરવી ઘટે. જેમાં સમાજનું હિત સમાયેલું હોય તેવી. આ વાત મહારાજ શ્રીને પણ ઠીક લાગી. મંજલના શ્રીમાન શેઠ કલ્યાણજી વિઠલદાસ તથા શ્રીમાન અતર્ભૂજ વિઠલદાસ જસાણી પણ જ્યારે અવકાશ મળે ત્યારે આ વાતની રજુઆત મહારાજશ્રી આગળ કરતા. અને બન્ને ભાઇઓએ એવી સંસ્થા માટે રૂપિઆ એક લાખની રકમ પણ જુદી કાઢી રાખી હતી. પરંતુ એ કામમાં મહારાજશ્રી નો સાથ સહકાર ઈચ્છતા હોય. પ્રથમ તેણે ભાવનગર દક્ષિણા મૂર્તિની સંસ્થા બતાવી. ત્યારબાદ મંજલ આવી મહારાજશ્રીએ ઈશ્વર આશ્રમ નીચેની એક વાડી અઘાટ વેચાણ સહરહુ સંસ્થા માટે અપાવી સંસ્થાનું બાંધકામ મહારાજશ્રીની દેખરેખ નીચે શરૂ કરાવ્યું પરંતુ કેટલીક બાબતોમાં સહનવાડીના ઉત્પાદકો અને મહારાજશ્રી વચ્ચે મતભેદ થતાં એમાં એમને સંતોષ મળ્યો નહિ

કચ્છ દેશના ગરીબ નિરાધાર. અંધ અપંગ અને અન્ય

પણ સનાતન ધર્મનું અને સાથે સાથે વ્યવહારનું પણ યોગ્ય જ્ઞાન મેળવી શકે તો ઠીક. એવી ભાવના મહારાજશ્રીને વિકસી "**स्वकार्यां दधि कोयत्नः परकार्यो महीयसाम् ।**" મહા પુરૂષો પોતાના કાર્ય કરતાં પણ બીજાનું કાર્ય કરવામાં વધારે પ્રયત્ન કરે છે. પરંતુ એમાં અનુમોદનની જરૂર ખરી. એવું અનુમોદન મહારાજશ્રીને ટુંક સમયમાં મળી ગયું તે વખતે ગુજરાતમાં આવેલ સુપા ગુરૂકુળના વાર્ષિક ઉત્સવ પર શ્રી માંડણભાઇ ભાણજીનું જવાનું હતું તેથી તેમના ભત્રીજા પ્રાગજીભાઈ મહારાજશ્રીના દર્શનાર્થે વાંઢાય આવ્યા હતા. તેમની સાથે ગુરૂકુળ જોવા માટે મહારાજશ્રીએ સ્વાભાવિક ઈચ્છા દર્શાવી. એટલે પ્રાગજીભાઇએ એ ઇચ્છાને સહર્ષ વધાવી લીધી અને મહારાજશ્રી સુપા પધાર્યા અને ત્યાંની વ્યવસ્થા અને ગુરૂકુળ જોઈ તેઓશ્રીને પરમ સંતોષ થયો તરતજ નિશ્ચય કર્યો કે કચ્છમાં આવું ગુરૂકુળ કેમ ન થાય ? એ જાતનો એકજ જાતનો વિચાર તેઓશ્રીના મનમાં ઘોળાયા કરતો કચ્છના વિદ્યાર્થીઓ અને બ્રહ્મચારીઓને વૈદિક સાથે વ્યવહારિક શિક્ષણની આદર્શ સંસ્થા સ્થાપીનેજ જંપવાની એજ વખતે મનથી પ્રતિજ્ઞા લીધી. અને ત્યાંથી સીધા મુંબઇ પધાર્યા ત્યાંના સેવકો આગળ આ હકીકત રજુ કરી સર્વની સંમતિ સાથે સારો એવો યોગ્ય ફાળો મળ્યો. ત્યાંથી આવી કુકમાના ભાવિકોને પણ એ ઈચ્છા જણાવી એટલે તેઓએ પણ સારી સેવા બજાવી ત્યારબાદ માધાપુર પધારી શ્રી મનજીભાઇ જેરામ તથા શ્રીમાન વાલજીભાઇ ભીમજીએ ગુરૂકુળ માટે ઘણોજ સુંદર ફાળો આપ્યો. માધાપુરથી નાગોર પધારી ત્યાંના રાવબહાદુર જગમાલભાઈ રાજા તેમ અન્ય ગૃહસ્થો તરફથી ઘણો સારો ફાળો થયો નાગોરથી હાજાપર આવી શ્રીમાન હીરજી વિશ્રામ તથા શ્રી નાનજી ગોવીંદે પણ સારી એવી સેવા ગુરૂકુળ માટે કરી. હાજાપરથી રેહા પધાર્યા સૌ કોઇએ પોતપોતાની શકિત અનુસાર

સેવા અર્પણ કરી કોણે કેટલું આપ્યું આ બધું વિગતવાર જોવું હોય તો શ્રી ઈશ્વરરામજી ગુરૂકુળના વાર્ષિક રીપોર્ટમા જણાવેલું છે માટે ત્યાં જોઇ લેવું.

Ishwarramji Gurukul Foundation Date VSAK: 24-Apr-1936

સંવત ૧૯૯૨ના વૈસાખ માસની અક્ષય તૃતયાના દિવસે શ્રી ઈશ્વરરામજી ગુરૂકુળનું ખાત મૂહુર્ત થયું હતુ આ બાજુ ગુરૂકુળના મકાનોનું કામ ચાલુ હતું મહારાજશ્રી એ પ્રવૃત્તિમાંજ ઓતપ્રોત હતા ત્યાં "**श्रेयसी बहु विघ्नानि**" જેવો પ્રસંગ ઉપસ્થિત થયો. પદભ્રષ્ટ કરેલ સાધુ જાનકીદાસજીએ શ્રી હજુરમાં એક અરજી કરી. કે :મહારાજશ્રી ઈશ્વર આશ્રમની સઘળી મિલ્કત ગુરૂકુળ માટે વેડફી નાખે છે. માટે યોગ્ય બંદોબસ્ત થવો જોઇએ એટલે શ્રી હજુર ફરમાનથી તજવીજદાર લાલજીભાઈ આશ્રમને સીલ કરવા વાંદાય આવ્યા અને હકીકતથી વાકેફ કરી જણાવ્યું કે, શ્રી હજુર ફરમાનથી આપના આ આશ્રમને સીલ કરવું છે. મહારાજશ્રી તો આ સાંભળી ખૂબ ખુશી થયા અને સર્વ સંતોને કહ્યું કે:- ચાલો ગુરૂ મહારાજે સારામાં સારી તક, ઉપાધિથી મુકત થવા માટે આપી છે. માટે હવે તો
" **करतल भिक्षा तरू तलवास भज गोविंदम मुढ मते** "
માટે આપણે કોઈ વૃક્ષ નીચે બેસી નિરાંતે પ્રભુ ભજન કરીશું આંશ્રમ જાણે અને ધજાવાળો સમર્થ ધણી જાણે એની ઉપાધી આપણે શા માટે કરવી? ત્યારબાદ તજવીજદાર લાલજીભાઈએ આશ્રમનો સઘળો વહીવટ ખૂબ બારીકીથી તપાસ્યો તો મહારાજશ્રીની સત્યતા જણાઇ આવી. અને મહાત્મા બીલકુલ નિર્દોષ છે. એમ જાહેર થયું. આ ખટપટ તો એમના શિષ્ય જેમને સ્વાર્થ છે તેવાઓએજ ઉભી કરી છે. એમ માની મહારાજશ્રીની ક્ષમા યાચી ત્યાંથી ચાલ્યા ગયા.

ત્યારબાદ ઈશ્વરરામજી ગુરૂકુળના મકાનો જેનું કામ પૂર્ણ

School for blind Opening: VSAK: 15-Feb 1937

થવાથી કચ્છના નાયબ દિવાન રા. રા. જટુરામ પુરશોતમ ભટના હાથે ઉદ્ઘાટન વિધિ સવંત ૧૯૯૩ના વસંત પંચમીના દિવસે થઈ અને "ઈશ્વરરામજી અંધ શાળા"ની ઉદ્ઘાટન વિધિ કચ્છના ચીફ મેડીકલ ઓફીસર રા. રા. જાદવજીભાઈ બુધ્ધભટ્ટીના હાથથી કરાવી ગુરૂકુળ માટે એક વર્ષમાં જોઈતા ઠામ વાસણ ગાદલાં ગોદડાં વગેરે સામગ્રી મહારાજશ્રીએ પૂર્ણ કરી આપી. ત્યારબાદ મુંબઈ ના સેવકો તરફથી ગુરૂકુળમાં નિવાસગૃહ, પરિવારગૃહ ભોજનશાળા દવાખાનું, વ્યાયામશાળા, અતિથિગૃહ વગેરેના મકાનો તૈયાર થઈ ગયાં

VSAK: 04-

૧૯૯૪ના મહા સુદી પંચમીના દિવસે સંસ્થાના વાર્ષિક મહોત્સવ પ્રસંગે દાતાઓ તરફથી રૂપિઆ તેર હજાર એક ભવ્ય વિદ્યાલય બાંધવા માટે મળ્યા તદઉપરાંત જ્યાં જ્યાં પોતાનું વિચરવાનું થતું ત્યાં પણ ગુરૂકુળ માટે ઉપદેશ આપી યોગ્ય મદદ મેળવી લાવતા આવી રીતે તનતોડ પ્રયત્ને પોતાનો સંકલ્પ એ મહાપુરૂષે સિધ્ધ કરી બતાવ્યો.

ત્યાં સંવત ૧૯૯૬ની સાલનો કચ્છમાં દુષ્કાળ પડયો એટલે વળી એ દયાળુ પુરૂષે ગરીબોની અને ઢોરોની પાયમાલી જોઈને છુટ હાથે મદદ આપવા માંડી જેમ જેમ મદદ મળતી તેમ તેમ ગરીબો વિશેષ આવવા લાગ્યા. તે એટલે હદ સુધી કે છેવટે મહારાજશ્રીને કંટાળો રૂપ થઈ પડયું કારણ કે સમયને અનુસરી સેવકોમાં ફરવાનું બંધ કર્યું હતું. તેમ ઉદાર સ્વભાવના કારણે આશ્રમની આવક પુરી થતી નહિ. છતાં પણ ઉપરોક્ત વ્યવહાર ચલાવવો એ જેવા તેવાનું ગજું નહિ એ વાત તો ચોકક્સ છે.

બ્રહ્મનિષ્ઠ ઉદ્ધવરામજી

न सिंहस्य सखा युधे ।સિંહને યુધ્ધમાં બીજા કોઈ મદદગારની જરૂર નથી. આનંદ બે પ્રકારના છે. એક પરિણામે આનંદ પામનાર અને બીજો તત્કાળ આનંદ આપનાર એ પદાર્થ માણસને પ્રાપ્ત થાય છે. સમજુ પુરૂષ એ બંન્નેનો વિચાર કરી તેને જુદા કરવા એટલે કે આનંદ આપનાર વિષયનું સેવન કરવુ પરંતુ તત્કાળ આનંદ આપી પછી દુઃખ દેનાર વિષયોમાંથી મહાપુરૂષો આસાનીથી છટકી જાય છે કહેવત છે કે :– "છૂટલ પુરૂષ થી એ છેલ" આત્માનુંસંધાન કરવાના ઇરાદે ગુરૂકુળનો વહીવટ આચાર્ય અને શિક્ષકોને સોંપી આશ્રમનો કબજો સાધુઓને સોંપી ૧૯૯૭ના કારતક સુદ ૧ ના દિવસે પોતાનું નિવાસ સ્થાન છોડી કોઈ ન જાણે તેમ મોડી રાત્રે મંજલ પધાર્યાં. આ ઉપરથી સાબીત થાય છે કે 'પ્રવૃત્તિ માર્ગ એમને પ્રિય તો ન હતો પરંતુ પ્રારબ્ધ પ્રવૃત્તિના વેગવાળું ઉદય પામતું એટલે તેઓશ્રી પોતાની દ્રષ્ટિએ કામ કરતા એમાં કોઇને મહારાજશ્રી કર્મયોગી છે એમ જણાતું પરંતુ વાસ્તવિક સ્થિતિ જુદીજ હતી એ તો જોનારની દ્રષ્ટિ દોષના કારણે એમ જણાતું બાકી મહારાજશ્રી તો હરહંમેશ બ્રહ્માનંદમાંજ રહેતા. આ બાજુ સવાર થતાં મહારાજશ્રી ઇશ્વર આશ્રમમાં નથી એ જાણી સાધુ સંતો તેમની ખોળ કરવા માંડયા બાપુશ્રી રામદાસજી તથા ચાગબાઇ માને તો અતિશય લાગણીને લીધે રડવું આવ્યું ત્યાં તો ખબર મળ્યા કે મહારાજશ્રી મંજલ પધાર્યાં છે હરેકના મનનું સમાધાન થયું.

મહારાજશ્રીએ ગૈયાજી આગળ પોતાના વિચારો જણાવ્યા કે માતાજી મને બદ્રિકાશ્રમ જવુ છે ગૈયાજી જોવાં

વયોવૃધ્ધ અને જ્ઞાનવૃધ્ધ મહારાજશ્રીને એમ હા શી રીતે પાડે. ? તેમણે યુકિતથી મહારાજશ્રીને સમજાવ્યું કે આપના ભજન માટે બદ્રિકાશ્રમ બરાબર હશે પરંતુ અમારા માટે શું ? એનો વિચાર કર્યો છે ? સિવાય બાપુ રામદાસજી તેમજ ચાગબાઇમાનો ખ્યાલ પણ મને લાગે છે કે આપશ્રીની દ્રષ્ટિથી બહાર નહિ હોય. મારૂં ચોક્કસ માનવું છે. કારણ કે આપ તો સંપૂર્ણ વિવેકીપુરૂષ છો માટે બદ્રિકાશ્રમનો વિચાર માંડી વાળો અને આપ કહો ત્યાં એક નાની ઝુંપડી બનાવી આપું પૂજ્ય સાધ્વી મૈયાજીના આ વચનો મહારાજશ્રીને ગમ્યા અને એ પ્રમાણે ઝુંપડી બાંધવાની હા પાડી. ત્યારબાદ નારાયણ સરોવરની પગપાળી યાત્રા શરૂ કરી ત્યાંથી આવી ઇશ્વર સાગર તળાવની પૂર્વ તરફ એક ટેકરી ઉપર પર્ણકુટી શ્રી મૈયાજીએ બંધાવી આપી જેમાં પોતાની ધ્યાન ધારણા એકાગ્ર ચિત્તે કરવા લાગ્યા. શ્રી ઈશ્વરરામજી ગુરૂકુળની વ્યવસ્થા બરોબર ચાલે તે માટે એક સંરક્ષક સમિતિ નીમી. અને તેની વ્યવસ્થા તે સમિતિને સોંપી ઈશ્વર આશ્રમનો વહીવટ પણ બરાબર ચાલે તે માટે પણ ઘટતો બંદોબસ્ત કરી ઉપરોકત્ત બંને બોજાથી મુકત થઇ શાંતિથી પ્રભુ ભજન કરવા લાગ્યા.

ઇશ્વર આશ્રમનો વહીવટ સવંત ૧૯૯૯ના માગશર શુદ ૪ ને તા. ૧૧-૧૨-૪૨ના પોતાના ગુરૂબંધુ સાધુ શ્રી કેશવદાસજી ને સોંપેલ હતો પરંતુ સવંત ૨૦૦૨માં સાધુ શ્રી કેશવદાસજીનું શરીર શાંત થઇ જવાથી ફરી આશ્રમનો બોજો તેઓશ્રી ઉપર આવી પડયો પણ એ વહીવટ એમને હવે ખરેખર બોજારૂપ જણાયો - એટલે પોતાના શિષ્ય શ્રી દયાળદાસજીને સવંત ૨૦૦૩ ના પ્રથમ શ્રાવણ ૦)) ને શનિવારના આશ્રમ સુપ્રત કરી પોતે પાછા પર્ણકુટી પધાર્યા.

આશ્રમ નજીક રહેવાથી ઉપાધી કયારે વળગી પડે એ

ગુરુકુળની વ્યવસ્થા માટે એક સંરક્ષક સમિતિ નીમી

VSAK: 16-Aug-1947

સાધુ દયલદાસજીને વહીવટ સોંપ્યો

Reached Haridwar on: 21-Dec-1948

કાંઈ નક્કી નહિ માટે હવે તો હરિદ્વારમાં જઈ શેષજીવન ગાળવું એવો વિચાર કરી. સંવત ૨૦૦૫ના માગસર વદ ૬ ને મંગળવાર ના મહારાજશ્રી હરિદ્વાર પધાર્યા. ત્યાં ગુજરાતી ધર્મશાળામાં રહેવાનું રાખ્યું પરંતુ ત્યાં અમુક સમય રોકાઈ, શરીર પ્રકૃતિ સારી છે અને મનનું કહ્યું શરીર કરે છે ત્યાં સુધી તિર્થાટન કરી લેવું ઠીક છે એમ ધારી તેજ સાલમાં ફાગણ સુદ ૪ ને શુક્રવાર ના રોજે રવાના થઈ મથુરા, વૃંદાવન, ચિત્રકુટ, પ્રયાગરાજ, કાશી અને અયોધ્યા થઈ પાછા હરિદ્વાર આવી ચૈત્ર વદ ૪ ને બુધવાર ના રોજે બદ્રીકેદારની યાત્રા કરવા નીકળ્યા. ઉપર જણાવેલ દરેક યાત્રાઓ કરી છેલ્લે ગુરૂદ્વારમાં મહારાજશ્રી ઈશ્વરરામજીના દર્શન કરવાથી યાત્રા પરિપૂર્ણ થઈ ગણાય. માટે સંવત ૨૦૦૫ના જેઠ સુદ ૧૧ને ગુરૂવારના ઈશ્વર આશ્રમે પધાર્યા ત્યાં બાપુ રામદાસજીનું શરીર પણ બહુ ક્ષિણ થઈ ગયું હતું. શ્રી ગુરૂ મહારાજે સોંપેલ વિભૂતિની સેવા કરવાની ઉત્તમ તક માની આશ્રમમાં રહેવા લાગ્યા. અને ખુબ ભાવપૂર્વક સેવા કરી. સંવત ૨૦૦૮ના વૈસાખ સુદ ૬ ને બુધવારના બાપુશ્રી રામદાસજીનું શરીર નિવૃત થયું.

VSAK: 07-

VSAK: 30-

VSAK: 11-May-1952 Handed over complete adminstation of Ishwar Ashram to Dayaldasji Maharaj.

Expressed desire to settle in Haridwar and handover the Ishwarramji Gurukul school to government

એટલે વૈસાખ વદ ૨ ને રવિવારના દિવસે બાપુશ્રી રામદાસજીનો ભદ્રા ઉત્સવ કરી. પોતાની ફરજ બજાવી રાત્રીના સમયે સંત સમાજ તેમજ સેવકોને હાજરીમાં જાહેર કર્યું કે આજથી વાંઢાય આશ્રમનો સઘળો વહીવટ મારા શિષ્ય દયાળદાસજી ને સોંપી મારે નિવૃત પરાયણ જીવન હરિદ્વારમાં ગાળવાની ઈચ્છા છે સિવાય શ્રી ઇશ્વરરામજી ગુરૂકુળનો વહીવટ શ્રી સરકારને સુપ્રત કરી એમાંથી પણ મુકત થાઉં છું.

VSAK:14-

તેજ સાલમાં શ્રાવણ વદ ૯ ને ગુરૂવારના રવાના થઈ મુંબઈ ગયા અને ત્યાંથી ભાદરવા સુદ ૯ શુક્રવારના ફરી

VSAK: 29-Aug-1952 - reached Haridwar

હરિદ્વાર પધાર્યાં. ત્યાં રમાભૂવનમાં રહેવા લાગ્યા. આ બાજુ શ્રી મૈયાજીની તબિયત બહુજ બગડી અને એમણે એકજ વાત પકડી કે મારે મહારાજશ્રીના છેલ્લા દર્શન કરવા છે. આ પ્રમાણે મૈયાજીના સમાચાર મહારાજશ્રીને મળતાં સવંત ૨૦૦૯ના પોષ સુદ ૯ ને ગુરૂવારના રોજે હરિદ્વારથી સીધા મંજલ પધાર્યાં. શ્રી સાધ્વી મૈયાજી કે જેમણે અનેક સંતોની સેવા કરી છે એવા પૂણ્યાત્માની સેવા કરવાનો આ મોકો મહારાજશ્રી જતો કરે તેમ ન હતું. એટલે તેઓશ્રીએ શ્રી મૈયાજીની ખુબ સેવા કરી પોષ ૦)) ને ગુરૂવારના સવારે સાડા આઠ વાગ્યે શ્રી મૈયાજીનું શરીર શાંત થયું. એથી મહારાજશ્રીને બહુજ આઘાત થયો કારણ કે સાધુઓના માતાનો આજે જીવન દીપ બૂઝાઈ ગયો. સુખદુઃખમાં સંભાળ લેનાર મૈયાજીની સેવાથી ભાગ્યેજ કોઈક અજાણ્યો હશે. પૂજ્ય મહારાજશ્રીએ મહા સુદ ૧૩ ને મંગળવારના શ્રી સાધ્વી મૈયાજીનો ભદ્રાઉત્સવ કર્યો અને તેમના સ્થાને આશ્રમના ખાસ કાર્યકર્તા શ્રી સેજબાઈ ફુઈને ચદર પછેડી ઓઢાડી, મૈયાજીની ગાદીએ બેસાડયા. તેમ મૈયાજીની અંતીમ ઈચ્છા પણ શ્રી સેજબાઈ ફુઈને ગાદી સોંપવાની હતી. આ દરેક કાર્યથી નિવૃત થઈ ચૈત્ર સુદ સુદ અગિયારસના મહારાજશ્રી હરિદ્વાર પધાર્યાં અને પ્રથમની પેઠે પ્રભુ ભજન કરવા લાગ્યા.

પોતાના ગુરૂદેવના વચન અનુસાર કચ્છમાં હતા અને પ્રચાર કાર્ય કરતા એ અરસામાં કડવા પાટીદાર કણબીઓને મહારાજશ્રીએ પોતાની દૈવ વાણીથી સત્ય સનાતન ધર્મનો રાહ બતાવ્યો હતો. જેથી લગભગ પંચાણું ટકા કણબીઓ એમના એ દિવ્ય સંદેશને સાંભળી પીરાણા પંથને મુકી સનાતન ધર્મ તરફ વળી ચૂકયા હતા. એમને સમજાવવા મહારાજશ્રીએ ઈશ્વર વિહારી વિલાસની દ્વિતિય આવૃત્તિમાં ઘણું ઘણું બતાવ્યું છે પૂજન અર્ચન, સંધ્યા, ગાયત્રી, યજ્ઞોપવિત વગેરે વગેરેના રહસ્યો

VSAK: 25-Dec-1952 -

VSAK: 15-

VSAK: 27-

VSAK: 26-Mar-1953 -

Kutch Kadva Patidar community was converted to Hindu Sanatan religion.
Claimed that 95% people converted.
(Which may not be accurate)

Because of efforts of Sant Odhavram Maharaj, the Kutch Kadva Patidar community started converting to Hinduism

સરળ રીતે સમન્વય એટલા માટે પદમાં બનાવી મહારાશ્રીએ એ લોકોની સેવા બજાવી. પરિણામે કડવા પાટીદાર ભાઇઓ પણ સનાતન ધર્મ સ્વીકારવા માંડયા યજ્ઞોપવિત વગેરે ધારણ કરી ગામો ગામ શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરો બંધાવવા માંડયા મહારાજશ્રીનું વચન હતું કે કચ્છમાં કડવા પાટીદાર ભાઇઓમાંથી કોઇપણ શ્રી ઠાકોરજીનું મંદિર બંધાવશે અને મને જાણ કરશે તો હું ગમે ત્યાં હોઇશ છતાં ત્યાં આવી મારી સેવા જરૂર આપીશ એક બાજુ મહારાજશ્રીનું આ વચન અને બીજી તરફ મહારાજશ્રી ના શિષ્ય શ્રી દયાળદાસજીએ પણ તેઓશ્રીની માફક પાટીદાર ભાઇઓમાં પ્રચાર ચાલુ રાખ્યો હતો. પરિણામે દેશળપુર વાંઢાય વાળી, સુખપુર રોહા વાળી. અને રસલિયા વગેરે ગામો વાળાએ મહારાજશ્રીને વિનંતી કરી કે આપ કચ્છમાં પધારો તો અમારા ગામોમાં મંદિરોની પ્રતિષ્ઠા કરાવી છે. સમાચાર મળતાં મહારાજશ્રી જાતે પધારી ઉપરોક્ત ગામોમાં મંદિરોની પ્રતિષ્ઠા પોતાના હાથે કરાવી. ત્યારબાદ સંવત ૨૦૦૯ના વૈસાખ માસમાં કચ્છના સાધુ સંતો અને ભાવિક ભક્તોને હરિદ્વાર બોલાવી :સપ્તાહ :પરાયણ કરી ખુબ આનંદ ઉત્સવ કર્યો તેનો તમામ ખર્ચ મહારાજશ્રીએ પોતે સ્વીકાર્યો હતો.

Odhavram Maharaj promised that when any Thakurji (Laxminarayan) Temple is built by KKP, he will surely personally attend and support it. - Desalpar Vandhay, Sukhpar Roha, Rasaliya etc.

May-1953 in Haridwar

સંવત ૨૦૧૦ના ચૈત્ર સુદ ૯ નો મહોત્સવ ઉજવી ગુજરાતના પાટીદાર ભાઇઓ મહારાજશ્રીને :તેડવા આવ્યા હતા. એટલે તેમની સાથે ગુજરાત પધાર્યા તલોદ મહારાવશ્રી ઉતર્યા ત્યાં પાટીદાર ભાઇઓની સાથે સાબરકાંઠાના પ્રમુખ શ્રી ચુનીભાઇ દેશાઇ હારતોરા કરી પોતાને બંગલે મહારાજશ્રીની પધરામણી કરી. ત્યાંથી બદામ કંપા ગયા ત્યાંથી પચાણ લધા શ્રી વેલજી ભાણજી, સવગણ લાલજી, વગેરે સેવકોએ મહારાજશ્રી સારી સેવા કરી. ત્યારબાદ ચુનીભાઇ દેશાઇનીજ ગાડીથી મહારાજશ્રી હીરાપુર કંપા પધાર્યા એ વખતે ત્યાં પાટીદાર

VSAK: 10-

Hirapur Kampa Adhiveshan

ભાઇઓનું મોટું અધિવેશન હતું એટલે એની ઉદ્ઘાટન વિધિ પૂજ્ય મહારાજશ્રીના હાથે કરાવી અને રાષ્ટ્ર ધ્વજ ચુનીભાઈ દેશાઇએ ફરકાવ્યો ત્યારબાદ બપોર પછીની સભામાં મહારાજશ્રી કેળવણી ઉપર જોરદાર પ્રવચન કરી બોલ્યા. જેની અસરથી ફક્ત એકજ કલાકમાં રૂપિઆ ૬૦૦૦ (૭ હજાર) ફંડ એકત્રીત કરવામાં આવ્યું ઉપરોક્ત રકમમાથી ધનસુરામાં પાટીદાર ભાઇઓ માટે બોર્ડીંગની સંસ્થા મહારાજશ્રીની પ્રેરણાથો ઉભી કરવામાં આવી. જેમાં અત્યારે સાઠ વિદ્યાર્થીઓ લાભ લઈ રહયા છે. આ બોર્ડીંગનુ કામ પૂર્ણ કરી. મહારાજશ્રી હરિદ્વાર પધારી પોતાનું એલાયદું મકાન ભજન માટે બનાવી, રહેવા વિચાર કરવા લાગ્યા. એટલે ઋષિ કુંજમાં નેપાળની રાણીની કોઠીના સામે ભાગીરથીના કિનારે આશરે રૂપિઆ સાડા પંદરસોના ખર્ચે આશ્રમ તૈયાર કર્યો. પરંતુ એ આશ્રમની જમીન પાછળથી મહાત્મા નિગાહિનાથની નીકળતાં મકાનો સહિત મહારાજશ્રીએ ખુશીથી તેઓશ્રીને કૃષ્ણાર્પણ કરી દીધી.

Dhansura

અને સોત સરોવર ઉપર ગુરૂ મહારાજશ્રી લાલરામજીના નામથી રૂપિઆ સીતેરથી એંશી હજારના ખર્ચથી શ્રી કચ્છ લાલરામેશ્વર આશ્રમ સ્થાપ્યો જેથી કચ્છી યાત્રિકોને હરિદ્વાર અને બદ્રીકેદારની યાત્રાએ જતા આવતા રહેવા ઉતરવાની સંપૂર્ણ સગવડ કરી આત્મ સંતોષ માન્યો.

Haridwar
Lalrameshwar
Ashram started

પૂજ્ય મહારાજશ્રી શેષ પ્રારબ્ધઃ—

હવે પૂજ્ય મહારાજશ્રીને જરાવસ્થા સંપુર્ણ આવી ગયેલ હતી. આંખમાં પણ મોતિયો આવેલ હોવાથી શ્રી પ્રેમજી હરિદાશને ત્યાં મુંબઈ ઓપરેશન માટે પધાર્યા મુંબઈ પધારતા ત્યારે મહારાજશ્રીના રતનશી ખીમજી, સવગણ રાજા, દેવશી

કાનજી હાલ દયાળભા છે તે અને શ્રી પ્રેમજી હરિદ્વારવાળા તેઓશ્રી ના અનન્ય સેવકો ગણાય. મહારાજશ્રી એ મુંબઈ પધારી ડોકકડર બનાજી પાસે મોતિયાનું ઓપરેસન કરાવ્યું. અને ફરી હરિદ્વાર પધાર્યાં. પરંતુ અશક્તિ અને વૃધ્ધાવસ્થાના કારણે શરીર દિનપ્રતિદિન બગડવા માંડયું. એટલે ત્યાંના ડોકટરો નો એવો અભિપ્રાય થયો કે આપ દેશમાં પધારશોતો શરિર પ્રવૃત્તિ સારી રહેવા સંભવ છે. બાકી અહીંનુ હવા માન આપના માટે અત્યારના સંજોગે સારૂં નથી.

returned to Vandhay

ડોકટરો તથા સેવકોના આગ્રહથી તેઓશ્રી કચ્છ વાંઢાય ઇશ્વર આશ્રમમાં પધારી સીધા મહારાજશ્રી ઈશ્વરામજીની સમાધિએ જઈ ગદ્ગદિત કંઠે પોતાનુ હૃદય ઠાલવ્યું. ખુબ રડવું આવ્યું અને બોલ્યા કે વાહે કૃપાળુ ગુરૂદેવ તમારી ગહનગતી છે. છેવટે સેવકને શરણમાં લેવા માટે આપશ્રીએ ફરીને ઠામ ન બેસવા દીધો. અને અંતે આપની સાનીધ્ય માં બોલાવી લીધો એ આપની અદ્ભુત કૃતિ મારાથી ન સમજાણી. પરંતુ આજથી પ્રતિજ્ઞા કરૂંછું કે શ્રી ગુરૂ ઈશ્વરરામજી છત્રછાયાથી ઉધ્ધવરામ હવે ગમે તેવા વિપતિ ના વાદળ ઘેરાઈ આવે તો પણ દુર થવાનો નથી ગુરૂનુ ઘર મૂકી પરિભ્રમણ કરનાર શિષ્ય ને ગોવિંદ ના ઘરનો ગતી કોઈ કાળે નહિં સમજાયં કહેલ છે કે

દુહો

ગુરૂ મીલે તો સબ મીલા ના તો મીલા ન કોઈ
માત પિતા સુત બાંધવા: વાતો ઘર ઘર હોઇ,

ઉપર મુજબ ગુરૂ ઇશ્વરરામની સમાધિએ સ્તુતી કરી હૃદયનો ભાર હળવો કર્યો. અને બોલ્યા કે:—

श्लोकः

ध्यान योग्या गुरुमूर्तिः पूजा योग्यं गुरुपदः
मंत्र योग्य गुरो वाक्यं मुक्ति योग्यं गुरुकृपा.

વાંઢાય ઈશ્વર આશ્રમમાં આવી સુખ શાંતિથી મહારાજશ્રી આત્મ અનુસંધાન કરવા લાગ્યા. પરિગૃહના દરેક કાર્યથી બીલકુલ મુકત બની ચૂકયા હતા. હરિદ્વારમાં બાંધેલ કચ્છી લાલરામેશ્વર આશ્રમ પણ ગુજરાતને કચ્છના પાટીદાર ભાઈઓને બોલાવી તેની વ્યવસ્થાપક સમિતિ નીમી સુપ્રત કરી દીધો. આશ્રમની સેવા માટે પોતાના શિષ્ય શ્રી વાલદાસજીને ત્યાં રોકવામાં આવ્યા છે.

Haridwar Lalrameshwar Ashram was given to a Committee of Gujarat (Kampa) and Kutch Kadva Patidar members

હાલમાં શ્રી વાલદાસજી કચ્છી લાલરામેશ્વર આશ્રમની સેવા હરિદ્વારમાં કરી રહ્યા છે. તેઓશ્રી સરળ અને સુપાત્ર સાધુ છે. આવી રીતે "જંતુ જેમ જાળ બનાવે પાછી પોતે આપ સમાવે" તેમ મહારાજશ્રી જેવા વિવેકી અને બ્રહ્મનિષ્ઠ પુરૂષને એમાંથી મુકત થવું રમત માત્ર હતી. તે સિધ્ધ કરી બતાવ્યું.

Valdasji Maharaj was given the work of "Seva"

પોતાની શરીર પ્રકૃત્તિ સારી ન હોવા છતાં વાંઢાય આશ્રમે પધાર્યા બાદ કચ્છ ટોડીયામાં પાટીદાર ભાઈઓએ મંદીર બનાવ્યું, તેની પ્રતિષ્ઠાનું આમંત્રણ આપ્યું, એટલે મહારાજશ્રીએ તુરતજ હા પાડી. શ્રી ઢમાળદાસજી તેમજ અન્ય સેવકોએ બહુ સમજાવ્યા છતાં ન માન્યા અને કહ્યું કે હરીદ્વારથી પણ પ્રતિષ્ઠા માટે આ શરીર કચ્છમાં આવતું ત્યારે આજતો કચ્છમાં બેઠો છું. અને જો મારૂં વચન મિથ્યા થવા દઊં તો વચન ભંગ થયો ગણાઉં જ્યાં સુધી આ શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી મારી એ સેવા ચાલુજ રહેવાની છે, માટે મને જવા દયો પુજય મહારાજશ્રી છેવટે એનું માની પ્રતિષ્ઠામાં ભાગ લેવા પધાર્યા અને આ પ્રતિષ્ઠા મહારાજશ્રીની માટે છેલ્લી હતી.

Todiya Laxminarayan Temple

Todiya Laxminarayan Temple Inauguration was last of Sant Odhavram Maharaj

કચ્છ ભુજ કબીર મંદીરના મહંત શ્રી શ્યામદાસજી શ્રી ગુરૂ હરિદાસજીના આમંત્રણ અને વિનંતીને માન આપી કબીર સંપ્રદાયનાં આચાર્ય જેમને તેમની સંપ્રદાયમાં હજુર પદવીથી સંબોધે છે. તેઆશ્રીનું કચ્છમાં પધારવાનું થતાં મહંતશ્રી શ્યામદાસજીને ખબર હતી કે પુજ્ય મહારાજશ્રીની તબીયત સારી રહેતી નથી, છતાં પણ શ્રી શ્યામદાસજીને મહારાજશ્રી તરફ પુજ્ય ભાવ અને કચ્છના સંતોમાં મહારજશ્રી સંતશિરોમણી સમાન હેવાના કારણે પધારેતો સારૂં એમ ધારી વિનંતી કરી. મહારાજશ્રી તો પરમાર્થ કાર્યમાં પ્રાણનું બલિદાન અપાઈ જાય તો પણ કરવું એ સિધ્ધાંતવાળા હોવાથી તુરત હા પાડી. નજર પડતી નહીં શરીર પણ ખુબ કૃપ થઈ ગયેલ આંખોની પીડા છતાં પણ શ્યામદાસજી જેવા સંતસેવી સરળ અને નમ્રતાવાળા સાધુને ત્યાં પ્રસંગ હોય અને જો મારાથી ન પહોંચી શકાય તો શ્રી શ્યામદાસજીનું છેલ્લી અવસ્થાએ મારા ઉપર ઋણ રહી જાય એમ ધારી શ્રી કબીર સંપ્રદાયના શ્રી હજુર ના સમારંભમાં ભાગ લેવા ભુજ પધાર્યાં, જેથી શ્યામદાસજી સાહેબને પણ સંતોષ થયો. શ્રી શ્યામદાસજી સાહેબ પણ મહારાજશ્રી ખોટા સમાચાર મુકે તો પણ તુરતજ સેવામાં હાજર થઈ જતા. એમની એ સેવા નોંધપાત્ર ગણાય.

પુજ્ય મહારાજશ્રીના કચ્છ ગુજરાત તેમ સૌરાષ્ટ્રમા ઘણા સેવકો છે. અને દરેક તેઓશ્રીને એક મહાંન મહાત્મા બ્રહ્મનિષ્ટ પુરૂષ તરીકે ઓળખે છે સાથે પુજ્ય ભાવ રાખે છે તેમ મહારાજશ્રી પણ દરેક ને સમભાવની દ્રષ્ટિએ જોતા, એટલે દરેકને એમજ જણાતું કે મહારાજશ્રી અમારાજછે. છતાં પણ મહારાજશ્રીની વિવેક બુદ્ધિનો એક દાખલો અહી ટાંકું છું. પ્રસંગોપાત એક વખત તેમનું દેવપુર (યક્ષવાળી) પધારવાનું થયું :-

Devpar (Yaksh)

આ બાબતની જાણુ દેવપુર ઠાકોર સાહેબને થતાં દરબારગઢમાં પધરામણી કરી, દર્શનનો લાભ આપવા વિનંતી કરી.

છેલ્લી અવસ્થામાં શરીર સંપતી સારી ન હોવાના કારણે કયાંય પણ જવું આવવું હોયતો મુશ્કેલી ન પડે એના માટે એક ટેક્ષી રાખેલ હતી. દરબારગઢમાં પધારતી વખતે પોતે મોટરમાં બિરાજેલ હતા. સંતમંડળ પાછળ ચાલ્યું આવતું હતું તરતજ મહારાજશ્રીએ મંજલ વાળા શ્રી નાનુભા સુરસિંહજીને બોલાવી ને કહ્યું કે " જાગીરજી ડેલી અચે તડે મુકે ચોજા" એટલેકે જાગીરની ડેલી આવે ત્યરે મને ખબર આપજો તો હું મોટરમાંથી ઉતરી પડીશ એમ કહી શ્રી નાનુભાને પોતાની સાથે રાખ્યા. દરબારગઢની ડેલી આવી એટલે નાનુભાએ કહ્યું કે તુરતજ મોટર ઊભી રાખી પોતે ઊતરવા જાય છે ત્યાં ઠાકોર સાહેબ પોતે સામા પધાર્યાં. વંદન કરી કહ્યું કે મહારાજશ્રી આપતો અમારા પુજ્ય ગુરૂદેવ છો માટે મોટર અંદર લઈ આવો તો પણ હરકત જેવું નથી. તેમ આપની તબીરત બરોબર નથી માટે મોટરથી અંદર પધારો. છતાં મહારાજશ્રી ન માન્યા અને કહ્યું કે "થીંધો વેતી થીએ બાવા!" એનો થતું હોય તેમ થાય બાવા એમ કહી નીચે ઉતર્યાં એ વખતે તડકો શખ્ત હોવાના કારણે તેઓની ઉપર છત્ર ઝાલ્યું પોતાને ખબર પડતાં છત્ર બંધ કરાવી કહ્યું કે આ સ્થાને છત્ર ન હોય અહીં તો અમે ગમે તેવા હોઈએ છતાં છોરૂ માવતરનો નાતો છે, મને ભેટ વાળવા એક ધોતીયું આપો. એટલે ઠાકોર સાહેબ બોલ્યા કૃપાળુ આપના માટે આવું કંઈ કરવાની જરૂર નથી.

એતો હું સમજું છું. છતાં આ સંસ્કાર અમારા કોઈ સાધુમાં પડી જાય તો દાખલો આપે કે મહારાજશ્રી જેવા પણ વિવેક ન જાળવતા તો આપણને શું હરકત છે! એટલે અમારા સાધુ

આ આવા સ્થાને વિવેક ભ્રષ્ટ ન થાય માટે એ શિષ્ટાચાર ને હું યોગ્ય માનું છું અને ફરી નાનુભાને પોતાને પસે બોલાવી કહ્યું કે તમારા ખભા ઉપર મારો હાથ મુકી હું જનાનખાનામાં આવીશ અન્ય કોઈનુ ત્યાં કામ નથી એટલે બાકીના સંતો દરબાર ગઢના ચોક માં ઉભા. અને પોતે જનાનખાનાની દોઢીયે પહોંચ્યા કે તુરત પગરખાં બહાર ઊતારી અંદર પધાર્યા. રાણીઓ તરફથી સત્કાર થયો વંદન ઈત્યાદીક કર્યા બાદ થોડીક જ્ઞાન ચર્ચા કરી કહ્યું કે જે નિવૃતિ અમો ઈચ્છતા હતા તે નિવૃતિ અત્યાર સુધી અમને ન મળી પરંતુ આપના તો સદ્‌ભાગ્ય છે કે ઈશ્વર કૃપાએ એ નિવૃતિ આપને પ્રાપ્ય છે માટે ખુબ પ્રભુ ભજન કરો આંગણે આવેલ અતિથિયોનો આપનો ધર્મ સમજી યોગ્ય સત્કાર કરજો સદ્‌ગુરૂ દેવાસાહેબ આપને સુખ શાંતિ અર્પે એવો મારો આશિર્વાદ છે એમ કહી મહારાજશ્રી ત્યાંથી ગામમાં અન્ય સેવકોને દર્શનનો લાભ આપવા પધાર્યા. આવા મહાપુરુષ માટે કાંઈપણ બાધ્યા બાધ્ય ન હોય છતાંપણ અન્યમાં સંસ્કાર સિંચન થાય તેના માટે એમની કાળજી કેટલી હતી! એનો આ એક દાખલો બસ છે.

પોતાનું શરીર હવે બહુ વખત નહીં ટકે એવું જણાતાં એક વખત આ શરીર થી સંત મહાત્માઓના દર્શન કરી લઉં એવી ઈચ્છા પ્રગટ થતા કચ્છના તમામ સંતો ને બોલાવી ઉત્સવ કર્યો સાધુ સંતોને પંગત આપી વસ્ત્ર અને ભેટ પુજા કરી રાસ મંડળ કર્યું. આંખમાં ઝામર હોવાનાં કારણે પોતે બંગલા ઉપર હતા છતાં પણ છેલ્લે છેલ્લે સંતોની સાથે રાસમંડળ માં મને ફરવું છે, માટે બાવડું ઝાલી મને નીચે ઊતારો. સંતોની છેલ્લી ચરણુજ એ નિમિતે આ શરીર ઉપર પડશે. એમાં મારાં મારાં અહોભાગ્ય માનીશ એમ કહી રાસ મંડળમાં પધારી

સંતો સાથે થોડોક વખત ફરી છેવટે નાના મોટા દરેક સંતને વિનંતિ કરી કે આજ એક અરજ આપની પાસેછે, અને આપને અવશ્ય સ્વીકારવી પડશે. માટે મને આપના ચરણ સ્પર્શ કરવા આપો. દરેક સંતો બોલ્યા, અરે! દયાળુ, આપતો અમારા સંતશિરોમણી છો. માટે એ કોઇ કાળે નહિં બને. છતાં પણ મહારાજશ્રી દરેક સંતોને બાથો ભીડી ભીડી ભેટયા અને વદન કર્યાં. અને સર્વ પાસે થી ક્ષમા યાચી. કારણ કે આપણુ અરસ પરસ હરવખત મિલન થતું. એમાં કોઇના પણ આત્મા ને મારા તરફથી કચવાણ થઈ હોય તો આપ સંતો મને દરગૂજર કરી, અવશ્ય ક્ષમા આપશો. એમ કહેતાં મહારાજશ્રીની આંખમાં આસુ આવી ગયાં. અને બોલ્યા આજે આ કચ્છના મુઠીભર સાધુઓને જોઈ મને દુઃખ થાય છે સમય બહુ વિપરિત આવી ગયો છે. નવા સાધુઓ હવે બનવાના નથી. કારણ કે એવી ભાવના આજકાલ ઓછી થઇ ગઈ છે. આપ જે કોઇ છો તે દરેક હજી સુધી ગૂરૂ ના ઘર ઊઘાડાં રાખી બેઠા છો. પરંતુ એ દરવાજા કયારે બંધ થાય એ કાંઈ હું અત્યારે કહી શકતો નથી. આંખમાંથી ચોધાર અશ્રુપ્રવાહ ચાલ્યો જતો હતો. ને વળી પુનઃ ઉચાર્યું આજ આપણી સમક્ષ હમલાપુરીના ધર્મધુરંધર બાવા શ્રી પૂરણરામજી નથી. આજ આપણી સમક્ષ ઢીંગરયાના અનુભવ સિધ્ધ વયોવૃદ્ધ મહાત્મા હરીદાસજી નથી. લઘુ બંધુ મહાત્મા જાનકીદાસ પણ જણાતા નથી. કચ્છ બંદરાના ભીમદાસજી પણ હું કયાય ભાળતો નથી. સદ્‌ગુરૂ ઇશ્વરરામની ખોટ કચ્છ ની ધરતીને જેવી તેવા ન ગણાય. મહારાજશ્રી ગરીબદાસજી જેવા ભજનાનંદી મહાત્મા અને મૈયાજી જેવાં સંત સેવી સાધ્વી બા શ્રી જેઠીબા જેવા બ્રહ્મનિષ્ઠોની ખોટ હું જીવીશ ત્યાં સુધી મને

સાલવાની છે બાવાશ્રી મંગલરામજી જતાં અમારા ગુરૂ દરબારની વિદ્યા પણ કેમ જાણે સાથે લઇ ગયા હોય! એવું મને જણાય છે. આ બધાય મહાપુરૂષોની યાદ આવે છે. ત્યારે છાતીફાટ રડવું આવ્યા સિવાય રહેતું નથી.

પ્રિય વાંચકો! ધન્ય છે એ મહાપુરૂષને અને ધન્ય છે એની લાગણીને છેલ્લી અવસ્થા સુધી કેટલી સબળ ભાવના તેઓશ્રીને હતી એ હકીકત આ બાબત ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

પૂજ્ય મહારાજશ્રીની છેલ્લી અવસ્થા સમાધિ અને ઉત્સવઃ

Suffering from Glucoma Eye Disease

આ બધા પ્રસંગો બાદ મહારાજશ્રીની તબીયત વધારે બગડવાથી એટલે કે ઝામરની પીડા વધી જવાથી મુંડવી આંખની હોસ્પીટલમાં દવા માટે પધાર્યાં. આ બાબતની આ લેખકને જાણ થતાં માંડવીના શુકલ શ્રી છોટાલાલ મોતીરામ અને તેમના ધર્મપત્ની શ્રી મણીબહેન કે જેમને મહારાજશ્રીનાં દર્શનની બહુજ ઉત્કંઠા હતી. તેમને સાથે લઇ હું હોસ્પીટલમાં ગયો. મહારાજશ્રીની સેવામાં શ્રી કલ્યાણજી મંજલ વાળાના મહેતાજી અને ગંગામાં હતાં આ સ્થળે ગંગામાની સેવાની અવશ્ય નોંધ લેવી ઘટે. મહારાજશ્રીના હરીદ્વારના નિવાસકાળ દરમ્યાન તેમજ વાંઢાય આશ્રમમાં પધાર્યાં ત્યાં પણ ગંગામાની સેવા તો એક ધારી. તે છેવટે મહારાજશ્રી નો દેહ વિલય પામ્યો ત્યાં સુધી એવીને એવીજ. એ ગંગામાને આ સ્થાને હું ધન્યવાદ આપું છું.

પુજય મહારાજશ્રીનો દવાખાનાંના ઉપરના ભાગમાં સ્પેશ્યલ રૂમમાં ખાટલો હતો. એટલે અમો ઉપર ગયાં ત્યાં

ગંગામાં સામાં મળ્યાં. હરીહર કરી મહારાજશ્રીની તબિયતના સમાચાર પૂછ્યા. અને જો પોઢ્યા ન હોય તો દર્શન કરવાની ઇચ્છા બતાવી એટલે ગંગામાએ કહ્યું ખુશીથી પધારો મહારાજ શ્રી જાગે છે. અમારી આ વાતચિત તેઓશ્રી એ પલંગ ઉપર સુતાં સુતાં સાંભળી ને બોલ્યા, "ગંગામા કેર ભગતરાજ અંઈ" ગંગામા કોણ ભગત રાજ છે? જવાબમાં ગંગામાએ કહ્યું જી હા 'આવવાદો' મારા મનમાં પણ આજ બે દિવસ થયા એજ વિચાર હતો કે મેરાઉ સંદેસો કોની સાથે મોકલું? પલંગ ઉપર પોઢયા હતા ત્યાંથી ઉઠી તરતજ બેઠા થયા. ત્યાં તો અમે વંદન કરી બેઠા અને કહ્યું. કૃપાળુ ગુરૂ આપને આંખનું ઓપરેશન તાજું છે માટે આરામ કરો અને વાતચિત પણ થઈ શકે. જવાબમાં તેઓશ્રીએ કહ્યું હવેતો એવો આરામ કરવો છે કે કોઇ ઉઠાડી ન શકે. દવાથી કંટાળી ગયો છુ પીડા ઓછી થતી નથી. પણ એતો દેહનુ પ્રારબ્ધ દેહ ભોગવે છે. એની સાથે આત્માને કઇ સબંધ નથી. સાધારણ આરામ જેવુ જણાશે તો મેરાઉ આવીશ અને હજી પણ એક વખત કચ્છના સાધુ સંતો ને મેરાઊ બોલાવી, પંગત આપી અને તમારૂં હરિકિર્તન સાંભળવું છે. આ બધી વાતચિત દરમ્યાન મને એમના શરીર માં વ્યાધી છે એમ જણાતાં આરામ કરવા દેવો ઉચિત્ત જણાયું ઉભા થઇ ચણુંસ્પર્શ કરી જવાની રજા માગી ત્યાંતો એમનું હૈયું ભરાઈ આવ્યું અને મને રોકાઈ રહેવાનો આગ્રહ કર્યો. મારૂં હૃદય પણ ભરાઈ આવ્યું હાથ જોડી વિનંતી કરી કે અત્યારે આજ્ઞા આપો તો હું મેરાઉ આંટો દઈ આવું. કારણ કે ત્યાં કોઇને ખબર નથી કે મારું માંડવી આવવાનુ થયુ છે માટે નકામી રાહ જોહતા હશે ત્યારે તેમના અતિશય પ્રેમાળ અને કોમળ હૃદયે પરાણે

હા પાડી અમે દવાખાનાથી બહાર આવ્યા. શ્રી શુકલનાં ધર્મપત્નિ મણીબહેને તો અનેક સાધુ, સંન્યાસી, સંત, મહંત, મંડલેશ્વરોનો સતસંગ સાધ્યો હતો પરંતુ તેઓશ્રીને પણ મહારાજશ્રીના દર્શનથી જે આનંદ અને શાંતિ મળી તે અનોખી હતી. એમને કહેવું પડયું કે આપના ગુરુ મહારાજ તો કચ્છના મહામંડલેશ્વર સમાન છે. અમારા ધન્ય ભાગ્ય કે એ મહાપુરૂષના દર્શનનો લાભ તમારા થકી અમોને મળ્યો.

વળતા દિવસે મહારાજશ્રીને હોસ્પીટલમાં બિલકુલ ન ગમ્યું. એટલે વાંઢાયથી ટેક્ષી મગાવી ઈશ્વર આશ્રમે પધાર્યા. તપાસ કરાવી તો ખબર મળ્યા કે મહારાજશ્રીને અનુકુળતા ન આવવાથી વાંઢાય આશ્રમે પધારી ગયા છે. આશ્રમમાં પધાર્યા બાદ શરીર બિલકુલ પથરી વશ થઇ ગયું હતું. એવા સમાચાર મને શ્રી નાનુભાના પત્રથી મળ્યા, આ હકિકત દરમ્યાન મારે કામ પ્રસંગે સૌરાષ્ટ્રમાં ધ્રાફા જવાનુ થતાં એવો વિચાર આવ્યો કે ધ્રાફે જતાં પહેલાં એક વખત મહારાજશ્રીના દર્શન કરતો જાઉં એટલે મંજલ આવી શ્રી નાનુંભાને સાથે લઇ હું વાંઢાય ગયો. મહારાજશ્રી બંગલા ઉપર પોતાના રૂમમાં પોઢયા હતા, વંદન કરી કુશળતા પુછી. તેઓશ્રીએ અમોને સામો પ્રશ્ન કર્યો. સાથે કોણ કોણ છે. જવાબમાં નાનુભા મંજલવાળા છે. એમ કહ્યુ. આંખમાં પીડા હોવા છતાં બેઠા થઈ ગયા અને ગંગામાને કહ્યું ચા પાણી માટે બંદોબસ્ત કરો અથવા તો ભંડારમાં ખબર આપો. દર્શન વગેરે કરી, જવા માટે રજા માગી તેમ મારે સૌરાષ્ટ્ર જવું છે એમ પણ દર્શાવ્યું. એટલે પોતે બોલ્યા, "ભકતરાજ હવે આ શરીરથી આપણે મળીએ કે કદાચ ન પણ મળીએ તો છેલ્લા હરિહર છે." એ કરૂણામય મૂર્તિ

અને એ પ્રસંગ આજ પણ નજર આગળ તરવરે છે.

મહારાજશ્રીનું શરીર હવે બહુ વખત નહિં ટકે. માટે છેલ્લા દર્શન છે એમ ધારી સેવકોની અવર જવર પણ વાંઢાય આશ્રમે બહુ વધી પડી હતી. જ્યારે બીજી બાજુથી ડોકટરોની મનાઈ હતી કે મહારાજશ્રીનુ હૃદય બહુ કોમળ છે કોઈ પણ સંત સાધુ અથવા સેવકને જુએ છે એટલે એમને પ્રેમાશ્રુ આવી જાય છે એ એમની આંખના દુ;ખાવા માટે સારૂં નથી. માટે મહારાજશ્રી પાસે બહુ માંણસોને જવા દેવા નહીં. આ સુચના અનુસાર શ્રી દયાળદાસજીએ પાકો બંદોબસ્ત રાખ્યો હતો. છતાં પણ તેઓ શ્રીને ખબર પડે કે પોતા પાસે બોલાવી લેતા. એવીજ રીતે આહીર મંડળી પણ વાંઢાય મહાજશ્રીના દર્શને આવેલ ચાર પાંચ દિવસ તેમને રોકી ખુબ ભજન કરાવ્યાં આહેર ભકતોનો પ્રેમ પણ અવર્ણનિય. રાત્રે વાળુ પાણી કરી ભજનમાં બેસે તે સુર્યોદયના સમયે રામ સાગરને મંજીરા જો કોઈ મુકાવે તોજ મુકે. એવાતો એકતાર બની જાય. પાંચ છ દિવસ રોકાઈ છેવટે મહારાજશ્રીને કહ્યુ કે, બાપુ હવે જો રજા આપો તો ઘર ભેગા થઈએ. એટલે આહેર ભકતો ને મહારાજશ્રીએ ફકત એટલુંજ કહ્યું કે ભકતો, પાંચ દિવસ થી રોકાણા છો ને જૂઓ આજે શનિવાર છે રવિવાર નો દિવસ રોકાઈ જાવ. એટલે હું મારે ઘરે જઈશ અને તમે તમારે માનેલ ઘરે સોમવારના ખુસીથી જાજો. મંજલથી શ્રી સેજબાઈ ફુઈ પણ મહારાજશ્રીની તબીયત સારી ન હોવાના કારણે પધાર્યાં હતાં. શ્રી શ્યામદાસજી સાહેબ પણ એ વખતે પહોંચી આવ્યા હતા. ભીમપુર વાળા શ્રી વીઠ્ઠલદાસજીને રોકી રાખ્યા હતા. અગમ ચેતી પુરૂષની આવડત માટે પૂછવું શું હોય શ્રી દયાલદાસજી અને તેઓ શ્રીના શિષ્ય શ્રી શાંતિદાસજીને

બોલાવી આદેશ આપ્યો કે આ શરીર પંચતત્વ પામીં જાય એટલે મહારાજશ્રી ઇશ્વરરામજીના સાનીધ્યમાં સમાધી આપજો. સાથો સાથ બીજી પણ આજ્ઞા છે કે ગુરૂદેવશ્રી લલરામજી મહારાજના ચરણ પાદુકા અને પાન મુર્તિ પધરાવ્યા શિવાય મારી સમાધિ ઉપર એક પણ પાણો માંડશો નહિ અને મહારાજશ્રી ઇશ્વરરામજીના સમાધિ મંદીરથી ઉંચી એક પણ દેરી ન જાય. તે ખાસ ધ્યાન રાખવું સિવાય સેજભાઈ પુછ અહીં હાજર છે. તેમને મોટરથીં અત્યારેજ મંજલ મુકી આવો કારણ કે મારૂં શરીર શાંત થતાંની સાથે એમને આગાત ન લાગે જેને જેને જેવા સુચનાની જરૂર હતી તે પ્રમાણે સુચના આપી. છેવટે સવંત ૨૦૧૩ ના પોષ શુદ ૧૩ રવિવાર તા ૧૩–૧–૫૭ બ્રાહ્મમુર્તમાં પુજ્યપાદ મહારાજશ્રી ઉદ્ધવરામજી શ્રી ગુરૂ લાલરામજીનો અમર આત્મા બ્રહ્મમા લય પામી ગયો એટલેકે કૈવલ્ય પદ પામ્યા. જેવી રીતે કે

VSAK: 13-Jan-1957 - Sant Odhavram Maharaj મોક્ષ પામ્યા.

શ્લોક.

किं करोमि कव गच्छासी किं ग्रहणामि तज्यामि किम: ।
आत्माना पुरीतम् सर्वाः महा कल्पांसुनायथाः ॥

અર્થ :- જેવી રીતે મહાકલ્પ ને વખતે વિશ્વ સમસ્ત જળમય થઈ જાય છે તેવી રીતે આત્માથી જ આ બધું વ્યાપ્ત હોવાથી શું કરવાનુ રહે છે કયાં જવાનું રહે છે. શું ગ્રહણ કરવાનું કે શું તજવાનું રહે છે!

એતો કેવળ લૌકિક દૃષ્ટિએજ જન્મ અને મરણ નો ભાસ થાય છે. પરંતુ વાસ્તવિકતા એ એવું કાંઈ નથી. છતાં પણ દેહાભ્યાસ થયેલ હોય. એવો સામાન્ય માંણસ ને દુઃખ લાગ્યા સિવાય રહેજ નહિ. મહારાજશ્રી નું શરીર શાંત

થયાના ખબર વાયુ વેગે પ્રસરી જવાથી આજુ બાજુના ગામોના સેંકડો માણસો અશ્રુભીની આંખે અંતિમ યાત્રા માં ભાગ લેવા દોડી આવ્યા દરેકની આંખમાં પાણી સુકાતાં ન હતાં કારણકે આજ કચ્છના સંતોનો સુર્ય આથમી ગયો હતો કહો કોને દુઃખ ન થાય? મતલબ કે દરેકને એ દુઃખતો સરખું જ હતું. પુજ્ય મહારાજશ્રી ના ભૌતિક દેહને એક પાલખીમાં બેસાડી સફેદ પટ્ટથી ઢાંકવામાં આવ્યું હતું ઉપર પુષ્પ માળાઓ અબીલ ગુલાલ વગેરે થી પુજન અર્ચન કરવામાં આવેલ. શ્રી ઈશ્વર આશ્રમથી મહારાજશ્રીની સ્મશાન યાત્રા નીકળી. તે શ્રી ગુરૂ ઈશ્વરરામજી ગુરૂકુળને પરિક્રમાં આપી પુનહ: આશ્રમમાં આવી મહારાજશ્રી ઈશ્વરરામજીની સમાધીના સામે મહાદેવશ્રી ઈશ્વરેશ્વરના મંદિર ની ઉતરાદી બાજુ સમાધી આપવામાં આવી મહારાજશ્રીના સ્થુળને સમાધિ માં પધરાવી ઊપર અસ્તિકા વાળવામાં આવી. જ્યારે કેવળ મસ્તકનો ભાગ બાકી રયો ત્યારે સાહેબશ્રી શ્યામદાસજીએ અને શ્રી નાનુભા મંજલવાળા એ કહ્યું કે હવે મહારાજશ્રીના મુખારવિંદના છેલ્લાં દર્શન કરવા હોય તે કરી લ્યો. એ વખતે દયાળદાસજી શ્રી શ્યામદાસજી ઈત્યાદિ અનેક ભક્તોને મહારાજશ્રીના વિરહથી મુર્છા આવી ગઈ સર્વ કોઈ એ અંતિમ દર્શન કર્યા બાદ સમાધિ પુરી દેવા માં આવી. અને સ્મશાન યાત્રામાં આવેલ સર્વ ભક્તો પોતે પોતાના સ્થાને ગયાં.

પુજ્ય મહારાજશ્રી ઉદ્ધવરામજી નિર્વાણપદ પામ્યા બાદ તેમના શિશ્ય શ્રી દયાળદાસજી એ મહારાજશ્રી નો ભદ્રાઉત્તસવ કરી કચ્છના સંત મહાત્મા ઓને બોલાવ્યા. હતા છતાં પણ ભાવીક સેવકોને એવી ઇચ્છા થઈ કે મહારાજ શ્રીની પાછળ એક મહોત્તસવ થાય જેમાં દરેક સેવકો અને

સંતો આવી લાભ લે અને પૂજ્ય મહારાજશ્રી લાલરામજી તથા મહારાજશ્રી ઉધ્ધવરામજીના સમાધિ મંદિરો બંધાય. જેમાં તેઓશ્રીની પાનમુર્તિ અને ચરણ પગલાં પધરાવાય. એ નિમિતે એક ભવ્ય સંત મેળો ભરાય આવા ઉદેશ્યથી એક સમિતિ નીમાય. અને કાર્યની શરૂઆત કરી જેમાં સૌથી પ્રથમ કચ્છ હમલાપુરીના મહંત બાવાશ્રી ગંગાપ્રસાદજી એ સારો ભાગ લીધો તેમ માંડવી દ્વારના મહંત શ્રીએ પણ સારો સાથ આપ્યો. ત્યાર બાદ તો સેવકો માંથી ભાનુશાલી, કડવા પાટીદાર, ગરાશીયાઓ તથા આયર ભકતો, મિસ્ત્રીઓ, લોહાણા, ભાટીયા, વગેરે વગેરે દરેક નો સારો સાથ સહકાર મળ્યો અને રૂપિઆ ચોંત્રીશ હજાર સાતસો સાડાછત્રીસ સવાએઆના (૩૪૭૩૬ા૫ા) ભેટના મળ્યા. અને પૂજય મહારાજશ્રીનુ સમાધિ મંદિર માધાપર નિવાસી શ્રી મનજી બાપા કે જેમની સેવા ગુરૂદરબાર પ્રત્યે અદ્યપિ એવીને એવી જ છે. તેઓશ્રીએ બંધાવી આપ્યું જેમાં પૂજ્ય મહારજાશ્રીની ચરણ પાદુકા અને પાન મૂર્તિ પધરાવવામા આવી. મહારાજશ્રીના સમાધિ મંદિર ની સામેજ શ્રી ગુરૂ લાલરામજી મહારાજનુ સમાધિ મંદિર બાંધી તેમાં સૌથી પ્રથમ શ્રી લાલરામજી ના ચરણ પગલાં અને પાન મૂર્તિ પધરાવવામાં આવી હતી

દેશપરદેશથી આવેલ સતીસેવકોની લગભગ ૪૦૦૦૦ ચાલીશ હજાર ની માનવ મેદની હતી. પૂજ્ય મહારાજ શ્રી તરફ પોતાની ભક્તિ આવનાર દરેક ભાવીકોએ ઉત્સવમાં સાબીત કરી બતાવી.

આવો મોટો માનવ મહેરામણ જ્યાં ઉમટયો હોય ત્યાં વ્યવસ્થા પણ બરાબર જોઈએ. એટલે રસોડાના બે વિભાગ

કરી એક વીભાગ કણબી ભાઈઓ એ સંભાળ્યો. અને બીજો વીભાગ ભાનુશાલી ભાઇઓએ સંભાળ્યો પછીનો સવાલ ફકત એકજ રહ્યો કે આ દરેકને પાણી કોણ પુરૂં પાડે. આ વાતની ચર્ચા થતાં એ બીડું આહેર ભકતોએ ઝડપી લીધું અને રાત દિવસ સુઃખદુઃખ એક બાજુએ મૂકી બૈરાંઓ સાથે પુરૂષોએ પણ ઈશ્વર સાગરમાંથી પાણી સારવા માંડયું જેમાં તેઓએ પોતાના દેહની પણ પરવા કરી નહિં. આ દૃશ્ય નજરે જોનાર એમને ધન્યવાદ આપ્યા વિના કોઈકાળે રહે નહિ (કચ્છ) લોડાઇ અખાડાના મહંત ડાડાશ્રી સેવારામજીની આશ્રમ પ્રત્યેની ભાવના ગણના પાત્રછે. આયરોમાં કરશન દેવકરણ ધાણેટી વાળા અને સીવાભકત રતનાળવાળા સાથે તેમની મંડળી પણ આશ્રમ માટે પ્રાણ પાથરે છે. આજ અત્યારે ગમેતેવા સંજોગોમાં બોલાવો તો પણ પોતાના દરેક કામ પડતા મૂકી ઇશ્વર આશ્રમ ની સેવામાં હાજર થાયછે.

પુજય મહારાજશ્રીના આ ઉત્સવનો સંપૂર્ણ અહેવાલ અને કોના તરફથી કેટલી ભેટ પુજા વગેરે મળી. એ દરેક હકીકત સાથે શું ખર્ચ થયો તેનો વીગતવાર અહેવાલ તા ૧૦-૫-૧૯૫૭ નું આખરી સરવૈયું આપી ઇ.સ. ૧૯૫૮ માં ઉત્સવ સમિતિ એ અહેવાલ બહાર પાડેલ છે. તેમાં જોવાથી જણાઈ આવશે. અસ્તુ ....

વાંઢાય દ્વારાના વિદ્યમાન મહંત

શ્રી દયાળદાસજી મહારાજ

પૂજ્ય મહારાજ શ્રી ઉધ્ધવરામજીના શિષ્યો પૈકી જાનકીદાસજીને પદભ્રષ્ટ કર્યા બાદ શ્રી અચલદાસજીએ પણ ચતુર્થાશ્રમ સ્વીકાર કરેલ એટલે કે સન્યાસ ગ્રહણ કરી હાલમાં વિચરે છે. મહારાજશ્રીએ પોતાની હૈયાતીમાંજ આશ્રમનો સંપૂર્ણ વહીવટ શ્રી દયાળદાસજીને પોતાના પટ્ટશિષ્ય તરીકે માની સુપ્રત કરેલ હતો. પરંતુ તેઓશ્રી કૈવલ્ય પામ્યા બાદ તેમના ભદ્રાઉત્સવમાં (કચ્છ) દમલાપુરીના મહંત બાવા શ્રી ગંગાપ્રશાદજીએ શ્રી દયાલદાસજીને વાંઢાય આશ્રમના છઠ્ઠા મહંત તરીકે ચદર પછેડી ઓઢાડી પોતે વાંઢાય દ્વારાના મહંત પદે આવ્યા બાદ પૂજ્ય ગુરૂ મહારાજે ઉપયોગમાં લીધેલ કોઈપણ વસ્તુ શિષ્યે પોતાના ઉપયોગમાં ન લેવી એમ શ્રી ગુરૂ ગીતાનું કથન છે. કે.

શ્લોક.

पादुकासन सयादि गुरुणायद धिष्टितम् ।
नमस्कुर्वीत तत्सर्व. पादाभ्यां नस्पृसे क्वचित.

અર્થ જે વસ્તુનો ગુરૂએ ઉપયોગ કર્યો હોય એવી ચાંખડી આસન ને સયા આદિ સઘળી વસ્તુંઓને શિષ્યે નમસ્કાર કરવા પણ તેને કોઈ દિવસ પગથી સ્પર્શ કરવો નહિ. માટે મહારાજ શ્રી દયાળદાસજીએ ગુરૂદેવશ્રી ઉધ્ધવરામજીની પાદુકા ઢોલીયો અને ગાદી સિવાય મહારાજશ્રી પોતા પાસે રાખતા તે દંડ દર્શન માટે આશ્રમમાં જાળવી રાખ્યા છે. જેવી રીતે કે જુના દ્વારામાં મહારાજશ્રી ઇશ્વરરામજીનો ભજનનો ઓરડો તેઓશ્રીનો ઢોલીયો ટોપી, પુસ્તક, અને ગાદી યથાપી જોવામાં આવે છે.

મહારાજશ્રી દયાળદાસજીનો જન્મ (કચ્છ) દેશળપુર વાંઢાયવાળામાં શેઠ દામજી ટોકરશી લોહાણાના ધર્મપત્ની શ્રી કેસર–

VSAK: 03-

બાઈના ઉદરે સંવત ૧૯૫૧ના અશ્વિન શુકલ પુર્ણિમાના રોજ થયેલ તેઓશ્રીના પીતાશ્રી તેઓશ્રીને બે વર્ષના મુકી ૧૯૫૩ની આખરમાં અવસાન પામેલ. એટલે એમના માતુશ્રીએ ઉછેરી મોટા કરેલ તેમ માતુશ્રી કેસરમાં ધર્મના સંસ્કારવાળા હોવાથી બાળ વયમાંજ મહારાજશ્રી દયાળદાસજીમાં એ સંસ્કાર રેડવા માંડયા. માતાના મહાન ઉપકાર માટે શ્રી આચાર્ય ભગવાને પણ એક જગ્યાએ કહયુ છે કે.

-: શ્લોક :-

आस्ता तार्वदिय प्रसुति समये दुर्वार शुलं व्यथा।
नैरुचये तनुं शोषणंः मलमयि शंघ्याच सांवत्सरी॥
एक स्यापिन गर्भ भार भरणंः क्लेशंचय चस्य क्षमोः।
पातु निष्कृत्ति मुनी तोऽपि तन यस्तष्यै जनन्यौ नमः॥

અર્થ:- હે મા! તેં જે પારાવાર પ્રસવ વેદના તથા ત્યારબાદની મારી અસહાય સ્થિતિમાં સુખ સ્વાદ અને સ્વાસ્થ્યનો ભોગ આપી જે કષ્ટ સહ્યાં તેનો બદલો સાત જન્મે પણ વાળી શકવાને અસમર્થ એવો હું તારા પુનિત ચર્ણમાં નમસ્કાર કરૂં છું.

આ સ્તુતિ જગદ્દગુરૂ શંકરાચાર્ય મહારાજે પોતાની માતાને ઉદ્દેશી કહેલ છે કહેવાનું તાત્પર્ય એજ કે બાળકને ગર્ભમાં અને ત્યારબાદ એટલે કે જન્મ પછી માતાના સંસ્કારો જે કામ કરે છે. તેવા અન્ય કોઇના સંસ્કારો કામ કરી શકતા નથી. બાળકને સારો બનાવવો યાતો ખરાબ, એમાં એની માતાના ભાવો મુખ્ય ભાગ ભજવે છે. ત્યારબાદ શ્રી ગુરૂદેવ આ યુકિત પ્રમાણે પુજ્ય મહારાજશ્રી દયાળદાસજીમાં તેમનાં માતુશ્રીના સંસ્કારથી બાળપણમાં જ ધાર્મિક વૃત્તી સતેજ બની. જયારે તેઓશ્રીની ઉમર પંદર વર્ષની હતી ત્યારે તેમનાં માતુશ્રી તેમને સાથે લઈ સ્ટીમર રસ્તે મુંબઇ જતાં હતાં ત્યાં સ્ટીમરમાં એક

મહાત્માએ શ્રી દયાળદાસજીની ભાગ્ય રેખા જોઈ તેમના માતુશ્રીને પુછ્યું કે:- માતાજી; આ બાળક આપનો છે? જવાબમાં તેઓશ્રીના માતુશ્રીએ હા પાડી એટલે મહાત્માએ કહ્યું કે માતાજી આપના બાળકના ભાગ્યમાં સાધુતા મને જોવામાં આવે છે. પુર્વોક્ત સંસ્કાર ભાગ્ય યોગે પ્રબળ બને અને એની ઈચ્છા વિરક્ત રહેવાની થાય. તો આપ એને સંસારમાં ફસાવશો નહિ. એ મારી ખાસ ભલામણ છે.

મુંબઇ આવ્યા બાદ અમુક સમય રોકાઇ પછી મુકાદમીનો ધંધો કરવા લાગ્યા. પ્રવૃત્તિ માર્ગજ એવો છે કે:- એની પરંપરાનો અંત આવતોજ નથી. તદ્દનુસાર શ્રી દયાળદાસજીને એક તો કૌટુંબિક જવાબદારી હતી. જ્યારે બીજી તરફ આત્મા ધર્મ તરફ વળવા ચાહતો હતો. પરંતુ માણસના જીવનમાં મુખ્ય મુશ્કેલી મનપ્રાણ અને શરીરના સ્વભાવની છે કેટલીક ખોટી માન્યતાને લઈ માણસના મનમાં ઘણાં સંકલ્પો આવે છે. અને તેના પ્રાણ વચલી ઊમરમાં મનને બહુ ચંચળ બનાવે છે. તેવીજ રીતે ચંચળતાને વશ બની શ્રી દયાળદાસજીએ સત્યાવીશ વર્ષની ઉંમરે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો.

આવા બધા સંજોગોનું મુખ્ય કારણ એક માણસ પાસે એકજ વખતે ઘણી ફરજો ભેગી થાય છે. ત્યારે તેમાંથી કેમ નીકળવું એ તેને સુઝતું નથી. તેથી ભૂતકાળનું જ્ઞાન અને વર્તમાન કાળનો ઉપદેશ જોઈએ તેવું કાંઇ કરી શકતું નથી પોતાની માતુશ્રીના આત્માને દુ:ખ ન થાય. માટે ઇચ્છાથી કે અનિચ્છાથી સંસાર વ્યવહાર તેમણે સ્વીકાર્યો પ્રથમાશ્રમ સ્વીકાર્યા બાદ ટુંક સમયમાંજ તેઓશ્રીના માતાજી કેસરબાઈમા ઘાટકોપરમાંજ દેવલોક પામ્યા અને ત્યારબાદ "વૈરાગીનું વૈવિશાળ કેટલા દિવસ ટકે?" એ કહેવત અનુસાર ફક્ત ચાર વર્ષજ

તેઓનો ઘરસંસાર ચાલ્યો અને (કચ્છ) દેશલપુરમાં જ તેમના પત્ની સ્વર્ગવાસ પામ્યા.

એકતો માતાજીના અવસાનનો આઘાત હજી શમ્યો ન હતો, ત્યાં ઉપરથી પત્નીના અવસાનથી એમની શુસુપ્ત વૈરાગ્ય વૃતિએ પુન; વેગ પકડયો દેશલપુરની ચિત્તાભૂમિ વાંઢાય અને દેશલપુર વચ્ચે છે ત્યાં પત્નીનો અંતિમ સંસ્કાર કરી સામેજ તળાવ છે ત્યાં સ્નાન કરી, ભીને લુગડે ત્યાંથી વાંઢાય ઈશ્વર આશ્રમ તરફ વળી નીકળ્યા. અને સ્મશાને આવેલ અન્ય લોકો ગામમાં ગયા. એ વખતે વાંઢાયમાં બાવાશ્રી વિહારી સાહેબની ગાદીએ ક્ષાત્રિય બ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી ઉધ્ધવરામજી મહંત પદે બિરાજમાન હતા. તેમના ચરણમાં નમસ્કાર કરી. બોલ્યા.

श्लोक.

त्वां पिता त्वां चमे माता त्वां बन्धु स्तवंच देवता ।
संसार प्रिति भंगाय तस्मै श्री गुरवे नमः ॥

અર્થ-: હે દયાળુ ગુરૂદેવ આપજ મારા પિતા છો. આપજ મારી માતા છો, તેમજ બન્ધુ છો. સંસાર માંથી પ્રિત છોડાવનાર એવા હે સદ્દગુરૂ દેવ આપને હું પ્રણિપાત કરૂં છું.

પૂજય મહારાજશ્રી ઉધ્ધવરામજીએ તેમની આકૃતિ જોઈ મનોભાવ સમજી વિચાર્યુ કે આની મોહ રૂપી માતા મરી ગઈ જણાય છે. તેનુ સ્નાન સુતક છે સિવાય જ્ઞાનરૂપી પૂત્ર જનમ્યો છે. એનુ વૃદ્ધિ સુતક છે, માટે એનુ મુડન કરવું પડશે. એમ સમજી કેવળ મંત્ર દિક્ષા જ એ વખતે આપી. એટલકે કંઠી બાંધી શિષ્ય બનાવ્યા. કહેવત છે કે "કંઠી માલા સુંમરની સદ્દગુરૂ દેઇ બક્ષિસ"

આ પ્રમાણે મંત્ર દિક્ષા આપી અને મંદિરોની સેવા સુપ્રત કરી, સિવાય કેટલુંક કામ ભંડારનું પણ આપ્યું.

અમુક ટાઇમ ગુરૂ સેવામાં રહ્યાબાદ મહારાજશ્રી ઉદ્ધવરામજી એ તેમને તિર્થાટન કરવા સૂચવ્યું. એ આજ્ઞા શિરોમાન્ય કરી હરીદ્વાર અને ઋષિ કેષની યત્રાએ પધાર્યા. રુષિકેષમાં દેવકી બાઈ લોહાણા ધર્મશાળામાં પોતાનો મુકામ રાખ્યો એ વખતે ઊનાળાનો ફાગણ માસ ચાલતો હોઈ ત્યાં ગરમી સખ્ત પડતી હતી સ્થાનીકે નિવાસ કરતાં મહાત્માઓને છાશની ખાશ જરુર હોય તેમ જણાતાં શ્રી દયાળદાસજી મહારાજે કેટલાક ભાવિક ગ્રહસ્થોને પત્રલખી સહાયતા મેળવી. છાશનુ પરબ ખોલ્યું એટલે સેંકડો મહાત્માઓ તેનો લાભ લેવા માંડયા. ટુંક સમય માં જ તેઓશ્રી "લસ્સીવાલા બાબા" ના નામે ત્યાં પ્રસિદ્ધિ પામ્યા. જયાં સુધી ઋષિકેષ રહેવાનુ હતું ત્યાં સુધી આ પ્રવૃતિ શ્રી દયાળદાસજી મહારાજે ચાલુ રાખી. અને તે કાળ દરમ્યાન તેમને ઘણા સાધુસંતો અને મહાત્માઓના સમાગમનો લાભ મળ્યો. મહાત્માશ્રી તુલસીદાસજી એ કહ્યુ છે કે :–

दुहा

तुलसी यह संसारमें सबको मिलने चहाय
ना जाने कीस रूपमें नारायन मिलजाय.

VSK: 10-Nov-1931

ઉપરોકત સંત સમાગમથી તેમના જ્ઞાનમાં વૃદ્ધી થવા લાગી. ઉત્તરની યાત્રા પુરી કરી જયારે ફરી વાંઢાય પધાર્યા ત્યારે સંવત ૧૯૮૭ ના કારતક શુદ ૨ ના રોજે બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રી ઉદ્ધવરામજીએ તેમને વિધિસરની દિક્ષા આપી. દયાળદાસજી એવું નામાભિધાન આપ્યું. એટલેતો કહેવત છે કે :– "માલા ટોપી દીયા સ્વરૂપા તાકો વંદે સુર નર મુની ભૂપા" શ્રી દયાળદાસજી ગુરૂ કૃપાએ વંદનીય સાધુવર્ય બન્યા સાધુપદે શ્રી દયાળદાસજી આવ્યા બાદ પૂજય મહારાજશ્રીએ તેમને પાટીદાર સમાજ ને ઉપદેશ આપી પીરાણા પંથથી છોડાવી સુદ્ધ સનાતન ધર્મ તરફ લાગણી પ્રગટે એવા પ્રચાર કરવા આજ્ઞા આપી.

1959-04-10 -Ishwar Vihari Vilas -3rd Edition (1222)

એ ગુરૂ વચન માન્ય કરી તેઓશ્રી કચ્છ તેમજ ગુજરાતના પાટીદાર સમાજમાં પ્રચાર કાર્ય કરવા ઉપડયા. સવંત ૧૯૯૯ માં ગુજરાત માં આવેલ ગામ મોતીશ્રી વાળા પટેલ હરિભાઈ કરમશી ને પોતાના વિચારો જણાવ્યા કે કચ્છ પ્રાંતમાં પાટીદાર ભાઈઓની કુળદેવી શ્રી શૈલ્યપુત્રી ઉમયાજી મંદિર બંધાય. અને દર વર્ષે એક વખત શ્રી જગદંબાનો ઉત્સવ થાય તો તે નિમિતે સમષ્ટિ નું પ્રચાંર કાર્ય બહુ સરળ બને. તેમ આગળ પણ વધી શકાય. આવી રીતે શ્રી હરિભાઇ અને મહારાજશ્રી દયાળદાસજીની વિચારણા નક્કી થઈ. શ્રી હરીભાઈએ રૂપિયા ૧૦૦૦) એક હજાર મંદિરના ફાળામાં સૌથી પ્રથમ નોંધાવ્યા. સદરહુ રકમ લઈ સંવત ૨૦૦૦ના મહાશુદ ૫ એટલે વસંત પંચમીના ઈશ્વર આશ્રમ વાંઢાય આવી, પૂજ્ય મહારાજશ્રી ઉદ્ધવરામજી તથા પટેલ રતનશીભાઇ ખીમજી પટેલ પરબતભાઈ લખુ, પટેલ જીવરાજ વસ્તા, મુખી કાનજીભાઇ ગોપાલ તથા કરશન ઉકરડા વગેરે આગેવાનોને બોલાવી મહારાજ શ્રી ઉદ્ધવ-રામજીના વરદ્દ હસ્તે મંદિરનું ખાતમુહુર્ત કરાવ્યું.

અને ગામ શ્રી ગઢશીશાવાળા પટેલ રામજી લાલજી, પટેલ વાલજી રામજી, પટેલ ભીમજી કાનજી લુડવાવાળાની દેખરેખ અને ભાવનાથી શ્રી માતાજીના મંદિરનું કામ પરિપૂર્ણ થયું. સાથો સાથ ગુજરાત વસ્તા અન્ય પાટીદાર ભાઈઓની મદદ પણ મળતી ગઈ સવંત ૨૦૦૦ના ચૈત્ર સુદ ૯ (રામનવમી)ના રોજે જગદ્દજનુની ઊમિયાજીની પ્રતીમા વાંઢાય ગામમાં આવેલ જુના દ્વાવારામાં કે જ્યાં મહારાજ શ્રી ઇશ્વરરામજીએ પોતાનું નિવાસ્થાન રાખી ભજન કરેલ તેજ આશ્રમમાં નૂતન મંદિર બંધાવી પ્રાણ પ્રતિષ્ટા કરવામાં આવી.

વાંઢાય આશ્રમમાં નાનો મોટો કોઇપણ ઉત્સવ હોય તેમાં શ્રી કાનજી બાપાનો સાથ સહકાર અને સેવા ન હોય એવું આજ દિવસ સુધી બન્યું નથી, તેવીજ રીતે શ્રી માતાજીની પ્રતિષ્ઠા કાર્યમાં એમનો સારો સહકાર હતો.

આ પ્રસંગ સંપૂર્ણ થયા પછી જૂના દ્વારામાં મુંબઇ, નાગપુર વગેરે સ્થાનોમાં વસતા ભાવીક ભકતો તરફથી બીજા પણ કેટલાક મકાનો વગેરે બંધાઇ ગયા, અને મહારાજ શ્રી દયાળદાસજીએ પોતાનું રહેવાનું પણ ત્યાંજ રાખ્યું હતું. સાથે તેમના પટ્ટ શિષ્ય શ્રી શાંતિદાસજી પણ અન્ય સાધુઓ સાથે રહેતા હતા.

આપણે આગળ કહી ગયા તદનુંસાર મહારાજ શ્રી ઉદ્ધવરામજીએ ઇશ્વર આશ્રમનો સંપૂર્ણ વહીવટ સોંપ્યો એટલે પોતાને નૂતન આશ્રમમાં રહેવાની ફરજ પડી આપણે આગળ કહી ગયા છીએ કે મહારાજ શ્રી ઉદ્ધવરામજી મહાનિર્વાણ પામ્યા બાદ તેમને બાવાશ્રી વિહારી સાહેબની ગાદીના વિદ્યમાન મહંત તરીકે અપનાવવામાં આવ્યા છે. હાલમાં મહારાજ શ્રી દયાળદાસજી પોતાના શિષ્ય શ્રી શાન્તિદાશજી સિવાય અન્ય સંત મંડળ સહિત વાંઢાયના નૂતન આશ્રમમાં રહી શ્રી પરમ કૃપાળુ ગુરૂદેવની સેવા સાથ આશ્રમનો વહીવટ ચલાવી રહ્યા છે. ગામનો જૂનો આશ્રમ તેમજ શ્રી માતાજીના મંદિરની વ્યવસ્થા તથા કબજો પોતે સંભાળી રહ્યા છે. પ્રતિવર્ષ રામનવમીનો ઉત્સવ થાય છે. તેમાં કડવા પાટીદાર તેમજ અન્ય સતિ સેવકો સાધુસંતો સારા પ્રમાણમાં હાજરી આપે છે.

ઇશ્વરઆશ્રમમાં ચાલુ સાલે રંગનુ કામ ગામશ્રી હાજાપરના સેવા ભાવી શ્રી ગંગામાના સુપુત્ર મીસ્ત્રી

નારાણભાઇ તથા ગોપાલભાઈ યાદવે રૂા. ૭૦૦ ની રકમ આપી તૈયાર કરાવી આપ્યું અને આશ્રમમાં સમાર કામ તથા કળી ચુનો મુંબઇ વસતા ભાનુશાળી ભાઇઓ માંથી દેવચંદ કરશન, દેવચંદ હમીર ખીંયશી દેવજી નારાણ કરશન વિગેરે સેવકોએ રૂા. ૬૦૧ નો ફાળો તૈયાર કરી કરાવી આપેલ છે.

મહારાજશ્રી દયાળદાસજીની વૃદ્ધાવસ્થા ના કારણે તેમ આંખોમાં મોતીયો હોવાથી નજર પણ ન પડવાના કારણે બહુ વિચરી શકતા નથી આશ્રમના વ્યવહાર કાર્યમાં તેઓશ્રી ના શિષ્ય શાંતિદાસજી દેખરેખ રાખે છે. સિવાય સાધુ મંડળમાં શ્રી સેવાદાસજી, શ્રી કૃષ્ણદાસજી, શ્રી આણંદરામજી, શ્રી કાલીદાસજી શ્રી લહેરેદાસજી વગેરે આશ્રમમાં રહી પોત પોતા થી બનતી સેવા આપી રહ્યા છે. તદઉપરાંત શ્રી જેઠીરામજી (બટુક) વિદ્યાભ્યાસ કરે છે. અને શ્રી વાલદાસજી શ્રી ગુરૂ ઉધ્ધવરામજી હરિદ્વારનો આશ્રમ સંભાળે છે ને મહાજશ્રી દયાળદાસજી ઇશ્વર આશ્રમમાં શાંતિથી પ્રભુભજન કરે છે. પોતાનો અંગત જીવન વ્યવહાર બહુજ સાદો, ખાનપાન પણ બહુજ સાત્વિક તેમજસત્યવકતા પણું એ તેમનો મુખ્ય ગુણ છે. અસ્તુઃ-........

This means Haridwar Ashram is under Ishwar Ashram

-: श्लोक :-

मन्नाथः श्री जगन्नाथो मद्गुरुः श्री जगद्गुरुः।
स्वात्मैव सर्व भूतानां तस्मै श्री गुरवे नमः॥

ૐ શાન્તિ શાન્તિ શાન્તિ

શ્રી

ઇશ્વર વિહારી વિલાસ

દ્વિતિય - ભાગ

પદ નિરૂપણ

(સંગ્રાહક)

ચંદુભા રતનસિંહજી જાડેજા

મેરાઉ-કચ્છ,

realpatidar.com

તા. ક:--

આ પુસ્તકમાં મ. શ્રી ઇશ્વરદાસજીના ફોટા અને
આશ્રમમાં શ્રી ઇશ્વરરામજી તથા શ્રી ઉદ્ધવ-
રામજીના ફોટાઓની સેવા મંજલના
શેઠ શ્રી દેવેન્દ્ર કલ્યાણજી તરફથી
અવાર નવાર થાય છે. માટે
તેમને પણ અભિનંદન
આપવામાં
આવે છે.

* *

*

ॐ

॥ श्री सद्गुरु स्तवनमाला ॥

चैतन्यं शाश्वतं शांतं, व्योमातीतं निरंजनः ।
नादबिंदुकलातीतं, तस्मै श्रीगुरवे नमः ॥१॥
सर्वश्रुतिशिरोरत्न, विराजीतपदांबुजः ।
वेदांतांबुजमार्तंडस्तस्मै श्रीगुरवे नमः ॥२॥
अज्ञानतिमिरांधस्य, ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मिलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥३॥
गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुरेव परं ब्रह्म, तस्मै श्री गुरवे नमः ॥४॥
ध्यानमूलं गुरोर्मूर्तिः, पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरोः कृपा ॥५॥
अखंड मंडलाकारं, व्याप्तं येन चराचरम् ।
तद्पदं दर्शितं येन, तस्मै श्रीगुरवेनमः ॥३॥
नगुरोरधिकं तत्वं, नगुरोरधिकं परम् ।
गुरोः परतरं नास्ति, तस्मात्संपूज्यते गुरूः ॥७॥
अखंडानंदबोधाय, शिष्यसंतापहारिणे ।
सच्चिदानंदरूपाय, रामाय गुरवे नमः ॥८॥
अज्ञानमूलहरणं, जन्मकर्मनिवारणम् ।
ज्ञानवैराग्यसिद्धयर्थं, गुरूपादोदकं पिबेत् ॥९॥
ब्रह्मानंदं परमसुखदं, केवलं ज्ञानमूर्ति ।
द्वंद्वातीतं गगनसदृशं, तत्त्वमस्यादिलक्ष्यम् ः ।
एकं नित्यं विमलमचलं, सर्वधीसाक्षिभूतं ।
भावातीतं त्रिगुणरहितं, सद्गुरू तं नमामि ॥१०॥

ॐ શ્રી ગુરૂદેવાય નમઃ

ગુરૂદેવા સ્તુતિ

ભુજંગી છંદ

અતી શાંત મુતીં કૃપાવંત યોગી
ગુણાંતીત જ્ઞાની સદા બ્રહ્મ ભોગી
મહાશુર પોતે કરે દ્વંદ છેવા,
ગુરૂદેવ દેવા ગુરૂદેવ દેવા ૧

ક્ષમાવાન પુરા દયા સિન્ધુ દાતા,
લગારે ન લોભી નહીં મોહ માતા,
છુટા છેક થઇને સજે સુધ્ધ હેવા,
ગુરૂદેવ દેવા ગુરૂદેવ દેવા. ૨

સમાસી વડીલો તણી ચાલસારી,
મને ખંત રાખી સુનિતી સુધારી,
કરે કર્મ રૂડા વદે વેદ તેવા.
ગુરૂદેવ દેવા ગુરૂદેવ દેવા ૩

જપે જાપ તે આપ શોહંમ સદાયે,
વૃથા વાકય બોલે નહીં તે કદાયે,
સુધારૂપ સર્વાંગ દીશે અવેવા,
ગુરૂદેવ દેવા ગુરૂદેવ દેવા. ૪

તજી અન્ય પૂજા વિભુ એક ધ્યાવે,
રુદે હેત લાવી રહે તે સુભાવે,
અકામી ન ઇચ્છે વિશે સુખ લેવા,
ગુરૂદેવ દેવા ગુરૂદેવ દેવા. ૫

નહીં નેમ ચુકે ખરા બ્રહ્મચારી,
દમેં દેહ ઇન્દ્રી બની અલ્પ આહારી,

તજી મિષ્ટ મેવા ગણી ઝેર જેવા,
ગુરૂદેવ દેવા ગુરૂદેવ દેવા ૬
સ્ફુર્તી પંથ શોધી ગૃહયું તત્ત્વ આદી
ગઈ સર્વ પીડા ટળી દ્વૈત વ્યાધી.
ચિદાનંદ જાણ્યું અનામી અભેવા,
ગુરૂદેવ દેવા ગુરૂદેવ દેવા. ૭
કહે દેવ વર્મા શુણો અર્જ સ્વામી,
સદા સુદ્ધ ભાવે ભજું શિશનામી,
રહી નિત્ય શરણે કરૂં ચરણ સેવાં
ગુરૂદેવ દેવા ગુરૂદેવ દેવા. ૮

(દેવાનુંભવ દીવાકર)

બ્રહ્મનિષ્ટ મહારાજશ્રી ઇશ્વરરામજીની સ્તુતિ.

દુહા.

જે 'ઈશ્વર' ગુરૂ દેવ છે, શ્રી ઈશ્વર અવતાર,
પ્રગટયા કચ્છ પ્રદેશમાં. વિરલા સમજે સાર. ... ૧

જ્ઞાન ભક્તિ વૈરાગ્યનો, સમજાવ્યો સિધાન્ત
ભજન પ્રભાવ બતાવ્યો, આપ વસે એકાન્ત ... ૨

અનેક જન ઉધારીયા, કીધાં જનનાં કામ
માર્ગ બતાવી મોક્ષનો, પધારીયા નિજ ધામ .. ૩

વિશ્વ વિષે વિલસી રહ્યું, જેનું તેજ અપાર,
એ 'ઇશ્વર' ગુરૂ દેવને, વંદન વારંવાર, ... ૪

વિધન હરે મંગલ કરે, જગમાં જેનુ નામ,
એ 'ઈશ્વર' ગુરૂદેવને, પ્રેમે કરૂં પ્રણામ. ... ૫

(ઈ. વિ, વિ)

દિર્ઘ ચોપાઈ

કચ્છ વિશે પ્રતક્ષ સ્વરુપ વાંઢાય ગામમાં,
મહાનું ભાવી મહંત બીરાજ શુદ્ધ ધામમાં,
મનાતીત મોજીત અચળ એકાંત નિવાસી ૧

યોગી જીવન મુકત ભકત જનનાં સુખકારી,
ઉદ્ધારે જડવંત દયા સાગર ઉપકારી,
સુંદર વદન સુ અંગ જોઈ મનના મળ ભાગે,
ટળે કોટ અપંરાધ નામ લેતાં અનુંરાગે, ... ૨

મનહર છબી કરધ્યાન ધરે ચિત સ્થિરતાથાએ,
વશે સમીપે સ્હેજ જાડયતા દિલથી જાએ,
ભાવે કરેજ સેવ સુંકૃત સૌ ફળે સ્વભાવે,
વચના મૃતનું પાન કરે ઉર વિવેક આવે, ... ૩

ભકિત યોગ વૈરાગ્ય જ્ઞાન વિજ્ઞાન પ્રકાશે,
નાશે દ્વૈત પ્રપંચ એક પરમાતમ ભાસે,
આતમ અનુભવ વડે શિષ્ય પરમાનંદ પ્રાણે,
દૈશિક નો આભાર ગણી ગુણ મુખે વખાણે, ... ૪

પુનિ પુનિ કરે પ્રણામ વરણ યવ રદયેહરખી,
કરે પ્રસંસા સંત સૂધક સૌ મતના સરખી,
ધન "ગુરૂઈશ્વરરામ" સદામમ સાહેક સ્વામી,
વંદુ વારંવાર ચર્ણ યુગ મસ્તક નામી. ૫

(દેવાનુંભવ દિવાકર)

બ્રહ્મનિષ્ઠ બાવા સાહેબશ્રી રામસિંહજી વિષે.

(રાગ. આજ સખી હું તો આનંદ પામી.)

પરી બ્રહ્મનો રસ પાવા રે, રામસંગજી બાવા,
ગુરૂરે જેઠીરામ ધાર્યા રે, બાવો સાહેબ પધાર્યા, ... ૧
હમલા માંહે બાવે હેલી મચાવી, હરદમ હરીરસ મેલ્યોરે લાવી
ભકતોને મન ગયા ભાવીરે, રામસંગજી બાવા. ૨
જદુ કુળ જન્મ ધર્યો જદુરાયે, એ કુળ જાડેજા વંશની માંએ
ગુરૂ દેવા દર્શાએરે, રામસંગજી બાવા. ૩
આભ જમી બાવે એક કરીને, ભજન કર્યું એવું પેટ ભરીને
ફેરો ન આવ્યા ફરી ને રે, રામસંગજી બાવા. ૪
:એક અરજ ગુરૂ અમને ઉગારે, ચરણે પડી કહે "ચંદુ" તમારે'
પોતાનો જાણી ને પાળો રે, રામસંગજી બાવા. ૫

દુહો.

રાજય ઋષિ સબતેં સરશ, સંતન કે સિરતાજ
ક્રિષ્ન બંશમે કુલ મણી, રામંસાંગ મહારાજ.

પુજ્યપાદ મહારાજ શ્રીના શુભ ગુણોનું પદ્યાત્મક થોડું વર્ણન

કુંડલીઆ

સમતાની રમતો રમે, ભેદતણુ નહીં નામે,
ઊજ્જવલ અંદર ઉપરે, શ્રી ગુરૂ ઓધ્ધવરામ,
શ્રી ગુરૂ ઓધ્ધવરામ, ઈષ્ટ ગુરૂદેવ અમારા,
અમને આપ્યું અભયદાન, લાગે અતિ પ્યારા.

કહે અચલ હું સત્ય કહું; છે યોગી જ્ઞાની,
ભેદ તણુ નહીં નામ, રમે રમતો સમતાની. ... ૧

સ્નેહી સાચા સર્વના, સૌપર સરખો ભાવ,
કપટ ન જાણે કોઈનું, એવો શુધ્ધ સ્વભાવ,
એવો શુધ્ધ સ્વભાવ, દ્વેષ નહી દીલમાં જેને,
રાગ પછી કયાં રહે, તત્વ દર્શી છે તેને,
કહે અચલ હૂં સત્વ કહું, છે નિર્મલ નેહી,
સૌપર સરખો ભાવ, સર્વના સાચા સ્નેહી, ... ૨

જન ખાનારા ખાય છે, લઈ જાય લેનાર,
દેનાર દેતા રહે, એવા અતિ ઉદાર,
એવા અતિ ઉદાર, કોઈનુ કહ્યું ન માને,
કેનાર જન કહે, ધરે નહી વચનો કાને,
કરે અચલ હું કહું, એમનુ મોટું છે મન,
લઈ જાય લેનાર, ખાય છે ખાનારા જન, ... ૩

સાદાઈ રાખે સદા, હરેક સાથે હેત,
ભજે સદા ભગવાનને, અંતર રહે સચેત.
અંતર રહે સચેત. અજ્ઞાની સાથે એવા.
મહાપુરૂષ જો મળે, તેમની સાથે તેવા,
કહે અચલ હું સત્ય કહું, સાચા સમખાઈ,
હરેક સાથે હેત, સદા રાખે સાદાઈ. ... ૪

આત્મારામી અનુભવી, અનેક ના આધાર,
અવાતારી ઇશ્વર તણાં, સત્ય અંશ-અવતાર,
સત્ય અંશ-અવતાર, પારખે પૂરા તેને,
અથવા અંતર હોય, ખરી જિજ્ઞાસા જેને
કહે અચલ મમ ઇષ્ટ, સદ્દગુરૂ ઓધ્ધવરામ.
અનેકના આધાર, અનુભવી આત્મારામી. ... ૫

સમતા મેં સંતત રહે, હૈ સંતન મેં હેત,
નેક કિસે નિંદે નહીં, લાભ ભજન કો લેત,
લાભ ભજન કો લેત, અન્યકો યહી ઉપદેસે,
શ્રી ગુરૂ ઓધ્ધવરામ, આપ સમદર્સી ઐસે,
અચલદાસ મૈ સત્ય કહો, સદેહ ન યામે
હૈ સંતન મેં હેત રહે, રહે સંતન સમતામે. ... ૬

સુત્રમણી સમ એક હૈ, પ્રભુ સબમે ભરપુર,
ઐસો અંતર જાનકે, દ્વેષ કીયો સબદુર,
દ્વેષ કીયો સબ દુર, રાગ નહીં રંચક મનમે,
શ્રી ગુરૂ ઓધ્ધવરામ, બ્રહ્મ દેખે સબેં જનમેં,
અચળદાશ અસ જાન, ભયો જિનકો મન ઉપસમ
પ્રભુ સબમેં ભરપૂર, એક હૈ સુત્રમણી સમ. ... ૭

સુખ અરૂ દુ;ખ મેં સમ રહે, ઉધ્ધવ ગુરૂ મમ ઇષ્ટ,
દાયક પરમાનંદકે, વર વરિયાન વરિષ્ઠ,
વર વરિયાન વરિષ્ટ, આપ અંતર મુળઐસે,
નિજાનંદ મે લીન રહે, સનકાદિક જૈસે.
અચળદાસ અમૃતબાની, હૈ જિનકે મુખમે,
ઉદ્ધવગુરૂ મમ ઇષ્ટિ, રહે સમ દુઃખ અરૂં સુખમે... ૮

ઈશ્વર આરાધન કરે,ા જપો અજંપા જાપ,
અંતર જાનો આતમા, ઐસો ભાષત આપ,
ઐસો ભાષત આપ, દેવ અંતર દર્શાવે,
શ્રી ગુરૂ ઊધ્ધવરામ, મોહ જંજાલ મિટાવે,
અચલદાસ કૈવલ્ય, મુક્તિ કો વિધા સાધન,
જપો અજંપા જાપ, કરો ઇશ્વર આરાધના, ... ૯

જીવ-મુકિત જો ચહે, દેખ્યો ચાહે દેવ.
અચલદાસ આનંદ સે, સદગુરૂકે પદ સેવ.
સદગુરૂ કે પદ સેવ, લાભ ઉતમ યહ લીજે,
શ્રી ગુરૂ ઉધ્ધવરામ. ઈસકો ધ્યાન ધરી જે,
નિશ્ચે કિયો નિબંધ, અન્ય નહીં એસી મુકિત,
સદગુરૂ કે પદ સેવ, ચહે જો જીવ-મુકિત. ...૧૦

લેખક પંડિત અચલદાસજી.

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રી દયાળદાસજી

વિરચીત ભજનો.

શ્રી સદ્‌ગુરૂ ઓધવરામ મહારાજની પ્રાર્થના

(રાગ વાગેશ્વરી)

શ્રી ગુરૂ દેવ ઓધવરામ તમને વારંવાર પ્રણામ,
કરીએ વારંવાર પ્રણામ, ધરીએ અમ અંતર માં ધ્યાન .... ટેક

પાવન નામ પવિત્ર તમારૂં, ઉર અજ્ઞાન તિમીર હરનારૂં,
એકજ કરવાનુ છે કામ, તમને વારંવાર પ્રણામ... શ્રી ગુરૂદેવ ૧

સદગુરૂ અદ્‌ભૂત શકિત તમારી, નિજ મહિમા જગમાં વિસ્તારી,
કર્યાં પરોપકારી કામ, તમને વારંવાર પ્રણામ.... શ્રી ગુરૂદેવ ૨

અનિતી અધર્મની જડ કાપી, શુદ્ધ સ્વધર્મ સનાતન સ્થાપી,
કર્યું જીવોનું કલ્યાણ, તમને વારંવાર પ્રણામ.... શ્રીગુરૂદેવ ૩

દાસ "દયાળ" કહે કર જોડી, ભવ ભય બંધન નાખો તોડી
હૃદયમાં વસજો આઠોંયામ, તમને વારંવાર પ્રણામ....શ્રી ગુરૂદેવ ૪

રાગ ● રાસ

એવા સુખના સાગર ભગવાન છે રે,
જેનું લક્ષ્મીનારાયણ નામ છે રે. ....એવા ...... ટેક
એતો અખીલ ભુવન પતી એક છે રે,
જેની અધમ ઓધારવાની ટેક છે રે....... એવા૦ ૧
જોગી વનમાં વસે છે જેને કારણે રે,
અનેક ભકતો ઉભા છે એને બારણે રે....... એવા ૦ ૨
કેવી મનોહર દીસે એની મુરતી રે,
હવે અળગી ન મેલું એને ઉરથી રે....... એવા ૦ ૩
મને આશા છે એક ભગવાનની રે,
હું તો માળા જપું છું એનાં નામની રે....... એવા ૦ ૪
ગુરૂ ઓધવરામે કૃપા કરી રે.
મને વસ્તુ બતાવી ખરેખરી છે....... એવા ૦ ૫
વાલો ઘટે ઘટ માં વસી રહ્યા રે,
દાસ "દયાળ" ઉપર કીધી દયા રે....... એવા ૦ ૬

રાગ ભેરવી કચ્છી કાફી

જમાનો આખરજો આયો,
કુડ કપટ ને કાવતરેજો રોપાણો પાયો.... જમાનો. ટેક
ધર્મ વિયોહીન ધરતી મથાનુ; પાપ તાં છવાયો,
પાખંડીયેજો પુર વધ્યે,
જે અસલ કે ઉડાયો. ...... જમાનો ૧

ન્યાય નિતીજી રીત વઈ, કરી પંઢજો મન ભાયો
શરમ મરમ મર્જાદ છડયો,
જેં કે અસુરે ફસાયો…… જમાનો. …… ૨
વેર અને વિખવાદ વધ્યા, ડીસેં અવગુણ પરાયો,
સચી ગાલ કોઇ રૂચે નતી,
જાણે સ્વાન કે સાંઢાયો……જમાંનો …… ૩
શ્રી ગુરૂ ઓધ્ધવરામ મું આંજે, ચરણે શીર નાયો,
દાસ "દયાળ" ચે અરજ કરે,
સુકે પારતાં પૂજાયો…… જમાનો … .. ૪

રાગ પ્યારે પુંડરીનાથ બતાદો મુજે

મન સમજ મરણ જી આય ગાલ સચી.
હલધેં ચલધેં આયુષ તોજી, રોંધે અચી…. મન૦ ટેક

— સાખી —

ખેલ ખોટા ખલકજા, મુરખ ડિસેં ઇનમે મજા,
ઓચંધી લગધી કજા, ગીનધો નઈ કે જી રજા,
કાયા કોટ ભન્યો મટી અયની કચી… … મન. … ૧

— સાખી —

ધનમાલ ને મિલ્કત મું જી, ઇધ્યાન તાં ધિલમેં લગો,
રાત ડીં કે જતન જેં જી. ઈ ડીંધે તોકે ધગો,
ઠલો કુલા કરે ને મરેતો પચી….. મન … ૨

— સાખી —

ઘરબાર ને કૂટુંબ કબીલો, નાંય કોઈ કેંજો સગો,
હક્કલ થીધી હલણજી, તડે હેકલો વેને ભગો,
અથે કાલ કરૂર રહ્યો, આય નચી....... મન ... ૩

— સાખી —

થઈ શાંત વે એકાંત ઇ, સીધાંત રખી કર યાદ તું,
હી માનખો મોંઘો મલ્યો, કો કરીએ તો બરબાદતું
હરદમ રામ ભજન મેં રોજ રચી...... મન ... ૪

— સાખી —

અન ભજન જે પરતાપ સે, કંઇ પાષતાં વેંધા બરી,
ગિન સતગુરૂ જો શરણ રૂપી, નાવ તું વેને તરી
દાસ "દયાળ" ચેંત અચીધે અચી ...... મન ... ૫

કચ્છી કાફી

રાગ જીસકો નહીં હય બોધ તો ગુરૂ જ્ઞાન કયા કરે

ભગવન જે ભજન વગર, ભુલા તા ભમે,
ભોલા તા ભમે, કેંજો નતા ઇ સુણે, ... ભગવન ... ટેક

નવરા થઇને ગામજે, ગપાટે ચડે,
પારકી નીંધા કરે મેં જરા ન મૂડે. ... ભગવત ... ૧

ધર્મ શાસ્ત્ર છડે વિદ્યા અસુરી ભણે.
નિતી અને ન્યાય કે ઠોકરે હણે. ... ભગવન ... ૨

સંત શાસ્ત્ર શરસ્થ વાટ વતાઈએ ઘણે,
ઉલટો અર્થ ગીની ઉનીજયું ખડું તાં ખણે. ... ભગવન ૩

'પિઠજો' પરમ શ્રેય છડે, મુરખ આથડે,
દાસ "દયાળ" હુંઇ ભુંડા, ખોડી ડાપણે.... ભગવન ... ૪

થાળ

રાગ— શાને માટે ભજતો નથી સંજે સીતારામ

પદ્મપાન કરવા વેગે આવો વનમાળી રે,
ભકત જનોની અરજી ઉરમાંય ધારી રે ...... ટેક

તાજું દૂધ ગાય તણું છે, બહુજ ઉકેળી,
એલચીના દાણા નાખ્યાં, સાકર છે સારી. ... પદ્મપાન ... ૧

ગોપાલ છે નાંમ તમારૂં, ગોવર્ધન ધારી,
ગોકુલ ને બુડતું રાખ્યું, ઈન્દ્ર ગયો હારી. ... પદ્મપાન ... ૨

જલ જમુંનાની મેં તો ભરી રાખી ઝારી,
મુખવાસ લ્યોને બેડા પાન સોપારી. ... પદ્મપાન ... ૩

ઓધવરામ નાં સ્વામી, જાઊં બલીહારી,
દાસ "દયાળ" ને વાલા લેજો ઉગારી. ... પદ્મપાન ... ૪

થાળ

રાગ–દેશ.

જમવા આવોને યદુનાથ, જમાડું જુગતે કરી રે,
પીરસ્યા પ્રેમતણાં પકવાન,
તે જમજો શ્રીહરી રે ...... જમવા ... ટેક

સતસંગ રૂપી સીરો સારો, તે તમને પ્રભુ લાગે પ્યારો,
સ્વાદ અતીશય ન્યારો,
કર્યો છે જતન કરી રે. ..... જમવા ... ૧

લીલોતરી નિરમોહની લાવી, સુચી ધીરજની દાળ બનાવી,
ક્ષમા ખીર છે સારી,
થાળીમાં ધરી રે. ...... જમવા ... ૨

ભકતી રૂપી ભાત કર્યો છે, અનંત અથાણાં પાસ ધર્યાં છે,
ભાવ રૂપી ભજીયા લીધા,
મેં તળી રે .... જમવા ... ૩

શિલ રૂપી શિતળ જળ ઝારી, આચમન કરો તમે દેવ મુરારી,
ત્રિવિધ તાપ દયો ટાળી,
દાસ પર દયા કરી રે ...... જમવા ... ૪

સમદમ રૂપી પાન સોપારી, આનંદ રૂપી એલચી લાવી,
રામ નામ મુખવાસ આજ,
આનંદ ઘડી રે. .... જમવા ૫

શ્રી ગુરૂ બોધવરામજી મારા, દાસ દયાળના પ્રાણ આધારા,
કદી કરૂં નહીં ન્યારા,
છબી અંતર ધરી રે...... જમવા — ૬

શ્રી ગુરૂ ઇશ્વરરામજી મહારાજની સ્તુતિ.

જય ઇશ્વર સ્વામી. ગુરૂ જય ઇશ્વર સ્વામી,
ચિંતકજન ચિંતામણી (૨) અંતર આરામી,
ૐ જય દેવ ગુરૂ દેવ. —— ૧

સ્વયંજ્યોતિ સુખ રૂપ શાંતિ સુખદાતા ગુરૂ (૨),
અનુંભવના ભંડાર (૨) ભવસંકટ ત્રાતા,
ૐ જય દેવ ગુરૂ દેવ. —— ૨

અતિમંગલ અવતાર સુંદર તનું ધારી ગુરૂ (૨),
પરમ બ્રહ્મ પરિપૂર્ણ (૨) અનહદ ઉપકારી,
ૐ જય દેવ ગુરૂ દેવ —— ૩

માયા મંડિત લોક દ્રષ્ટ નષ્ટ જાણી ગુરૂ, (૨)
સ્વપ્ન રૂપ મન સમજી (૨) ઉર સમતા આણી,
જય દેવ ગુરૂ દેવ. —— ૪

કામ ક્રોધ મદ લોભ અવગુણ અતી ભારી, ગુરૂ (૨)
રાગ દ્વેષ રજની ચર (૨) તેં નખ્યા ટાળી
– જય દેવ ગુરૂ દેવ —— ૫

જીવન્મુક્ત ઉદાર દિવ્યરૂપ દ્રષ્ટા ગુરૂ (૨),
સ્વયં સ્વરુપ બતાવે (૨) અવિચલ સુખં શ્રષ્ટા,
ૐ જય દેવ ગુરૂ દેવ —— ૬

શ્રી ગુરૂ ઓધવરામ — પદરજ શિરધારી ગુરૂ, (૨)
અચલદાસ અભિવંદે (૨) સંતત સુખકારી,
ૐ જય દેવ ગુરૂ દેવ —— ૭

કચ્છ ભોજાયવાળા

બ્રહ્મનિષ્ઠ બાઈશ્રી જેઠીબા વિરચીત ભજનો

રાગ- પરજ

મનતું આપે આપ વિચાર, મેરમ ભેટે મનમાં રે,
સેવો સતગુરૂ દીન દયાળ,
ત્રીકમ વસીયા તનમાં રે. —— ટેક

મનતું જગત રૂપમ જોટા, જગદીશ જાણ જાગી રે,
હવે શાને રહે દિલગીર,
ભ્રાંતી ભવની જાગી રે. —— મનતું ૧

મન તું શ્રી ગુરૂ દેવનું ધ્યાન, સદાયે રિદે ધરને,
ગુરૂ ગોવિંદથી છે અધિક,
શરણે અનુસર ને. —— મનતું ૨

મનતું જોને સકલ રામે રામ, રમે છે ઘટ ઘટ માં રે,
અંતર જામીની કર ઓળખાણ,
નટવર છે નિકટ માં રે. —— મનતું ૩

ગુરૂ પૂરણ બ્રહ્મ સાક્ષાત, હેતાળુ ગૃહ્યા હાથે રે,
કહે "જેઠીબા" જુદા નહાં જાણ,
સદગુરૂ સદા સાથે રે. —— મનતું ૪

★

(રાગ બદ્રિનાથ પ્રગટ જુગ જાણીએ)

આજે ગુરૂદેવ મલ્યા છે અમને રે,
કહું વાત આનંદની શું તમને. —— ટેક

દયા કરીને દરશન દીધાં રે,
પ્રેમે પુષ્પે વધાવી લીધાં રે.
એની સર્વે મનોરથ સીધા. ---- આજે
સેવ્યા સતગુરૂ સાધુ જેણે રે,
નિરમલ નુર ભરેલાં નેણે રે,
અમૃત વરસી રહ્યો છે ---- આજે
જ્યાં જોઉં ત્યાં ગુરૂ ઇશ્વર આપે રે,
જેઠીબા કે હૃદિયે ગુરૂ જાપેરે,
આનંદ મંગલ એને પ્રતાપે. ---- આજે

★

રાગ- એજ

ધર મન ધ્યાન તું ગુરૂ ઇશ્વિર નું રે,
તજ અભીમાન તનધન ધરનું, ---- ટેક
અંતવંત છે આ તન એનું રે,
મિથ્યા ગર્વ કરે મન તેનું રે,
કાલ ગ્રાસ છે કોઈ ન કેનું. ---- ધરમન.
ઉપદેશ આપે ગુરૂ અનુરાગી,
ભય ભય સાંભળતાં ગયું ભાગી,
જેયું મોહ નિશાથી જાગી. ---- ધરમન.
સત્ય કેણી રેણી સત્ય સરખી રે
ન્યાલ થયા ગુરૂ પદ નિરખી રે,
પૂરણ બ્રહ્મ પ્રગટ જોયા પરખી ---- ધરમન.
જેઠી બા કે જાણો ગુરૂ જુકિત રે,
સેજે પામો મહાપદ મુકિત રે,
અર્થ નાવે બીજી કોઈ ઉકિત ---- ધરમન

(રાગ- ભોજા ભગતના ચાબખાનો)

ખેલ તમે રચ્યો ખેલાડી હરી.
તમારી માયા ખોટી કરી. ...... ટેક

સગાં કુટુંબ ને ભાઈ ભાણેજા, જાણે જુગતી ધરી,
પ્રીત બતાવી પ્રેમ ઉપજાવી,
છેલ્લા જાય છેતરી. ...... ખેલ ૧

હળી મળી મન મોહ લગાડે, આદર ઘણો આદરી,
માનીનતા માં મુંઝાઈ રહ્યો પણ,
મેલી જાવું છે મરી. ...... ખેલ ૨

વિચાર વિના મન બહુ દુઃખ પામ્યો, ત્રિવિધ તાપમાં બળી,
એમ નવ જાણે પામર પ્રાણીઓ,
હરી કરે તે ખરી. ...... ખેલ ૩

માયા દુતી લે સરલતી ધુતી. માયા નાટક માં ભરી,
ફસણાં કંઈક જુઓ માયાના ફાંદમાં,
મોટા મોટા ની મતફરી. ...... ખેલ ૪

સંજોગ વિજોગ તે દેખાડે સહુને, માયા ઠગારી ઠરી
સપ્ત સ્વરૂપ એક હરી જોઈઆ,
જોયું વિચારે વરી. ...... ખેલ ૫

રાગ બદ્રિનાથ પ્રગટ જૂગ જાણીએ.

શ્રી ગુરૂ ઈશ્વર રામ શરણ સુખકારી રે.
બહુ નામી ઉપર બલીહારી — ટેક

ગુરૂએ કરુંણા કરી અતી ભારી રે, લીધાં ભવ સાગર થી તારી રે
અનેક વિઘનો થી લીધા ઉગારી —— શ્રી ગુરૂ ૧

મેં તો સતવ્રત લીધો સ્વીકારી રે, સતગુરૂ ચરણ કમલ ચિત ધારીરે
સમરથ શોભે છે સચરા ચારી. —— શ્રી ગુરૂ ૨
ઈશ્વર મુર્તિ મંગલ કારી રે, વાણી મધુર લાગે બહુ પ્યારી રે
પાપ તાપ અવિદ્યા ટારી, —— શ્રી ગુરૂ. ૩
શરણે લ્યો પ્રભુ આપ સંભારી રે, વંદે જેઠીબા જાઉં વારી રે,
અરજુ સાંભળો નાથ અમારી. —— શ્રી ગુરૂ ૪

કચ્છ મેગડીના

ભક્ત કવી શ્રી ચંદુભા બાવા વીરચીત

ભજનો

પુરે પુરષેંજી પધારી તેં આજ, પાજતાં પુજાઈ રે. —— ટેક
જતે જોગીએ જોગ જમાયો, ઉંની નરે જીત બ્રમ કે ભાયો,
વરી કરણી જો કોટ કમાયો,
હિ હુંપતા સહું સુરાધ્યે રે —— ૧
ઉ સાધુવા સચજા એલી, પરધન પરદારા ડીં ડેલી,
મમત ડિનો તેં મેલી,
તડે હિ નિત તા નાચ નચાઈયે રે —— ૨
રાવ રંકમેં રામ રમેતા, કીડી મેં કિરતાર ડિસેંતા,
ધટમે ગોવિંદ ધુમેતા.
સેકુટા કુરો મન ભાઈએ રે —— ૩
ઊવા ખાલક ખુધા કે પ્યારા. ભગતી જા વેં ભેદ જ ન્યારા,
"ચંદુભા" ચોહિ કહીયેં ચારા,
લીખમણુ નતા લજાઈયે રે. —— ૪

રાગ-એજ (આશા)

દે ધીલ કે તું ધીલ ધારી,
ઇંન ચ઼ઃમેં કઇંક ગુચિબ્યા રે —દે૦
પાણી મથે પન હિકડો વડજો,
સે કીં ભાર જલે ભુધરજો
અય કુમ કેડો કુધરતજો, મુની મારકંડ મુંઝીબ્યા રે —દે૦
જોર કરી સુદામેંજી જાણ્યોં
ત્રિકમ ચેં અંઇ તંત મ તાણ્યો
મોહન મું કે માયા વતાડયો, તડેં તોભા તોભા કરીબ્યા રે —દે૦
સુખ ના જેં સંસાર છડયો તે,
વનમેં વાસ વિનિને કર્યોં તે
મચ્છ ગંધામેં કુરો દીઠો સે, પરાસર પલટીબ્યા રે —દે૦
ઓપ રખી હિન ડઇસેં ડરજે,
મનજો મનાયો કડેં ન નચજે
"ચંદુભા" ચેં ચેતીને હલજે, ભલા ભલાસેં ભુલીબ્યા રે —દે૦

કચ્છી કાફી

રાગ-ભેરવી

ખલક મથે ખર ખુટલ ઘણાં નર નિતી ધરમનું ન્યારા
ઉગી ઉલીબ્યા આસમાનમેં ચમકીયજું તારા — ટેક.
અગીઆ એડા ભખું લકી બ્યા, હડધૂત થઈ ન હરાડા
અક્કલ વગરજા અજ ઘણાં નર ભસેં વિહા ભમરાળા — ૧
ભભકે તેં મ ભુલજા ભાવર ડંસી નાંગ કારા
રૂપ રંગ જીય રોફ ઘણો પણ, ખેંધે ત્રુ ખારા — ૨

અખી દીઠા અસી અનું ભઠ્યા અંઈ નાચ કંધે નખરાળા
વિસદ્ધ વિસાલા વખાણીએ તા, સીડકીસા ભગાણાં — ૩
તક સાધીને કરી તમાસો ફીરે બિડા ચોધારા
"ચંદુભા અંઇ ચેતીને હલજા, ઉઠ તે અઈ ન ઉતારા — ૪

(રાગ–મુખડાની માયા લાગી રે મોહન પ્યારા) હોલી કાફી

કાયાની કોટડીયું કામ ના આવી રે, મન તારા માટે
બંગલા દીધા મેં બનાવી રે — મન તારા માટે — ટેક
નવ ખંડ નાના લાગ્યા, મોરચા મંગળના માંડ્યા
ચંદ્રલોક સુધી ચાલ્યા રે — મન તારા માટે — ૧
ધરતીના ખોળા ખુંદ્યા, ઉંચે આકાશે ઉડ્યા
ખમીર ખલક કેરાં ખૂટ્યા રે — મન તારા માટે — ૨
ડુંગરે દેવળ બાંધ્યાં ભોમીમાં ભોંયરે ભાગ્યા
ભુતને ભૈરવ અમે સાધ્યા રે — મન તારા માટે — ૩
થાપણુ ઓળવી લીધી, વિશ્વાસ ઘાતો કીધી
ઝેરની પ્યાલી પાઈ દીધી રે — મન તારા માટે — ૪
શોખતે શરાબો પીધા, જમીને દટાવી દીધા
વાલા હતા તે વેરી કીધા રે — મન તારા માટે — ૫
કેટલાક મોતથી માર્યા, બીજા અગ્નીમાં બાળ્યા
ઉંડા જળે ઝંપ લાવ્યા રે — મન તારા માટે — ૬
ડાહ્યાને દયાથી દાબ્યા, મનો મુરખના માગ્યા
પદવી પ્રધાનોની પામ્યા રે — મન તારા માટે — ૭
ચંદુ ઉંચે તું ચડે પાછું નીચે પણ પડે
વૃત્તિઓ વિરલ કોક વાળે રે — મન તારા માટે — ૮

સ્વાગત ગીત

(રાગ દેશ)

સંતો શું કરીએ શનમાન, હૃદયનાં રંગ જાગ્યા જ્યાં (૨) ટેક

પંપા સરોવર કેરી પાળે, દુર્બળ દીન સીવરીને ધ્યારે
શ્રી રામ પધાર્યાં ત્યારે, હાર હાજર હતો ક્યાં... ૧

ક્યાં રંક સુદામો કૃષ્ણ પ્રભુ, ક્યાં પણ અતીશય ભાવ હતો અંતરમાં
તો મહીપતીને મહેલોમાં, તુચ્છ તાંદુલ ધર્યાં રે... ૨

સ્વાગત સેવા થઈ ન દેવોથી, દ્રવીત હૃદયે યાચ્યા દીધીચી
આર્યે અર્પ્યાં અસ્થિ, અસુર દલને હણ્યા રે... ૩

પ્રાણાંન્તે પણ પરને પોષે, વિજયમાળા ભારતની ટોચે
કહે "ચંદુભા" ક્યાં પોચે, કવિની કલ્પનાં પણ ત્યાં... ૪

તાં. કઃ— આ લેખકનાં અન્ય ભજન, પદ, રાસ વિગેરે તેમના બનાવેલ પુસ્તક "પ્રસાદી" માં છે તે ત્યાં જોઈ લેવા.

કચ્છ ડીંગરીઆના

બ્રહ્મનિષ્ઠ બાવા શ્રી હરીસાહેબ વિરચીત

રાસો

રાગ—રાસનો

ધન્ય ધન્ય ઇશ્વરરામ નામને રે,
પાવન કીધું છે વાંઢાય ગામને રે... ટેક.
ધન્ય ધન્ય ભૂમિ જ્યાં બિરાજહીં રે.
તે ભૂમિ તિર્થોમાં શિરતાજહી રે.... ૧
રૂષી મુનિ સર્વે ત્યાં આવહીં રે,
દર્શન કરી મહાસુખ પાવહીં રે... ૨
જેનું દર્શન મહાસુખ સીર છે રે.
જેનો આશય અતી ગંભીર છે રે... ૩
ઇશ્વર સાગરમાં જે નિત ન્હાય છે રે,
તેનાં પાપ તે પરલે થાય છે રે.... ૪
ધન્ય ધન્ય શિષ્યો શરણે રહ્યા રે,
તેનાં પૂર્વની પુણ્ય ઉદય થયાં રે... ૫
રિદ્ધ સિદ્ધિ તે જેહને હજુર છે રે,
સ્વામી બ્રહ્માનંદમાં ભરપૂર છે રે,... ૬
જેનુ વર્તન ત્રિગુણાતિત છે રે.
જેની શાસ્ત્ર અનુસારે રીત છે રે... ૭
સ્વામી જ્ઞાન વિજ્ઞાન ભંડાર છે રે
સ્વામી અભયદાનનાં દાતાર છે રે... ૮

જેને રાવ રંક સર્વે એક છે રે,
જેને સહજ સમાધીની ટેક છે રે... ૯
સ્વામી કલ્પતરૂ સુખ ધામ છે રે,
જિજ્ઞાસુને ઠરવાનું ઠામ છે રે... ૧૦
જેનાં નયનો થકી અમૃત ઝરે રે,
જેની વાણી સંશય શોકને હરે રે... ૧૧
સ્વામીજીનું તે હેત શું વખાણીયે રે,
જેનાં સંગે મહાસુખ માણીયે રે... ૧૨
સ્વામી હસ્ત કમલ જેને શીર ધરે રે,
તેનાં તાપ સંતાપ શોકને હરે રે... ૧૩
સ્વામીના પાદપદ્મ ધોઇ પીજિયે રે,
લાભ માનવ દેહનો લીજીયે રે... ૧૪
સ્વામી દેહ છતાં વિદેહ છે રે,
રહિત ધ્યાતા ધ્યાન અને ધ્યેય છે રે... ૧૫
ધન્ય ધન્ય જનની ધન્ય તાતને રે,
મૂક્ત કીધાં દેવલબાઇ માતને રે... ૧૬
ધન્ય ધન્ય કુલ પરિવારને રે,
સ્વામીના પિત્રો પામ્યા ઉદ્ધારને રે.... ૧૭
એ વાત તે વેદ પ્રમાણહીં રે,
સંત મહીમા શ્રી મુખે વખાણહી રે.... ૧૮
બ્રહ્મદર્શી તે બ્રહ્મ સ્વરૂપ છે રે,
ઉપમાથી રહિત તે અનૂપ છે રે,... ૧૯
ભોળા બ્રહ્મ તણો અતિ ભાવ છે રે,
વાલજીભાઇ સેવાનો લે લાવ છે રે... ૨૦

સ્વામીના ચરણે સદા ચિત દિજીયે રે,
તન મન ધન કુરબાન કીજીયે રે... ૨૧
સ્વામીની મનોહર છબી ચિત ધારિયે રે,
"હરિદાસ" કહે ક્ષણ ન વિંસારીયે રે... ૨૨

-: રાગ રાસનો :-

હાલો હાલો તો વાંઢાય હાલિયે રે,
મળીઃ સંતોને મહાસુખ માલિયે રે ટેક
એક ગીરીવર ઉપર ગામ છે રે,
તેનું નિશ્ચય વાંઢાય રૂડું નામ છે રે...૧
પ્રથમ વિહારી સ્વા તણો વાસ છે રે.
તેનાં બંધવ તે બાવો હરિદાશ છે રે...૨
તે તો સેવક ભાવે શરણે રહ્યા રે,
એતો દેખતા બ્રહ્મમાં ભળી ગયા રે...૩
સ્વામી ક્ષેમ તણી અતી ખ્યાત છે રે,
તેતો સત શિરોમણી વિખ્યાત છે રે...૪
ગુરૂ ઈશ્વર તે આનંદ રૂપ છે રે,
સર્વે સત સભામાં અનૂપ છે રે....૫
અમે પૂરણ પુણ્ય થકી પામિયા રે,
સ્વામીના શરણે સર્વે દુઃખ વામિયા રે...૬
અતિ નિર્ગુણ સ્વામીજીનો હાલ છે રે,
જેને નવે નિધિ નિરમાલે છે રે...૭

અષ્ટ સિદ્ધિ સ્વામીજીની દાસ છે રે,
તેનો સંત ચરણમાં વાસ છે રે... ૮
સ્વામીજીનાં દર્શનથી દેહભાવ જાય છે રે,
જેની કૃપાથી બ્રહ્મરૂપ થાય છે રે... ૯
સ્વામી દેખતા દીન દયાલ છે રે,
જેનો સોહં શબ્દમાં ખ્યાલ છે રે... ૧૦
ધન્ય સેવક સ્વામીજીના સંગમાં રે,
પહોર ચાહો આનંદ તેના અંગમા રે... ૧૧
ધન્ય ધન્ય ભૂમિ તણાં ભાગ છે રે,
જેમાં ઉત્તમ સ્વામીની જાગ છે રે... ૧૨
ત્યાં સિંઘલોનો સત ભાવ છે રે,
તેને દર્શનનો નિત્ય ઘણો લાવ છે રે... ૧૩
વૃંદાવન તે ઈશ્વર-ધામ છે રે,
જ્યાં સંતોને મળે આરામ છે રે... ૧૪
ત્યાં ઇશ્વર-સાગર ગંભીર છે રે
જેનું ગંગા સરીખું નીર છે રે... ૧૫
જ્યાં હરિજન દર્શન જાય છે રે,
તે તો નિત્ય તીરથમાં ન્હાય છે રે... ૧૬
ત્યાં નંદનવન સમ બાગ છે રે,
તેમાં ભોળા બ્રહ્મનો અનુરાગ છે રે... ૧૭
વૈષ્ણવ વાલજી તણું ઘણું હેત છે રે,
જેણે બાંધ્યું ધરમનું ખેત છે રે... ૧૮
હરિદાસનો હિંગરિયે વાસ છે રે,
એતો નરેડી મોથારાની પાસ છે રે... ૧૯

ગુરૂ ઇશ્વર તે જ્ઞાન ગંભીર છે રે,
હરિદાસને સુખની સીર છે રે.... ૨૦

રાગ—રાસનો

વણજારો વણજારો વણજેથી આવ્યો વણજારો,
એવો દેશ પરદેશ રમનારો, વણજેથી આવ્યો વણજારો...ટેક
શેઠની મુડી તમે લાવ્યા સંગાતે, તેમાં તે કરજો વધારો...૧
માલ કમાલ તમે જોઈને લેજો, બીજો તે માલ છે ગારો...૨
તોલાં સાંધણની તેવડ કરજો, બાંધશો નહીં પાપનો ભારો...૩
દાસ "દયો" કહે થાજો દલાલી, હાની લાભ પેઢીએ વધારો...૪

ॐ શાન્તી શાન્તી શાન્તી



પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ બાવા શ્રી દેવા સાહેબનો પરિચય.

છંદ પધરી.

ધન ભરતખંડ દ્વારિકાધામ,
પુરી નિકટ બસત કચ્છ દેશ નામ,
તહાં સદા વસત યદુવંસરાજ,
ભૂવ સકલ ભૂપ શિર મુકટ તાજ. ૧

નૃપ નામ રાવ ખેંગાર જાન,
ભુજનગર તખતપર બ્રાજમાન;
યહ પછમરાવ ભૂપાધિભપ,
રાજાધિરાજ રાજેંદ્રરૂપ. ૨

સુભ કરમ ધરમ દ્વિજ સંત ગાય,
નૃપ સદા કરત તિન તિનકી સાય;
દ્રઢ કાછ વાચ નિજ ધરમધીર,
સબ પ્રેજા સુખદ રન સુરવીર. ૩

તિન મહામહીપકે અનુજ ભ્રાત,
તિહિ વંસ સ્વામી દેવા વિખ્યાત;
સો જગપ્રસિદ્ધ ભયે પરમ સંત,
મહારાજ હમારે ગુરૂ મહંત. ૪

યદુવંસ રાજકુલ જન્મ લીન,
ગુરૂ પ્રથમ સકલ શુભ કરમ કીન;

નિત પઠન વેદ યમ નિયમ જાપ,
સંધ્યાદિ સકલ વિધિ કરત આપ. ૫

કછુ કાલ કીન યહ કર્મકાંડ,
પઢિ તબહી સાંખ્ય સોધ્યો બ્રહ્માંડ;
પુનિ સકલ સાંખ્ય ગુરૂ હૃદય ધાર,
ચોબીસ તત્વકો કરી બિચાર. ૬

સબ તત્વ ગિનત જો રહત સેષ,
સો પરમ તત્વપદ અજ અલેષ;
તિન પરમતત્વ બિન ઇતર આન,
સંસાર સકલ મૃગજલ સમાન. ૭

પુનિ સેષ આદિ બ્રહ્મા પર્યંત,
યહ નામ રૂપ સબ નાસવંત;
જડ દુઃખ વિનાશમય જગ અસાર,
અસ કહત સાંખ્ય કરકે પુકાર. ૮

સો સુનત શ્રવણ મન બચન કાય,
ઉપજ્યો નિદાન વૈરાગ્ય આય;
તબ રાજભોગ સબ રોગ જાન,
ગુરૂ કીન ત્યાગ છરદી સમાન. ૯

કૃત ત્યાગ કીન મન બચન કાય,
થિત કીન લીન પદ બ્રહ્મ દિશાય;
અસ શ્રવન મનન નિદિધ્યાસ સાર,
ભયે યહ પ્રકાર સાક્ષાતકાર. ૧૦

તબ ઉપક્રમ ઉપસંહાર કીન,
અભ્યાસ અપૂરવતા પ્રવીન;

ફલ અર્થવાદ ઉપપત્તિ માન,
યહ ષટ પ્રકારકે શ્રવન જાન. ૧૧

પુનિ મનન કીયે ષટ વિધ પ્રકાર,
એકાગ્ર ચિત્ત આતમવિચાર;
નિદિધ્યાસ અખંડીત તેલધાર
ચીન્યો નિજ આતમ પરાપાર. ૧૨

સુસમાધિ અસંપ્રજ્ઞાત જાન,
સાક્ષાતકાર સોઇ પ્રમાન;
ધ્યે ધ્યાતા ભાવ ન રંચતાહી,
ત્યાગે તત્ત્વં ઇક અસી રહાહી. ૧૩

નિત નેતિ નેતિ જો કહહી વેદ,
પાયો પરમાતમ બ્રહ્મ ભેદ;
ઉપનિષદકો જો સેષ સાર,
સત સોઇ લહ્યો કરિકે બિચાર. ૧૪

જગ આપ આપ જગ બ્રહ્મરૂપ,
આતમાનંદ અનુભવ અનૂપ;
સબ દ્રષ્ય પદારથ નાશ કીન,
દ્રષ્ટા નિજ સાક્ષી સકલ ચીન. ૧૫

સો ગુરૂ દેવા દેવાધીદેવ,
મમ હૃદય વસહુ નિત કરહું સેવ;
કહ જનવિહારી ગુરૂ આત્મારામ,
તેહિ ચરનકમલ પુનિ પુનિ પ્રણામ. ૧૬

ઇતિ શ્રી વિહારી સાહેબ વિરચિત પરિચય સંપૂર્ણ.

+અથ શ્રી સુબોધ સાર+

કું ડ લી આ

જ્ઞાન વિસારદ ગણુપતિ, ગુ ણા તિ ત ગુણુઈસ,
જો વ્યાપક સબ જગતમેં, પરંજોતિ જ ગ દી સ;
પરંજોતિ જગદીસ, નિગમ નેતિ કર ગાવત,
સારદ નારદ સેષ, પાર જિનકો નહિ પાવત;
કહ વિહારી કર જોર, સંત જન સમજે હારદ,
ગુણાતીત ગુણ ઈસિ, ગણુપતિ જ્ઞાન વિસારદ, ૧

સરસ્વતિ માતા શારદા, મ્હેર કરો મનમાંહી,
તુમ તુઠે બિન ગ્રંથી યહ કયોં છુટે ઘટમાંહી,
કયોં છુટે ઘટમાંહી, દીપ બિન નાંહિ ઉજાલા,
જડયા જંજીર કિવાડ, હુકમ બિન ખુલે ન તાલા
કહ વિહારી કર જોર, ફેર નહિ અવસર આતા,
મ્હેર કરો મનમાંહી, શારદા સરસ્વતિ માતા. ૨

હંસવાહિની હંસ પર, ધરે નિરંજન ધ્યાન
વિણા પુસ્તક ધારિણી, કરે હરિ ગુણુ ગાન,
કરે હરિ ગુણ ગાન, ગ્રંથ નાના નિત ગાવે,
વિવિધ ભાંતિ વિસ્તાર, ગાન કર તાન મિલાવે;
કહે વિહારી કર જોર, અખંડાનંદ દાયિં ની;
ધરે નિરંજન ધ્યાન, હંસ પર હંસવાહિની. ૩

જય જય દુર્લભ જગતગુરૂ, જય વિષ્ણું જગદીસ,
તુમ દેવનકે દેવ પ્રભુ, તુમ ઈસનકે ઈસ,
તુમ ઇસનકે ઇસ, કાલકે કાલ ગુસાંઇ,
તુમ પરાતપર બ્રહ્મ, પ્રગટ દીસત સબ ઠાંઈ;
કહે વિહારી કર જોર, સદા સંતનકો સુલ્લભ,
જય વિષ્ણું જગદીસ, જગતગુરૂ જય જય દુર્લભ. ૪

શંકર શંકર સુમરિયે, પ્રભુ પ્રાણ આધાર,
પરંજોતિ પરમાત્મા, સકલ તત્વકો સાર;
સકલ તત્વકો સાર, પાર બ્રહ્મા નહિં પાવે,
અગમ અગોચર ધામ, નિગમ નેતિ કર ગાવે;
કહ વિહારી કર જોર, મુરતિ જ્ઞાન મયં હર,
પ્રભૂ પ્રાણઆધાર. સુમરીએ શંકર શંકર ૫

જલ થલ વ્યાપક વિષ્ણું હૈ, શિવ ત્યોંહી પહિચાન,
એક હી રુપ અનુપ હૈ. જુગલ નામ યહ જાન,
જુગલ નામ યહ જાન, કરો જીન અંતર કોઈ,
ચૈતન પુરન બ્રહ્મ, હરિહર જાનો સોઈ;
કહ બિહારી કર જોર, અખંડીત અકલ અમાપક,
શિવ ત્યોંહી પહિચાન, વિષ્ણું હૈ જલથલ વ્યાપક. ૬

માગોં હરિકી બંદગી, ગુરૂ પુનિ સંત અપાર,
તનકા તાલા તો ખૂલે, કૃપા કરે કરતાર:
કૃપા કરે કરતાર, મિટે મંદીર અંધિયારા,

કથે ગ્રંથ ગુરુજ્ઞાન, ભયા દિલમેં ઉજીયારા;
કહ વિહારી કર જોર, પાન જોરી પગ લાગૌ,
ગુરુ પુનિ સંત અપાર, બંદગી હરિકી માગૌ. ૭

હે મન બાજી જૂઠ હૈ, કરો કુમતિકો દૂર,
રામ નામ ચિત રાખીયે, સદાનંદ ભરપૂર;
સદાનંદ ભરપૂર, ભજનમેં ભીના રહયો,
યહ અવસર દીન હોય, ફેર નહિં બને સગૈયો;
કહ વિહારી કરજોર, ચેત મન મુરખ પાજી,
કરો કુમતિકો દુર, જૂઠ હૈ હે મન બાજી. ૮

કાયા સરખે કોટમેં, પુનિ બહુતે પરિવાર,
નિજ મનકી કછુ નહિં ચલી, કામ ક્રોધ સરદાર;
કામ ક્રોધ સરદાર નગરમેં ભયા અંધેરા;
નિજ મનુષ્ય અવતાર, ગમાયા યૌ જનમારા;
કહ વિહારી કર જોર, પ્રભુકો નામ ન પરખે,
પુનિ બહુતે પરિવાર, કોટમેં કયા સરખે. ૯

જગડા કીજે કાલસે, લે જ્ઞાન તલવાર,
કામ ક્રોધ અરુ લોભકો, માંહી લિયો સબ માર:
માંહી લિયો સબ માર, કાલકો યોં વસ કરના,
કુબધકો દીવાન, પકડ ગીરદન પગ ધરના;
કહ વિહારી કર જોર, રાત દિન યોંહી લડીજે,
લે જ્ઞાન તલવાર, કાલસે જગડા કીજે. ૧૦

સાચા સાંહી સુમરિયે, દુખ મેટન દાતાર,
અમૃત નામ અનંતકો, કયોં ભુલે ગમાર;
કયોં ભુલે ગમાર, એક દિન હૈ મરજાણા.
લેત હરિકા નામ, તુજે કયા લાગે નાણા;
કહ વિહારી કર જોર, નામ બીન મુકિત નાહી,
દુઃખ મેટન દાતાર, સુમરિયે સાચા સાંહી. ૧૧

નિર્ગુણ સાધુ નિસ્પૃહી, તિનકા મોટા ભાગ,
અંતરમેં ચોખા રહે, નહીં દ્વેષ નહિં રાગ;
નહીં દ્વેષ નહિ રાગ, જીનોને મમતા મારી,
નવહિ તત્ત્વકી વાસ, જ્ઞાનઅગ્નિ પરજારી;
કહ વિહારી કર જોર. તાસ સંગ ખેલે માધુ,
તિનકા મોટા ભાગ, નિસ્પૃહી નિર્ગુણ સાધુ. ૧૨

બોલી બોલે હંસકી, ધરે બગગસા ધ્યાન,
અંતર કપટી મનહટી, બાંચે બેદ પુરાણ;
બાંચે બેદ પુરાણ, અનુપમ અર્થ બનાવે,
આતમ જાન્યા નાંહિ, કીસા બીધ સંત કહાવે;
કહ વિહારી કર જોર, કપટી ગાંઠ ન ખોલી,
ધરે બગગસા ધ્યાન, હંસકી બોલે બોલી. ૧૩

સિર પર જમરા ફિરત યોં, જ્યોં તીતર પર બાજ,
સબકે પીછે ફિરત હૈ. હંસ હરનકે કાજ;
હંસ હરનકે કાજ, બધિક જ્યોં ચહું દિશ ધાવે,

બિલ્લી મુખહિત કાલ, નિશી દિન યોંહી ખાવે
કહ વિહારી કર જોર, ચેત મન ચંચલ ભમરા,
જ્યોં તીતર પર બાજ, કીરત યોં સિરપર જમરા ૧૪

માયા ઐસી મોહની, સબ ઠાગ્યો સંસાર,
સુર નર અરુ જોગી જતિ, સબકો કીને છાર;
સબકો કીને છાર, મારકંડ પાર ન પાયો,
બ્રહ્મા કીટ પર્યંત, સબે જીવન ભરમાયો;
કહ વિહારી કર જોર, બદલકી જૈસી છાય.
સબ ઠાગ્યો સંસાર, મોહની ઐસી માયા. ૧૫

માયા તેરી મૂરખા, મૂંઢ મિથ્યા કર જોન,
આગે હોંદા છૂટસી, જોબનકો જમરાન;
જોબનકો જમરાન, દયા કર્તીને દીનો,
ધર્યો રહ્યો ધન માલ, છોડ તું ચલ્યો નગીનો;
કહ વિહારી કર જોર, સાંજમેં ભઈ સવેરા,
મૂંઢ મિથ્યા કર જાન, મૂરખા માયા તેરી ૧૬

માયા મિલે ન લોભસે, બિના લેખ કરતાર,
ઉનકો પ્રભુજી દેત બિન, કીયા પુન્ય વેપાર;
કીયા પુન્ય વેપાર. સવાઇ કરગ્યા સોઈ.
સોન રૂપ સિર પાઉં, પલંગ પર પોઢયા ઓઇ;
કહ વિહારી કર જોર, સમજલે કાચી કાયા,
બિના લેખ કરતાર, લોભસે મિલે ન માયા. ૧૭

સુમરે શ્રીહરિ સંત જન, મૈં સંતનકો દાસ,
જો સંતનકો શ્રીહરિ, યાકી મોકો પ્યાસ;
યાકી મોકો પ્યાસ. લગી હૈ અંતર ઐસે,
જલ બિન જૈસે મીન, કમલ બીન મધુકર તૈસે;
કહ વિહારી કર જોર, લાજ પ્રભુ હૈ શિર તુમરે,
મૈં સંતનકો દાસ, સંત જન શ્રીહરિ સુમરે. ૧૮

સંત સબ્દકા પારખુ, નુરત સુરતકી ટેક.
પટહિ ચઢે ઘટ સોધકે, ઐસે ચઢે અનેક,
ઐસે ચઢે અનેક, જોતકા દર્શન પાયા;
જો પહુંચે ઉન દેશ, ધરન પર ફેર ન આયા,
કહ વિહારી કર જોર, કામ નહિં વહાં વિવદકા;
નુરત સુરતકી ટેક, પારખૂ સંત શબ્દકા, ૧૯

પ્રશ્ન કરો ઈક પ્રેમસે, સુનો સંત મન લાય,
પૃછહુ પાની જોરિ જુગ, દીજે સોઈ બતાય,
દીજે સોઈ બતાય, જગત યહ ઉપજ્યો જાતે;
મોકો માલુમ નાહિં પ્રશ્ન યહ પૃછહુ તાતે,
ઈનકો ઉતર આપ, કૃપા કરી કહો ક્ષેમસે,
સુનો સંત મન લાય, પ્રશ્ન ઈક કરો પ્રેમસે, ૨૦

જબતે ભૂલ્યો જીવ યહ, અપનો આતમરુપ,
સુધ વિચાર સમજ્યો નહીં, પર્યો મોહતમ કુપ,
પર્યો મોહતમ કુપ, રૂપ અપનો નહીં જાન્યો;

નામ રૂપ સત જાન, જગત યહ મન તે માન્યો,
ચૌદ ભૂવન ગૈલોક, ફુરે હૈ મન તે તબ તે;
અપનો આતમરૂપ, જીવ યહ ભુલ્યો જબ તે. ૨૧

નામ રૂપ ગુન કર્મ જે, સુભાવ સુક્ષ્મ સ્થુલ,
કલ્પિત આતમકે વિષે, જૈસે નભકે ફુલ;
જૈસે નભકે ફુલ, સસકકે શ્રૃંગસમ જાનો;
સીપરૂપ જેવરી વ્યાલ, મૃગ જલવત માનો;
જૈસે નિસાકો સુપન, પયો જ્યોં સિંધુ કુપ પુન,
સુભાવ સુક્ષ્મ સ્થુલ, નામ અરુ રૂપ કર્મ ગુન. ૨૨

—: દોહા :—

મનકે મનન વિલાસતે, જો ઉપજત હૈ જાન,
તાહીંકો સત જાનવો, યહી બડો અજ્ઞાન. ૨૩

—: સોરઠા :—

નામ રૂપ ગુણ ભેદ, ગગન ફુલ મૃગવારી વત;
કલ્પિત વિધી નિષેધ, નાહીં નાહીં જો નિગમ કહે ૨૪

ઇતિ બાવા શ્રી વિહારી સાહેબ વિરચિત
સુબોધસાર સંપૂર્ણ.

ૐ

પુજ્ય પાદ બ્રહ્મ વિદ્ધરિષ્ટ બાવા શ્રી વિહારી સાહેબ વિરચીત ભજનો

શ્રી શિવસ્તુતિ.

કહ્યા બરનું કૈલાસકી, સોભા અતિ અપાર,
જામેં સુંદર જુક રહેં, વૃક્ષ અઠારહીં ભાર;
વૃક્ષ અઠારહીં ભાર, ફૂલ ફલ છાંડત નાહીં,
ધરી અખંડીત ધ્યાન, સદા શિવ બેઠે ત્યાંહીં;
કહ વિહારી કર જોર, મુનિ જનકે મન ભાવે.
સોભા અતિ અપાર, બરનમેં કબહુ ન આવે ૧

શંકર દાતા સકલકે, મનવાંછિત વર દેત,
ધર્મ અર્થ અરૂ કામ જે, સોંપે મુક્તિ સમેત;
સોંપે મુક્તિ સમેત, સદા શિવકો જન સેવે,
કૈવલપદ કૈલાસ. દયા કર તિનકો દેવે;
કહ વિહારી કર જોર, ગંગ હમ તીનકે રાતા,
મનવાંછિત વર દેત. સકલકે શંકર દાતા. ૨

નિજ શોભા યહ થાનકી, ભસ્મી અરુ ભુજંગ,
શોભિત સુંદર વદન પર. ચંદ ભાલ શિર ગંગ;
ચંદ ભાલ શિર ગંગ, અંગ વાઘાંબર ધરહી,

રૂંડ દામ અભિરામ, કામ જિનકે ડરડરહીં:
કહ વિહારી કર જોર, ગૌરી મન દેખત લોભા,
ભસ્મી અરૂ ભુજંગ, થાનકી યહ નિજ સોભા. ૩

પદ ૧ રાગ કેદાર તાલ દીપચંદિ

બદ્રિનાથ વિશાલ, ભજ મન બદ્રિનાથ વિશાલ:
કેવલ જિંનકે ચરણ પરસત, ફિર ન આવે કાલ.—ટેક.
વિકટ પરવત વિકટ ઘાટી. વિકટ પથરનરાલ:
વિકટ મારગ વિકટ ચલનો, વિકટ પંથ કરાલ. ભજ. ૧
પિતાબર પટચીર પહીરે, હીરા માણેક લાલ;
ચઢત ચંદન પુષ્પ તુલસી, ઉર મોતીનકી માલ. ભજ. ૨
શુભગ તનુ ઘનસ્યામ સુંદર, અલક ઝલક તમાલ:
કમલ વદન અરૂણુ લોચન, તિલક સુંદર ભાલ. ભજ. ૩
સેવા નિત સતસંગ સુમિરન, સંતનકી શુભ ચાલ:
જન વિહારી જાની અપનો, દીજે દીન દયાલ. ભજ. ૪

—૦—

પદ –૨ રાગ મંગલ અથવા કલ્યાણ તાલ દિપચંદી

નિરાકાર નિરભેદ નિર્ગુણ, પારમાયા અંજનં:
નેતિ નેતિસુ નિગમ ગાવે, બદ્રિનાથ નિરંજનં. ટેક.
જગતકે હિત કરત જપ તપ, કાલકલિમલ ગંજન.;
અડીગ આસન ધારી બેઠે, બદ્રિનાથ નિરંજનં. ૧
અલકનંદા ગંગ અદ્ભુત, કરત જો જન મંજન;
જોની સંકટ ફિરી ન આવે, બદ્રિનાથ નિરંજનં. ૨

પ્રભુજી પરમ ઉદાર તુમ હો, સકલ ભવભય ભંજનં;
જન વિહારી શરણુ આયે, બદ્રિનાથ નિરંજનં. ૩

પદ ૩ (રાગ લાવણી તાલ ત્રણ)

સ્વામી આયે તુમ શરનં ગુરૂ, તુમ હો જગતારન તરનં;
કરો કૃપા ગુરુ સાહેબ દેવા, સ્વામી આયે તુમ શરનં...ટેક
દયાવાન મુકિતકે દાતા, વિઘન હરન મંગલ કરનં;
કરૂણા મહેર કૃપાકે સાગર, સદા સેવ્ય અશરન શરનં...૧
બ્રહ્મવેતા ભરપુર ભજનમેં, અખંડ અનુભવ ઉચ્ચરનં;
અગમ અગાધ અગોચર તાકે, ગુરૂ મેરે ગોચર કરનં...૨
જન્મ ધરી જગમે જીવન પર, આયે આપ કૃપા કરનં;
જાગ્યા ભાગ મિલા ગુરુ મેરા, મેટનહાર જરા મરનં...૩
મંગલ ભાગ વિશાલ વદન છબી, મંગલ ધ્યાન સદા ધરન;
નિર્મલ નેત્ર સુધાકર સરખે, તનકે તાપ સકલ હરનં...૪
લગન તુમારી હિરદે લાગી, ચિત મેરા ચોટા ચરનં;
જન વિહારીકો જુગલે રાખો, સેવક જનની સદા શરનં...૫

પદ ૪ (રાગ લાવણી તાલ ૩)

હમકો નિજ દર્શન દીના, ગુરૂ અબતો અપના કર લીના;
કરી કૃપા ગુરૂદેવ દયાનિધિ, હમકો નિજ દરશન દીના...ટેક

દેખી પહાડ બડે પાપનકે, તબતો મેરા મન બીના;
સકલ છુડાય દિયા એક છિનમેં, જન્મ જન્મ જો કર્મ કીના—૧.

જ્ઞાનામૃત ગુરૂ દીયા દયાકર, પ્રેમ પિયાલા ભર પીના,
જાલમ જોખા જરા મણકા, છિનમેં રોગ ભયા છીના.... ૨

નિરખ્યા વ્યાપક વસ્તુ નિરંતર, અખંડ આતમ બ્રહ્મચીના;
અબ ન મરે મેં જીયા જુગોજુગ, જબ અપના અનુભવ કીના–૩
ખુલીયા તાલા ભયા ઉજાલા, એક અમરપદ લે લીના,
જન વિહારી જગ ફેર ન આવે, કોટી જન્મકા દુઃખ છીના–૪

પદ-૫ (રાગ લાવણી તાલ ૩)

મિલા મોહીં ગુરૂ બ્રહ્મજ્ઞાની, જિન કીયા બ્રહ્મમય ભય ભાની;
ધન ધન હમ ધનભાગ્ય હમારે, મિલા મોહીં ગુરૂ બ્રહ્મજ્ઞાની–ટેક.
શુદ્ધ વિચાર જબ કીયા સ્વતંતર, તબ ઉગરી અનુભવ ખાની;
પરમાતમ સત પાર બ્રહ્મકી, પરી સનાતન પહિચાની....૧
તત્ત્વમસી પદ લીયા તપાસી, અર્થ જથારથકો જાની;
ઈશ જીવકી તજી ઉપાધી, અસીપદસે એકતા આની....૨
મનકી વૃતિ મિલી તિન પદમેં જહાં ન પહુંચત મન બાની;
જૈસે સરીતા સાગર કે મધ્ય, ઉસકી આપ તહાં અલપાની...૩
અબ મન મગન ભયા બ્રહ્મસાગર, લોક વેદ નહીં કુલકાની;
સંશય સકલ મિટયા તન મનકા, હર્ષ શોક નહીં દ્વન્દ્વ હાની...૪
સાચી લગન લગી સદ્‌ગુરૂસે, છીન ન રહે તિનકી છાની;
કહે વિહારી ગુરૂચરનકમલ પર, સમજી કાયા શિર કુલબાની...૫

પદ–૬ રાગ લાવણી તાલ ૩

અકલ પુરૂષ ગુરૂ અવતારી, જિન કીયા અભય ભવ ભય ટારી:
પ્રગટ ભયે જગ પુરૂષ પુરાતન, અકલ પુરૂષ ગુરૂ અવતારી–ટેક.
અજબ કલા આતમ અનુભવકી, વિંધ્ય ભ્રાંતિ ગુરૂ વિસ્તારી:
જીવ અનેક અધમ કલિજુગ કે, તિનકો તુરંત લયે તારી...૧

ઈંદ્રલોક અગ્નિસમ જાનત, બ્રહ્મલોક સુખ ભયકારી,
તૃણ સમાન ત્રૈલોક સુતાકો, જિન મનકી મમતા મારી... ૨

પરધન પથર સમાન ગિનત ગુરૂ, નાગિનિસમ જાનત નારી,
વિષયભોગ વિષવત ભયે જાકો, નહીં અપને તનસે યારી... ૩

બોલત બચન મૃદુલ મનોહર, લાવન લલીત લગત પ્યારી,
ભવભંજન અંજનમલમંજન, વરવિજ્ઞાનમય દુઃખહારી. ... ૪

કરી આતમ ઉપદેશ કૃપાનિધિ અપની શક્તિ અંતર ધારી
કહે વિહારી ગુરૂચરનકમલ પર, બહુરી બહુરી જાઊં બલીહારી... ૫

પદ—૭ રાગ પ્રભાતી તાલ ૩

પ્રાતસમે સદ્ગુરૂ છબી સુંદર, કરહું મનન મન મેરા;
જ્યોંકા ત્યોં નિજરૂપ યથારથ, તબહીં પ્રકાશે તેરા—ટેક.

પરંધામ પરબ્રહ્મ પરાત્પર, અજ અખંડ અવિનાશી;
સો મુરત મેરે સદ્ગુરૂકી, પિંડબ્રહ્માંડ પ્રકાશી—પ્રાત૦ ૧

ચૈતનમય જગ જીવ ચરાચર, લીલા કર રચી લીને;
લખ ચોરાસી મનહું લોષ્ટમય, ચુંબક ચૈતન કીને....પ્રાત૦ ૨

આપહીં વ્યાપ આપ અપનેમે, આપહીંકો ઉપજાવે;
મનહું સિંધુ સોઈ સદ્ગુરૂ જગ, નાના તરંગ રચાવે...પ્રાત૦ ૩

મૂરત એક મનોહર અદ્વય, જબ સદ્ગુરૂકી જાને;
જન વિહારી તબહીં તીન પદમે, ઉલટી આપ અલપાને...પ્રાત૦ ૪

પદ ૮ (રાગ પ્રભાતી તાલ ૩)

અચરજ બાત કહાની સંતો, અચરજ બાત કહાની રે;
કહો જાય કિન આગે કહિયે, નહિ માનત અજ્ઞાની રે....ટેક

વંધ્યા સુત યહ સબ સંસારા, કહત શુકાદિક જ્ઞાની રે;
મૃગવારી કે વારિધિ માંહી, ડુબત હૈ બીન પાની રે...અચ૦ ૧
જેવરી નાગ ગ્રસ્યો જગ સારો, મુરખ પંડીત માની રે;
મિથ્યા ગુરૂ ગારોડી મિલકે, કરત સો નિર્વિષ પ્રાનીરે...અચ૦ ૨
મિથ્યા પુરૂષ ગંધર્વપુરમેં, વાસ કીઓ તિહાં થાની રે;
શશક શ્રૃંગકો ધનુષ બનાયો, ખેલત હૈ મહેદાની રે...અચ૦ ૩
વંધ્યાસુત જબ રૂદન કીયો તબ, ગગન પુષ્પ દીયો આનીરે;
ખેત ચનેમેં હસ્તી ખોયો, ખોજત હોત હેરાની રે...અચ૦ ૪
કોઉ કહે સાચ જૂઠ કોઉ કહહીં, દ્વિવિધ બોલત બાની રે;
જન વિહારી સારી વિધ સમજે, મહા મંગલ વિજ્ઞાનીરે...અચ૦ ૫

○—○—○—○

પદ ૯ (રાગ પ્રભાતી તાલ ૩)

ગૈં જયોંકા ત્યોં મગના, મોબિન મૈં જ્યોં કા ત્યોં મગના;
તુરિયાતિત પરમપદ કૈવલ, તત્વરુપ હમ તગના...ટેક
પંચ પ્રપંચ નહિ જિનહીં પદ, કાલ કરમ નહીં કાયા;
કવન દેવ દેવી તહાં કહિયે, જીવ ઈશ નહીં માયા...ગૈં૦ ૧
વાચ્ય અવાચ્ય નહીં કોઈ વસ્તુ, પરશ વિના હમ પરશે;
હૈ નહીં કે બીચ ખેલ હમારા, દરશ બિન હમ દરશે—ગૈ૦ ૨
વિમલ વિવેક અનેક એક બિન, કરનહાર બિન કીના;
બિના આપ નિજ આપા દરશે, બિન ચિન હમ ચીના...ગૈ૦ ૩
જાનનહાર બિના સો જાના, બિન પીછાન સો પાયા;
નનબિના નિરખા સો નિજપદ, ઉર અનુભવ બિન આયા...ગૈ૦ ૪

યહ અનુભવ અનુભવ બિન અનુભવ, કહનહાર બિન કહના;
મનનહાર બિન વાહિ મનન કર, રહનહાર બિન રહના...મૈં૦ ૫
મૈં નહિં તું નહિ તા બિન સો નહિં, ઐસે અકથ કહાની;
જૈસે સુક મિસરીકો નિજ મુખ, સ્વાદ ન શકે બખાની...મૈં૦ ૬
લક્ષાલક્ષ વિના અવલંબન, શાન શબ્દ નહિં કોઇ.... ... ...
જન વિહારી જ્યેં'કા ત્યોં નિજપદ, સ્વસંવેદ્ય હય સોઇ...મૈં૦ ૭

પદ ૧૦ (રાગ ઝીંઝોટી તાલ દાદરો)

એક મુખ રામ કૃષ્ણ રામ કૃષ્ણ ભજ રે;
કૌન તેરા કુલ કુટુંબ, લોક લાજ તજ રે...ટેક.
જબ ગજરાજકો જલમેં જૂડ ગ્રહ્યો;
તબ પ્રભુ ગરૂડ છાંડી, રાખ લીયો ગજ રે...એક. ૧
જબ દ્રૌપદીકો. દુષ્ટ દુવત ભયો;
તબ તતકાલ પ્રભુ, પૂરે ચીર સજ રે...એક. ૨
પલ પલ તેરી રક્ષા, કરત પૂરણ બ્રહ્મ;
તોભિ કછુ જાનત નહિં, બડો હૈ નિર્લજ રે...એક. ૩
પતિત ઉદ્ધારન, પરમ દયાલ પ્રભુ;
જન વિહારી વેદ વદત, જાકો ઈશ અજ રે....એક.૪

પદ ૧૧ [રાગ ઝીંઝોટી તાલ દાદરો]

બસીયો સોઈ શ્યામ, દ્રગનમેં હમારે;
નંદજીકો લાલ મોહી, લગત પ્રાન પ્યારે...ટેક
પૂતના તૃણાવત, માર્યો સંકટાસુર;
બકાસુર માર ડાર્યો, બાંકી ચોંચ ફારે...બસીયો૦ ૧

બ્રહ્મા ભ્રમતિ ભયો, ઇંદ્રકો ગર્વ ગયો;
નખપર ગોવર્ધન, ગિરિ ઉઠાય ધારે...બસીયો૦ ૨

ગજ ગત પ્રાણ કીયે, દંત દો ઉખાર લીયે.
ધોબીમુખ ધર લપાટ, ત્રંબક તોડ ડારે....બસીયો૦ ૩

સલ તોસલ કુસલ, ચાણુર મુષ્ટીક મલ;
નિજ કર ગ્રહી કેશ, કંસકો પછારે....બસીયો૦ ૪

દેવનકે દેવ હરિ, મનુષકી દેહ ધરી;
ભોમીકો ઉતાર ભાર, કોટી દુષ્ટ મારે...બસીયો૦ ૫

ભક્ત દુઃખ ભંજન, ગર્વકે ગંજન;
જુગજુગ જન વિહારી, શરન હૈ તિહારી. .બસીયો૦ ૬

૦ ૦ ૦

પદ ૧૨ [રાગ ઝીંઝોટી તાલ ૩]

બંસી બજાવે લાલા જમુનાકે તીર રે;
શ્રવન સુનત મન ધરત ન ધીર રે...ટેક

બંસીકે નાદે થંભીયો, જમુનાકો નીર;
ખલ મૃગ ધેનુ મોહે, કોકિલા રૂ કીર રે....બંસી. ૧

મારૂત ચલત નહીં, ધરી રહ્યો ધીર;
ગૌઅનિકે બચ્છ મોહે, પીવત ન ખીર રે...બંસી ૨

મુનિજન મોહે સુની, રાગસો ગંભીર;
ધુન સુની ગોપી ધાઇ, તજી અંગ ચીર રે...બંસી. ૩

જન વિહારી જાદુ, કીના હલધર વીર;
સબનિકો મન હર્યો, પ્રભુ સુખ સીર રે...બંસી. ૪

પદ-૧૩ (રાગ ઝીઝોટી અથવા કલ્યાણ તાલ દાદરો)

હ'ર ઉમંગ હોરી લાલ, હરિ ઉમંગ હોરી;
ખેલત સખીયનકે સંગ, હરિ ઉમંગ હોરી...ટેક.

સુંદર વનરાય સકલ, જમુના ત્રટ મોરી;
સુદર આવત સુગંધ, ફુલનકી ફોરી. .હરિ૦ ૧

બાજત મૃદંગ તાલ, ગાવત મીલ ગોરી;
નાચત નરતક રસાલ, તાન તોરી તોરી....હરિ૦ ૨

નંદલાલ ભરી ગુલાલ, સબહીનકી જોરી;
ડારત અખીયનમેં આય, સકલ દોરી દોરી....હરિ૦ ૩

સુર નર મુનિ મગ્ન ભયે, નિરખી જુગલ જોરી;
સાંવરી સુરત મધુરી મુરત, લીનો ચિત ચોરી...હરિ૦ ૪

વૃજકી નાર માની હાર, બોલત મુખ થોરી;
પ્રભુકો આય પરત પાય, વિહારી કરજોરી...હરી૦ ૫

પદ ૧૪ [રાગ હોરી તાલ દિપચંદી]

દેખન જાઇયે હોરી રે, ચલો દેખન જાઇયે હોરી ટેક.

ચંગ મૃદંગ બંસરી બાજે; સબ મિલ ગાવત હોરી;
કરત ખ્યાલ બ્રજબાલ લાલ મિલ, આનંદ આય બઢયોરી;
કહા કહોં સજની મોરી, ચલો દેખન જાઇયે હોરી...૧
વૃંદાવનકી કુંજ ગલિનમેં, કેશર કીચ મચ્યોરી;
ઉડત ગુલાલે અરૂન ભયે અંબર, તનકો તાપ ગયોરી;
કછુ ન જાત કહ્યોરી, ચલો દેખન જાઇયે હોરી....૨

કિનહુંક જન્મહી જોગેશ્વરકો, ભગવો વેષ ધર્યો રી;
કરત બકોર શોર સબ મિલકે, કામકાજ બિસર્યો રી;
એસો એક ખેલ રચ્યોરી. ચલો દેખન જાઇએ હોરી...૩

એક એક ગ્વાલ સંગ એક ગોપી. કરત કેલ જોરી જોરી,
બિચમેં દાસ વિહારીકો ઠાકુર, નૈનનમાંહી બસ્યોરી;
ખેલે વ્રષભાન કિશોરી, ચલો દેખન જાઉએ હોરી...૪

પદ ૧૫ [રાગ કરાઇડો તાલ ૩.]

તેરો હૈ અવસર દિન દોઇ, ભજન કરલે ભાઇ;
તેરા હો અવસર......................................ટેક.
માત પિતા સુત બાંધવ તેરા, કામ ન આવે કોઇ–ભજન ૧
મરને પીછે મુરખ તેરી; કામીની દોદીન રોઇ--ભજન ૨
જમશ જૈસા વેરી તેરા; ભરનિંદ્રા કયોં સોઇ–ભજન ૩
જનવિહારી કહે સુન મન મેરા; હરિ ભજે સુખ હોઇ-ભજન ૪

પદ ૧૬ (રાગ કરાઇડો તાલ ૩)

તેરા બહુત હૈ ઘર દૂર, મન તું કયા મોહા:
તેરા ઐસા હૈ ... ...ટેક.
ગોરખ ગોપીચંદ ભરતરી; શિર પર ડારી ધુર. મન–૧
માનુષ દેહ પાય કર મુરખ; ભેદ ન સમજા ભૂર. મન–૨
જગ પ્રપંચ જાત હૈં ઐસે; જયોં પાનીકા પુર. મન–૩
કાંચન જૈસી કાયા તેરી; એક દિન હોગી ચુર. મન-૪
કહે વિહારી દેખો જન કોઇ; હરિ હૈ હાજહજુર. મન-૫

પદ ૧૭ [રાગ કાફી તાલ દિપચંદી]

ચેત સવેરા રે, ચેત સવેરા રે, મન મેરા રે...ટેક.
યહ અવસર બેર બેર નહી આવે, મરમ સમજ મન ગેરા.
મન મેરા મન મેરા રે...ચેત ૧
માત તાત સુત ભ્રાત ભામિની, તામે કોઈ નહીં તેરા,
નહીં તેરા નહીં તેરા રે...ચેત ૨
કૌનકા કુટુંબ પરિવાર કબીલા; છોડ માયા જાલ જંજીરારે.
જંજીરારે જંજીરારે...ચેત ૩
નાતા નિમિષ એક આય બના હૈ, પીછે કોઈ નીં કિનકેરા
કિનકેરા કિનકેરા રે...ચેત ૪
તજ મમતા સેવા કર સતગુરૂકી; મિટજાવે ઉરકા અંધેરા રે
અંધેરા રે અંધેરા રે....ચેત ૫
દાસ વિહારી કહે રામ સુમર લે, તુજમેં સાહેબ તેરા
હરિ તેરા પ્રભુ તેરા રે...ચેત ૬

પદ ૧૮ રાગ ભેરવી કાફી તાલ ૩)

મન માર કાલ સીચાણા, તો જખમારે જમરાણા,
મન માર કાલ સીચાણા...ટેક.
ધનુષ ધ્યાનકા પરશુ જ્ઞાનકા, કરણી બાણ કમાના;......
તર્કસ ખેંચી તીર ચલાયા, આરપાર વિંધાણા. મન...૧
અનહદનાદ ગગન ધુન ગાજે, બાજે નિત્ય નિસાણા,......
દેહ મંદિરમેં દીપક પ્રગટા, ભીતર સુરજ ભાણા. મન...૨

દિલ ભીતર એક દર્પણ દેખા, પશ્ચિમઘાટ પહિચાણા,
રમતારામ શ્યામ સબ દર્શન, ઉન દર્પણમેં દેખાણા. મન–૩

ઘટ ભીતર સતગુરૂ શબ્દકી. નિશ્ચલ બીકસી ખાણા;
કોટી કરમ અપરાધ અપારા શબ્દે સબે ધોવાણા. મન-૪

શૂરા સાધૂ લડે લગનસેં, કાયર કૂડ કમાણા;
મોજમ સારા પટા પ્રેમકા, સદગુરુ હાથ લખાણા. મન-૫

સતગુરૂને સત શબ્દ સુનાયા, મહા રોગ મેટાણા;
જનવિહારી સતગુરૂકે ચરને, વિણ નાણે વેચાણા મન.-૬

પદ ૧૯ [રાગ કલ્યાણ તાલ ૩] આરતી.

આરતી કીજે બ્રજરાજ કુંવરકી, કૃષ્ણ કૃપાલલાલ
ગિરિધરકી. ટેક

પહેલી આરતી પલ પલમાંહી. નટવરકી છબી બિસરત નાહી.
આરતી૦ ૧

દુસરી આરતી દૂર ન નેરા, હાજરહજુર કૃષ્ણ પ્રભુ મેરા.
આરતી૦ ૨

તીસરી આરતી હૈં તદરૂપા, આદિ અંત મધ્ય કૃષ્ણ અનુપા.
આરતી૦ ૩

ચોથી આરતી ચૌદિશી માંહી, કૃષ્ણ વિના કછુ ખાલી નાંહી.
આરતી૦ ૪

પાંચમી આરતી સ્વર્ગ પાતાલ, નિર્ષદિન ખેલત હૈં નંદલાલા.
આરતી૦ ૫

જન વિહારી કહે જલથલમાંહી. કેવલ કૃષ્ણ ઓર કછુ નાંહી.
આરતી૦ ૬

પદ- ૨૦ (રાગ કલ્યાણ તાલ ૩) આરતી

આરતી સદગુરુ સંતકી કીજે,
ચરનકમલ ચિતમાંહી ધરીજે. ટેક

પહેલી આરતી પરગટ પાયા,
સદગુરૂ સંતરૂપ હરિરાયા. આરતી૦ ૧

દુસરી આરતી દીયા નિજ જ્ઞાના,
મનકા સકલમિટા અભિમાના. આરતી૦ ૨

તીસરી આરતી તારનહારા,
કુબત કર ગ્રહી લીયા હમારા. આરતી૦ ૩

ચોથી આરતી ચિત પરચાયા;
જન્મ-મરણકી શંક મિટાયા. આરતી૦ ૪

પાંચમી આરતી પલ ક્ષણ માંહી,
લેત ખબર કછુ બેર ન લાહી. આરતી૦ ૫

દેવા સદગુરૂ સુખકે દાતા.
રાખ લીયા મોહે જમપુર જાતા. આરતી૦ ૬

સતગુરૂ સંત પરમ હિતકારી,
જનવિહારી કહે જાઉં બલિહારી. ૭

ગુજરાતી ભાષાનાં ભજનો

પદ ૨૧ [રાસ રાગ પરજ]

રહો મારી મિટલડીમાં માવા, નહીં દઉં તમને રે હો જાવા. ટેક
પ્રીત લગાડી શાને પહેલી, હવે કયાં જાઓ છો રે હો મેલી. ૧

અમને ભોજનીયાં નહીં ભાવે, નયને નિંદ્રા રે હો નાવે. ૨.
મુખડા શામળીયાનાં શાલે, વ્યાકુળ કીધાંરે હો વાલે. ૩.
પલક ન મેલું મારા પ્રિયતમ તમને, વહાલા લાગો રે હો
અમને૦ ૪.
વિસરી વાત હરિને વ્રજની, સનમુખ રમતા રે હો સજની. ૫.
રાસ મંડળમાં ભેળાં અમે રમતાં; એણીપેરે હરિને રે હો
ગમતાં૦ ૬.
સુંદરવર અવિનાશી પામી, દાસ વિહારીના રેહો સ્વામી. ૭.

—૦—

પદ ૨૨ રાસ રાગ પરજ.

સાંભળ સજની રેહો કહું છું, હું શિખામણ તમને દઉં છું…ટેક.
સગપણ સાચું રે હો કરજો, જે હોય કાચું તે પરિહરજો. ૧
ડગમગ મેલો રેહો મનની, સંગત કરીએ સાધુ જનની. ૨
હરિજન હરિને રેહો વહાલા, કુમતિ લોક ન જાણે કાલા. ૩
હરિ હરિજનમાં રેહો રહે છે, શ્રુતી શાખ પુરાણે કહે છે. ૪
હરિ જન હરિ છે રે હો પોતે, ગુરૂઅમ વોણુ અળગા ગોતે. ૫
હેત હૈયામાં રે હો આણી, સેવો તમે સત પૂરણબ્રહ્મ જાણી. ૬
પગલાં ધોઈને રે હો પીજે, તન મન ધન નોછાવર કીજે. ૭
જેમ વાળે તેમ રે હો વળીએ, ભક્તિ ભાંગી ભેળા ભળીએ. ૮
જેમ રાખે તેમ રેહો રહીએ, મેણુલા જગ સઘળાનાં સહીએ. ૯
કારજ ત્યારે રેહો થાશે, નહિ તો અવશર એળે જાશે. ૧૦
એ શિખામણ રેહો મારી, જન વિહારી કહે જુઓને વિચારી. ૧૧

પદ ૨૩ (રાંમ રાગ પરજ)

જુઓને વિચારી રેહો જુગતે, જીવપદ ગળશે જીવન મુગતે...ટેક.
જીવન મુગતા રે હો જોગી, અખંડ અનુભવના તે ભોગી... ૧
જાગ્રત પદમાં રે હો જાગે, કામ ક્રોધ મદ લોભ ન લાગે.... ૨
મન શીતલ ચિત રેહો સમતા, હર્ષશોક ન મોહ ન મમતા... ૩
ભેદાભેદ ન રેહો જાણે, પરમ વિવેકી પક્ષ ન તાણે... ૪
તાપ ન લાગે રે હો તેને, નાના ભાવ નહી ચિત જેને... ૫
સૌમાં સરખું રે હો ભાળે, આતમ જાણી અંતર ટાળે... ૬
દોષ ન રેખે રે હો દેહના, ઉંડા અગાધ અનુભવ જેહના... ૭
દેહના કૃત્ય છે રે હો, કાચાં, તે તો સંત ન જાણે સાચાં.... ૮
સાચા સાચું રે હો દેખે, ઘટોઘટ પુરણ બ્રહ્મને પેખે... ૯
બીજા કેને રે હો કલ્પે, જે જેનુ તે તેને અલ્પે...૧૦
કર્મ ન લાગે રે હો કરતે, દેહના સાક્ષી થઈને વરતે...૧૧
અકલ કલા છે રે હો એની, મહિમા કહી નવ જાય મુખ તેની...૧૨
શુકદેવ સરખા રે હો જાણે, દાસ વિહારી કહે વ્યાસ વખાણે...૧૩

પદ ૨૪ [રાસ રાગ પરજ]

ગુરૂએ કરૂણા રે હો કીધી, અનુભવ બુદ્ધિ દયા કરી દીધી ટેક.
સંશય સઘળું રેહો ટળિયું, આતમજ્ઞાને આ મન ગળિયું ૧
સાધન ચારે રેહો પામી, કરૂણા કીધી અંતરયામી ૨
શ્રવણ મનને રેહો કીધું, નિદિધ્યાસનમાં નિજ મન દીધું ૩
સાક્ષાતકારે રે હો પોતે, પૂરણ વસ્તુ એક ઉદ્યોતે ૪
ત્વંપદ તત્પદ રે હો ત્યાગી, કેવળ અસીપદમાં અનુરાગી ૫
જીવ ન ઇશ્વર રે હો ભાસે, અખિલ બ્રહ્માંડે આપ પ્રકાશે ૬

સોહ હંસો રે હો હોઈ, ભિન્ન ન ભાસે ક્યારે કોઈ... ૭
આનંદ ઉપજ્યો રે હો અંગે, સાચા સતગુરૂજીને સંગે.... ૮
વિપદા સઘળી રે હો વામી, ક્ષેમ ધામ પૂરણ પદ પામી... ૯
અમૃતસાગર રે હો ન્હાઈ, સતગુરૂને ચરણે લપટાઈ...૧૦
નિત્યપ્રતિ કરિયે રે હો સેવા, દાસ વિહારી કહે જય ગુરૂદેવા...૧૧

—o—

પદ ૨૫ રાસ રાગ પરજ.

વ્યાસ વખાણે રેહો તેને આતમજ્ઞાન જથારથ જેને... ટેક
હરિ વિણ અન્ય ન રે હો ભાસે, સર્વે અક્ષરે સાક્ષી પ્રકાશે....૧
કુંડલ કનક ન રેહો વેરા, એવો ઉપજ્યો અનુભવ ઘેરા....૨
મૃતીકા ભાજન રેહો એકે, તંતુ વસ્ત્ર એક વિવેક...૩
વારી વીચી રે હો જાણે, તરણિ કિરણી એક પ્રમાણે...૪
સ્થંભ પુતલીકા રે હો દેખે, અગ્નિ ઉષ્ણતા એક જ લેખે...૫
ખાંડ ખીલોના રે હો જોતાં, વાયુ વંટોળ એક ભ્રમ ખોતાં...૬
લોહ હથિયાર રે હો નિરખે, પૂરણ બ્રહ્મ પરસ્પર પરખે...૭
અન્વય વ્યતિરેક રે હો હોઇ, તેનો સાક્ષી હું છું સોઈ...૮
એક અખંડીત રે હો આપે, જન્મ ન મરણ ન પુણ્ય ન પાપે...૯
અનુભવ આંખે રે હો જોયું, સતચિત આનંદમા ચિત પ્રોયું...૧૦
જન વિહારી કહે રે હો જાણો, ઘટોઘટ પ્રગટ રૂપ પ્રમાણો...૧૧

પદ ૨૬ [રાગ ખમાચ તાલ દાદરો]

આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;
મેં નિરખ્યા જગન્નાથ, ધન્ય આજની ઘડી—ટેક.
નિત્યપ્રતિ જ્યાં નાત અઢારે ચોકી છે ખડી;
દાસ હરિના દાણ ન આલે, બીજા રહે અડી—મેં૦૧

વર્ણ અઢારે એકઠા જમે રૂડી રીતડી;
એક બીજાના મુખમાં આપે, પૂરણ પ્રીતડી...મે૦ ૨
જગના જીવન જોઇને જોયા, ભરી આંખડી;
મુખ દેખી મહાસુખને પામ્યા, ઠરી છાતડી...મે૦ ૩
રાત દિવસ હૃદય રાખુ, મેલું નહિં ઘડી;
કહે વિહારી દેવ છે મારા, જીવનની જડી...મે૦ ૪

પદ ૨૭ [રાગ ખમાચ તાલ દાદરો]

ભાવથી કરો રે ભજન, પ્રેમથી કરો;
આ સ્વપ્ન છે સંસાર, ભજન ભાવથી કરો ભાવથી કરો ટેક.
ભાવે કરી ભગવાનને ભજો, પ્રપંચ પરિહરો;
સદગુરૂ સંત સેવ્યા વિના, નિશ્ચે નહિં ઠરો...આ૦ ૧
કાલનો જોખમ જોર છે. તેને દેખીને ડરો;
ચેતીને તમે ચાલજો આગળ, ખેલ છે ખરો...આ૦ ૨
એકજ આતમરામને મુખે. અખંડ ઉચ્ચરો;
સૌ પહેલાં સંસારમાં પ્રાણી, સુખેથી તરો...આ૦ ૩
સદગુરૂના શબ્દ રૂડા, હૃદયમાં ધરો;
દાસ વિહારીના દેવને ભજો, ભૂલા કાં ફરો...આ ૪

પદ ૨૮ [રાગ સોરઠા તાલ ૩.]

મારો નાનપણાંનો નેહ, સામળીયા સાથે રે;
અમે રમતાં નિશદિન રાસ, હરિને હાથે રે...ટેક.
અમને લાગેલ વ્રહનાં બાણ, ઘાયલ કીધાં રે
મીઠી મોરલીએ મારા મન. માવે હરી લીધાં રે. ૧

વાલા તમ વિના ઘડી ન રહેવાય; પ્રીતી બંધાણી રે;
મારાં કાળજડાંની કોર, વાંસળીએ વિંધાણી રે. ૨
મારૂં સુકાઇ ગયું છે શરીર, અનડાં ન ભાવે રે;
મને વેરણ થઇ છે રાત, ઉંઘ ન આવે રે. ૩
મારા મનડામાંય મોરાર,, ચિતડામાં ચણકે રે;
મારે નયને નીર ન માય, આંસુડાં ઠણકે રે. ૪
એવી અંતર કેરી વાત, કેને કહિયે રે;
એ તો પોતાના મનમાંય, સમજી રહિયે રે. ૫
તમને રાખું હૃદય મઝાર, ઘડી ન વિસારૂં રે;
મને મીઠું લાગે મુખ માંય, નામ તમારૂં રે. ૬
દીનોનાથ દ્વારકાંધીશ; જોવા ચાલો રે.
એ તો જાદવ જીવન પ્રાણ, વિહારીને વાલો રે. ૭

પદ ૨૯ [રાગ સોરઠા તાલ ૩.]

મારો નટવર સાથે નેહ, પ્રેમે મન લાગ્યું રે;
મોંદરીએ આવ્યા માવ, ભવદુઃખ ભાંગ્યું રે...ટેક
હે જગજીવન જગમાંય, જોયા તમને રે;
હવે નજરે નાવે કોઇ, બીજું અમને રે. ૧
અમે નહિં કરીએ નિરધાર, બીજા કેનો રે;
આ જગમાં છે આધાર, અમને એનો રે. ૨
ભૂધરજીને ભરતાર, કોડે કીધા રે;
ધરખીને હૈયામાંય, લાલને લીધા રે ૩
છે આદિ અંતે એજ, એ વર રૂડો રે;
લઇ પહેરી લીધો આજ, અમર ચૂડો રે. ૪

છે ચૌદ ભુવન ત્રણ લોક, તેના કર્તા રે;
તે માવો માખણ કાજ, ઘર ઘર ફરતા રે. ૫
સનકાદિક નારદ શેષ, પાર ન પાવે રે;
તે પીયુ અમારે પાસ, લાડ લડાવે રે. ૬
પૂરણ છે મારાં પુન્ય, એ વર પામી રે;
તે દાસ વિહારીના દેવ, અંતરજામી રે. ૭

પદ ૩૦ (રાગ કરાઈડો તાલ દાદરો)

પ્રાણી રંગ સ્વપ્ને રાતો, માયા મદ ઘેનમાં માતો;
જાણે હું જગથી મોટો, દીશે દાનતનો ખોટો ...ટેક.
લોભે અપયશ તેં લીધો. અહંકારે આંધડો કીધો;
લુંટાણો તું કુળની લાજે, કુડા કુટુંબને કાજે...પ્રાણી૦ ૧
સાધુની ન કરે સેવા, પૂજે ભૂત પ્રેત ને દેવા;
સાધુ જગ સરખા જાણે, દેખી મન દુબધા આણે...પ્રાણી૦ ૨
હૃદય છલ ભેદને રાખે, મોટે મોટપણું દાખે;
અંતરમાં ઉંડી ઘાતો, કરે મુખ મીઠી વાતો...પ્રાણી૦ ૩
વંદે જીણપણે લાજે, દેખી અંતરમાં દાજે;
એવું જાણપણું જેને, વિહારી હરિ વેગળા તેને...પ્રાણી૦ ૪

પદ ૩૧ [રાગ કરાઇડો તાલ ૩]

મોરલી કામણગારી ગિરધારી તારી;
મોરલી કામણગારી ગિરધારી તારી—ટેક.
તારી મોરલીએ મારાં, મન હરિ લીધાં;
કામણ કીધાં છે મને ભારી....ગિરધારી તારી૦ ૧

ગ્રહની પીડા અમને, વ્યાપી અંતરમાં
તેની છે વેદના ન્યારી...ગિરધારી તારી૦ ૨

સગાં સંબંધી અંગો સર્વે તજિયાં;
વાલા પણ મેલ્યાં વિસારી...ગિરધારી તારી૦ ૩

સંસાર સુખ સુળી, જેવાં લાગ;
દુનિયા લાગેછે અમને ખારી...ગિરધારી તારી૦ ૪

વિહારીના સ્વાંમી તમે. વ્યાકુલ કીધાં;
બંસી સંભળાવી બાવન બારી...ગિરધારીતારી૦ ૫

પદ ૩૨ રાગ સમયાનુંસાર

જઇને કરે જન કોઇ, જે સંગત સંતની રે;
તેને તે ઘડીએ થાય, કૃપા ભગવંતની રે....ટેક

પ્રથમ શ્રી ગુરૂનો પ્રતાપ, કહું કેટલો કથી રે;
ભવસાગરનો ભય, સખી સ્વપને નથી રે...૧

જ્ઞાન હિમાળા માંય, જેનાં મન જઇ ગળ્યાં રે;
ઉગ્યો આતમ ભાણુ, તિમીર તેહનાં ટળ્યાં રે...૨

જાણ્યું જથારથ રૂપ, પોતે પોતા તણું રે;
આતમ દેખે એક, ગયું દ્વિતિયાપણું રે...૩

જેનું હતું જે કંઇ. તેને જઇ તે મળ્યું રે;
વસ્તુ વ્યાપક આપ, છતાં અછતું ટળ્યું રે....૪

આદિ હતું જે કાંઇ, અંતે પદ તે થયું રે;
સત ચિત આનંદરૂપ, વિહારી વિલસી રહ્યું રે...૫

પદ ૩૩ રાગ સમયાનુંસાર

મારા નાથ વિના કેમ ચાલે, કઠણુ મનડાં કીધાં મારે વાલેરે–ટેક.
વાલે પ્રથમજ પ્રીતિ કીધી રે, મથુરા જઈ મેલી દીધી રે;
વહાલે વળતાં તે ખબર ન લીધી ...કઠણ૦ ૧
મારી પ્રેમની પીડા ન જાણીરે. કાંઈ મનમાં મેર ન આણી રે;
વાલે વાત પોતાની તાણી કઠણ૦ ૨
મારે આ દહાડા કેમ જાશે રે, મારા પ્રાણજીવન નહીં પામેરે;
અમથી એ દુઃખ કેમ સહેવાસે ...કઠણ૦ ૩
સ્વામી વિહારીના તમને શું કહિએરે, અમે દાસ તમારા છીએરે;
અમને જેમ રાખો તેમ રહીએ કઠણ૦ ૪

પદ ૩૪ [રાગ સારંગ તાલ ૩.]

હરિ અંતરથી મ થાજો રે, અળગા એક ઘડી –ટેક૦
હરિ તમ ચરણે મારૂં ચિત બાંધ્યું, એવું મરજીવ્યાનું મરમ લાધ્યું;
એવી શુદ્ધ સમજ્યાની ટેવ પડી ... હરિ૦ ૧
નિજ જ્ઞાનીજન જેને ગોતે, એવો પૂરણ બ્રહ્મ તે છે પોતે;
તેની પરતીતિ પહિચાન પડી ... હરિ૦ ૨
મારી પૂર્વજન્મની પ્રીત ખરી, મેં જ્યાં ત્યાં દીઠા બ્રહ્મહરિ;
મારી સુરત સખી અસમાન ચડી .... હરિ૦ ૩
મારૂં હુંપદ સહજ સમાઈ ગયું, જે જેમ હતું તે તેમ થયું;
એવી દાસ વિહારીને દશા જડી ... હરિ૦ ૪

પદ ૩૫ (રાગ સારંગ તાલ દાદરો)

છે એકનો એક રે, મહાવાક્યને વિચારતાં છે એકનો એક રે;
ત્વ ને તત્ ને ત્યાગી કરો, અસિનો વિવેક...ટેક૦
સ્વપ્નમાંય રાય થયો, રંકને સ્વરૂપ;
જાગતાં જંજાલ ટળ્યું, તું પોતે તદ્રુપ...છે૦ ૧
અર્કને આભાસે ભાસ્યુ, મરિચિત વાર;
ભ્રમેં ભાસ્યું તે છે મિથ્યા આત્મ અર્ક સાર...છે૦ ૨
અણુછતા ને અણુછતી એ, જાણો જગત રીત;
આદર્શમાં એકે નથી, છે કલીમાં કલ્પીત...છે૦ ૩
એક બ્રહ્મ સત્ય સદા, અવર નહી કોઈ;
આદિ અંત જન વિહારી, સ્વરૂપ સોહં...છે૦ ૪

પદ- ૩૬ (રાગ હોરી તાલ દિપચંદી)

જીવ તણો ઉદ્ધાર, એજ દીન આવ્યો રે;
જેમાં જીવ તણો ઉદ્ધાર—ટેક૦
કોની કાયા માયા કામની રે, કોનાં કુટુંબ પરિવાર;
કોઈ નથી તારા કામના રે, સમજ સમજ ગમાર—એજ૦ ૧
જુઓ વિચારી આ વિશ્વને રે, આ છે સ્વપ્ન સંસાર;
રત્ન પદારથ માનજો રે, નહીં મળે વારંવાર—એજ૦ ૨
સંતો આ સંસારમાં રે, નથી રહેવું નીરધાર;
અંતે મરવું સર્વને રે, તેમાં ફેર ન ફાર—એજ૦ ૩
સત ગુરૂએ સંસારથી રે, ઉતાર્યા ભવપાર;
વિહારી સૌને વિનવે રે, ચેતો ચેતનહાર—એજ૦ ૪

પદ ૩૭ [રાગ હોરી તાલ દીપચંદી]

સમજી શુદ્ધ વિચાર, જાતલડી જાણો તમારી,
સમજી શુદ્ધ વિચાર....ટેક૦
પોતપોતાને ઓળખો રે, મેલો અવર વિચાર;
આદિ અંત મધ્ય એક છે રે, નિગમે કર્યો નિરધાર...જા૦ ૧
બોલે તે બીજો નથી રે, નારાયણ નર નાર;
નામ રૂપ સર્વે નાથનાં રે, શાને માનો સંસાર...જા૦ ૨
દેવા સદગુરૂ ભલે મળ્યા રે, અનુભવના ભંડાર;
દાસ વિહારી પર કરુણા કીધી, ઉતરવા ભવપાર...જા૦ ૩

પદ ૩૮ રાગ કાફી તાલ ૩

કયું નહીં કરે રે, જેને જાવું છે જમદ્વાર;
વાળ્યા નહીં વળેરે, તે તો ખાશે જમની માર—ટેક૦
નરક પડ્યાનો નિયમ છે જેને, કહો કેમ લોપે કાળ,
કેવળ કુંભીપાકમાં જેને પડવું ચોકસ ચાર—જેને૦ ૧
સંતના નિંદક નરકે જાશે, તેમાં ફેર ન ફાર;
મેળાવામાં મૂછને મરડે, બોલે વિના વિચાર—જેને૦ ૨
વૈષ્ણવ સાથે વાદજ માડે, મુઢ ન સમજે સાર,
જન વિહારી કહે નિંદક પાપી, કેમ થાય ભવપાર—જેને૦ ૩

—o—

પદ ૩૯ (રાગ પ્રભાતી તાલ દીપચંદિ)

આતમારામ તે સર્વે રૂપે રમે,
અનુભવી હોય તે મર્મ જાણે;

એક અદ્વૈત આનંદ ઘન બ્રહ્મ છે;
વેદ વેદાંત જેને વખાણે...ટેક૦

જે નિરાકાર નિર્ગુણ નિરવયવ છે,
તેજ સાકાર થઇ કરે લીલા;
સ્વે રમાડે રમે તેજ તેને વિષે,
વિસ્તરી આપ વિજ્ઞાન લીલા.. આત્મા૦ ૧

જે હતું કનક વળી તેજ કુંડલ થયું.
કનક કુંડલ તણે રૂપ ફાવ્યો;
તેમ આ વસ્તુ તે વિશ્વ થઇ વિસ્તર્યો,
અણછતાં નામ ને રૂપ લાવ્યો...આત્મા૦ ૨

નામ ને રૂપ કોઇ રંગ જેનો નથી,
નામ-ને રૂપ આ રંગ તેના;
કર્મ ને ધર્મ આચરણ જેને નથી.
કર્મ ને ધર્મ આચરણ એનાં....આત્મા૦ ૩

જેમ રવિ કિરણ તે રૂપ છે રવિ તણું
અર્ક વિણ કિર્ણ એકે ન હોએ;
તેમ ચૈતન્ય તે રૂપ ચિદ્રુપનું,
જીવ જેને કહે શીવ સોએ...આત્મા૦ ૪

સકલ શ્રવણે કરી સાંભળે શ્રી હરિ,
સકલ ચરણે ચિદાનંદ ચાલે;
રૂપ દ્રષ્ટી ધરી જુએ લોચન ભરી,
સકલ કારજ તણે મધ્ય માલે ..આત્મા૦ ૫

વેદ કારજ કહે રૂપ કારણ તણુ,
અવર બીજો નથી એમ જોતાં;
જાણ પોતા તણી જાણતાં એ રીતે,
વસ્તુ રૂપે થયા દ્વૈત ખોતાં....આત્મા૦ ૬

એજ અનુભવ સદા જે જન જાણશે,
તેજ તત્કાલ તદ્રૂપ થાશે;
દાસ વિહારી કહે સર્વ સંશય દહે,
જન્મને મરણનો ભર્મ જાશે...આત્મા૦ ૭

—૦—

પદ ૪૦ (રાગ પ્રભાતી તાલ દીપચંદિ)

તું તારા રૂપને જાણ જુગતે કરી,
અણછતાં મેલ અહંકાર તારૂં;
સકલ માનીનતા જાણ તું મન તણી,
જેને માની બેઠો હું ને મારૂં....ટેક.

તું તારા રૂપને જાણ એણીપેરે,
દેહ વિષે કોણ હું ક્યાંથી આવ્યો;
કોણ આદિ હતો કોણ અંતે હશે,
માન મિથ્યા મધ્યે ક્યાંથી લાવ્યો...તું૦ ૧

જે તું આદિ હતો તેજ તું છે મધ્ય,
અવર બીજો નથી અંત જોતાં;
તત્વજ્ઞાને કરી જાણ તું તત્વને,
આપ અદ્વૈત છે દ્વૈત ખોતાં . તું૦ ૨

નભાદિ પંચ મહાભૂતનો નિર્મિયો,
દેહ જડ અસત દુ:ખ ષડવિકારી;
આદિ અંતે નથી મધ્યમાં તેમ છે,
તું નહીં સ્થુલ તજ ભ્રાંતિ ભારી...તું૦ ૩

પ્રાણ મન બુદ્ધિ ઇંદ્રિય સત્તરતણું,
શરીર સુક્ષમ તે તું ન હોએ;
કારણાદિ વપુ દ્રષ્ય છે તાહેરાં,
તું સદા સર્વદા સાક્ષી સોએ...તું૦ ૪

જેમનો તેમ તું સચ્ચિદાનંદ છે,
તું ભૂલી તુજને કોને ધ્યાવે;
તાહેરા મુખ વિષે જીભ છે કે નથી,
તે પૂછતાં તને લાજ નાવે...તું૦ ૫

જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમાં તુંજ છે,
કાલ ત્રયમાં રહે સત્ય માટે;
કાલત્રણ અવસ્થા પરસ્પર વ્યભચરે,
તું નહીં વ્યભિચરે વિશ્વ થાટે...તું૦ ૬

આદિ ને અંત મધ્યકાળ ત્રણ અવસ્થા,
તે તણો પ્રકાશક તુંજ પોતે;
આપને આપ અપ્રિય નહીં કદાચિત,
તું ચિદાનંદઘન કોને ગોતે...તું૦ ૭

દેશ ને કાળ વળી વસ્તુ પરિછેદથી,
રહિત તું આતમા સુખ રાશી;

શ્રી ગુરૂ શાસ્ત્ર શ્રુતિ એમ વર્ણન કરે,
શુદ્ધ નિર્દ્વંદ્વ તું સ્વપ્રકાશી...તું૦ ૮
શાહીમાં વરણ નહીં વરણમાં શાહી છે,
મૃતિકા પણે ભાજન ન ભાસે;
જન વિહારી કહે જાણુ એ યુક્તિથી;
વાણીથી પાર તે તો પ્રકાશે....તું૦ ૯

પદ- ૪૧ (રાગ પ્રભાતી તાલ દિપચંદી)

સદ્દગુરૂ શિષ્ય પ્રતિ શ્રુતિની શાખ દઇ,
વેદ વેદાંતનાં વચન ભાખે;
સત્ સ્વયં જ્ઞાનમય અવિચળ આતમા,
તેજ ત્રણ કાલ તું હ્રદય રાખે...ટેક.
પ્રગટ પરમાત્મા પિંડમાં જાણ તું,
જડ આ દેહ તેનો પ્રકાશી;
ભૂત ને પ્રાણ મન વિષયથી વેગળો,
અન્વયે સર્વમાં રહ્યો વાસી...સદ્દગુરૂ૦ ૧
વ્યષ્ટિ સમષ્ટિ તે તત્વ નહિ તુજ વિષે,
દેશ ને કાળ વસ્તુ ન હોયે;
સજાતિ વિજાતિ સ્વગત નહિં સંભવે,
ભેદ પરિચ્છેદ ત્રણ ત્યાં ન સોયે...સદ્દગુરૂ૦ ૨
ચાર કલેવર થકી પાર પરમાતમા,
અવસ્થા ચારથી દૂર વરતે;
ચતુષ્ટય સ્થૂલથી દૂર આઘેરડો,
અનુભવે ગમ્ય વિચાર કરતે...સદ્દગુરૂ૦ ૩

વર્ણ આશ્રમ અભિમાન નહીં જેહને,
નાતને જાતમાં તે ન આવે;
છએ દર્શનતણા ખેલથી વેગળો,
આપ અવાચ્ય એક જ કહાવે...સદ્‌ગુરૂ૦ ૪
આદિ મધ્યાંત પરબ્રહ્મ પૂરણ સદા,
ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય પારે;
ત્રિગુણાતીત ક્ષર અક્ષર પર સદા,
સર્વદા સુલભ ગુરૂગમ વિચારે...સદ્‌ગુરૂ૦ ૫
કનિષ્ટ અધિકારી તે કર્મ અર્પણ કરે,
મધ્યમ તે કરે એક ભક્તિ;
ઉત્તમ શ્રવણ ને મનન નિદિધ્યાસને,
અનુભવે બ્રહ્મની અભિવ્યક્તિ...સદ્‌ગુરૂ૦ ૬
બ્રહ્મ પોતે હતો બ્રહ્મસુખ અનુભવ્યું,
વેદ મહાવાક્યનો ભેદ પામી;
જન વિહારી કહે બ્રહ્મ જાણી કરી,
વંદ તું એમ તેને નમામી...સદ્‌ગુરૂ૦ ૭

પદ- ૪૨ (રાગ પ્રભાતી તાલ દિપચંદી)

બ્રહ્મ જાણ્યા વિના બાપડા જીવન,
કર્મનો ભર્મ કેદી ન જાએ;
જેમ સદાકાળ ઉલેચતાં સુપડે,
અંધારૂં કાંઇ ઓછું ન થાએ...ટેક૦
સહસ્ત્ર યુગ રેતીને પીલતાં ઘાણીએ,
તેલની રેલ કદી ન આવે;

અંબુ વિલોવતાં આજ્ય જામે નહીં,
શ્રમ કરી જન્મ સારો ગમાવે...બ્રહ્મ૦ ૧

અશ્મપર અંબુની ધાર વરષે સદા,
ત્રણાંકુર પુષ્પવેલી ન જામે,
ગગંનમાં ચાહકો પસારે પાણને,
શું આવે મુઠીમાં તેજ ઠામે. બ્રહ્મ૦ ૨

ફૂસકા ફૂટતાં કણ ન હાથે ચડે,
પ્યાસ મૃગજળવડે કદી ન જાશે;
ગુંજ ફલ ગંજને આગ માને કપિ,
શીતસંતાપ તે કેમ નાશે....બ્રહ્મ૦ ૩

તક્રનાં પાનથી તૃપ્તિ ન ઉપજે,
એડી બરાસની કેમ તારે;
ઓશના ઉદકથી ઓષધિ ન ઉપજે,
તેમ તે કર્મ શું કારજ સારે...બ્રહ્મ૦ ૪

જોગ ને જાગ તપ તીર્થવ્રત બહુ કરે,
કાશી કરવત લઈ પિંડ પાડે;
કર્મ ને ધર્મ સકામ બહુ આચરે,
ભ્રાંતિ છુટે નહીં ભેદ ભાળે...બ્રહ્મ૦ ૫

વર્ણ આશ્રમતણાં ધર્મ નિષ્કામથી,
ભક્તિ અનન્ય ઇશ્વર આરાધે;
હૃદય અઘઓઘ તે તૂલ સમ પરજલે,
પ્રેમ પરિપૂર્ણતા પ્રગટ વાધે...બ્રહ્મ૦ ૬

વિવેક વૈરાગ્ય ષટ્ સંપત્તિ મુમુક્ષુતા,
ષટ્ વિધિ શ્રવણ ને મનન કરવું,

નિદિધ્યાસન સાક્ષાત પોતે સદા,
ષટ્ વિધિએ કરી ધ્યાન ધરવું....બ્રહ્મ૦ ૭
ગુરૂ કરૂણાવડે બ્રહ્મપદ જાણીએ,
કર્મનો ભર્મ તે નાશ પામે;
જનવિહારી કહે જાણી પરમાતમા,
વિઘ્ન સંસૃતિ તણું સર્વ વારો....બ્રહ્મ ૮

—o—

કચ્છી ભાષાનાં ભજનો

પદ ૪૩ રાગ કચ્છી કાફી તાલ ૩

જેજે દિલમેં દગા, તેંકે જમજા જોડા લગા;
મુરખડેકે માર પોંધી, જેંજે દિલમેં દગા...ટેક.
જિની તે નરે રામ ન સુમર્યો, સે નર સરજ્યા ઢગા;
ખેડી ખેડીને થકીજ રોંધા, પોયે અ્મીયું કઢંધા કગા...
જિની તે નરે રામ ન સુમર્યો, સે નર સરજ્યા કુતા;
ભુખ ભકુવેંજે પેટમેં, પોયે સરિયું ગિનીને સુતા...
જિની તે નરે રામ ન સુમર્યો, સે નર સરજ્યા ગધા;
મિડે જયુ છાટુ મથે ખણી, પોયે થેયા અચે નર થધા...
શેઠ જિનોજો શામરો નેં, મ્રાલમ સતગુરુ સગા;
બુડેં ન તેં જયું બેડીયું, પોયે છુટા પ્રેમજા પગા...
મોટપણેમે મોઈ રયા નેં, ભકતેનું તે ભગા;
અંત ટાણે ઉનીકે, પોયે જમણા લુંટણ લગા સ...
વાટેં ઘાટેં વઈ રયા ને, ચલણુ જિનજા ચુગા,

પદ ૪૪ [રાગ કરાઇડો તાલ ખેમટો]

રાજીતાં થીધાં રણછોડ રે, કો જાણું કીંય, રાજી-ટેક.
સાવ સાચી આંઉં, કોઇક કરીઆં વલા;
કુડીચુંતાં કરીઆં દિયાંણી કોઈ રે—કો જાણું૦ ૧
તપ તીરથ વ્રત, જોગ ન જાણું વલા;
એ ડો ની ઔ યાં અપરોડ રે—કો જાણું૦ ૨
ઘણે સતીયેંજા તેં તાં, સત છોડાયાં વલા;
વિરલેકે ડિને હીયે ઠોર રે—કો જાણું૦ ૩
દાસ વિહારી જા સામી, અધમ ઉધારણ વલો;
જાદવ નાયેં કોય આંજી જોડ રે—કો જાણું૦ ૪

પદ ૪૫ રાગ કારાઇડો તાલ ખેમટો

નિરખીતાં ઠરેયા મુંજા નેણ રે, શામળીઓ સગો નિરખી-ટેક.
જમનાજે નીરે તીરે, ધેનું ચરાવે વાલો;
મધુરી વજાડે વાલો વેણ રે ...શામળીઓ૦ ૧
વાટ હલંધે આંઇ, ઘડી એક વિલંભો વલા;
વાલા લગેંતા આંજા વેણ રે ...શામળીઓ૦ ૨
આંજી મોરલીયેં મુંજો, મનડો તાં હરેયો વલા;
સારા લગેતા મુકે સેંણ રે ...શામળીઓ૦ ૩
દાસ વિહારી જા સ્વામી, સુખડે જા સાગર વલા;
સુભદ્રા તાં જેંજી સગી ભેણ રે ...શામળીઓ૦ ૪

॥ ॐ ॥

પુજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી ક્ષેમદાસજી વિરચીત ભજનો.

પદ ૧ [રાગ માલકોસ તાલ ૩.]

જાનનહાર પિછાના જાની, જાન્યા વે જાન્યા—ટેક
જો કછુ જાન સો સકલ જાનકી, એ અતિ રવે ઉર આન્યા.–જા૦ ૧
વ્યાપક આપ અમાપ અખંડીત, પ્રગટ પ્રમાન પ્રમાન્યા–જા૦ ૨
યેહ જડ દેહ ઇન્દ્રિય ચેતન કરી, લોહચુંબક નિરતાન્યા–જા૦ ૩
શ્રુતિ સ્મૃતિ ગીતા ઉપનિષદ્, બચનાતીત બખાન્યા–જા૦ ૪
ગુરૂ વિહારી પદરજ શિર ધર કર, ક્ષેમદાસ ભય ભાન્યા-જા૦ ૫

પદ ૨ રાગ માલકોસ તાલ ૩

બેર બેર બલિહારી ગુરૂ પર, વારી વે વારી—ટેક.
દેખી દીન મલીન દુખીત અતિ, વિપતિ સકલ વિદારી...ગુ૦ ૧
કરી આતમ ઉપદેશ કૃપાનિધિ. જગતભ્રાંતિ સદ જારી...ગુ૦ ૨
સાનુકુલ સદ્ગુરૂ ભયે મેરે, સંસૃતિ સકલ નિવારી...ગુ૦ ૩
પ્રગટ પોત હોઈ ભવજલધિકો, તુરત લીયો મોહીં તારી...ગુ૦ ૪
બાના જાત ક્ષેમ હર્ષિત ચિત સદ્દર, વંદે ચરન વિહારી...ગુ૦ ૫

ગુજરાતી ભાષાના ભજનો

પદ ૩ [રાગ આશાવરી તાલ ૩]

સદ્ગુરુ સંત હરિ એક જાણી, મન કર્મ વચને મળીએ રે;
તન મન ધન આપો અર્પીને, બ્રહ્મસાગરમાં ભળીએ રે—ટેક.

દેહ દેહનાં કૃત જે સઘળાં વ્યોમ, કુસુમના જેવાં રે;
વિધિ નિષેધ વર્ણાશ્રમ આદિ, એ આતમમાં એવાં રે....સદ્દ૦ ૧
સર્વસ એ એ અર્પણ એને, એ અનુભવ ઉર આણો રે;
અવ્યય અજન્મા અંતરજામી, પારપગત પ્રમાણો રે...સદ્દ૦ ૨
ચર અચર ચેતનમય સરવે, ચાર ખાણ ચોર્યાસી રે;
સર્વાંગે તે સ્વામી મારો, કરે વિલાસ વિલાસી રે...સદ્દ૦ ૩
સૂત્રમણિ જેમ સર્વ સૂત્ર છે, જલતરંગ જલ જાણી રે;
સાકરનું શ્રીફળ તે સાકર, જે પારો ને પાણી રે....સદ્દ૦ ૪
જ્યાં જેવા ત્યાં તેવા તે સ્વે, નિરખે નિજ આનંદે રે;
ગુરૂ વિહારી પદરજ પ્રતાપને, ક્ષેમદાસ નિત વંદે રે....સદ્દ૦ ૫

પદ ૪ [રાગ આશાવરી તાલ ૩.]

ગુરૂ જ્ઞાનીને ગોવિંદ જાણી, શુદ્ધ ભાવે સેવીજે રે;
મહાવાકયનું મનન કરીને, લક્ષ યથારથ લીજે રે...ટેક
અલ્પ સર્વનું માન ઉચ્છેદી, દૃઢ વિચાર ચિત ધરીએ રે;
ઈશ જીવ ઉપાધી તજીને, કૈવલ્યમાં સ્થિત કરીએ રે...ગુરૂ૦ ૧
મન અહંકાર બુદ્ધિ દશ ઇંદ્રિય, જડનો ચેતન કર્તા રે;
સાક્ષીરુપ સર્વનો સ્વામી, આપ અદ્વૈત અકર્તા રે...ગુરૂ૦ ૨
શરીર સ્થુલ મહાકારણ સુધી, લીંગ ચારનું લેખો રે;
શશક શૃંગ વાંઝ્યા સુત સરખું, પરમ ધામમાં પેખો રે...ગુરૂ૦ ૩
જેમનુ તેમ યથારથ પ્રગટયું, ખોળણહારો ખોતે રે;
વાચ્ય અવાચ્ય થકી જે અળગો, તે પરમાતમ પોતે રે...ગુરૂ૦ ૪
દ્વૈતાદ્વૈત વિકાર ન જેને, આપ વિનાનો આપે રે;
ક્ષેમદાસ નિશ્ચય નિજપદમય, ગુરૂ પદરજ પરતાપે રે...ગુરૂ૦ ૫

પદ- ૫ (રાગ ધોળ તાલ દ્વિપચંદી)

ભૂલી નિર્ગુણ બ્રહ્મને સગુણ થયો, ધરી વિવિધકેરા વેષ—
વસ્તુ વિલસી રહ્યો;

ચોલો પહેર્યો તે તત્ત્વ ચોવીસનો, તે પણ વસ્તુવિના નહિ લેશ.-ટેક.

ક્યાંક કૃપણ કાયર કાળો કુબળો, સંમૃથ શૂર ક્યાં રૂપ વિશાલ;
ક્યાંક દીન દુખીત અતિ દુર્બલો, ક્યાંક દાતા પરમ દયાલ-વ૦ ૧

નટ વેષ તે ધરે બહુ ભાતના. નટ વેષ તે ભિન્ન ન હોય;
વાગા વસ્ત્ર તે વિવિધ પ્રકારના, પટ તંતુ વિના નહીં કોય-વ૦ ૨

વૃક્ષ મિસરીનું તે મિસરી મહીં, શાખા મૂલ ફુલ ફલ પાન;
રસમય રસરૂપ રમત રમે, નિરખે નિજ સ્વરૂપ નિદાન-વ૦ ૩

દયા પરમ કરી ક્ષેમદાસને, મળ્યા ગુરૂ વિહારી બ્રહ્મરૂપ;
તેણે સમસ્યા કરી સ્વસંવેદ્યની, તતકાલ થયા તદ્દરૂપ-વ૦૪

॥ ૐ ॥

પુજયપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજશ્રી ઈશ્વરરામજી વિરચીત ભજનો.

卐 卐 卐

પદ ૧ [રાગ લાવણી તાલ ૩]

ગુરૂદેવા પદવંદન કરહું, ધરહું ધ્યાન મન વચ કાયે;
મંગલભુવન અમ ગલહારી, સુખકારી મમ હોઉં સહાયે-ટેક

પદતલ મૃદુલ અરૂણ અંબુજ ઈવ, મધુકરવત મન હોઉ મેરા;
મોક્ષ સુગંધ લહુ નિષિવા સર, ચેત ચતુર ચિત્ત હોઉ ચેરા-૧

રાજત રેખ રૂચિર પદપંકજ, કુલિસ કમલ અંકુશ આદિ;
ચિતવત ચાર પદારથ પ્રાપત, રિદ્ધિપ્રદ સિદ્ધિપ્રદ અણિમાદિ-૨

પૃષ્ઠિ શ્યામ રસતામ દામ ઈવ, મનહુ મદનમન આકરષે;
પદજ જ્યોતિ જનમન મલહારી, દ્યુતિકારી દિનકર કરશે-૩

અશરનશરન હરન ભય ભારી, ભવવારિ તારક પોતં;
તન મન ધન કુલબાન પ્રાન કર, ઈશ્વર અનુભવ નિત નોતં-૪

પદ ૨ [રાગ લાવણી તાલ ૩.]

ο ο ο ο

સુનહુ અરજ આરત હરના ગુરૂ,
શરન સુખદ સાહેબ દેવા;
દેહુ દયા કરી યહ વરદાના,
અનુભવ પદપંકજ સેવા...ટેક.

સત મત રત ગત આન પ્રવૃત્તચિત,
નિત્ય પ્રત થિત વ્રત તવ પદમેં;
સુકિવર સુખદ સમન સંસૃતિશ્રમ,
અસ તવ ગુન ગાઉં ગદગદમેં...૧
જલ થલ સકલ ભુવન ભરપૂરહીં,
તુમ ભિન્ન નહિ ભાસત આના;
જ્ઞાન વિજ્ઞાન સમાન ભાન ભવ,
ભ્રાંતિ શાંતિ બિનુ શ્રમ નાના..૨
ક્રોધ લોભ મદ દ્રોહ કુટીલ ખલ,
મલ રાશી નાશી જાવે;
વિવેક વૈરાગ્ય શાંતિ શુચિ સમતા,
મમતા મદ સદ અલપાવે....૩
કિયે ઉદ્ધાર અવતાર ધાર કર,
અઘોર ઇશ્વરસમ અધમં;
મન વચ કાય ઉપાય આન તજ,
ભજ સદગુરૂ પદ સુખસદદમં....૪

—૦—

પદ ૩ [રાગ લાવણી તાલ ૩]

શ્રી ગુરૂદેવ સેવ મન વચ તન,
અન્ય સાધન ત્યાગન કરકે;
જુગલ કમલપદ વિમલ ધવલ દ્રઢ,
ચિતવત ગંતનિત પ્રત ધરકે...ટેક૦
મૃદુ મંજુલ અંજન ગુરૂપદરજ,
આંજત સૂઝત અવિનાશી;

કીયે તિલક ગુણગણ વશકરણી,
હરણી સકલ કલિમલરાશી... ૧
દસત દ્રગનિ કરી હરિ પરિપૂરણ,
ઉરણ બુદ્ધિ સદ અલપાવે;
પ્રબલ કુટીલ ખલ કાલ કઠીન મન,
વિકટ નિકટ તવ નહીં આવે.... ૨
જપ તપ વ્રત સત સાધન અગણીત,
સબ કર ફલ કલ ખલુ પાવે;
ગુરૂપદ પદ્મ પરાગ રાગ કર,
શિર ધર ઉર વર પરશાવે... ૩
બિનુ શ્રમ ગોપદ ઇવ ભવ તરહી,
નર કરહી ગુરૂ કર ધ્યાના;
કહે ઇશ્વર સંશય મત કરહુ,
ગુરૂ દેવા કર યહ બાના.... ૪

—o—

પદ ૪ [રાગ લાવણી તાલ ૩]

સદચિત આનંદ સુખસદનં ગુરૂ,
મદનાદિ મદ સદ કદનં,
વદન મનોજ લાજાવન નિરખત,
હરષત હિય જન ઘનનદનં ...... ટેક
અસજન ધન ધન સેવન અનુછિન,
પુન પુન મન તન કર કરહી,
નિધન સકલ દુઃખ નિમિષ એકમહુ,
પુનરપિ ખલુ ભવ નહિ પરહી ૧

સનમુખ હૈવ સકલ સુખ સંપત્તિ,
    ઋદ્ધિ સિદ્ધિ શ્રમ બિનુ સબ આવે;
અપર અમિત જગ સાધન કર ફલ,
    ફલ ગુરૂ સેવત સદ પાવે... ૨
શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવ સનાતન,
    અમલ અજર અજ અવિનાશી;
અવ્યક્ત અચિંત્ય અનામય અવ્યય,
    ધન્ય ગુરૂ ઘટ ઘટ વાશી... ૩
શ્રુતિકર સાર શિખાવન સુન મન,
    અન રત મત કર મિત મેરા;
કહે ઈશ્વર નિર્ભય રહુ નિત તું,
    ગુરૂ હેવા પદ કર ડેરા... ૪

પદ ૫ (રાગ કલ્યાણ તાલ ૩)

રામચરન ગત કર રત રે. મન રામ ચરન ગત કર રત રે;
વિશદ વિમલ કસ સાર શિખાવન સાદર સુની માનહુ સતરે-ટેક
જો પદપદ્મ મનોજ અરિ ઉર. રાજત પંકજ દાત સુખદં;
જિહં પદરજ પરસત મુનિપત્ની, ગતિ પાઈ તજી તનુ દુખદં- ૧
મુનિજન ધન જીવન સંતનકર, પ્રાનપ્રીય જાની સીય રે;
પ્રેમ પલોટત લાવત ઉરમહુ, શાંત કરત તાપન ત્રિયરે-રામ૦ ૨
ધર્મધુરંધર ભરત ભાવ કરી, સ્વારથ તજ સેવત કીય રે;
કીન સુહાવન પાવન કાનન, વિચરન કર વર અવનીયરે-રામ૦ ૩
અગણિત સત સાધન ગત મન રે, સબ કર ફલ પાવહી સદરે;
અનુદિન ઈશ્વિર તજ આલસ ભજ, સુખદ રામ પંકજપદ રે-રામ૦ ૪

પદ ૬ (રાગ કલ્યાણ તાલ ૩)

નરતનકર ફલ યહ કલ રે,
મન નરતકર ફલ યહ કલ રે;
તજહુ આન છલ ભજહુ રામપદ,
માન શિખાવન યહ ભલ રે ..ટેક.

પદરજ પરશત ઉપલ અધમ તનુ,
મુનિ પતિન ગતિ સદ પાઈ;
દંડક કાનન પાવનકારી,
વંદત વિધિ ભવ સુરસાંઇ...નરતનકર. ૧

છુવત ચરન દુંદુભીકર અસ્થિ,
ઉડે શ્રમ બિનુ તૃણુ ન્યાઈ;
નખનિર્ગત સુર વંદત સુરસરી,
અઘનાશન જન સમુદાઈ...નરતનકર. ૨

જિહ પદ ધ્યાઇ મુક્ત ભયો મારિચી,
સુરૂચિ શરીર પાઈ સદ રે;
ગયો નિજ ધામ નિકર મુનિવંછીત,
જય જય જય સુર નર વદ રે...નરતનકર. ૩

જો પદ પદ્મ પ્રછાલન કર નર,
ઢીવર કુલ પાવન કીનો;
ઇશ્વર આરાધન કર યુગ પદ.
સદ તવ તાપ નિધન તીનો...નરતનકર. ૪

પદ ૭ [રાગ કલ્યાણ તાલ ૩]

કસ ન રામ ગુણ ગાઉં મન રે, કસ ન રામ ગુણ ગાઉં રે;
પાઇ મનુજ તન વ્યાપ વિષયરસ, કસ ન લેહુ અસ લાઉં રે-ટેક.
રવિકર વારિ ઈવ ભવસુખ સબ, રંચક રત મત કર ચિત રે,
જિમિ ઘનછાયા નટકર માયા. જ્યૌં સુપને કર સુતવિત રે-કસ. ૧
અસ જીય જાની ભજ ધતુ પાનિ, સુખખાની અઘકર હાની,
શારદ શેષ મહેશ મુનિજન, અન ધન રટત અમિત જ્ઞાની -કસ. ૨
આઇ અચાનક કાક તાલીવત, બન્યો જોગ જબહી તેરે;
તબ તવ કાજ કરીલે હોઇ, સત્ય કહુ વર વચ ટેરે-કસ, ૩
ઈશ્વરદાસ કહત નરતન કર, યહી લાભ હે અન નાહી;
રઘુકુલ કમલ દિવાકર રટહુ, કટહુ કાલ ક્રમ કઠીનાહી-કસ. ૪

卐 卐 卐

પદ ૮ [રાગ કલ્યાણ તાલ ૩]

રૂચિ ન રામ પદ માંહી જાકી,
રૂચિ ન રામ પદ માંહી રે:
અસ ખલ મલઆલય અતિ મૂરખ,
ભાર અવનિતલ તાહી રે,—ટેક
અધમ શિરોમણિ ફણી બિનુ મણિઈવ,
બિહરત જગત બિહાલુ રે;
વિવશકાલ બિનુકાલ હાલ અસ,
કો કરહી પ્રતિપાલુ રે...રૂચિ૦ ૧
નિરખત નાક સંકોરત નરકહી,
વરષહી વિપુલ અંગારા રે;

કુટિલ કટતનુ ધરિ કરી પરહી,
શેદત ફરત પુકારા રે.... ઇચ્છિ૦ ૨
જનમત મરત ધરત તનુ અગંણત,
ફીરત ચોરાશી માંહી રે:
જલચર થલચર નભચર નાના,
કરી ખલ અધમ કમાહી રે .. ઇચ્છિ૦ ૩
બિનુ હરિભજન સજન સંગત બિનુ,
ભવશ્રમ કબહુ ન જાઈ રે;
ઈશ્વરદાસ કહત શઠ હઠ તજ,
ભજહુ રામ સુખદાઇ રે.... ઇચ્છિ૦ ૪

પદ ૯ [રાગ બિહાગ તાલ ૪]

કર વર સાર વિચાર સુખદ યહ,
કર વર સાર વિચાર રે;
સપરિવાર સમન ભવરૂજ કર,
યહ ખલુ ભલ ઉપચાર રે... ટેક.
ભૌતિક જડ વ્યભિચારી દૃશ્ય વપુ,
સ્થૂલ વિકારી ન મેં કબ રે;
દશહી દોષ કર સહિત સદા યહ,
નિજ પરજ્ઞાનરહિત સબ રે... કર૦ ૧
નહિ મેં તનુ સૂક્ષ્મ ત્રિકાલિક.
ભૌતિક ભવદુઃખકર દાતા;
સત્તર તત્વમય સુખ દુઃખ સાધન,
દેખત જાગત વિનશાતા... કર૦ ૨

કારણ વપુ વર્જીતસત સુખમય,
　　વયત્રયરહિત સદા મમ રે;
સબ કર સાક્ષી પરમ પ્રકાશત,
　　પરિપૂરણ નભ ઇવ સમ રે... કર૦ ૩
અજર અમર શુદ્ધ ચિદાનંદ શિવ,
　　અવ્યય એક અનામય રે;
ઈશ્વર કહત અહં અસ ઉર ધર,
　　તો તવ હોઇ જય જય રે... કર૦ ૪

—o—

પદ ૧૦ (રાગ બિહાગ તાલ ૩)

સુન જન રૂપ કહું તેરો અબ,
　　સુન જન રૂપ કહું તેરો;
અસ્તિ ભાતિ પ્રિય પૂરણ નભ ઇવ,
　　દૂર નહીં અતિશય નેરો રે...ટેક.
અન્ય કાર્ય યહ તજ તન સ્થૂલહી,
　　દૃશ્ય નહિ દૃષ્ટા હોઈ;
જિમિ ઘટ દૃષ્ટા ઘટ નહિ હોઈ,
　　તિમિ ભિન્ન તન તું હોઇ...સુન૦ ૧
અપર દૃશ્ય તનુ સૂક્ષ્મ સુનહુ,
　　મન બુદ્ધિ ઇંદ્રિય દશ પ્રાના;
ઇન કર પરમ પ્રકાશક જોઉ,
　　સો તવ રૂપ નહિ આના...સુન૦ ૨.
કારણ દેહ જાકર સિદ્ધ હોઇ,
　　સોઈ સાક્ષી સન્મય રે;

સો તવ રૂપ અનૂપ અખંડિત,
ખંડિત વર્જીત વયત્રય રે.... સુન૦ ૩
તજ ત્રય દુઃખદ ઉપાધિ અનઘ અબ,
સબ સજ્જન શ્રુતિ કહહીં રે;
ઈશ્વર કહે અસ અનુભવ ઉર ધર.
પુનિ ભવજલ નહિ વહહીં રે... સુન૦ ૪

પદ ૧૧ [રાગ બિહાગ તાલ ૩]

ધરી નરતન કહા કીનો મન રે,
ધરી નરતન કહા કીનો રે;
સંત સમાગમ ભજન ભલી વિધ,
કરિ ભલ લાભ ન લીનો રે.... ટેક.
સબ જગ સેવ્ય કહહીં શ્રુતિ સ્મિૃતિ,
નરતન ગુરૂ નારાયણ રે;
તિહકર કર શઠ શિર પરસ્યો નહીં,
પલ નહિ રહ્યો પરાયણ રે....ધરી૦ ૧
યોગ યજ્ઞ જપ તપ વ્રતકર ફલ,
વિપુલ તીર્થ વસહીં આઈ;
જહાં રઘુનાથગાથ સત્સંગત,
સો તવ રૂચત ન ભરરાઈ...ધરી૦ ૨
સારાસાર વિચાર ન કીનો,
મોહી રહ્યો માયા કર રે;
જિમિ સુરસરી જલ છોડ વિમલ કલ,
લોટત રજમેં ખલુ ખર રે...ધરી૦ ૩

ખાન પાન રસ તાન માનરત,
    નિરખત દેહ દીદાર રે;
ઉરજ રહ્યો અતિશય વિષયનમેં
    સુત વિત પ્રિય પરિવાર રે... ધરી૦ ૪
પાપ કપટ છલ છિદ્ર રંધ્ર બિનું,
    ક્રોધ મોહ મમતાઇ રે;
ઇન વશ વરતી રહ્યો નિશિવાસર,
    કયો રીઝત રઘુરાઈ રે... ધરી૦ ૫
અસ ભલ સોજ સમાજ સુઠિવર,
    પાઈ ન કીન કમાઇ રે;
ઈશ્વરદાસ કહે ધિક તિનકો,
    ગયો મુખ પર મિસિલાઇ રે.... ધરી૦ ૬

卐 卐 卐

પદ ૧૨ [રાગ બિહાગ તાલ ૩]

જાન લીયો જગ નાહીં સંતો,
    જાન લીયો જગ નાહીં રે;
આતમ એક અખંડ અનાવૃત,
    મેં પૂરણ સબ ઠાંહીં રે... ટેક
પૃથ્વી જલ અગ્નિ વાયુ નભ,
    વિપુલ નામ ધર લીના રે;
નામ ધરે બિન હોય ન નિશ્ચય,
    કંચન ઘાટ પ્રવીના રે;
પંચ ભૂત જબ મોભિન્ન નાહિ
    તબ કો કરહી વિવેકા રે;

યહ ઈનકર યહ ઇનકર ભાગા,
તબ શ્રમ શમે અનેકા રે.. જાન૦ ૨

બ્રહ્મા વિષ્ણું સદાશિવ સૂર્ય,
ઇંદ્ર ચંદ્ર અરૂ દેવી રે;
નામ નિકર સબ રૂપહી ગેરે,
ધ્યાન ધરહુ યહ સેવી રે...જાન૦ ૩

થિરમેં ચરમેં ચાર ખાનીમેં,
લક્ષ ચોરાશી સબમેં રે;
યહ અનુંભવકી બાત જાન કર,
નહિ ગ્લાની મમ મનમેં રે.. જાન૦ ૪

શ્રી ગુરૂ ક્ષેમ ચરન જુગ ચિતવત,
જસ અનુભવ ઉર આયા રે;
ઇશ્વરદાસ કહત કર જોરી,
સદ્ગુરૂ સન્મુખ ગાયા રે...જાન૦ ૫

—૦—

પદ ૧૩ (રાગ ભીમપલ્લાસ તાલ ૩)

કસ ન કરહું મન પ્રીતિ પ્રભુપદ,
કસ ન કરહુ મન પ્રીતિ રે;
અસ ભલ સાજ કાજ બિનુ તેરો,
જાવત જડ મતિ બીતી રે...ટેક.

દુર્લભ દેવન કર નર તન મન,
ભજન કરહુ નિત ભાઇ રે;

શારદ શેષ મહેશ પ્રસંશત;
ઇચ્છત વર સુર રાઇ રે...કસ ન૦ ૨

સુખ સંપત્તિ કર નિલય નિગમ કહે,
આલય મુક્તિકર મન રે,
પ્રગટ પોત ભવનિધિ તરવેકો,
વિરચ્યો હરિ આરત હન રે. કસ ન૦ ૨

તજ ખલુ કોહ મોહ મદ માયા,
નભ છાયા ઇવ નહીં સ્થિર રે;
સ્વપ્ન સમાજ બાહ્ય જગત જીમી,
કાજ ન આવત કછુ નર રે...કસ ન૦ ૩

અસ જીય જાની ભજ સુખ ખાની,
ધનુ પાની માની વચ રે;
કહે ઇશ્વર મન રામ શરન પર,
જબ તક કાલ ન ગ્રહે કચ રે...કસ ન૦ ૪

卐 卐 卐

પદ ૧૪ [રાગ ભીમપલાસ તાલ ૩]

કછુ ન ભરોસા કીજે તન કર,
કછુ ન ભરોસા કીજે રે;
શ્વાસાધીન છિનત છિન છિનમે,
લોભ હરિ ભજી લીજે રે...ટેક

ત્યાગ આગ સમ વિષય વિરસ રસ,
ચિત્ત વૃત ગત મત ધારહુ રે;
સુઠિવર સાધન સંપાદન કર,
વર ગુરૂ શબ્દ વિચારહુ રે...કછુ ન૦ ૧

સમિત પાણી ગુરૂ શરણાગત અસ,
વિનય કરહુ કર જોરી રે;
ત્રિવિધ તાપ કર તપત નાથ મેં,
રક્ષા કીજે મોરી રે...કછુ ન૦ ૨

મુનીવર વિનય શરીર રહિત ત્રય,
તવ નિજ રૂપ જો આઇ રે;
પરમ દયા કર સો દરશાવે,
પરિપૂર્ણ જલા ન્યાંઇ રે કછુ ન૦ ૩

નિરખત નિજપદ સદ સંશૃતિ સમ,
બિનુ પ્રયાસ શમી જાઇ રે;
ઇશ્વરદાસ નિદેશ નિગમ કર,
ધર દૃઢ કર ઉર માંહે રે...કછુ ન૦ ૪

—o—

પદ ૧૫ (રાગ ભીમપલાસ તાલ ૩)

રાજત તીરથ રાજ જગતમેં,
રાજત તીરથ રાજ રે;
સંત સમાજ પ્રગટ એ પદચર,
કર મંજજન મન આજ રે...ટેક

અતિ ખરધાર વિચાર પ્રભાકર,
અઘ પહાડ કાટહિ પલમેં;
ધ્યાન કરત પ્રગટત પુદ્‌ગલ કલ,
નભ ઇવ વ્યાપક જલ થલમેં...રાજત૦ ૧

જીવ ઈસિ: નિર્ણય નિશિવાસર.
તજી આલસ અનુંભવ કરહીં;
યહ રવીનંદનીકર વર ધાર,
સહૂ જન તાપ ત્રિવિધ હરહીં...રાજત૦ ૨
જુગ મધ દુઃખદ વિભાગં વિલગ કર,
ઉભય એકતો અનુસરહી,
યહ સરસ્વતી કર ધાર વિમલ કલ,
ખલુ સંશ્રૃતિશ્રમ અપહરહી...રાજત૦ ૩
યુક્તિ ઉક્તિ શ્રુતિ સિમૃતિ સુઠિ શુચિ,
જનુ યહ બીચી બીરાજે રે;
સુરૂચિ સુહાવન નિજપદ નિશ્ચય,
જનુ અક્ષય્ય બટ છાજે રે....રાજત૦ ૪
સબ દિગ્દેશ કાલ સબ માંહિ.
બહે સદા ત્રિમુહાની રે;
કહે ઈશ્વર મહિમા કયા બરનુ,
પરશી હંઓ પ્રાની રે....રાજત૦ ૫

પદ ૧૬ [રાગ ભીમપલાસ તાલ ૩]

બ્રહ્મ ભિન્ન કછુ નાહિં જગત યહ;
બ્રહ્મ ભિન્ન કછુ નાહીં રે;
પરિપૂરણ ઉરણ કહુ નાંહીં,
અધ ઉર્ધ્વ મધ્યમાંહી રે...ટેક૦
શ્રાઈ વર્ણ રવિ રશ્મી જયોં નભ,
વિવર વિલગ નહિ કર પાની;

દારૂ નારિ ઈવ બ્રહ્મ અભિન્ન જગ,
　　　અસ મન સમજત જન જ્ઞાની...બ્રહ્મ૦ ૧
જાકર પદ નહિ સબ પદ તાકર,
　　　જાકર કર નહિ સબ કર રે;
જા કર શ્રુતિ નહિ સબ શ્રુતિ તાકર,
　　　જાકર શિર નહિ સબ શિર રે....બ્રહ્મ૦ ૨
નામનીકર તાકર સબ આનહુ,
　　　રૂપ વિપુલતા કર સબ રે;
ત્રિવિધ વેષ ધરી વિહરત વસ્તુ,
　　　સુનહુ શાખ શ્રુતિ કર અબ રે...બ્રહ્મ૦ ૩
રૂપ રૂપ પ્રતિ રૂપ રટત ગો,
　　　ઇશ્વર વર વચ ઉર ધરહુ;
સદ્ય શમહિ સંસૃતિ ભ્રમ બિનુ,
　　　તવ પુનરપિ ખલુ ભવ નવ પરહુ...બ્રહ્મ૦ ૪

—૦—

પદ ૧૭ (રાગ હોળી તાલ ૩)

જહાંસે ફિરના નાંહી રે,
　મનચાલો તહાંહીં, જહાંસે ફિરના નાંહી -ટેક
ગીતાગત શ્રી કૃષ્ણ કહ્યો હૈં,
　　　અવિચલ ધામ સદાહી;
જહાં ભાસત નહિં ઇંદુ તમારી,
　　　મહા અગ્નિ અલપાહી...જહાંસે૦ ૧
મહામુનિ જહાં કરત પ્રવેશા,
　　　સનકાદિક ઋષિ રાઇ;

બાહ્ય ટાલ વૃતિ ઉલટી આપમે.
　　નિરખી લે લવ લાઈ... જહાંસે૦ ૨
નાંહી દૂર ભરપૂર ઉદધિ ઈવ,
　　અધં ઉર્ધ્વ મધ્ય માંઈ;
કર અહં ત્રત્યય અસ તવ રૂપમેં,
　　અનુલવ વૃતિ લગાઈ.... જહાંસે૦ ૩
સમજ શિખાવત સાર સુખદ યહ,
　　સંશ્રુતિ સકલ સમાઈ;
યહ ફગુઆ ઈચ્છિત અજ આદિ,
　　સુર નર મુનિ ચિત ચાઈ... જહાંસે૦ ૪
મનુષ જન્મ કર યહ ફલ કલ રે;
　　સબ સાધન નિપુણાઈ;
ઈન વિધ આપ ઉધારો મનવા,
　　તો ઈશ્વર બલ જાઈ... જહાંસે૦ ૫

પદ ૧૮ [રાગ બરહંસ તાલદીપચંદી]

કહ્યો મન માનત નાંહિ મેરો,
　　માનત નહિ મેરો... ટેક૦
સબ સુખ સાધન રામ ભજન તજ,
　　ભજતહી પંથ અનેરો;
ખલ મલમૂલ શૂલપ્રદ સબદીન,
　　કરત હૈ કૃત અસ ચેરો...કહ્યો૦ ૧
પ્રગટત દૂરત ફીરત છિન છિનમેં,
　　ક્યોં કર નિકશે પગેરો;

જહાં રઘુનાથે ગાથ સતસંગત,
સજ્જન વાસ ઘનેરો...કહ્યો૦ ૨
તહા હેરત નહિ હઠ વશ શઠ કબ,
નહિ જાવત નિહરેરો;
શ્રુતિ અનુશાસન માનત નાહિં,
ત્રાસ ન કાહુ કેરો....કહ્યો૦ ૩
ગુરૂ કર વચન સુનત નહિં અસકસ.
જસ ન સુનત નર બહેરો;
સત પથ ત્યાગ કુપથગત અતિશય,
રહત સદા ઉરજેરો.. કહ્યો૦ ૪
સમજાયો શત બેર યત્ન કર,
તાતે કહત સવેરો:
ઇશ્વરદાસ કહત સુનો સદગુરૂ,
દીજે નિજ પદ ડેરો...કહ્યો૦ ૫

પદ ૧૯ [રાગ કાફી તાલ દીપચંદી]

પૂરવ પ્રીત પારી ગુરૂજી મેરે, પૂરવ પ્રીત પારી ટેક.
દીન જાણીને દયા મન આણી. શિર પર કર ધારી-ગુરૂજી૦ ૧
જનમ મૃત્યુ જલ કરી પરીપૂરણ, ભવ અર્ણવ ભારી-ગુરૂજી૦ ૨
નિજપદ નાવ ચઢાઇ મોકો: તુરત લીયા તારી-ગુરુજી૦ ૩
શ્રી ગુરૂ ક્ષેમં ચરનરજ ઉપર, ઈશ્વર બલિહારી-ગુરૂજી૦ ૪

પદ ૨૦ (રાગ કાફી તાલ દીપચંદિ)

મેર કરી મોપે ગુરૂજી મેરે. મેર કરી મોપે-ટેક
કાલ કરમ નહિં ભય માયા કો, કહત હું પદ રોપે-ગુરૂજી૦ ૧

જગત જંજાલ વિકટ બિનુ શ્રમહી, જારી દીયા જોપે-ગુરૂજી૦ ૨
દીયા ઉડાઈ અજ્ઞાન સકારજ, તત્વમસિ તોપે-ગુરૂજી૦ ૩
નહીં અરણી ઈશ્વર ગુરુદેવપે. કોટીક શિર સોંપે-ગુરૂજી ૪

પદ ૨૧ (રાગ કાફી તાલ દીપચંદિ)

મેર કરી મનમે ગુરૂજી મેરે, મેર કરી મનમે...ટેક.
સત ચિદ આનંદકંદ અનુપમ, દરશાયા તનમે-ગુરુજી૦ ૧
ત્રયવિધ તાપ સંતાપ સકલ શ્રમ, ખોઈદીયા ક્ષણમેં-ગુરૂજી૦ ૨
સબઘટ અનુગત એક અખંડિત, જલ થલ બન ઘનમેં-ગુરૂજી૦ ૩
કહે ઈશ્વર ગુરૂદેવ પ્રસાદતે, કૃતકૃત્ય ધન્ય ધન્યમે-ગુરૂજી૦ ૪

પદ ૨૨ [રાગ કાફી તાલ દીપચંદી]

કર વર ગુરૂકર ધ્યાન મન રે તું,
કર વર ગુરૂ કર ધ્યાન. ટેક
અરચન વંદન સેવન સુમરન,
અરપન આતમ દાન—મનરે૦ ૧
ગુરુ મમ જીવન પ્રાણ આધારા.
ગુરૂ બિના ગતિ નહીં આન—મનરે૦ ૨
નખશિખ માનહુ મૂરતી ગુરૂકી,
બ્રહ્મ કેવલ ભગવાન – મનરે૦ ૩
માન શીખામણ સાર સુખદ યહ,
તો ઈશ્વર કુલબાન—મનરે૦ ૪

પદ ૨૩ (રાગ ટોડી તાલ દિપચંદી)

છોડી દે ગુમાના શ્યાના, ભજો ભગવાનારે,
છોડી દે ગુમાના... ... ...ટેક.

કાલેકા હૈ આના જાના, રાજા રાના, સુલતાના;
માટીમેં મીલ જાનારે ... . છોડીદે ૧

નહીં સ્થીર થાના આગે, કરના પયાના;
માની લે મસ્તાના રે ... ... છોડી દે-૨

જારી હે જલપાના નાના, કરકાં ના ગુરૂ જ્ઞાના;
સમજ સેતાના રે ... ... છોડી દે-૩

બન્યા હૈ અબ ટોના ઈશ્વર, મત હો અજાના;
ધરી લે હરિ ધ્યાના રે ... ...છોડી દે-૪

પદ ૨૪ (રાગ ટોડી તાલ દિપચંદી)

કરના કયા મેરા મેરા, એક તિલભાર નહીં તેરા રે
કરના કયા મેરા-ટેક

કાલકા હૈ હેરા ફેરા, નેનું આગે નેરા નેરા;
હરિ સુમર સવેરા રે... ... ...કરના-૧

કહ્યો તોહી વેરા વેરા, ચેત ચિત્ત ચેરા ચેરા;
દૂર હૈ તેરા ડેરા રે.... ... ...કરના-૨

ઉત્તમ અવતાર તામે, કરી લે સાહેબ પ્યારા;
હોવેગા નીવેરા રે... ... ...કરના-૩

અપાર સંસાર પ્યારા, તરતે નહીં લાગે વારા,
ફિરી નાવે ફેરા રે... ... ...કરના-૪

પકડ ઇશ્વર બેડા, ગુરૂ જ્ઞાની ભવ કેરા
તરેગા સુખેરા રે... ... ...કરના-૫

પદ ૨૫ (રાગ તોડી તાલ દીપચંદિ)

અબ તો અચેત મત હોના. હો મેરે ભાઈ રે;
અબ તો અચેત મત—ટેક૦
મ.ત પીતા ભાઇ, જુઠી જગત સગાઇ;
તજ તૃણ જૈસે તાઇ રે—અબ તો૦ ૧
પડે ઓખી આઇ, કોઇ કરે ન સહાઇ:
હરિ સુમર સદાઈ રે—અબ તો૦ ૨
કરી લે કમાઈ સાચી, લગન લગાઇ;
તેરી હોવેગી ભલાઇ રે—અબ તો૦ ૩
માની લે મન માંહી ઇશ્વર, દીની હૈ સજાઇ;
વેળા જાત હૈ વિલાઈ રે—અબ તો૦ ૪

卐 卐 卐

પદ ૨૬ [રાગ તોડી તાલ દીપચંદી]

દિલભર દમ એક, ખાલી નહીં ખોના રે;
દીલ ભર દમ...ટેક૦
જાત હૈ જન્મારા સારા, પાની જૈસે પૂર પ્યારા;
કયા સુખ સોના રે...દિલભર૦ ૧
તનકા તમાસા કૈસા, પાનીકા પતાસા જૈસા;
કયા હોંશ હોના રે...દિલભર. ૨
આદમ હૈ નામ તેરા. માની લે તું મન મેરા;
કોનકા હૈ કોના રે...દિલભર૦ ૩
કહત ઈશ્વર આજ, કરી લે અપના કાજ;
હરિ ચરનન ચિત્ત પ્રોના રે.. દિલભર૦ ૪

પદ ૨૭ (વધામણાની કાફી તાલ દીપચંદી)

આજ ભુવન મેરો જીવન ધન, આજ ભુવન મેરો- ટેક
દીયો દરશન હરિજન કરૂણાકર, મિટી ગયો ભાવ ફેરો–જી૦ ૧
પુન્યભાજન જન પંકિત માંહી, કીયો મોહીં અતિ નેરો–જી૦ ૨
ખલુ ખલ કાલ કાલ કરમ માયા કર, અબ નહિ હોઉ ચેરો–જી૦ ૩
નિરભય નાથ નિવાજ દીયો મોહીં, સંત ચરન ડેરો–જી૦ ૪
ઇશ્વર શરન પર્યો અબ સજજન, મેર નજર હેરો–જી૦ ૫

પદ ૨૮ (વધામણાની કાફી તાલ દીપચંદી)

સાજન સંત આયા જેડયું, મૂંઘર સાજન સંત આયા...ટેક
જાકર દરશન દેવન દુરલભ, ચાહત રઘુરાયા...જેડયું૦ ૧
ધન ધન ભાગ્યભુવન ધન મેરો, જીવન ફલ પાયા .. જેડયું૦ ૨
અઘનાશન દરશન જિહ દેહકર, શ્રુતિ અસ જશ ગાયા...જે૦ ૩
દેહુ સુજનજન યહ વરદાનુ, રહો મમ ઉર છાયા...જેડયું૦ ૪
તન મન ધન અરપન કર ઇશ્વર, ચરનન શિર નાયા...જેડયું૦ ૫

પદ ૨૯ [રાગ – પ્રભાતી તાલ ૩]

શ્રી ગુરૂ ક્ષેમચરન જુગ ચિતવન,
અનુદિન મન કરહુ મેરા;
હોય મનોરથ સિદ્ધ સબ વિધ તબ,
પુનરપિ ખલુ ભવ નહિં ફેરા...ટેક
અતિ પદતલ કલ કોમલ કમલેવ,
વિમલ વલભ અતિશય મેરે;

ધ્યાન ધરતં ચુંબત ચિત મુખકર,
નિરખત દ્રગ ન રહુ નેરે...શ્રી ગુરૂ૦ ૧
પદજપટલી જલકત રવિકર ઈવ,
જિહું ઉર મુકુર પરહિ જાઈ;
અહું મમ તિમર હરત તિહું આશુ,
પાસુ અમિત તીરથ ન્યાઇ...શ્રી ગુરૂ૦ ૨
પૃષ્ટિ શ્યામ સુખધામ કામપ્રદ,
સજલ જલદ ઈવ સુખદાઈ;
પરશત શિર શદ અનેક જન્મ અગ,
બિન સતવાર ન કછુ લાઇ...શ્રી ગુરૂ૦ ૩
યહ ઉપદેશ યથારથ સુનહુ,
અનરત મત કરહુ ચિત્ત રે;
ઇશ્વરદાસ નિચોલ કહ્યો યહ,
નિગમ સાર માનહુ સતરે...શ્રી ગુરૂ૦ ૪

—૦—

પદ ૩૦ (રાગ પ્રભાતી તાલ ૩)

કરહુ કૃપા અબ ઐસી શ્રી ગુરૂ, કરહુ કૃપા અબ ઐસી રે;
તવ પદપંકજ પ્રીતિ બઢે નિત, ચંદ ચકોરહીં જૈસી રે -ટેક૦
ગાન કરહું તુમરે ગુન સ્વામી, ધ્યાન તુમારો ઉર ધરહું;
નામ તુમારો લેહું નિરંતર, નૈનન કરી નિરખન કરહું-ક૦ ૧
પાવન કરી પરિકરમા કરહું. હાથ ન ચાંવ પલોટું રે;
શિશ ધરી પદત્રાણ તિહારે, યોં ભવ ભય સદ મેટું રે-ક૦ ૨

મન સંકલ્પ કરે નિત તુમરે, મતિ નિશ્ચય તુમરો ૧રહીં;
ચિત્ત ચિતવન નિત કરહિ તુમારો, અહંપન અહંસેવકધરહીં
-ક૦ ૩
યહ સેવા મમ સફલ જીવન હિત, દેહુ દયાકર ગુરૂસ્વામી;
ઈશ્વરદાસ કહત કરજોરી, વાર વાર પદ શિર નામી-ક૦ ૪

ગુજરાતી ભાષાનાં ભજનો

પદ ૩૧ [રાગ પરજ તાલ દીપચંદી]

પામ્યો પામ્યો ઉત્તમ અવતાર, ભજન કવ ભાવે રે;
તારે કરવો એજ ઉપાય, જેણે ભવ નાવે રે...ટેક.
તારે મુખથી કહેવું રામ, રહેવું નિષ્કામે રે;
શું વળગી રહ્યો વાલા, કાળા હાડ ચામે રે....૧
તું તાં લાલચ મકર રે લગાર, કાયા માયા કાચી રે;
શું માની બેઠો મૂરખ, સોણાની વાત સાચી રે...૨
તું તાં સોઢ માં વરવોણી જાન, માન કહ્યું મારૂં રે;
તેં જે માની લીધો મનમાંય, તેમાં નથી તારૂં રે...૩
એવી કરજે કાને સાર, શિખામણ મારી રે;
એમ કહે છે ઇશ્વરદાસ, જોને વિચારી રે...૪

પદ ૩૨ [રાગ પરજ તાલ દીપચંદી]

આવ્યો આવ્યો ઉત્તમ અવતાર, અચાનક તારે રે;
તેમાં ભાવે કરી ભગવાન, ભજી લે સારે રે...ટેક.
તું તાં થામાં સકટનો શ્વાન, નથી હાથ તારે રે;
શું ભાર ઉપાડે ભૂર, લાગી ખોટ લારે રે...૧

આગળ નથી રે પોપાંનું રાજ, કારજ કર તારૂં રે;
તું તાં ભાતું કર ભરપૂર, મેલી હું ને મારૂં રે...૨
તું તાં ખરચી લેને ખૂબ, દીધું છે દયાલે રે;
જાણે અરકતણા તે તૂલ. ઉડી જાશે કાલે રે..૩
શું રાતો રંગ પતંગ, દીવસ ચાર ચટકો રે;
કહે ઇશ્વર મેલ આજાર, મેલી માથે મટકો રે...૪

પદ ૩૩ [રાગ પરજ તાલ દીપચંદી]

તું તાં આળસ મ કર રે અજાણ, કરી લે કમાઇ રે;
પામ્યો દુર્લભ આ નર દેહ, ભજન કર ભાઇ રે....ટેક૦
તારી પલ પલ જાય છે પૂર, આયુ અભાગી રે:
માટે આંખ ઉગાડી આધાર, જોને જાગી રે...૧
તારે માથે ભમે છે ભૂર, તેને ન જાણે રે:
એવો કાળ કરાળ, કરૂર, ચેતી લે ટાણે રે...૨
માટે સાચો કરજે સનેહ, સદ્‌ગુરૂ સાથે રે;
તારે તુરત તર્યાનો ઉપાય, રચ્યો છે નાથે રે...૩
એવું જડપી લેજે જરૂર, ઉપદેશ આપ્યો રે;
એમ માની ઇશ્વરદાસ, ભવ ભય કાપ્યો રે...૪

પદ ૩૪ [રાગ પરજ તાલ દીપચંદી]

મારે માથે કરજો મહેર, સતગુરૂ સ્વામી રે;
જાણી નિજ જન મન વચ કાય, અંતરજામી રે...ટેક૦
ગુરુજી ધરૂં રે અંતરમાંય, ધ્યાન તમારૂં રે;
માની મહા સુખરૂપ સદાય, વચન ઉર ધારૂં રે....૧

દેજો ચરણકમલની સેવ, દેવ દયાળુ રે;
તમે નેહ નિભાવો નાથ, પરમ કૃપાળુ રે... ૨
ગુરુજી રહેજો સદા અંગ સંગ, અભંગ પ્રીત પાળો રે;
તમને દેખું જલ થલમાંય, ભરમ ભીત ટાળો રે... ૩
મારી વહેલી કરજો વાર, શરણ સુખકારી રે;
એમ કિંકર ઈશ્વરદાસ, કહે છે પોકારી રે... ૪

卐 卐 卐

પદ ૩૫ (રાગ ચાબખાનો)

સદા તમે શ્રી ગુરૂદેવ સેવો રે, લાભ તે જન્મ ધર્યાનો લેવો;
માન શિખામણ મેરમ મારા, માન મૂકી દેવો... ટેક૦
માનો મૂરતિ ગુરૂ સાહિબની, પરબ્રહ્મ છે પોતે
આંખુ વગરના આંધડા તે, અળગા જઈ ગોતે રે...સદા. ૧
એક વસ્તુ બે નામ ધરાવ્યાં, કર હાથની ઘોડે;
પ્રત્યક્ષ મુકી પામરા, પછી પરોક્ષમાં દોડે રે...સદા. ૨
ગૌ બ્રાહ્મણ પ્રતિપાલક, ગોવિંદ નહિં ગુરૂની જોડે;
જીવતા મૂકી જાનવરો, પછી ખોખાને ખોડે...સદા૦ ૩
હાથે કરી તમે કાં ભવ હારો, માની લેજો મનમાં;
કહે છે ઈશ્વર ગુરૂને નિરખો, પોતાના તનમાં રે...સદા૦ ૪

પદ ૩૬ શ્રી થાળ રાગ પરજ તાલ દીપચંદી

તમે આરોગો અવિનાશ, સનાતન સ્વામી રે;
તમે વ્યાપક વિશ્વાધાર, અંતરજામી રે...ટેક.
વાલા સાદર લેજો સંભાળ, આતુર આવો રે;
પિરશું ભાવતણાં ભોજન, પ્રેમે કરી પાવો રે.

જેમ આવ્યા વનડામાંય, પંચાળીની પાસે રે;
વાલા વિલંબ ન કીધી કાંઇ, સંભાળ્યા દાસે રે.
વાલા એમ આવોને આધાર, જમાડું જુગતે રે;
તમને અરપ્યાં તન મન ધન, વિવિધ રસ વિગતેરે.
વલા છપ્પન ભોગ છત્રીશ, વ્યંજન વિધ વિધનારે
તમે ભાવતણા ભગવાન, આરોગો અધૂના રે.
વાલા સરવ ભાવે છો સહાય, સ્વામી અમારા રે;
અમે કાલા ઘેલા કરતાર, તોએ તમારા રે.
વાલે મહેર કરી મનમાંય, નિજ જન જાણી રે;
વાલે પ્રેમે કર્યાં પરસાદ, પીધાં ટાઢાં પાણી રે.
વાલા કરતા રહેજો મહેર, અરજી અમારી રે;
એમ કહે છે ઇશ્વરદાસ, અબલા તમારી રે.

卐 卐 卐

પદ ૩૭ (રાગ ધોળ તાલ દીપચંદી)

કરતાં શુરતીનો સાર વિચાર,
જીવોજી જાતા રહ્યા ....ટેક

જડ મૂળથી કાપીને કાઢયા,
લઇને તત્વમસિ તલવાર...જીવોજી૦ ૧

ક્ષણ ક્ષણમાં અણછતા થાતા ઉભા,
બકતા વારંવાર.........જીવોજી૦ ૨

ગાળો દેતાં તે ગમ નવ રાખતા,
કર્તા ભોકતાનો કરતા પોકાર...જીવોજી૦ ૩

ત્રણ શરીર સહિત સિધાવિયા,
લઈને પોતાનો પરિવાર...જીવોજી૦ ૪
ગુરૂ કરૂણાથી ઈશ્વર કહે,
કાઢયા મારીને શત પેજાર...જીવોજી૦ ૫

કચ્છી ભાષાનાં ભજનો

પદ ૩૮ [રાગ વધામણાની કાફી તાલ દીપચંદી]

જાનબ જીયજા આયા, જેડયું મૂંજા જાનબ જીયજા આયા ટેક
પ્રીય લગન થા પરદેઈ પ્યારા, મેરમ મન ભાયા...જેડયું ૧
નેણે કરી હરિ રુપ નેયારીયાં, છાકવડીઅ છાયા...જેડયું. ૨
કુકર્મ કોટી જનમજા જેડયું, પલમેં પરલાયા...જેડયું. ૩
મેર નજર કરી નાથ નિવાજો, ઈશ્વર શિરનાયા...જેડયું. ૪

પદ ૨૮ (વધામણાની કાફી તાલ દીપચંદી)

નિરખી ઠરેયા નેણ સાજન સંત, નિરખી ઠરેયા નેણ–ટેક.
અખિયનમિંજ ઓતારા ઉનકે, ડીયાં ભલ ભાવે ભેણ
–સા૦ ૧
વઈ વાલંભ હાંણે ગુજજયુની, ગાલ્યું સુણાઈંધા મુંજાસેણ
–સા૦ ૨
કીંયની છડીયાં હાંણે છેડા તીનજો, મેરમ મહાસુખ દેણ
–સા૦ ૩
ઈશ્વર જીવન મુંહિંજો જગમેં, સંતે ચરણજી રેણ
–સા૦ ૪

પૂ. બ્ર. મહારાજશ્રી લાલરામજી વિરચિત ભજનો

પદ ૧ [રાગ લાવણી અથવા ભૈરવી તાલ ૩]

શ્રી ગુરુ ઈશ્વર દેવ દયાનિધિ, શરનાગત જન સુખકારી,
સંશય શોક નશાવન, પાવન મોક્ષ કરન ભવભયહારી।– ટેક.
દે અસિ નિજ ઉપદેશ જ્ઞાનગુરૂ, સંશ્રૃતિ મૂલ સહિત ટારી;
ઈશ જીવ બીચ ભેદ છેદ કર, ઉપદેશત જન અધિકારી...૧
બોલત બચન સુધાકરવત નિત, શીતલ મૃદુ અમૃતવારી;
શરન સુખદ પાલક ગુરુપદ રજ, અધમ ઉદ્ધારન બ્રદ ધારી...૨
ગુરૂ ગોપાલ વિચાર અખંડિત, રામ રટન કર વ્રતધારી;
સોહં શબ્દ ઉચ્ચારત અનુદિન, બોધ કરનકી ગતિ ન્યારી...૩
જગ મંગલ મૂરતિ અતિ પ્યારી, ગુરૂ ઈશ્વર કર અવતારી;
લાલ બાલ નિજ દાસ પાસ ગુરૂ, ભવજલ તુરત લીયો તારી...૪

પદ ૨ રાગ લાવણી અથવા ભૈરવી તાલ ૩

ધર મન ધ્યાન શાન સદ્ગુરૂકી ક્યોં મદમસ્ત ફિરત માની;
ઈશ્વરરામ નામ રટ નિશદિન, પલમેં પાર ઉતરત પ્રાની– ટેક.
ભવદવ દાહ દહતખલુ ખર મન, જરત પરત ભવ બિનુ પાની;
નહિં ઉપદેશ સુનત સંતનકર, યહ અચરજ બડ હૈરાની...૧
સમજત નહિં મતિમંદ અભાગી, કુડ કપટકી હોઈ ખાની;
માયા મોહ ફિરત અધ અંધે, કયા મોહા જગ હૈ ફાની...૨
નહિં કછુ અપનાં, હૈ સબ સપના, સમજ સાર ગુરૂકર જ્ઞાની;
મરમ યથારથ સમજ સયાના, ચરન કમલકી હો બાની...૩
ખેલ પ્રગર હૈ સદગુરૂ, સેવા બીજ મંત્ર મન લે માની;
ઈશ્વરરામ ચરણુ અંતર ધર, લાલ કાલ કર ભય ભાની...૪

॥ ૐ ॥

પુજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજશ્રી ઓધવરામજી વિરચીત ભજનો.

° ° ° °

પદ ૧ [રાગ – લાવણી તાલ ૩]

સુખદાયક ગુરૂ સદન શાંતિકે, સુમરત સબ દુઃખ સદ હાની;
સદ્ગુરૂ સમ નહિ સકલ લોકમેં, નિજાનંદ સુખકે દાની...ટેક૦
સુધા સિંધુકો ભેદ બતાયો, અખિલ આપદા અલપાની;
ઇન્દ્રાદિક પરકી નહિ આશા, મિટી સબ મનકી ગ્લાની...૧
માયા રચિત લોક સબ મિથ્યા, નામ રૂપ સબ હૈં ફાની;
દિવ્ય બોધ અસ દેત નિરંતર, ઉપદેશત અનુભવ બાની...૨
એક બ્રહ્મ અદ્વૈત અખંડીત, નભવત સબ એસે જાની:
સમતા પદમે સદા બિરાજે, સૂરતિ ભઈ જિનકી શ્યાની...૩
શીલવાન શીતલ સમદરશી, આતમવેતા નિરમાની;
ઉદ્ધવદાસ સદા અંતર ધર, લાલરામ સદ્ગુરૂ જ્ઞાની...૪

પદ ૨ રાગ લાવણી તાલ ૩

મન મદ તજકર સજકર સાધન, સૂસરહુ સદગુરૂ સુખ પાવે;
વિવિધ આપદા કરી પરિપૂરણુ, શ્રમ બિનું સદભવ તરી જાવે-ટેક
જપ તપ તીરથ યોગ યાગ પુનિ, અનસન વ્રત મુનિ દરસાવે;
તિન કર ફલ ભાપત ભવ નાના, ગુરુસેવા સમ સો નાવે—૧

યાચત ગુરૂપદ રજ હરિ હર અજ, શિરપર ધર ઉર ઉમગાવે;
શુક સનકાદિક શેષ શારદા, સબ સદગુરૂકે ગુણ ગાવે...૨
ગુરૂ છબિ દમકત દિવ્ય કાંતિ કર, મનમરદન અતિ સરમાવે;
સઘ મિટત સંતાપ દરશતે, પૂરન સુખકો પ શાવે...૩
બડે ભાગ્ય પ્રગટે જબ જિનકે, સો ગુરુકે પદકો ધ્યાવે;
લાલરોમ ગુરુકે પદ સેવન, કર ઉદ્ધવ દુઃખ વિરમાવે...૪

—★—

પદ ૩ (રાગ પીલુ તાલ દીપચંદી)

ભજન વિના કયોં વખત ગુમાવે, અવસર એસો ફેર ન આવે-ટેક
ગર્ભવાસમેં કિયા કરારા, ભૂલ ગયા અબ સરજનહારા...ભ૦-૧
જન્મ મરણકા ભય હય ભારી, તાતે સુમરી લીજે મોરારી...ભ૦૨
કામ ન આવે સુત વિત્ત દારા, માયાકા સબ જુઠ પસારા...ભ૦-૩
ઈશ્વિરકા આરાધન કીજે, દાસ ઉદ્ધવકા માની લીજે...ભ૦-૪

પદ ૪ (રાગ પીલુ તાલ દિપચંદી)

સંત સમાગમ અહો નિશ કીજે, જન્મમરણકે બંધન છીજે. ટેક
સંતવિના સુધ કોન બતાવે, ભવસાગર જલમેં બહીજાવે-સ૦ ૧
સંતસમાગમ સો અતિનીકો, રૂપ જનાવત હૈ હરિજીકો-સ૦ ૨
મોહનિશાસે સંત જગાવે, નિજ આતમ અંતર દરશાવે-સ૦ ૩
સંતનકી મહિમા હૈ ભારી, દાસઉદ્ધવ કહે મિલતમોરારી-સ૦ ૪

પદ ૫ [રાગ પીલુ તાલ દીપચંદી]

પ્રભુ પૂરણ હે અપને માંહી, જ્ઞાન વિહીને દેખે નાંહી...ટેક
કાશી પ્રયાગ હરિદ્વાર રામેશ્વર, વૃંદાવન કહે હૈ સર્વેશ્વર-પ્ર૦ ૧

દેશ વિદેશમેં યોં ભરમાને, હરિ અંતરગેં સો નહિં જાને-પ્ર૦૨
મૃગ નાભીમેં હૈ કસ્તુરી, હરિ હિરદેમેં ત્યીં નહિં દૂરી-પ્ર૦૩
ઉદ્ધવદાસ કહે ઉરમેં દેખો, નામ રૂપકો મિથ્યા લેખો-પ્ર૦૪

卐 卐 卐

પદ ૬ રાગ પીલુ તાલ દીપચંદી

વાચ્ય જ્ઞાનસે મોક્ષ ન પાવે, ભવસાગરમેં આવે જાવે-ટેક.
પાની કહેસે મિટત ન પ્યાસા,
ઇષ્ટ મિલે બિન મિટત ન આશા...વાચ્ય. ૧
તાતે ગુરૂગમ તત્ત્વ વિચારો,
મૂલ શબ્દમેં સુર્રત ધારો...વાચ્ય. ૨
માયા મમતા તૃષ્ણા ત્યાગો,
રામ નિરંજનમેં અનુરાગો...વાચ્ય. ૩
ભવ રતને કો ભેદ બતાયો,
કહે ઉદ્ધવ આશય દરશાયો...વાચ્ય. ૪

° ° ° °

પદ ૭ [રાગ ભેરવી તાલ ૩]

રહે નહિ રાજા રાના, એક દિન છોડ સબે ચલ જાના-ટેક.
ખેલ મુસાફર હૈ દો દિનકા, આખીરમે મરજાના-એક. ૧
બાજીગર જૈસી સબ રચના, તિનમે કયા ભરમાના-એક. ૨
આદમ તેરા નામ મુસાફર, કયા કરના અભિમાના-એક. ૩
જૂઠા હૈ જજાલ મુસાફર, સુમર પ્રભુકો શ્યાના-એક. ૪
દાસ ઉદ્ધવ કહે મિલના કઠિન હૈ ઐસા ઉત્તમ ટાના એક. ૫

ગુજરાતી ભાષાનાં ભજનો

પદ ૮ (રાગ પરજ તાલ દીપચંદી)

ધરજે ધરજે હરિ નું ધ્યાન, ધીરજ મન આણી રે;
મૃગજળ જેવો આ સંસાર, એવું નિશ્ચે જાણી રે ...ટેક.
સ્વારથ સારૂં કરે સૌ સ્નેહ, જગતની એ રીતી રે;
વિશ્વનાથ વિષે ચિત્ત ધાર, પૂરણ કરે પ્રીતિ રે. ... ૧
સમજી લેવું ચતુર સુજાણ, માયા ઠાઠ ખોટા રે;
એને જાતાં ન લાગે વાર, પાણી પરપોટા રે. ... ૨
આ છે ચંચલ ચપલા જેમ, આયુ અસ્થીર તારી રે;
અંતે જાવું એકા એક, હરિ લે સંભારી રે ... ૩
એવું સમજી ચેત અચેત, પ્રભુ સ્મરણ કરવું રે;
એમ કહે છે ઓધવદાસ, બીજુ પરિહરવું રે ... ૪

પદ ૯ [રાગ પરજ તાલ દીપચંદી]

રહેજે રહેજે સદાનંદમાંય, સુબોધ વિચારી રે;
સત ચિદ આનંદ આદિ અંત, સ્વરૂપ સંભારી રે; ... ટેક
જીવ ઇશ્વરમાં જે ભેદ, માયા થી ભાસે રે;
અગ્નિ પદનો કરતાં વિવેક, અદ્વૈત પ્રકાશે રે; ... ૧
આતમ જ્યોતિ સદા સુખ રૂપ, અખંડ અનાદિ રે;
એને જોતાં મીટે જંજાળ, કહે વેદ વાદી રે. ... ૨
અંતર બાહીર સૌ માં એક, પ્રભુ ને જાણો રે;
અવિનાશી કરી અપરોક્ષ, બ્રહ્માનંદ માણો રે. ... ૩

જ્ઞાની ગુરૂથી લઇને જ્ઞાન, આપાપણું ટાળશે રે;
એમ કહે છે ઓધવદાસ, સ્વરૂપે સુરતી ધારો રે... ૪

પદ ૧૦ [રાગ પરજ તાત દીપચંદી]

શરણે રાખો ગુરૂ દીનદયાળ રે, સેવક જાણી આપો નીજ સેવારે;
ભવદુઃખ ભંજન પાલક સ્વામી, ગંજન ગર્વ નિરંજન દેવા રે...ટેક
સંસાર સાગર દુસ્તર ભારી રે, તેને દેખી ડર્યું મન મારૂં રે;
જ્ઞાન નાવ પર નાથ ચઢાવી, પાર કરો બીજું નથી બારૂં રે.... ૧
દેવી દેવતા સગા સંબંધી રે, સ્વારથ સાથી મેં સર્વે જોયા રે;
વિના પ્રયોજન સંત પુરૂષ છે, પર ઉપકારે જેના મન પ્રોયારે... ૨
આપ સદા છો ઈષ્ટ અમારા રે, અહોનિશ અંતર માં ધારૂં રે;
સ્મરણ શ્રી ગુરૂદેવ તમારૂં રે. લાગે મુજને બહું સાંરૂં રે ૩
માત પિતાદિક ભ્રાત ને ભગની રે, કુલ કુટુંબ પ્રભુ સૌ ત્યાગી રે
કહે ઓધ્ધવ ગુરૂદેવ આપને, ચરણે રહ્યું મારૂં મન લાગી રે.... ૪

પદ ૧૧ [રાગ પરજ તાલ દીપચંદી]

નાથ નિરંજન નેણે નિરખ્યા રે, વૃત્તિ અંતર સુખ પામી રે;
કર્મ ભર્મ ની કલ્પના છુટી, વિષમતા સર્વે વામી રે. ...ટેક૦
અગમ માર્ગ એ છે એવો રે, વિરલા જન ત્યાં કોઈ ફાવે રે;
આધાર વિના જેમ ખેલ છે નટનો, ખ્યાલ ચુકે તો મોત આવેરે... ૧
જીવતાં મરવુ ઊલટ ચડવું રે, મીન મારગ દુર્ગમ ભાઇ રે;
શિરના સાટાં જે કોઈ કરશે, માણે મોજ બ્રહ્મમાં જાઈ રે... ૨
વાચ્ય જ્ઞાનના જે છે વિલાસીરે, અંતરની ગતિ શું જાણે રે;
અરક ઉજાસ ને ઉલુક ન દેખે, બ્રહ્માનંદ સુખ કેમ માણે રે... ૩

નુરતને વારી સુરત સંભારી રે,શબ્દ શોધીને ખોલે દશમી બારીરે;
ઓધવદાશ કહે લાલ પ્રતાપે, તે પર હું જાઉં બલીહારી રે ૪

પદ ૧૨ [રાગ ધનાશ્રી તાલ ૩]

મનને મારનહાર, જગતમાં મનને મારનહાર ... ટેક
લાખ કરોડમાં કોઈક દીસે, જોયું ફરી સંસાર ...જગતમાં૦૧
જન્મોજન્મનું એ છે વેરી, યોગી કોઈક જીતનાર ...જ૦૨
તીવ્ર વૈરાગ્ય ને તત્વ અભ્યાસે, વિરલા વશ કરનાર ...જ૦૩
ઓધવદાસ કહે કાયર નરથી, કદીનહિં ડરનાર જ૦૪

પદ ૧૩ [રાગ ધનાશ્રી તાલ ૩]

ઈષ્ટ છે ઈશ્વિરરામ, અમારા ઇષ્ટ છે ઈશ્વરરામ ... ટેક
તત્વવેત્તા શીતલ સૂખરાશી, શાંત સ્વરૂપ તમામ ...અમારા૦૧
સંતશિરોમણી સુખના સાગર, શીલવંત નિષ્કામ ...અમારા૦૨
કંચન લોષ્ટસમ કરિ જાને, વિષયોથી ઉપરામ ...અમારા૦૩
એવા ગુરૂના ચરણે ઓધ્ધવ. મન પામે વિશ્રામ... અમારા૦૪

પદ ૧૪ [રાગ રામગરી તાલ દીપચંદી]

રામ ભજો રૂડી રીત થી, સુખ નિજાનંદલેવા,
અંતર ટાળો આપદા, કરો હરિ ગુરૂની સેવા. ... ટેક૦
વાચ્ય વિલાસ ને પરહરિ, ધ્યાન સમયને વીતો;
કામ ક્રોધાદિ વેરી મોક્ષના, શુભ વૈરાગ્યે જીતો ...રામ૦૧
પૂર્ણ પરિબ્રહ્મને જુઓ, વેદ શાસ્ત્ર વિચારી;
સત ચિદ આનંદ રૂપને લ્યો અંતરમાં સંભારી ... રામ૦૨

ગજ ગનિકાને ભીલડી, પાપી અજામિલ જેવા;
ભજન પ્રતાપે ઊગર્યા, અધમ હતા તે કેવા. ...રામ૦૩
ભજન મહિમા શું કહું. શેષ પાર ન પાવે;
ઓધવદાસ કહે હરિ ભજો, ફરી જન્મ ન આવે. ...રામ૦૪

પદ ૧૫ (રાગ રામગરી તાલ દીપચંદી)

માન મૂકી ને રે માનવી, સદ ગુરૂ શરણે રહેવું;
કુડ કપટ ત્યાગી કરી, ચરણો માં ચિત દેવું ... ટેક૦
અનેક જન્મના લેખ જે, ગુરૂ કરૂણા થી તૂટે;
અંતર માં આનદ ઉપજે, કાલ કર્મ ભય છુટે ... માન૦ ૧
ગુરૂ તે ઇશ્વર રૂપ છે, ભેદ ભાવ ન આણો;
બ્રહ્મવેત્તા બ્રહ્મરૂપ છે, એવા વચનો પ્રમાણો, ... માન૦ ૨
દેવી દાનવ દેવતા, ભૂત પ્રેત જે સેવે;
સમર્થ ગુરૂ છોડી કરી, લક્ષ ચોર્યાશી લેવે .... માન૦ ૩
હરિજન એવું વિચારી ને, પાખંડ ને પરિહરજો;
ઓધવદાસ કહે પ્રેમથી, સદગુરૂને અનુંસરજો. ... માન૦ ૪

પદ ૧૬ (રાગ રામગરી તાલ દીપચંદી)

અખંડ સ્વરૂપી આતમા, મન વાણી માં નાવે;
નેતિ નેતિ કહીને સ્તવે, વેદ પાર ન પાવે. ... ટેક૦
ઋષિ મુનિ સૌ તેને કહે, નામ રૂપ થી ન્યારો;
અકલ અનાદિ અનંત છે, વર્ણ બાવન થી બહારો ...અખંડ ૧
દૃષ્ય પદારથ માનજો, રજજૂ ભુજંગ ની રીતે;
એક અખંડિત બ્રહ્મ છે, જુવો વિચારી પ્રીતે ...અખંડ૦ ૨

વૃક્ષછાય વૃક્ષરૂપ છે. બાળ બુદ્ધિ ભિન માને;
અનુભવી સંત વિવેકથી, કાર્ય કારણ કરી જાને...અખંડ૦ ૩
સ્વપ્ન પદારથ સ્વપ્નમાં, દ્રષ્ટા રૂપજ જાણો;
ઓધવદાસ તેમ વિશ્વને, બ્રહ્મ અભિન્ન પ્રમાણો...અખંડ૦ ૪

—★—

પદ ૧૭ (રાગ—રામગરી તાલ દીપચંદી)

ઉલટ ફરીને રે ગોતજો, વસ્તુ છે નિજ ઘરમાં;
બહાર ગોતેથી નહિ જડે, જાગી જુઓ અંતર માં ... ટેક
કસ્તુરી મૃગ નાભીએ, ગોતે વનમાં ઘાસે;
અજ્ઞાની તેમ આથડે સર્વ પ્રકાશી પાસે. ...ઉલટ*૦ ૧
શશી ચાહે જેમ શીતને, ભાનુર્તજને ચાહે ;
તેમ ચાહે છે બ્રહ્મને, જોયા વિણ પોતા માંહે. ...ઉલટ૦૦ ૨
ગુરૂગમ સાર વિચારજો, બેસી ચોકકસ સ્થાને;
સમ દમ સાધન સાધીને, સોહંને ધરો ધ્યાને ... ઉલટ૦ ૩
દ્વૈત ભરમનો ભાસ તે, એક ઘડી માં નાશે:
સત ચિદ આનંદ આતમા, ઓધવ ઉરમાં પ્રકાશે ...ઉલટ૦ ૪

પદ ૧૮ (રાગ—કાફી તાલ દીપચંદી)

સુરતા સ્વરુપે ધારરે, મનવા મોહ તજીને, સુરતા સ્વરૂપે ધાર —ટેક
ભવસાગર નો અંત ન આવે, વિષય વાશના ટાર રે.—મ૦ ૧
તન ધન જોબન કામ ન આવે, મમતા મેલ નિવાર રે.—મ૦ ૨
આજ કાલમાં જાવું પડશે, જગજીવન દીન ચાર રે.—મ૦ ૩
ઓધવદાસ ની માની શિખામણ, કામાદિ વેરી માર રે.—મ૦ ૪

પદ ૧૯ (રાગ કાફી તાલ દીપચંદી)

ભજન વિના ન ઉદ્ધારરે, મનવા હરિ તણારે, ભજન વિના-ટેક
તનમનધન કુલબાન કરીને, રાજી કર કિરતાર રે-મનવા. ૧
જન્મ મરણનું કષ્ટ નિવારે, શ્રીહરિ સરજનહાર રે-મનવા. ૨
દુ:ખ આવે ત્યારે એજ ઉગારે, ભવસંકટ હરનાર રે-મનવા. ૩
દાસ ઓધવ કહે રામ ભજીલે, જીવન તારૂં સુધાર રે મનવા. ૪

પદ ૨૦ (શ્રી થાળ રાગ આશાવરી તાલ ૩)

વિશ્વંભર વહેલા આવો. પ્રેમે કરવા પય પાન;
અમ સેવકની છે અરજી એટલી, કરજો પ્રભુ કાન...ટેક
મને ભાવ ભકિતને નાતે. ફલ ફૂલ પત્ર જલ આપે:
આપેલ જમું છું જાતે એમ અર્જુનને આપ્યું જ્ઞાન-વિ૦ ૧
નિજ ભકત વિદુર ઘર ભાજી, જમિયા મનમાં થઇ રાજી:
ક્યાં હતી બનેલી તાજી જમતાં ભૂલી ગયા ભાન-વિ૦૨
મીરાંના કારજ કીધાં શબરીનાં બોરજ લીધાં;
પય નામ દેવનાં પીધાં, તે શું તમને નથી ધ્યાન-વિ૦ ૩
ભકતોનાં સંકટ હર્તા છો સૌના પાલન કર્તા;
ઓધવને નથી વિસરતા, સુખના સિંધુ ભગવાન-વિ૦ ૪

પદ ૨૧ [રાગ ભજન તાલ ૩]

અંતે સંત વિમુખ નર ભવ ભટકે,
ભવ ભટકે ઉંધે શિર લટકે...ટેક૦
જમના દૂત જયારે મારે જટકે,
સંત વિમુખ દુખ ચિત અટકે—અંતે૦ ૧

સંત સમાગમ કરતા અહીં અટકે,
પરલોકનાં તે દુખડાં ચિત ખટકે ... અંતે૦ ૨
નિંદક નરને નરકે કીટ ઘટકે,
પછી હાયહાય કરીને શિર પટકે ... અંતે૦ ૩
હાંસી ખેલ મૂરખા કરે મટકે;
ઓધવદાસ કહે જમડા દેશે ફટકે. ... અંતે૦ ૪

卐 卐 卐

પદ-૨૨ (રાગ ભજન તાલ ૩)

સાચા સંત શૂરા તે વાસ ગગને કરે,
ગગને કરે નિર્ભય થઈ વિચરે. . . ટેક૦
સુરત સુરત સોહં શબ્દ માં ધરે.
સહજ સમાધિ લાગે ત્રિપુટી પરે, ... સાચા૦ ૧
અદભુદ આનંદ અમૃત જરે,
પાન કરી તન સુધ વિસરે. ... સાચા૦ ૨
દેહ અભિમાની નરને જમડા હરે,
સમરથ સંત દેખી કાલ ડરે. ... સાચા૦ ૩
ઓધવદાસ પ્રભુને ભજતાં કારજ સરે,
તારે બીજા ને સંતો પોતે તરે. ...સાચા૦ ૪

—૦—

પદ ૨૩ [રાગ ભજન તાલ ૩]
નરદેહનો લાવ લેવો રે, હરિજન પ્યારા ... ટેક૦
મન વિષયો થી વારી, ધીરજ અંતર માં ધારી,
ઇશ્વર જાણી ગુરૂ ને સેવો રે, હરિજન પ્યારા. ... ૧

લક્ષ નિશાને દેજો, પરિબ્રહ્મને ગોતી લેજો;
આવે નહિ ફરીથી અવસર એવો રે, હરિજન પ્યારા—૨
સર્વેશ્વર સૌના સ્વામી, અવિનાશી અંતરજામી;
જ્ઞાને અંતરમાં ગોતી લેવો રે, હરિજન પ્યારા—૩
સંતસમાગમ કરજો, હરિને અંતરમાં ધરજો;
ઓધવ કહે આનંદ મળશે એવો રે, હરિજન પ્યારા—૪

પદ ૨૪ (રાગ ભજન તાલ ૩.)

ઉઠો કાં સુતા છો રે. ખાટલે શું ખુતા છો રે,
માથે મોત નગારૂં વાગે--ટેક૦
આજ કાલનો કરતાં કરતાં વર્ષ સાઠનો લાગે,
તું તો વર્ષ સાઠનો લાગે;
કથા શ્રવણમાં કાન ન આપે, સૌથી વહેલો ભાગે રે,
ભાઇ સૌથી વહેલો ભાગે--ઉઠો૦ ૧
માયાની મમતામાં સુતો જગાડતા નવ જાગે,
ભાઈ જગાડતાં નવ જાગે;
નારાયણનું નામ ન લીધું, મોક્ષ મળે નહિં માગે રે,
ભાઈ મોક્ષ મળે નહિં માગે—ઉઠો૦ ૨
સૌને સામો થઇને ચાલે, ફણો ચડાવી નાગે,
જાણે ફણો ચડાવી નાગે;
રાજી થઇ પરકાજ બગાડે, ઇર્ષ્યામાં અનુરાગે રે,
ભાઇ ઇર્ષ્યામાં અનુરાગે—ઉઠો૦ ૩

અભાગીઆને અવળું સુજે, ગાતો હીંડે રાગે,
ભાઇ ગાતો હીંડે રાગે,
ઓધવદાસ કહે એવાને, જમ ચડાવશે ઠાગે રે
ભાઈ જમ ચડાવશે ઠાગે—ઉઠો૦ ૪

પદ ૨૫ (રાગ ભજન તાલ દીપચંદી)

ભાવ ધરી હરિગુરૂ સંતને રીજાવરે,
આપદા ટાળે મૂળથી રે જી—ટેક૦
ભાવ વિના નવ ઉદ્ધરે, કોટી કરે ઉપાય;
ભાવ વિના ભકિત કરે, મલીનતા કેમ જાયરે-આપદા૦ ૧
સ્વાતિ બિંદુમાં છીપને પ્રેમ તણો નહિં પાર;
સાચા મોતી ઉપજે, જેનું મૂલ્ય અપાર રે-આપદા૦ ૨
ચકોર ચાહે ચંદ્રને, મેઘને ચાહે મોર;
પ્રીતિ એવી રાખજે, પામીશ પરિબ્રહ્મ ઠોર રે આપદા૦ ૩
મન વાણી કર્મે કરી, તજી કપટ અભિમાન;
હરિગુરૂ સંતને સેવજે, મળશે તો ભગવાન રે-આપદા૦ ૪
પ્રીતિવશ હરિ સંત છે, પ્રીત વિના ન રીઝાય;
કહે ઓધવ એમ જાણજે, પ્રેમથી કારજ થાય રે—આપદા૦ ૫

પદ ૨૬ (રાગ ભજન તાલ દીપચંદી)

આવો અવસર ચાલ્યો જાય રે, ભજીલે હરિ હેતથીરેજી....ટેક૦
ગર્ભવાસમાં કોલ દઇ, ભૂલી ગયો શું ભાન;
કર સમરણ કીરતારનું, નકા થઇશ હેરાન રે-ભજીલે૦ ૧

ગયું બાળપણ ખેલમાં, યૌવન નારી સંગ;
ચિંતામાં ગઢપણ ગયું, તોય ન લાગ્યો રંગરે–ભજીલે૦ ૨
માત પિતા સુત પ્રેમદા, કોઈ ન આવે કામ;
અંતે જાવું એકલું, સાથે સીતારામ રે–ભજીલે૦ ૩
ગઈ પળ પાછી નહીં મળે, કરજો ખુબ કમાઈ;
કહે ઓધવ હરિને ભજો, અંતર રાખી સચાઇ રે–ભજીલે૦ ૪

પદ ૨૭ (રાસ રાગ પરજ)

સાધુ સંતમાં રાખજો પ્રીત રે વીર,
આવો અવતાર ફરી નહિ મળે રે—ટેક૦

ભરતે ખંડમાં નર દેહ પામીયો રે,
હવે જીંદગી સુધારી કરો જીત રે વીર...આવો૦ ૧

ઉપકારનાં કામ કરી લ્યો હવે રે,
ધરો સાચી શિખામણ ચિત્ત રે વીર...આવો૦ ૨

સમભાવે સૌ સાથે રહો રે,
એવી ઉત્તમ પાળો રીત રે વીર....આવો૦ ૩

કંઈક ભાતું કરો પરલોકનું રે,
અંતે કાળ લઈ જાશે અજીત રે વીર...આવો૦ ૪

સર્વે ખોટા છે ખેલ સંસારના રે,
તેમાં થાઓ ન અંધા ભીત રે વીર...આવો૦ ૫

ભાવે ભકિત કરો ભગવાનની રે,
કહે ઓધવ જીતસો મીત રે વીર...આવો૦ ૬

પદ ૨૮ (રાસ રાગ—ધનાશ્રી)

સત્ય વિભુષણ ધારો, એનો સૌ સત્ય વિભુષણ ધારો;
રાતદિવસ ખરો ખટકો રાખો, કુમતિ બાઇને વોરાવો—એનો--ટેક

સાખી

આદિ તે આળસ તજી, ધરો હરિનું ધ્યાન;
મરયાદાથી ચાલશો, તો મળશે ભગવાન.
અંતરથી ઇર્ષ્યાને ત્યાગી, મૃદુલ વાણી ઉચ્ચારો...એનો૦ ૧

સાખી

સોમે શુદ્ધ વિચારથી, સજી શુભ શણગાર;
મુકી મમતા માનને, તુરત ભજો કિરતાર
કુડ કપટને કાઢજો રે અળગા, સાથે કાઢી કારીયારો....એનો૦ ૨

સાખી

ભોમે ભીડ પડે કદી, જાવ કદાચિત શિશ;
ટેક ટકાવી રાખજો રક્ષક છે જગદીશ.
ભીડ ભંજન પ્રભુ બિરદ સંભારી. ઉગારે ટેક રાખનારો—એનો૦ ૩

સાખી

બુધ્ધે બુદ્ધિ શુદ્ધ કરી, દ્યો દીનોને દાન;
જો દેશો તો પામશો. સમજણ ધરજો કાન.
આવો તે અવસર ફરી નહિ આવે, દાન આપી હાથ ઠારો એ૦ ૪

સાખી

ગુરૂએ ગુરૂ જ્ઞાની કરી, કરો સદા સતકાર;
કરૂણાલય કરૂણા કરી, કહેશે તત્ત્વ વિચાર.
શ્રવણ મનન નિદિધ્યાસન કરીને, ત્રિવિધ તાપને નિવારો—એ૦ ૫

સાખી

શુકે શબ્દ વિષે ધરી, સુરત નુરત નિશાન,
અડોલ વૃત્તિ રાખીને, ભૂલો તન અભિમાન.
અંતરમાં પ્રભુને અવલોકી, ટાળો અવિદ્યા પસારો-એનો૦ ૬

સાખી

શનીએ સૌમાં દેખજો, ભૂધર છે ભરપૂર;
ભેદ ભાવના પરહરી, અંતર દેખો નૂર.
પ્રેમ મગન થઈ હરિ ગુણ ગાશો, થશે સફલ જનમારો-એનો૦૭

સાખી

ઉપદેશ આપ્યો પ્રેમથી, વેદ વચન અનુસાર;
હેતે સૌ જન સાંભળો, ટળશે આ સંસાર.
ઓધવરામ કહે વાસના નિવારી, આતમા રામને સંભાળો-એ૦૮

॥ ॐ ॥

પુજયપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ બાવાશ્રી દેવાસાહેબ વિરચિત ભજનો

પદ ૧ (રાગ ગજલ કવ્વાલી તાલ ૩)

ભજન કર ભજન કર ભાઇ, ભલા તન મનખા પાઈ;
જન્મારા જાત હૈ તેરા, પીછે હૈ જમકા હેરા—ટેક૦
તેરે હૈ પગ પગ જોખા, મિટે નહીં મરનકા ધોખા;
એક દિન હોયગા ઐસા, માટી મિલી માટીમેં જૈસા-ભ૦ ૧
પૃથ્વીપર પાંવ જબ ધરતે, દીસિનકે દીગં તબ ડરતે;
મહાબલીવીર ભયે કે તે, અંત ખેહ હો ગયે તે તે-ભ૦ ૨
ગ્રહીલે સંતકા શરના, જગત અભિલાષ કયા કરના;
બંધન તેરે પાશ સબ તુટે. નિર્ભય હોઇ કાલ તે છુટે-ભ૦ ૩
મહિમા ભકિતકી ભારી, લીજે સો ચિત્તમેં ધારી;
સફલ તિન જન્મહીં કીના, દેવા હરિ નામ જીન લીના-ભ૦ ૪

પદ ૨ (રાગ—ગજલ કવ્વાલી તાલ ૩)

મૂરખ મત જાન કછુ મેરા, શરીર યહ અંત નહીં તેરા;
એક દિન છોડ સબ જાના, સમજ ઉર ઐસેહીં જ્ઞાના...ટેક૦
જીનહીં જીન દેહકો ધરિયા, કાલવશ અંત સો મરિયા;
શીશા જ્યોં શૈલ પર પરિયા, ફૂટતે બાર ના કરિયા...મૂ૦ ૧

બુદ બુદા હોત જ્યોં જલમેં, ફુટ સબ જાતહીં પલમેં;
દેહ સબ ઐસેહીં લેખો, ભૂલે જિન અમર કર પેખો...મૂ૦ ૨
બ્રહ્માદિક જીવ હૈ જીતને, અંત તન ધારી હૈં તીતને;
શરીર સબ છોડ કર જાવે, કીટ તુલ્ય જન્મહીં પાવે...મુ૦ ૩
મહાબલવાન હૈ માયા, જીનહીં સબ જીવ ભરમાયા;
હરિકે ભજનકો ભૂલે, જુઠાકો દેખી કે ફૂલે...મુ૦ ૪
સગતિ સંતકી કરિયે, હૃદય નિજ જ્ઞાનકો ધરિયે;
ફેરા ભવ ફેર ના ફરિયે, દેવા ગુરૂ ગમસે તરિયે...મુ૦ ૫

—✱—

પદ ૩ (રાગ ગજલ કબાલી તાલ ૩)

મતિ અભિમાન કર પ્યારે, પ્રભુ ભજ રેન દિન સારે;
કાલ સર સંધે શિર તેરે. તીતરકો બાજ જ્યોં હેરે...ટેક૦
જીવ જીન લોકમેં જાવે, કાલ તિન પીછેહીં આવે;
હરિ બીન જંત દુઃખ પાવે, તિનહીંકો કૌન છોડાવે...મતિ૦ ૧
પ્રભુજીકો સુમરી લે મનમેં, જનનીકે ઉદર નહીં જનમેં;
મિટે ગલે કાલકી ફાંસી, મિલે તુઝે આપ અવિનાશી...મ૦ ૨
તેરે પર એક ભય ભારી, અકલ ગતિ કાલકી ન્યારી;
ચેત અબ દાવ હૈ તેરા, ફિરે નહીં જગતમેં ફેરા...મ૦ ૩
પ્રભુજીકો ભજન જે કરહીં, સોઈ ભવ વારધી તરહીં;
દેવા તિન તત્ત્વહીં ચીના, જીનહીં હરિ નામહીં લીના...મ૦ ૪

—:×○×:—

પદ ૪ (રાગ—ગજલ કબાલી તાલ ૩)

પતંગી રંગ જ્યૌ રાતા, નેરે જગ દેખતે જાતા;
બાદલકી છાયા હૈ છીનસી, પલકમેં જાત હૈ બીનસી-ટેક૦

જલામલી કરત યોં જાની પાતપર ઓસકા પાની;
જગતકી બાત સબ ઐસી. રહ્યા કોઈ અંત ના બેસી...૫૦ ૧
રહ્યા નહીં પ્રિયવ્રત રાજા, તજા તિન લોકહીં સાજા;
ચિરંજીવી લોમસ માનો, સોઈ ભયો કાલકો ખાનો...૫૦ ૨
નિરગુન દેહ ધર જોઈ, જગતમે અમર નહીં કોઈ;
અમર સો પારબ્રહ્મ પાવે, જીનતે ફિર જન્મ નહીં આવે...૫૦ ૩
સતસંગ બ્રહ્મકી શ્રેની. અનેક અઘ કાષ્ટકી વહ્નની;
તિનસેં કર સંતકી સેવા, મિલે તુઝે પાર બ્રહ્મ દેવા...૫૦ ૪

પદ ૫ (રાગ—ગજલ કવ્વાલી તાલ ૩)

જગતસે કામ કયા તેરા, પ્રભુ ભજ મન તું મેરા;
સમજ લે બાત યહ સાચી, યહી બીન ઓર સબ કાચી—ટેક
લોકનકી પ્રીત સબ જુઠી, ઠાલી જયું વાયુકી મુઠી;
જાતે કછુ બેર નહીં લાગે, તિમિર રવિ ઉગતે ભાગે...જ૦ ૧
મુર્ખ જગ ભર્મ તે ભૂલે, દેખી ફુલે સંપદા ફૂલે;
યહી સબ ઓસકી બરષા, સોઈ કૈસે મેટહીં તરસા...જ૦ ૨
વિષયકા નેહ સબ ઐસા, વિલોના વારિકા જૈસા;
ઇનમે કછુ હાથ નહીં આવે ભજન બિન જન્મહીં જાવે.જ૦ ૩
હરિહરિ ચિન્તમેં ધરિયે. જગત અભિલાષ કયા કરિયે;
લીજે ગુરૂ જ્ઞાનીકા શરના, દેવા ફિરી હોવે નહીં મરના જ૦ ૪

—:૦:—

પદ ૬ (રાગ—ગજલ કવ્વાલી તાલ ૩)

હરિકો ભજ મન મેરા, મિટે તુઝે જગતકા ફેરા;
દુ:ખ તેરે દુર હોઇ જાવે, યાહીતે પરસુખ પાવે—ટેક૦

હરિકો હ્રુદય જે ધરહીં, કાલકે જાલ નહીં પરહીં;
સુની હમ સંતમુખ બાની, વચન યહ વેદકે જાની... હ૦ ૧
પાપ કોઇ નિકટ નહીં આવે, તાપ સબ તનહીકે જાવે;
કોટી કરી નાશહી જૈસે, સુની ધુની શિંહકી તૈસે.... હ૦ ૨
દેખી યહ જગતકી રચના, ઈનહી મેં કબહુ ના પચના;
તેરે એક ભજનહીં કરના, દેવો કહે હોવે નહી મરના... હ૦૩

—:૦:—

પદ ૭ (રાગ—ગજલ કવ્વાલી તાલ ૩)

તું કયા સુખ દેખી લોભાનો, યહી જગ સ્વપ્ન કરી જાનો;
ઈન્દ્રિય વશ કરત સુર ક્રીડા, સોઈ પશુ જાન હી લીલા.... ટેક૦
નિદ્રા એક દુસરે અહારા, મૈથુન ભયે સમજલે સારા;
સકલ યહ જીવનીકો સરખા, કર તુ નિજ તત્વકી પરિક્ષા.... તું ૧
મૃગજલ દેખવે તાહીં, પાન કછુ કરના હૈ નાહીં;
બીજલી જયોં કરત પરકાશા, છિનકં મેં હોત હૈ નાશા ... તું ૨
યહી વિધ જાન લે માયા, થીર નહીં બાદલકી છાયા;
ચલા ચલી કરત પંથ જાતા, બટાઉ જૈસા તેરા હૈ નાતા.... તું ૩
સદ્ગુરૂ તુઝે બહુતસમજાયા, તેરા તુઝે રૂપ દેખાયા;
યથારથ બાત કહી તેરે, દેવા ગુરૂ હેતુ ભયે મેરે.... તું ૪

પદ ૮ (રાગ—મંગલ તાલ દીપચંદી)

લાલ ધન સા ભૂમી જામે ભકત હરિકે, ધન હરિકથા ઉચ્ચારરે;
ધન વકતા સુનતા સોઈ ધન હૈ, ધન ધન સોઈ નર નાર રે.... ટેક
લાલ ધન સોઇ દેશ ગામ સોઇ ધન હૈ, ધન ધન કુલ પાવનરે;
ધન ધન દેહ ધર્યો હે મનુષકો, પરમારથ જયૌ ધન રે.... લા. ૧

લાલ તિરથ પતિ તિરથ હૈ જે તે, આવી કરે તહાં વાસ રે;
અચલ કથા જહાં હોત હરિકી, સુનત મિટે જમ ત્રાસ રે–લા૦ ૨
લાલ યહ સતસંગ દેવનકો દુર્લભ હૈ, બ્રહ્માદિક સબ કોઈ રે;
યહ સતસંગકો સબહીં ઇચ્છત હૈ, ભાગ્ય બડે જબ હોઈ રે લા.૩
લાલ પૂજા ધ્યાન ધારણા હરિકી, હરિ કીરતિ પરસંગ રે;
કહે દેવા તહાં કલી નહીં વ્યાપે, વાસ વસે શ્રીરંગ રે–લા૦ ૪

પદ ૯ (રાગ—મંગલ તાલ દીપચંદી)

લાલ આજ આનંદ મહામંગલ મેરે, સંતસમાગમ પાયોરે;
પૂર્વકે મહાભાગ્ય કરીકે, હરિ કિરપા બની આયો રે—ટેક૦
હરિજન તાદ્દશ રૂપ હરિકે, અંતર બિચ ન કોય રે;
વિચિ વારી જ્યૌં હરિ હરિજન હૈ, દેખનકે તન દોય રે–લા૦ ૧
મહાજ્ઞાની જે જીવનમુગતા, પ્રગટ પરિબ્રહ્મ રૂપ રે
તાકે સંગ અભયપદ પાયો, અબ ન પરેં ભવ કુપ રે–લા૦ ૨
લાલ સંતનકો મહાતમ કયા વરનો, મહિમા અપરમ પારરે;
ધન ધન દેવા સંગ હરિજનકો, કબહું ન હોવે હાર રે–લા૦ ૩

ગુજરાતી ભાષાનાં ભજનો

પદ ૧૦ (રાગ—રામગીરી તાલ દીપચંદી)

પરમાનંદને રે પામવા, તો હરિજન સેવો
તન મન ધન સોંપી કરી, ચરણે ચિત દેવો—ટેક૦

એવી છે રીત જગતની, જો સગાં ઘેર આવે;
હેતે હૈયે ઘાલી મળે, મનમાં ઘણું ભાવે-પરમાનંદને૦ ૧

જેવા છે મિત્ર ને બાંધવા, તે વલ્લભ બહુ લાગે;
તેથી અંતર રાખે નહીં, મનમાં અતિ અનુરાગે-પરમા૦ ૨

તેથી વિશેષ જાણો સંતને, દંભ કપટ ન આણો;
મનસા વાચા કર્મે કરી, હરિજન હરિ પરમાણો-પરમા૦ ૩

હૈયામાં હરખ અતિ ઘણું, સેવા સાધુની કરતાં;
કહે દેવો એને ગૌપદ, ભવસિંધુ સહેજે તરતાં-પરમા૦ ૪

—:×○×:—

પદ ૧૧ (રાગ—રામગીરી તાલ દીપચંદી)

ભેદુ રે મળે તો વાતું કિજીયે, ભેદુ મરમને જાણે;
અણસમજુને શું કહિયે, પક્ષ પોતાનો તાણે—ટેક૦

ભેદુ રે મળે તો ભેદ કાંઇ નથી, એકરસ થઈને રહીયે;
આનંદ વાધે અતિ ઘણો, એ સુખ કેને કહીયે—ભેદુ૦ ૧

હીરાના ગ્રાહક હીરાઓ લે, મૂલ્ય મોંઘેરાં ખરચી;
બીજા કાંઇ જાણે નહીં રહીયે પોતામાં સરચી--ભેદુ૦ ૨

મુકતાફલની રે ગાંઠડી, ઉઘાડી નવ કીજે;
બદ્રીફલના ગ્રાહકને, એમજ કેમ દીજે--ભેદુ૦ ૩

વિષય રસ વલ્લભ છે જેહને, તેને સુધા કેમ દઇયે;
કહે દેવો એમ જાણીને, સાધુ શરણે રહિયે--ભેદુ૦ ૪

— ✱ —

પદ ૧૨ (રાગ પ્રભાતી તાલ દીપચંદી)

તમે તમારૂં બિરદ સંભાળો નાથજી,
પતિત-પાવન એ નામ તારૂં;
નિર્ગુણ નિર્વિકાર નિર્ભેદ છો શ્રી હરિ,
સગુણ રૂપ થયા નિજ સંત સારૂં-ટેક૦
અંગુષ્ઠ સમાન દેહ ધરી પરિક્ષતની રક્ષા કરી,
તમારા જનની તમે એમ રાખો;
પ્રહલાદ કારણે નૃસિંહજી પ્રગટિયા,
સાધુના દુઃખ તે તમે કેમ સાંખો-તમે૦ ૨
માતને તાત તે તમે છો ત્રિકમા
તમ વિના બીજું હું કંઈ ન જાણું;
દેવાના સ્વામી પ્રભુ યોગ ક્ષેમ કરતા,
હું વચ્ચે સો ઉદ્વેગ આણું-તમે૦ ૨

પદ ૧૩ (રાગ પ્રભાતી તાલ દીપચંદી)

હરિ તારા ચરણ વિણ શરણ બીજું નથી,
વેદ-વાણી સર્વે એમ કહે છે...ટેક૦
ચરણના શરણ વિણ ઉડે આકાશમાં,
અંડ ભેદી અને પાર થાએ;
સપ્ત પાતાળમાં ફરે જો સઘળે,
કાળ છોડે નહીં જ્યાં જ્યાં જાએ...હરિ૦ ૧

ચરણુ ને શરણુ સનકાદિક સરિખા,
શારદા શેષ તે શિશ નામે
તેજ પાદાંબુજ ભજે છે વિદ્વજ્જન,
ધ્યાન ધરીને ભવ પાર પામે...હરિ૦ ૨

ચાર પ્રકારની મુકિત છે જુજવી,
તે ન ઈચ્છે મન મારૂં લેવા;
ચરણુના શરણુમાં રાખજે શામળા,
તાહેરી ભકિત તે દેજે દેવા...હરિ૦ ૩

અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ સમીપ છે સંતને,
ત્રિભુવન સુખ અનિચ્છાએ આવે;
કહે દેવો કૃષ્ણ કમલાપતિ,
તાહરા ભકતને ભકિત વિણુ કંઈ ન ભાવે...હરિ૦ ૪

॥ ॐ ॥

બ્રહ્મનિષ્ઠ બાવાશ્રી રામસંગજી
વિરચિત ભજનો

પદ ૧ (રાગ ઝીંઝોટી તાલ દીપચંદી)

મનગેં પ્યાસ નિત પ્રત આશ,
    પ્રભુસે વિરત રહિ અટકી—ટેક૦
કરહુ ક્રિયા તોભી ચિતતો હરિમયરે.
    કરત જૈસે ખ્યાલ છલપર સુરત જ્યોં નટકી-મનમેં૦ ૧
ભલા ભી કહેગા કોઈ બુરા ભી કહેગા રે,
    વહી લૌકિક લાજ તો સબ ભૂવપર પટકી મનમે૦ ૨
અંતઃકરણમેં ધ્યાન લગો હૈ રે,
    ચક્ષુ જોરે ચંદ્રસે ચકોર જ્યોં લટકી-મનમે૦ ૩
રીતિ રંગકી રામસંગ કહે રે,
    સોઈ જીવે જોઇ પીવે પ્રેમકી બટકી-મનમેં૦ ૪

———

પદ ૨ (રાગ ઝીંઝોટી તાલ દીપચંદી)

મોહન સુનો કતની અરજ હમકો. ગરજ દરશનકી...ટેક૦
પ્યારેકી સુરત વિસરે નિમિષ નહીં રે,
    કહેં સો કયા હમે તુમ સબ જાનહો મનકી-મો૦ ૧

પ્રિયતા બઢે જબ ઐસી દશા હોત રે,
ખડી રોમાવલી હોવે બુઝ નહીં તનકી-મોહન૦ ૨
હમકો પ્યાસ લગી તુમરે દરશકી રે,
અન્ય કછુ નહિ આશ દેહ અરૂ ગેહ સુત ધનકી-મો૦ ૩
વિરહી જનકી રામસંગ કહે રે,
ઓરકી તો બાત નહીં યહ બાત હરિજનકી-મો૦ ૪

ગુજરાતી ભાષાનાં ભજનો

પદ ૨ (રાગ ટોડી તાલ દીપચંદી)

સદગુરૂ મુખે સમજો રે, સ્વે આ આ અવસર ચાલ્યો જાય રે
સદગુરૂ મુખે સમજો...ટેક૦
શ્રવણ મનન નિદિધ્યાસન કરીને,
સાક્ષાત અનુભવ નિજ થાય છે—સદગુરૂમુખે૦ ૧
પૂરણ સૌમાં સત પરમાતમ,
વેદ પુરાણ નિત ગાય છે—સદગુરૂમુખે૦ ૨
જ્ઞાન ગંગા સત્સંગમાં આવીને
તે જન ધન્ય ધન્ય જે નાય છે—સદગુરૂમુખે૦ ૩
બ્રહ્માતમ એક રૂપ જાણો તો,
આનંદ અંગ ન માય છે—સદગુરૂમુખે૦ ૪
રામસંગ કહે ગુરૂ કૃપા થી,
જન્મોનાં પાપ વિલાય છે—સદગુરૂખે૦ ૫

પદ ૩ (રાગ ટોડી તાલ દીપચંદી)

પૂર્ણાનંદ પામી રે, નિજ રૂપ પોતાનું જોઇને,
પૂર્ણાનંદ પામી રે—ટેક૦
ગુંગો સાકર ખાઈને હરખે,
સ્વાદ ન કહેવાય કોઈને–પૂર્ણાનંદ૦ ૧
સિંધુ જોવા ચાલી સૈંધવ પુતલી,
રસરૂપ થઇ આપો ખોઈને–પુર્ણાનંદ૦ ૨
આનંદ અમૃત પાન કરીને,
દોડે નહિ મૃગ તોઇને–પુર્ણાનંદ૦ ૩
રામસંગ કહે બુજ સંભારી
સહજ સમાધિ રહી સોઇને–પુર્ણાનંદ૦ ૪

પદ ૪ (રાગ ધનાશ્રી તાલ દીપચંદી)

મારો હરિ છે ઘટ ઘટ વાસી,
ભલા દર્શન કર્યો મેં દિલમાંહી રે–ટેક૦
સ્થાવર જંગમ સૌમાં પુરણ,
ખાલી નથી તલભર કયાંહી રે–મારો૦ ૧
નભવત વ્યાપી આપ અમાપી,
સચ્ચિદાનંદ સદાઈ રે—મારો૦ ૨
શુદ્ધ સનાતન નિશ્ચલ આતમ,
સ્વે સમજે દ્વૈત ન કાંઇ રે—મારો ૩
રામસંગ કહે ભ્રાંતિ નાશન,
સદ્‌ગુરૂ બુજ બતાઈ રે—મારો૦ ૪

પદ ૫ (રાગ ધનાશ્રી તાલ દીપચંદી)

પ્રિતમ મારા હેતુ હૈયાના, તમ વિના ઘડી કેમ રહેવાય રે... ટેક
મુખ દીઠે સુખ બહુ ઉપજે રે, આનંદ ઉર ન સમાય રે.... પ્રિ૦ ૧
બીજું નહી કોઇ ચિત માં ચિંતવન, સુરતિ લાગી તનમાંય રે... પ્રિ૦૨
વાલમ તારા સુખની વાતો, સાંભળતાં સ્થિર મન થાય રે .... પ્રિં૦૩
રામસંગ કહે રામ અમારા, રસના કેટલા ગુણ ગાય રે... પ્રિ૦૪

—:०:—

પદ ૬ (રાગ—આશા તાલ ૩)

રાસ રમાડી રસિયે વાલે, ગિરધર પ્યારા લાગે છે.... ટેક૦
સુંદરી વ્રજની પ્રેમાતુર થઈ, મધ્યરાતની વનમાં તે ગઈ;
પ્રેમે કરી મુરછાઇ ને રહી, સમજી ઘરને ત્યાગે છે,... રાસ. ૧
સોળે શણગાર અવળા પહેર્યાં સેંથામાં લઈ કાજળ સાર્યાં;
બાળક ને લઈ પછાં વાર્યાં, બાવરી થઇ ને ભાગે છે ... રાસ. ૨
નિરમલ શરદ પુનમ ની રાત્રી, ગોપી થઇ છે કૃષ્ણ સંગાતી;
તદાકાર થઈ મદમાં માતી, બંસી વાલાની વાગે છે ... રાસ. ૩
રાસ રમાડી રસિયે રંગે, અમ જગ મોહ્યા જોઇને સંગે;
ખગ મૃગ થિર થયા અતિ ઉમંગે, અંતરમાં અનુરાગેછે.... રાસ ૪
વ્રહ આતુર સબ સખિયો થઇ છે, મળી કૃષ્ણ માં એક રૂપ રહી છે;
રામસંગ કહે વાત સહી છે કરૂણા દૃષ્ટિ માગે છે.... રાસ. ૫

કચ્છી ભાષાનાં ભજનો

પદ ૭ (રાગ—આશા તાલ ૩)

સંસાર સપનું કુડી બાજી. દિલ ધર સાહેબસેંની બંદા—ટેક૦
જડે ઝપાટો કાલજ દીંધે, હલેયેની વેને રસ્તે સીધે;
મનમન શેભા પુરા ન થાંધે, સતગુરૂ ચેંતી સમજ અધા—સં૦ ૧
ધન મિઝતાં તું ધ્યાન રખે તો, પોર આઠ અલબત ખોયેં તો;
પાંઇજો પ્રભુ તું ભુલી વઞેં તો, જમાર કરીયેં કુડા ધંધા—સં૦ ૨
હિતાં માનખો ફરી ન અચી ધો, ઘણા દીં થયા તોકે મોહમદપીંધે;
વિષય મિંઝાં તોકે તૃપ્તિ ન થીંધે, છડહાણે કુડા કોટા સંધા—સં૦ ૩
મિથ્યાકે તું હાણ મતાણુજ, નામ રૂપકે ખોટા જાણુજ;
રામસંગ ચે નિજમુખ માણુજ, હરિગુરૂ સતની કરૂણા કંધા—સં૦ ૪

પદ ૮ (રાગ—કરાઇડો તાલ દીપચંદી)

વિસરો નતા રાત દીં રે,
વલા અસાંકે વિસરો નતા રાત દીં—ટેક૦
જરૂર ગોકુલનું મથુરાં પધારીંધા,
ભાયો નતે મું ઇંઅ...વલા૦ ૧
પ્રિતલડયું હાણે બધીયું ન મિટન્યું,
જીંય ન ટરે લોઅતાં લીંય.. વલા૦ ૨
જેડી યાદગરી ગોરલેકે મિયજી,
આઉં સારીયાં સજણકે તીંય...વલા૦ ૩
રામસંગ ચે રમાપતિ આં જે,
પગલે અસાંજો નીંય...વલા૦ ૪

પદ ૯ (રાગ—તોડીની કાફી તાલ ૩)

જુલમી ન કજે હિન જાનસે.
એસી સબ જગ ઠાઠ ફના દિસજે;
સબ જગ ઠાઠ ફના દિસજે,
પરદેશ હલણજો ભય રખજે—ટેક૦
અતિથિ અભ્યાગંત અરથું અચે તેકે,
અન્ન વસ્ત્રાદિક દાન દીજે...જુલમી૦ ૧
પીર ફકીર ગરીબ સબે તિનસે,
મુખ બોલ મિઠે કુછજે...જુલમી૦ ૨
વચન વડી મરજાદ સહિત,
સતશાસ્ત્રેજા સત સત મંજજે...જુલમી૦ ૩
પ્રેમાસ્પદ સ્વરૂપ સમજજે,
દેહ મિથ્યાસે નેહ ન કજે....જુલમી૦૪
પિંઢજો રૂપ અનુંપ અખંડિત,
રામસંગ ચહે દીલ ધરજે....જુલમી૦૫

પદ ૧૦ (રાગ—તોડીની કાફી તલ ૩)

લાચાર કુબુદ્ધિ જીવ, જગમેં મતલોભી થ્યા યાર;
મતલોભી થ્યા યાર, દીંયમેં કુડીયું કુછે હજાર—ટેક૦
પૈસેજા સે ગુલામ પામર, ભૂલા ભૂલે ગેમાર...લાચાર૦ ૧
પરદારાસે પ્રીત રખેંતા, ખૂબ મીડે તાં ખુવાર...લાચાર૦ ૨
કામ અંધ બ્યો કીન બુઝેતા, સમજે શ્વાન વેવાર લાચાર૦ ૩

અભાગિયા સે હરિકે ન સુમરે, હિન દુનિયાનું ધાર...લા૦ ૪
રામસંગ ચયે એડા મુરખ. પે ધા નરક ધરાર...લાચાર૦ ૫

---+÷---

પદ ૧૧ (રાગ તોડીની કાફી તાલ ૩)

આધાર જગમેં જીવ, મન સાચોનિ નેહડો કજે;
સચોનિ નેહડો કજે, મનડો હરિ ચરણે રખજે-ટેક૦
કુડીયું પ્રીતું તુટી વિંજેસે, પલમેં દીજે તજે-આ૦ ૧
નિંઢડે વડેં જીવેં તેં ચ્યો, કાલ ગુડે ને ગજે-આ૦ ૨
મૂરખ જનમેં મરેંતા પણ. પ્રભુ ભજીંધે લજે આ૦ ૩
રામસંગ ચયે સ્યાણોસે. જુકો રૂચે રામકે ભજે-આ૦ ૪

----(૦)----

પદ ૧૨ (રાગ જોગિયો તાલ દીપચંદી)

જીનિજે રિદે જાદગરી, સેમું સેણ નેણ દિઠા;
સેમું સેણ નેણ દિઠા, ઉનીજા વચન માન મિઠા-ટેક૦
દૂર દેશજા વાસી, તિનિસે મિલણજી પ્યાસી;
હુઈ તાં અંદરમેં આસી, સે અચિ નજીક વિઠા-જી૦ ૧
દાસ અસી અચું જેંજા, દરશન થયા અજ તેંજા;
મોરલે ઊઝે જન્મેજા. કપેયાં ક્રોડ કરમ ચીઠા-જી૦ ૨
પ્રગટ્યા પુન્ય ભાગ વડા, માંકે પિરિ સજણ ગઢ્યા;
રામસંગ ચવે સદા, રંધા અવશ એકઠા-જીનિજે૦ ૩

(૦)-(૦)

પદ ૧૩ (રાગ જોગિયો તાલ દીપચંદી)

સંતનજા હિતકારી, ભગવત પદ પામીંધા;
ભગવત પદ પામીંધા, આનંદ મગનમેં રેંધા-ટેક૦

આળસ ભ્રાંતિ છડે, નિત સતસંગમેં ઇંધા;
હરિગુરૂ સંતેકે નેણેસં નિરખીધાં;
ઉનીજા વચન સુણી. હિરદે મિંજ ધારીંધા-સં૦ ૧

ગુરૂજે પગલેમેં, મસ્તકકે નામીંધા;
સુગરા સનેહ ધરે, ચરણામૃતકે પીધાં;
મનજો દરદ વડો, તેંકે ધોઇ ટારીંધા-સં૦ ૨

મિથ્યા વિષય ત્યાગ કરે, ઉલટી વૃતિ વારીંધા,
પિંઢસેં તરે એડા પુરૂષ, એકે સેજ તારીંધા.
રામસંગજી ચવે. કારજ તિનિજા સરંધા-સં૦ ૩

॥ ૐ ॥

બ્રહ્મનિષ્ઠ બાવાશ્રી સેવારામજી

વિરચિત ભજનો

પદ ૧ (રાગ આશા તાલ ૩)

મૈં યાચક તેરે દ્વારહિ આયો ગુરૂ,
ભક્તિદાન મોહિ દીજેજી ગુરુ ભક્તિદાન–ટેક૦
તુમ સમર્થ સદગુરૂ પ્રભુ મેરે,
મૈં હું તુમરે ચેરન ચેરે;
અપનો જાની કરો અબ એસી,
ગુરૂ દુરમતતે રખ લીજેજી—મૈં૦ ૧
ચરણ કમલ તુમરે નિત સેવું,
ગદ ગદ રસના નામહિ લેવું;
શ્રદ્ધા પ્રીત રહે હિરદેમેં,
ગુરૂ પ્રેમ ભાવ મન ભીજેજી--મૌં૦ ૨
શીલ સંતોષ ક્ષમા સુચિ સમતા,
ધીરજ શાંતિ ઉત્તમ વિધી નમતા,
આતમ સ્થિતિ દીજે ગુરૂ દેવા,
યહ અટલ દાત નવ છીજેજી--મૈં૦ ૩
વિવેક વિચાર સાર સત રાચું,
જ્ઞાન વિજ્ઞાન તુમરિ યાચું;
સેવારામ પ્રણવે ગુરૂ સ્વામી
યહ કૃપા દૃષ્ટિ મોહિ કીજેજી--મૈં૦ ૪

પદ ૨ (રાગ સોરઠ તાલ દીપચંદી)

આનંદમેં ઘર કીના, સંતન આનંદમેં ઘર કીના;
આનંદમે ઘર કીના--ટેક૦
તૃષ્ણા મેટ ભયે બિન તૃષ્ણા,
જ્ઞાન ગુરૂકો ચીના;
પાંચહિ ચોર પ્રબલ ઘટ ભીતર,
સંગ તિનીકો છીના--સંતન૦ ૧
હરદમ દમમેં ચૈતન રહના,
મન પવના વસ કીના;
આપહી આપસે બોલન લાગે,
મીનકો મારગ લીના--સંતન૦ ૨
રાજસ તામસ સાત્વિક ઉપર,
ચોથે પદ લય લીના;
ચોથે પદમેં અમૃત બીયરી,
પ્રેમ કટોરા ભર પીના--સંતન૦ ૩
આઠો પ્રહર મગન મનમાંહી,
પરમારથમેં પ્રવીના;
સેવારામ હરિ બસે હિરદેમેં,
રોમ રોમ રંગ ભીના--સંતન૦ ૪

પદ ૩ (રાગ બિભાસ તાલ પંજાબી ઠેકો)

શ્રી ગુરૂદેવ બડે મહારાજા,
લોક પરલોક મેરી રાખો લાજા--ટેક૦

મેરે અવગુન ચિત નહીં આનીયે.
આપનો બિરદ બડાઇ ગનીયે—શ્રી ગુરૂદેવ૦ ૧
જનમ જનમ બહુ કર્મ કમાયે.
બકસી લેહુ મોહી શ્રી ગુરૂરાયે—શ્રી ગુરૂદેવ૦ ૨
માત ઉદર સુત પાદ ચલાવે
સુત અપરાધ મન માત ન લાવે—શ્રી ગુરૂદેવ ૩
ખાડ સર્પ જલ અગ્નિ તે રાખે,
માત પિતા સુત હિત અભિલાખે—શ્રી ગુરૂદેવ ૪
તેસે પાલહું શ્રી ગુરૂ મેરા,
સેવારામ જન ચેરન ચેરા—શ્રી ગુરૂદેવ૦ ૫

---+÷---

પદ ૪ (રાગ ભિભાસ તાલ પંજાબી ઠેકા)

સતગુરૂ સાહેબ સ્વામી મેરે, જાચતહું દ્વારહી તેરે—ટેક૦
તો દર સ્વાલી બહુ હરખાને, આતમ લાભ પાઈ તૃપતાને-સ૦ ૧
જેજે આયે ગયે નહીં ખાલી, હરિ હીરાનિધિ તાંહી દીવાલી-સ૦ ૨
જનમ જનમ તિન ખાતે તુટે, ધર્મરાયકે કરજ હું છુટે-સ૦ ૩
ખોલી દિલાવો કૃપાભંડારા, ભાવભકિત નિજનામ ઉચ્ચારા-સ૦ ૪
ચરન કમલ સેવા દ્રઢ દીજે, સેવારામ શરને રખ લીજે-સ૦ ૫

----(૦)----

પદ ૫ (રાગ સાગૈયાનો)

ભેટયા સંત દયાલારે જાગ્યા ભાગ્ય વિશાલા—ટેક૦
કરી કૃપા ચરણે સંગ મિલાયો.
જાની સો અપને બાલારે—જાગ્યા૦ ૧

ભવસાગરતેં ખેંચ લીયો હૈ,
કેશ પકડ તતકાલા રે—જાગ્યા૦ ૨
ડુબત રાખ લીયો જન અપનો,
પતિત પાવન બ્રદ પાલારે—જાગ્યા૦ ૩
અમૃત વચન સુનાયે મનોહર,
સેવારામ કીનો ન્યાલા રે—જાગ્યા૦ ૪

પદ ૬ (રાગ સામૈયાનો)

સંત મીલે સુખકારી રે, ભઈ કિરપા ભારી—ટેક૦
આજ અનુપમ દિવસજ પ્રગટયો, મહામંગલ વરતારી રે–ભ૦ ૧
ધનધન ભાગ્ય હમારે રે સજની, પરસ્યો સંત સુખારી રે–ભ૦ ૨
દર્શન દેખત હુયા રે વધાણા, ઉલટયા પ્રેમ અપારી રે–ભ૦ ૩
સેવારામ સંત ચરણરજ ઉપર, વાર વાર બલિહારી રે–ભ૦ ૪

----(૦)----

પદ ૭ (રાગ પ્રભાતી તાલ દાદરો)

જાચક જન દ્વાર આયો, સ્વામી ગુરૂદેવા;
કૃપાકે નિધાન દીજે, ચરન કમલ સેવા—ટેક૦
શાંતિ શીલ સબર તોષ, નમણ ખમણ નેહા;
પ્રેમ પ્રીતિ ભાવ ભકિત. માંગતહું એહા—જાચક૦ ૧
વિવેક વિચાર સાર, ઉત્તમ બુદ્ધિ જાચું;
આર્જવ અક્રોધ મતિ, રામ રંગ રાચું—જાચક૦ ૨
શમદમાદિ દાન દેહુ, શ્રદ્ધા સત ભાવા;
જ્ઞાન ધ્યાન અચલ હોય, આતમ સ્થિત પાવા—જાચક૦ ૩

તેરે તો ભંડાર સુભર, ભરે હૈ દયાલા;
સેવારામ ચાહત ભીખ નજર કરો ન્યાલા—જાચક૦ ૪

પદ ૮ (રાગ પ્રભાતી તાલ દાદરો)

મૈં અનાથ શરન સ્વામી, અપનો અબ કીજે;
ડૂબત ભવસાગર માંહી, ભુજા પકડ લીજે—ટેક૦

રાગ દ્વેષ કંઠા દોઉ, મન મનોરથ નીરા;
તરંગ અમિત તૃષ્ણા, પુનિ આશા વધત વીરા—મૈં૦ ૧

વડવાનળ ચિંતા ચિન્ત, ભરમ ભમર હોઈ;
અવિદ્યા તહાં ઊંડતા, અજ્ઞાન ગાજ સોઈ—મૈં૦ ૨

કામ ક્રોધ લોભ મોહ, મત્સ્ય મહાભારી;
દંભ રંભ આદિ આન, જંત હૈ અપારી—મૈં૦ ૩

શ્રી-ગુરૂ દયાલ મોહી, ખેંચી લીજે કાઢી;
સેવારામ પાર કરો, શરન નાવ ચાઢી—મૈં૦ ૪

——(★)——

પદ ૯ (રાગ પ્રભાતી તાલ દાદરો)

શ્રીગુરૂ કૃપાલ લાલ, બાલક હું તેરા;
ભાવેત્યોં પાલ બિરદ, જાની નિજ ચેરા –ટેક૦

મૈં ચોર્યાસી કુપ પર્યો, લીની આયે દુખિયા;
લોભ સહિત લાર ઉપર, મુખ પસારી જુડિયા...શ્રીગુરૂ૦ ૧

તલે કાલે વ્યાલ પડયો, સૂઝત નહિ ઓઈ;
રાત દિવસ ઉંદર આયુ, કતરત હૈ સોઈ.. શ્રીગુરૂ૦ ૨

ઐસે અંધેરે કૂપ માંહી, કાઢો ગુરૂ દેવા;
પ્રેમ ડોરી પાઇ ખેંચી, લીજે તતં ખેવા...શ્રીગુરૂ૦ ૩
ચરન કમલ સેવા દૃઢ, દીજે મેરે સ્વામી;
સેવારામ શિશ નાઇ, કરત હૈ નમામી....શ્રીગુરૂ૦ ૪

---÷+---

પદ ૧૦ (રાગ--પ્રભાતી તાલ દાદરો)

જગત બીજ વાસના, નિવાર ગુરૂ મેરી;
અબકી બેર રાખ મોહી, શરન ગ્રહી તેરી...ટેક૦
કબહુ લે પતાલ ધસી, કીયો નરક ગામી;
કબહું લે આકાશ ઉડી, સ્વર્ગ ભોગ હામી...જગત૦ ૧
કબહુ નારી કબહુ પુરૂષ, વાસના ભ્રમાયે;
કબહુ પશુ પક્ષી આદિ, જોનીમેં રમાથૈ. જગત૦ ૨
જેસે જ દો માંકડો, પિનાઇ હાટહાટા;
તેસે ઈન મોહિ ફેર્યો, વિષય સુગમ ઘાટા...જગત૦ ૩
દીનકે દયાલ ગુરૂ, બંધ તે છુડાવો;
સેવારામ દાસકી જું, ફાંસકો મિટાવો...જગત૦ ૪

———

પદ ૧૧ (રાગ--પ્રભાતી તાલ દાદરો)

સુન પુકાર શ્રીગુરૂ, સહાય સદા કીજે;
તૃષ્ણા નિવાર ડાકની, ઉબારી દાસ લીજે. ટેક૦
ત્રિલોકી રાજ પાઇ, તોભી તૃપતિ નહિ હોતી;
ઉંડો ઉદર અભર ભૂખી, નયન ભરી જોતી...સુન૦ ૧
સર્વ જીવ રાંધને, પકાવને લગાયે;
સાત સાયર પાન કરે, તદપિ ન અઘાયે...સુન૦ ૨

લબરકાહિ કરત જીભ, બહુરી ચાપ ચાટે;
નિચની પિશાચની સો. મોહિ હીય કાટે.. સુન૦ ૩
સંતોષદાત ભેજીકે સુપાપની પ્રહારો;
સેવારામ શરન રાખ, બિરદકો સંભારો... સુન૦ ૪

(૦) (૦)

પદ ૧૨ (રાગ—પ્રભાતી તાલ દાદરો)

ઉદય પ્રતાપ આપનો, ગુરૂ દયાલ કીજે;
મહા વિકટ કટક કોટિ, જટક પટક દીજે...ટેક૦
મોહરાયકી જુ ફોજ, મહા વિષમ ભારી;
કામ ક્રોધ લોભ આદિ, બડે અહંકારી...ઉદય૦ ૧
હર્ષ શોક રાગ દ્વેષ, દંભ રંગ આદિ;
મત્સર ઉદમાદ ત્રિગુણ, તાપત્રય વિષાદિ...ઉદય૦ ૨
પક્ષપાત માન સાન, આપદા અજ્ઞાના;
અરિદલ યહ ઘેરી આયો, તાહિતે બચાના...ઉદય ૩
વિવેક ફોજ સાથ દેહુ, વેરી સબ મારે;
સેવારામ રામ આણુ, ફેરી દેઉ પ્યારે....ઉદય૦ ૪

——:૦:——

પદ ૧૩ (રાગ—પ્રભાતી તાલ દાદરો)

રાખ રાખ શરન મોહિ શ્રી ગુરૂ દયાલા;
કાલ વ્યાલતેં બચાઈ, કાટિ માયા જાલા...ટેક૦
અવિદ્યારૂપ હોઈ મોહિ, માયા બંધ કીનો;
કર્મજાલ માંહે ઘેરી, જીવ નામ દીનો...રાખ૦ ૧
દેહ માની આપ મિથ્યા, અહં બુદ્ધિ ધારી;
મોહ મગન હોઈ રહયો, વિષેકો વિકારી...રાખ૦ ૨

જન્મ જન્મ છૂટે કંન. દીને બહુ ક્ષોભા;
કાલકે આધિન ભયો, તુટી ગઈ શોભા...રાખ૦ ૩
સદ્‌ગુરૂ પુકાર સુનો, તુમહો જ્ઞાન દાતા;
સેવારામકો છોડાઈ, અબહી લ્યો ત્રાતા...રાખ૦ ૪

પદ ૧૪ (રાગ—પ્રભાતી તાલે દાદરો)

અખંડ બોધ આતમા, અક્રિય અનાદિ જોઇ;
સત ચિદ આનંદરૂપ, સદ્‌ગુરૂ હૈ સોઈ...ટેક૦
પરંબ્રહ્મ પરમધામ, પરમાતમ જાનો;
પરાપાર પરમ પુરૂષ, સદ્‌ગુરૂ પ્રમાનો. .અખંડ૦ ૧
નિર્ગુન નિરાકાર પ્રભુ, નામ રૂપ ન્યારા;
સોઈ ગુરૂ સગુન બની. આયે અવતારા....અખંડ૦ ૨
નિરંજન નિરવાન નાથ, કૈવલ્ય અવિનાશી;
ગુરૂરૂપ દેહ ધરી, પ્રગટે સુખરાશી...અખંડ૦ ૩
જાકો વેદ નેતિ નેતિ, ગાવત શિર નામી;
સેવારામ સોઈ ગુરૂ, મેરે અંતરયામી...અખંડ૦ ૪

----(૦)----

ગુજરાતી ભાષાનાં ભજનો

પદ ૧૫ (રાસ રાગ સામૈયાનો)

રૂડું દર્શન પામ્યો મહાસંતનું રે,
અનુગ્રહ થયું ભગવંતનું રે,—ટેક૦
કાંઈ રૂડી થનાર મને દીસતી રે,
કાઢી લીધી સંસારમાં ચીસથી રે—રૂડું૦ ૧

પ્રભુ મેર કરી ઘણી આમ પરે રે,
    જ્યારે શિશ નમાવ્યું ચરણ ઉપરેરે—રૂડું૦ ૨
મારા નેણ નિરખીને સફલ થયાં રે,
    શબ્દ સુણી શ્રવણે દુખડાં ગયાં રે—રૂડું૦ ૩
કહે દાસનો દાસ સેવારામ છે રે,
    મારા સંત-સ્વરૂપને પ્રણામ છે રે—રૂડું૦ ૪

——:૦:——

પદ ૧૬ (રાસ રાગ સામૈયાનો)

વાલા સંત મારે ઘરે આવીયા રે...ટેક૦
    રૂડા રામ સ્નેહી મન ભાવીયા રે.. વાલા ૧
બ્રહ્માનંદ મગન લયલીન છે રે,
    જીવનમુક્તા તે સંત અનુપ છે રે...વાલા ૨
જેની સુર્તિ તે પરબ્રહ્મમાં વસી રે,
    નિજ બોધ સ્વરૂપમાં ગયા ધસી રે...વાલા ૩
સેવારામ વંદતે શિશ નાઈકે રે,
    સંત ચરણ હિરદેમેં વસાઈકે રે...વાલા ૪

સિંધી ભાષાનાં ભજનો

——(✻)——

પદ ૧૭ (રાગ બિહાગ તાલ ૩)

રામ નામ સંગ થીંધે રે,
    હિક રામ નામ સંગ થીંધે રે...ટેક૦

મરણ વેરા મેટ મોચારા, ઓડી કોઇ ન ઇંધે રે,
તોકે ઓડી કોઈ ન ઇંધે રે...રામ૦ ૧

કાઢા કાઢા સૌ કોઈ ચવધે, પુઠીયા ચોકો દીંધે રે,
તોજો પુઠીયા ચોકો દીંધે રે,..રામ૦ ૨

ઠલો ઠિકર ઠોકીધે મથેમેં, પોયતાં કાંઢી દીંધે રે,
તોકે પોયતાં કાંઢી દીંધે...રામ૦ ૩

સેવારામ સુતક વઠી વેંધે, પ્રેત પ્રેત પોય ચોંધે રે,
તોકે પ્રેત પ્રેત પોય ચોંધે રે...રામ૦ ૪

---+÷---

પદ ૧૮ (રાગ હુસેની તાલ ૩)

હિતે જીયણુચાર થોડો જગમેં,
મથે કાલ સુજેતો ઘણુંક હરિ, હિતે જીયણુગાર-ટેક૦

રાવણુ કુંભકરણુ બલવંતા,
કાલ ચબ્યા હિક શ્વાસ કરી....હિતે૦ ૧

કૌરવકો દલે જોર ભયો હૈ,
કાલ હણ્યા મન મોહ ધરી...હિતે૦ ૨

છપ્પન ક્રોડ કુલ યાદવ હુવડા,
કાલ ખપાયા હિક લગી ન ઘડી...હિતે૦ ૩

કાગજ કોટ રહે કેતરો,
જીતે કાલ ગલોલેજી ચોટ ઠરી...હિતે૦ ૪

સેવારામ ચવે સુણુ મનવા,
જપ રામ રિદે તરી કાલ ડરી...હિતે૦ ૫

પદ ૧૯ (રાગ હુસેની તાલ ૩)

વિંજે જોબનપૂર સરાર હલેયો હિન જગમેં અસ્થિર કોય ન રેયો,
વિંજે જોબન પૂર............ટેક૦

કરકી ચંગાયું મેટ મંધાયું, વાટ વટાઉડો તું જ અયે -વિંજે૦ ૧
ખગીગુણ સુંચારણ બધ ગઠડી, કમ ઇંધે સા પરલોકમૈયેં–વિંજે૦ ૨
આલસ ઉંધન વાર પરે. જપ રામ નામ સુખસાર હૈયેં-વિંજે૦ ૩
તોકે જીંય ગુરૂ ચેયો કનમેં, તુંતાં તીંય કરીયે ત મોક્ષલૌ યે–વિંજે૦ ૪
સેવારામ શરણ સદગુરૂજે, ભવસાગરમે તું તાં ન બૌયે-વિંજે૦ ૫

---+÷---

પદ ૨૦ (રાગ હુસેની તાલ ૩)

છાકે ભાર ઉઠાયેં ખણી શિરતે,
છડેડાર એંકાર વિકાર ભરી; છાકે ભાર ઉઠાયેં–ટેક૦
હિન દેહ અભિમાન મુઠા કેતરા,
પ્યા નરક મિંઝા નિકર્યા ન વરી-છાકે૦ ૧
ઓચો ગાત્ર કરે હલેયા જગમેં,
તેજો કાલ ભંજે કંધ લાય ન ઘરી-છાકે૦ ૨
કુડ લુંચાયું કો કરીયેં તો,
મોંઘા પવંધે મારવરી–છાકે૦ ૩
અણહુંધો છો તું ભાર ઉઠાઇયેં,
જિત તિત પૂરણ આયે હરિ-છાકે૦ ૪
સેવારામ સફલ થીંધો ફેરો,
નામ જપી હૈયે હેત ધરી–છાકે૦ ૫

પદ ૨૧ (રાગ હુસેની તાલ ૩)

હલ સાધ સંગત દેહ મોબતસેં,
મન તોકે ભલાઇ થીંધી ઘણી...હલ સાધ સંયત–ટેક૦
સુમત ઇર્છીંધા કુમત કઢિંધા,
અંધર દિસિંધા ધૂઝ ઘણી. હલ૦ ૧
સંત વચન સત સત કરી મંજજે,
અસત વચન કીન ચોંધાખણી....હલ૦ ૨
સંત મોલમેં તું સુખ પાંઈધે
અખંડ આનંદ તોકે ઇંધો ભણી...હલ ૩
સેવારામ ચવે સતસંગમેં,
નિરમલ મત તોજી ઇંધી છણી...હલ૦ ૪

———

પદ ૨૨ (રાગ—ભજન તાલ દીપચંદી)

જેકર છાલ થીયાં રે, જેડયું ઘર સતન પાણીયારી રે;
જેકર છાલ થીંયા–ટેક૦
ચપી કરીયાં આઉં ચરનનજી સાંઈ વો,
ડીયાં અંગણ બો વા રી રે...જેકર૦ ૧
ચાકર ઉનજી રે આંઉ થીયાં સાંઇ વો,
કરીયાં ટેલ સંભારી રે...જેકર૦ ૨
નિરમલ નેહી રે રામ સનેહી ભલા,
સંત સદા ગુલજારી રે જેકર૦ ૩
સદા એસો રહો સંગ સંતનજો ભલા,
સેવારામ બલિહારી રે...જેકર૦ ૪

સોરઠા

વસ્તુ ગતે સો એક, યામે કછુએ ભિન નહિ;
હરિગુરૂ સંત વિવેક, નામ મનોહર મુર કહે. ... ૧

છંદ નારાચ.

હરિ ગુરૂ જુ એક હૈ, વિવેક સોં વિચારજે;
કરી કૃપા કૃપાલકી, જુ આપકો ઉધારજે;
લહેજુ ભેવ જ્ઞાનકો, અજ્ઞાન અંતગ તજે;
અખંડરૂપ આતમા, ભલીજુ પ્રીતસોં ભજે. . . ૨
નહ્રર હૈ નજીકસો, ન નીલ પીત રંગ હૈ;
નસ્વેત શ્યામકો કહે, ન બાલે વૃદ્ધ અંગ હૈ;
ન પારહૈ અપારકો, ન વૈખરી પિછાનહીં;
સદા અસંગ આતમા, પરાત પાર માનહીં. ... ૩
કયોં પરાત પાર હૈ, લખે ન કોઇ ભેવકો;
અનામયં અચિત હૈ, દૃશ્યો ન જાત દેવકો;
યથામતી જુ ભાખહીં, લખ્યો ન જાત કયો લહૈ. ૪
ગુરૂજબે કૃપા કરે, તબેસુ તત્વકો લહૈ;
મિટે અજ્ઞાન આનકો, દુ રીત કો દુરી દહે;
લખેજુ સાચ સારકો, અસાર કો ન ધારહીં;
ગ્રહીજૂ જ્ઞાન કેવલં, અજ્ઞાન કો નિવારહી. ... ૫
લખ્યો સ્વરૂપ બ્રહ્મકો, ચરાચરંજુ દેખહી;
ભિન્નભિનં ન ભાવહે, ન કાહુકો ઉવેખહી:
હરી હરિજુ દર્શહી, હરી વિના ન આનહૈ;
હરી હરી જપે સદા, હરી હરી સુધ્યાનહે... ૬
હરી હરી જુ બોલહી, હરી હરી સુધ્યાવતે;
હરી હરી બખાન હૈ, હરી હરી સુ ગાવતે;
હરી હરી જુ ચિંતવે, હરી હરી સુ માનતે;
હરી હરી જુ વંદહી, હરી હરી પિછાનતે... ૭

અચિત રૂપ આત્મા. સ્વરૂપ સો ધરે સદા;
વૃતિ અડોલવારધી, ન કાહુપેં ચલે કદા;
તપે રવિ નિદાનકો, કછુ ન ઉષ્ણ લાગહી;
મતો અપાર જ્ઞાનકો, જાુતાહિકો ન ત્યાગહી ... ૮

પ્રમાણિકા છંદ

ન કામ ક્રોધ લોભ હે, ન સોભકો અસોભ હે;
ન ગોહદ્રોહકો કરે, ન ભેદ ભાવના ધરે ... ૯
સબેજુ દ્વૈત ત્યાગહી. ન સંગ દોષ લાગહી;
તજે ન વેદ આમના, કરે ન મન કામના ... ૧૦

દોહા

જ્ઞાની ગુરૂકો વંદીયેં, જુગલ જોરિકે પાન;
રવિ હરતજ્યોં તિમિરકો, ગુરૂ હરે અજ્ઞાન ... ૧૧
પ્રાપતિ જો પરિબ્રહ્મકી, જાકે વચન તેં હોય,
તાકી પંદરજ પરસિયે; ગુરૂસમ આનન કોય ... ૧૨
જિનહીકે અજ્ઞાનકરિ, ભાસત માયા ભાસ;
સત્ય સ્વરૂપકે જ્ઞાનતેં, દિસે બ્રહ્મ વિલાસ ... ૧૩
જ્ઞા નીકે ઉપદેશતેં, મિલે પરિબ્રહ્મરાય;
દેવા ગુરૂ ધન ધાન્ય હે, વંદન યોગ્ય સદાય ... ૧૪
પ્રનય કરી કરજોરિકે, ચરનકમલકી સેવ;
વિઘન હરે મંગલ કરે, જયજયજય ગુરૂદેવ; ... ૧૫
જો પરહી ગુરૂચરનમેં. સો તરહી તતખેવ;
સો ફીર ઉદર ન આવહી, જય જય ગુરૂદેવ. ... ૧૬
ગુરૂબિન સંશય ના મિટે, ગુરૂબિન મિલે ન ભેવ;
ગુરુબિન જ્ઞાન ન ઉપજે, જય જય જય ગુરૂદેવ. ... ૧૭

જ્ઞાની ગુરૂ પ્રસાદતેં પરી ભજનકી ટેવ;
લાગી લગન લોચન ખુલે, જય જય જય ગુરુદેવ. ... ૧૮

પરાપાર પરિબ્રહ્મ જે, અકલ અખંડ અભેવ,
તિન વપુધરી કરુણા કરી, જય જય જય ગુરુદેવ—૧૯

ધરે ધ્યાન ગુરૂ દેવકો ધ્યાવે અંગ અવેવ;
સો પાવે મહા મુકિતસુખ જય જય જય ગુરુદેવ—૨૦

ભયો પ્રકાશહી બ્રહ્મકો, ગયો સકલ અહમેવ,
અંતર ઉદયો આતમા, જય જય જય ગુરૂદેવ--૨૧

ગુરૂ સોઇ પરિબ્રહ્મ હે, ગુરૂ નિરંજન એવ;
વિહારી પદ વંદન કરે, જય જય જય ગુરૂદેવ—૨૨

ચોપાઇ

નમો નમો ગુરૂદેવ ગુસાંઈ, મેં આયો તુમરી સરનાઇ;
તાતેં કરોં વિનય કરજોરી, નાથ યથામતિ સામ્રથ મોરી; ... ૨૩
પશ્ચિમ ખંડ ધરા કચ્છદેશ, તહાં સદ્ગુરૂ દેહ ધર્યો નરેશ;
હમલા ગામ સુથાનકવાસા, જહાં સુખ પાવે સંત નિવાસા — ૨૪
તહાં પ્રગટે ગુરૂ સાહેબ દેવા, પૂરન બ્રહ્મ અખંડ અભેવા;
યાદવ કુલમેં ભયે અવતારા, જીવ અનેક ઉધારનહારા. — ૨૫
જન્મ ધર્યો જીવનિકે કારન, તાકો સદગુરૂ આયે તારન;
માત પિતા કુલ કુટુંબ પ્રવારા તાકો સદ્ગુરૂ તારનહારા. — ૨૬
ધનધન માતપિતા ધનબંધુ, જા ઘર પ્રગટે કરૂંણા સિંધુ;
ધન સો નગર વસેજા માંહીં, તામેં લોક સસે ધનતાહીં -- ૨૭
ધન ધન શિષ્ય કરે જો સેવા, તાપર કૃપા કરે ગુરૂદેવા;

સેવક સંગ રહેસો ધન હૈ. જાકો રાતદિવસ દરશન હૈ. — ૨૮
ધન ધન ભુમી જહાં વિચરહી, તા ભુમી કો પાવન કરહી;
જો કોઇ ચંદન પુષ્પ ચઢાવે, તો પ્રિયતા મનમેં નહિ આવે — ૨૯
જો કોઇ કુટીલ વચન મુખ દાખે, તાકો દોષ હદે નહિ રાખે,
સીતલશાંત સદા સ્થિર માના, બ્રહ્મવિના દેખે નહિ આના. — ૩૦
બ્રહ્મભાવ કરિ બ્રહ્મ પિછાન્યો, બ્રહ્મરૂપ આપ એક કરી જાન્યો;
તાતે બ્રહ્મરૂપ ગુરૂ દેવા, અકલ અખંડ અનંત અભેવા—૩૧
જો નિર્ગુણ નિર્ભેદ નિરંજન, સો મેરે ગુરૂ ભયદુઃખ ભંજન
એક અજન્મા જો અવિનાસી, સો મેરે સદગુરૂ સુખરાશી—૩૨
એક અખંડિત અકપ્ર અમાપક, સો મેરે ગુરુ ઘટ ઘટ વ્યાપક;
જો ચિદ્રૂપ ચલે નહિ ડોલે, સો મેરે ગુરુ ઘટ ઘટ બોલે—૩૩
જો વ્યાપક જલ થલકે માંહિ, સો સદગુરૂ દુજાકો નાહિ;
તતેં એક આદિ મધ અંત, સદગુરુ આપ સ્વયં ભગવંત—૩૪
ગુરૂ ગોવીંદ ગુરુ સોઈ રામા, એકહિ રૂપ ધર્યા દોઈ નામા;
દેવા સદગુરૂ સાહેબ મેરા, ભેટત ચરન મિટયા ભવ ફેરા—૩૫
દેખી દીન દયા મન આની, કરી કૃપાજન અપનો જાની;
જન વિહારી ગુરુ મહીમા ગાવે, સકલ સંતકો શીશ નમાવે—૩૬

દોહા

વ્યાપક સબ ઘટ આતમા, જાકો આદિ ન અંત;
સો મેરે ઉર નિત વસે, જય જય ગુરુ ભગવંત—૩૭

જાકો ગાવત વેદ નિત, અકલ અખંડ અનંત;
સો મેરે નિજ આતમા, જય જય ગુરુ ભગવંત—૩૮

જુઠા કલ્પિત જિન વિષે, સકલ ચરાચર જંત;
સમરસ ખેલે સબનમેં, જય જય ગુરૂ ભગવંત—૩૯

સબ જડ ઇંદ્રિય જિનહિંતે, લ્હે ચેતન વરતંત;
સોઈ પ્રગટ પરમાતમા, જય જય ગુરૂ ભગવંત- ૪૦
ખોજ્યા જિન ખાંખત કરી, તિન પાયા નિજ તંત;
પાયા ગુરુ પ્રસાદતેં જય જય ગુરુ ભગવંત- ૪૧
ગુન નિર્ગુન નહિ જિન વિષે, સોઇ સબ ગુનવંત;
તબસો દુજા કયા કહે, જય જય ગુરુ ભગવંત- ૪૨
ઐસે આતમ તત્ત્વકો, જો સમજે સો સંત;
સો ઉત્તમ હે સબનિતેં, જય જય ગુરૂ ભગવંત- ૪૩
સમજા સમજી ત્યાં સમ્યા, માનુભાવ મહંત;
વિહારી વંદન યોગ્ય હૈ, જય જય ગુરૂ ભગવંત- ૪૪

ચોપાઈ

ઇનકો પઠન પ્રાત ઉઠી કરહીં, ગુરૂકે ચરન કમલ ચિત ધરહીં:
યહ ગુરુમહિમા સુને સુનાવે, તાકો ફેર જન્મ નહિ આવે-૪૫

કુંડલિયા

દેવા યહ વર દીજીયે, ઉપજે આતમ જ્ઞાન,
ચરન તુમારે ચિત વસે, ધરોં નિરંતર ધ્યાન,
ધરોં નિરંતર ધ્યાન, અવર ઇચ્છા નહિ કોઈ
દુર્લભ યહ વરદાન, દયા કરી દીજે સોઇ,
કહે વિહારી કર જોડ, સદા સંતનકી સેવા,
ઉપજે આતમ જ્ઞાન, દીજીયે યહ વર દેવા- ૪૬

પરંપરા ગુરૂ પદ્ધતિ

દોહા

સદચિદ આનંદરૂપ નિજ નામરૂપ જગદ્વંદ;
પ્રથમ વસ્તુ નિર્દેશ યહ, મંગલ નિજ સુખકંદ – ૪૭

દ્વિતીય વંદના રુપ જો. મંગલ શુભ નિષ્કામ:
મન તન ધન કુલબાન કરી, વંદો સદગુરુ રામ— ૪૮

તૃતીય મંગલા ચરણુંજો. સ્તવનરુપ પુનિ હોય;
ગુરુ સબ નિતે શ્રેષ્ઠ હૈ. ગુરૂસમ આન ન કોય— ૪૯

મંગલૈત્રયત નમન કરી. સાંપ્રદાય અનુસાર;
પરંપરા ગુરુ પદ્ધતી, તાંકો કરો ઉચાર— ૫૦

ચોપાઈ

ચિદાનંદ સત બ્રહ્મપ્રગટ પરમાતમ દેવા:
અકલ અચિંત અનામ, અરૂપ અતીત અભેવા;
આપહિ અપની શકિત તાહીંતેં જગ ઉપજાયો;
થિરચરકોં આધાર, શ્રુતિ નારાયણ ગાયો— ૫૧

નારાયણકે નાભી કમલ, પ્રગટે ચતુરાનન;
બ્રહ્મરૂપ પ્રતિપાદક. ચારોં વેદ પારાયન;
તપોનિધી પ્રગટે તિનતેં. મુનિ ગુરૂ વશીષ્ટ;
બ્રહ્મભૂત કરૂણાકે સાગર, સકલ વરીષ્ટ— ૫૨

શકિત મુનિ પ્રગટે તિનતેં, પરમાદ્ભુતજ્ઞાની:
ચિદાનંદમય સમરસ, મહા મંગલ વિજ્ઞાની;
શકિતતનય મહારાજ, પરાસર તપકે આગર
બ્રહ્મલીન મન સદા, સદોદીત સુખકે સાગર— ૫૩

પુત્રરૂપ દેહ પ્રયટ ભયો, તિનતેં ગુરૂ વ્યાસ;
વેદ મથન કરી બ્રહ્મસૂત્ર, જીન કીયો પ્રકાશ;
ભારત ઈતિહાસાદિક, અષ્ટાદસહિ પુરાના;
ભકિત જ્ઞાન વૈરાગ્ય, ધર્મ વર્ણાશ્રમ નાના— ૫૪

વ્યાસપૂત્ર યોગીંદ્ર વિરાગી, શુક મહારાજા;
સપ્ત અહર્નિશે કીનો, મોક્ષ પરિક્ષત રાજા;
શિષ્ય તિનહીકે ગૌડ પાદ આચાર્ય જાતો;
પ્રગટ કીયો સંન્યાસ, ધર્મ બહુ દિન અલપાનો— ૫૫
યોગીંદ્ર ગોવિંદાચાર્ય તિનકે શિષ્ય;
શરનાગત જન મેટનહારે ભુત ભવિષ્ય;
તિનકે શંકર આચાર્ય, સબ જગ સુખકંદા;
કરિ દીનો પ્રસ્થાન, જગતમેં મેટયો દંદા— ૫૬
કરી દિગનિમેં વિજય. બોધ પાખંડ ઉડાયો;
એક બ્રહ્મ અદ્વૈત, સબલ મતે સબનિ દ્રઢાયો;
સૂત્ર શ્રુતિ સ્મૃતિ વાકય વ્યવસ્થા કીન યથાર્થ;
ગૌન પદારથ તીન, મુખ્ય કરી મોક્ષ પદાર્થ— ૫૭
ચાર શિષ્ય તિનકે, પરમાદ્‌ભુત અજીત અકામ;
પરમબ્રહ્મ લયલીન, કહું અબ તિનકે નામ;
પ્રથમ પદ્મપાદાચાર્ય, તમ ભ્રાંતિ દિવાકર;
દ્વિતીયયસુ હસ્તામલક, બ્રહ્મ અનુંભવ રત્નાકર— ૫૮
તૃતિય ત્રોટકાચાર્ય, શરણાંગત સુખદાયક;
ચતુર્થ વાર્તિકકાર, તજ્ઞ જન ભજવે લાયક;
પ્રગટ ભયે તિનતેં દશનામી, શિષ્ય ધુરંધર;
દૂર કરન મારૂત સમ, જગ તમ મેઘાડંબર— ૫૯
તીર્થાશ્રમ પૂનિ વનારન્ય, ગિરિ પર્વત સાગર;
સરસ્વતી ભારતી પુરિ, મહા બુધિકે આગર;

સરસ્વતી કુલ રામ, અખંડાનંદ ગુંસાઈ;
સકલ ચરન રજ, વાર વાર વંદો શિરનાઈ-- ૬૦
સંપ્રદાય અનુસાર, પ્રતાપી સંત મહંત;
યથામતિ કછુ કહું, કહત નહિ આવે અંત
નાનક દાદુ દેવ, અખાજી સુંદરદાસ;
નરહર મનહરદાસ, રજબ નિજરૂપ પ્રકાશ-- ૬૧
નિરંજનની ભગવાનદાસ, શુકદેવ પ્રતાપી;
હરસુર પુનિ સહદેવ, સ્વામી રણછોડ અદ્યાપી;
હમલા મહુ પ્રગટે. ગુરૂ દેવા સાહેબ જ્ઞાની;
ભકિત જ્ઞાન વૈરાગ્ય, યુકત અનુભવકી ખાની-- ૬૨
તિનકે જેઠિરામ, વિહારી સેવારામ;
બુદ્ધિવાન ગુરુ રામસિંહજી ક્ષેમ અભિરામ;
ગુરૂ ઇશ્વર સુખ ધામ, કામ ક્રોધાદિક ટારે;
પ્રબલ બોધ ઉર સોધ, શિષ્ય ભવ ફંદ નિવારે-- ૬૩
લાલરામ લયલીન, લક્ષગુરૂ સેવા માંહી;
નિરમલ મતી પ્રવીન, સંત પ્રત્યેક્ષ લખાહી;
ચાર જુગનકે સંત, જગત મહું પર ઉપકારી;
વાર વાર વંદો તિનકી પદરજ શિર ધારી-- ૬૪
નારાયન ગુરૂ સંત ભેદ મતિયામેં નાહી;
કથન માત્ર ત્રયનામ, સસ્તુતેં એક આંહી;
એસો યહ અદ્વૈત, જ્ઞાન સદગુરૂ તેં પાયો;
અહં બ્રહ્માસ્મી અનુભવ, અતિઅડિગ દ્રઢાયો-- ૬૫

વેદ સદ્ગુરુ આપનો, અનુભવ તીન પ્રતિતી;
અવર યુકિત દ્રષ્ટાંત, પક્રિયા દી બહુ રીતી;
કરી વિચાર બાપુ, જ્યૌં કો ત્યૌં નિજપદ પાયો;
નિજાનંદમય સ્વસંવેદ, ચિદઘન તન છાયો— ૬૬

કુંડલીયા

નારાયન ગુરૂ સંતપદ, વંદો વારંવાર;
તારક ભવજલ ઊદધિકે, દાયક શુદ્ધ વિચાર
અગમ અગોચર અકહ, રહિત જો વ્યાપ્ય રૂ વ્યાપક;
જન બાપુ સદગુરુ તે પાયો, રહિત ત્રિવિધ હદ;
વંદો વરંવાર, સંત ગુરુ નારાયન પદ— ૬૭

રામગુરૂ ચિત્ત રાખીયે, નિત તવ પદકો નેહ;
સત ચરચા સત સંગતિ, જન્મ કરમ કટ જેહ;
જન્મ કરમ કટ જેહ, એહ નિજ જ્ઞાન અખંડિત;
શ્રવન મનન અતિસાર, પાર સબ હોગયે પંડિત;
બાપૂ કહે તુમ બાપ, કૃપાઘન પુરનકામ;
નિત તવ પદકો નેહ, રાખીયે સદગુરૂ રામ.— ૬૮

——:૦:——

શ્રી કૃષ્ણછબી વર્ણન

દોહા

અદ્ભુત છબિ આનંદમય, મેરે જીવન પ્રાન;
જન વિહારી કર જોરી જુગ, બહુયૌં કરોં બખાન.— ૬૯

ચોપાઈ

બહુરી કરોં પ્રભુકી છબિ બરનન,
ચિત મેરો લાગો જિન ચરનન;
યથા યોગ્ય હૈ યહ છબી જૈસેં;
કહી ન જાત કવિ બરનત કૈસેં—૭૦
શ્યામ સ્વરુપ સુભગ તન સુંદર;
વ્રજાધીસ વ્રજ નટ નાગરવર;
ચરનન કરત ચારૂ નેપુર ધુન
હોત અધીર ધીર યહ ધુન સુન—૭૧
સુંદર જુગલ જાનું જંઘાવર;
કટિતટ કટિમેખલા મનોહર;
અદ્ભુત ઉદર બીચ નાભી અધ;
મનહુન ભ્રમર પરત જલકે મધ—૭૨
બનિ વિસાલ ઉર માલ મનોહર;
શુભ ગુન સકલ સદન સુંદર વર;
અતિ કપોત કર કંઠ વિશેષા
તાબિચ રુચિર બની ત્રય રેષા—૭૩
પુનિ પ્રચંડ ભુજ દંડ બાહુબલ
ખેદ લહે જિનતેં કેવલ ખલ;
રત્નજડિત કર કંકન રાજે;
બાહુન બાજુબંદ બિરાજે—૭૪
અધિક અધિક પલપલ છબિ આનન;
મકરાકૃત કુંડલ છબિ કાનન:

ચારૂ ચિબુક જુગદર્શન પાંતિવર,
નવલ નાસિકા શુભ અતિ સુંદર— ૭૫
ગુલિક જુગલ ગંડસ્થલ સોહન,
મુસકન હસન મદન મનમોહન,
ચંચલ ચપલ ચારૂયુગ લોચન,
પરમ દયાલ દીન દુઃખ મોચન— ૭૬
રૂચિર ભાલ ગૌરોચન રેષા,
બનિ લિલાટ બિચ બિંદી વિશેષા,
પેંચદાર પગંરી શિર શોભિત,
જિન અતિકીન મદન મન ક્ષોભિત— ૭૭
મણિ જડીત શિર મુકુટ મનોહર,
તાબિચ લસત લલિત મુક્તાવર;
અંગ અંગ અંબર વર ભુષન,
જિનકે દર્શ મિટે સબ દૂષન--૭૮
કોટિ કોટિ મંગલમય મૂરત,
સુકૃત કોટિ સદન યહ સૂરત;
અતિ વિચિત્ર લીલા વિસ્તારન,
યદુકુલ જન્મ ધર્યો જિન કારન-- ૭૯
અજર અમર ગુન અગુન ગુસૈયાં,
સો પ્રભુ ચારત બન બન ગૈયાં;
શ્રુતિ પુરાન કૌ પાર ન પાવે,
સો પ્રભુ ગ્વાલ નિગ્વાલ હસાવે-- ૮૦

જિનકોં યોગેશ્વર નહિ જાને,
　　સો લલનારસ રૂપ લુભાને;
જિનકો શિવ સનકાદિક ધ્યાવે,
　　સો પ્રભુ ગ્વાલ નિસો મિલિ ગાવે— ૮૧
જિનકી મહીમા કહી ન જાવત,
　　તિન પ્રભૂકો વૃજનારિ નચાવત,
કાન કાન પુનિ કહત કનૈયા;
　　લે લે નામ લડાવત મૈયા.— ૮૨
નિર્વિકાર નિજ રૂપ દિખાવન,
　　વૃજવિહારી કીનો વૃજપાવન;
અતિ અગાધ આશય દિખરાયો,
　　કિન કિન વિરલે સંતનિપાયો— ૮૩
દીન દયાલ જાની યદુનંદન,
　　વાર વાર કરહો પદવંદન;
દાસ વિહારી જાનિ જન અપનો;
　　સ્વામી દૂર કરો જગ સ્વપનો— ૮૪

દોહા.

સુખદ સિંધુ અવતાર સબ, રત્નકૃષ્ણ બલરામ;
સો વસહુ મમ ચિત્તસદન, ધ્યાનયોગ્ય છબિધામ— ૮૫

ચોવીસ ઇશ્વિરાવતારકે નામ

ચોપાઇ

જય જય આદિ વરાહ, મીન વામન મન્વંતર;
સનકાદિક નરસિંહ, દેનવર ધ્રુવ ધન્વંતર;

કપિલે કમઠ હયગ્રીવ, હંસ હરિ નર નારાયણ
રુષભ દેવ રઘુવીર, કૃષ્ણ પરિબ્રહ્મ પરાયન—૮૬
બુદ્ધ નિકલકી વ્યાસ, પ્રથુ પ્રથવી કે ઈસ;
ફરસુરામ અભિરામ, યજ્ઞદત્ત એ ચોવીસ;
તિનકે પદારવિંદ, વંદ પુનિ વંદન કરહોં;
તિનહી ચરનકી રેનુ, સદા મેરે શિર ધરહોં—૮૭
પાદકિરેનુ પ્રસાદ, ખુલે અનુભવકે લોચન;
દેખ્યા ચૈતન બ્રહ્મ, ભયા જિનતેં ભવમોચન;
અબ ન પરોં ભવકૂપ, રૂપ નિજ અપના પાયા;
દેવા ગુરૂ દયાલ, દયા કરિ મોહિ બતાયા—૮૮

ગુરૂસ્તુતિ

સોરઠા

દેવા ગુરૂ દયાલ, સાહિબ મેરે ઉર સદા;
કર્મ ભર્મ અરૂ કાલ, ઉડ ગયે જિનકે વચનતે—૮૯
મહાવાકયકો બોધ, મોહિ દીયો ગુરૂ મહેર કરી;
લીયો સ્વરૂપ હી સોધ, ભાગ ત્યાગ લક્ષણા કરી—૯૦

દોહા

પતિત ઉધારન મહા પ્રભુ, દયાસિંધુ ગુરૂદેવ;
સેવારામ યાચે સદા, ચરન કમલકી સેવ—૯૧
ચરન કમલકો ધ્યાન પ્રભૂ, દીજે દૃઢ ઉરમાંહિ;
યાચક યાચત શ્રીગુરુ; ભીખ એહિ તુમ પાહિ—૯૨
તુમ દાતા ત્રય લોકકે, સદ્ગુરુ સદા કૃપાલ;
ભાવ ભકિત ભીક્ષા ચહોં, દીજે દીન દયાલ—૯૩

ભટકિ ભટકિ દેખે સબે, દેવી દેવ અપાર;
ઉલટે બંધનમેં પરે, કોઈ ન છુડાવનહાર—૯૪
ભ્રમત ભ્રમત આઇ પર્યો, સદ્ગુરુ તો દરબાર;
કૃપા દ્રષ્ટિ કીજેં પ્રભુ, પકરી ઉતારો પાર—૯૫
તુમ બિન હમરો કોઉ નહિ. અવર વસીલો કોય;
તાતેં સદગુરૂ રાખીયેં, શરન આપની મોય—૯૬
સદા હમરે ચિત વસો, બિસરો ન એક લગાર;
તુમપેં માગું શ્રીગુરૂ, તુમગે ધ્યાન ઉચાર—૯૭
તુમરે યશ નિત ગાવહોં, તુમરે ગુન અરુ ગીત;
સદ્દગુરૂ તુમરે પાદ સેો. ઉમંગે નિત નિત પ્રીત—૯૮
કુંજી ઈંડા જ્યોં તજે, આપ વસે પરદેશ;
સદગુરુ એસે રાખીયો સુરતીમાંજ હમેશ—૯૯
સુરતિ બિના નિપજે નહી, શિશુ ઇંડા ગલિ જાય;
તાતેં તુમહિ દયાલે ગુરુ, હોજો સદા સહાય—૧૦૦
પ્રાર્થના યહ જો કરી, સદગુરુ ધરજો કાન;
સેવારામ પ્રણવે સદા, મેરે જીવન પ્રાન—૧૦૧
દેવા દરશન દિલહીમેં, પલ પલે દીજે મોહિ;
એક નિમિષ નહિ ભુલહોં. સ્વામી છબિહી તોહી—૧૦૨
સુરત તુમારી સદગુરૂ, છિન એક બિસરત નાહિ;
મહા લલિત છબિ લિખધરી, મન મંદિરકે માંહિ—૧૦૩
દેવા મેરી અરજી એક, સુનિયો દે કરી કાન;

નેહ નિભેસો કીજીયેં, કૃપા-સિંધુ ભગવાન--૧૦૪
વાણી વચન વિલાસતેં, નહિ પાવે નિજ ભેવ;
વિહારી વસ્તુ તો મિલે, કૃપા કરો ગુરૂદેવ--૧૦૫
સેવારામ સેવા સતકી, કરે જુ મન ચિતલાઈ;
સો પાવે મહા મુક્તિ સુખ, યામે સંશય નાઈ -૧૦૬
ગુરુ કૃપા તેં પાઈયેં, ચરન-કમલકી સેવ;
સેવારામ મુખ બોલીયે, જય જય જય ગુરૂદેવ—૧૦૭

ધ્વનિ

જય ગુરૂ દેવા જેઠીરામ, રામસિંહ ગુરુદેવ નમામ;
હરસૂરસ્વામી રણછોડરામ, પરમાનંદ ગુરૂ એક અનામ,
વિહારી ક્ષેમગુરૂ સેવારામ, ગુરૂ ઈશ્વરસ્વામી પુંજારામ:
અખંડાનંદ જય જય રામ સતગુરૂ રામ પૂરન કામ,
દત્ત દીગંબર જય રઘુનાથ, ગુરુવરસ્વામી શ્રી મુનિનાથ;
હરિ નારાયણ ગુરૂ નારાયણ, દ્વૈત નિવારણ પરમાનંદ,
સદા શિવ શંકર, ભકતજન પ્રિય પંકજ લોચન;
નારાયણ તવદાસોહં, બોલો શ્રી દ્વારિકાનાથકી જય,

ધ્વનિ

જય ગુરુ દેવા જય ગુરૂ દેવ, તવ પદ પકંજ કરૂં મન સેવ
જય ગુરુ દેવા જય રણછોડ, તવ પદ નમું હું દ્વે કરજોડ; (૨)
જય ગુરૂ દેવા જેઠીરામ, તવ પદ પંકજ કર મન ધામ, (૨)
જય ગુરૂ દેવા સેવારામ. રામસંગ ગુરૂ મોહનરામ; (૨)
પરંમ પ્રતાપી પુરણરામ, મંજુલ મૂર્તિ મંગળરામ,
જય ગુરૂ દેવા વિહારીક્ષેમ, ગુરૂ ઈશ્વર કર મન પ્રેમ,
જય ગુરૂ દેવા ઇશ્વરરરામ, લાલરામ ગુરૂ કરૂણાધામ,
જય ગુરૂ દેવા શાંત ગુરૂ શ્યામ, અજર અમર ગુરુ ઓધવરામ,

શ્રી સામદાસજીકૃત-શ્રી ગુરુ ઈશ્વરરામજીની સ્તુતિ

દોહા

એક એવ અદ્વૈત જો, પરમાતમ, જગદીશ;
જન કારણ તનુ ધારિવર, જય જય સદગુરૂ ઈશ— ૧

મનહું અપર બીરાજ હી, રઘુપતિ ગુરુ મુનીશ;
જ્ઞાન દાન નિત દેત વર, જય જય સદગુરૂ ઈશ— ૨

પૂરણ કામ નિઃકામમતિ, સમજહિ રંક મહીશ;
જ્ઞાન ભાન મતિ માન અતિ, જય જય સદગુરૂ ઈશ— ૩

સદા વિચારત લક્ષ જો, તજી ભ્રમ ઈશ અનીશ;
પુનિ પુનિ ભાષત શિષ્ય પ્રતિ, જય જય સદગુરુ ઈશ— ૪

દાતા જ્યોં નિજ મુક્તિકે, કરૂણાકર કા શિશ;
શરન હરન ભવ ભીતિ ભલ, જય જય સદગુરુ ઈશ— ૫

મોક્ષ કીયો જ્યોં ગ્રાહ તે, હરિ તત્કાલ કરીશ;
કીનો બંધ વિછિદ મમ, જય જય સદગુરૂ ઈશ— ૬

નિગમાગમ જેહી ગાવહી, મનપર કહત મુનીશ;
સોઇ લખાવત લક્ષ જો, જય જય સદગુરુ ઈશ— ૭

નિજાનંદ નિમગ્ન જો વર વરીયાન વરીશ;
જગમગલ કર જાસુદ્રગ, જય જયે સદગુરૂ ઈશ— ૮

નિગમાગમ સબ જાસુ ઉર. વસત વદન વાગીશ;
શિદ્ધિસિદ્ધિ રહત સો પાદતલ, જય જય સદગુરૂ ઇશ-- ૯

સોહત સુઠીવર સુભગ પટ, મનહુ મા યા ધી શ;
રમત રમાવત આપ સબ, જય જય સદગુરૂ ઇશ-- ૧૦

શરન સુખદ ભય હરન ભવ, અધરન ધરન ગિરીશ;
અશરન શરન ન અપરજન, જય જય સદગુરુ ઇશ--૧૧

મહીમા અગમ અગાધ અતિ, બરણી ન શકત ફનીશ;
સામ કહા એક મુખ ભને, જય જય સદગુરુ ઇશ-- ૧૨

ઇશ્વર ઈશ્વર રુપ હોઈ, લીન મનુજ અવતાર;
આરયવરતર પૂજ્ય સમ, નિજ જન કીન ઉદ્ધાર-- ૧૩

realpatidar.com

श्री इश्वर



મહેશ્વર પ્રિં. પ્રેસ ભુજ-કચ્છ